لقد كان في قصصهم عبرة لأولي الألباب

☆ ☆ ☆

યકીનન ! તેઓના કિસ્સાઓમાં
અકલમંદો માટે ઈબ્રત છે.

મહાન આલિમો, ફકીહો, મુહદ્દિષો, ઈમામોની

# રૂહાની હિકાયતો

## ભાગ-૨


**લેખક :** ઉસ્તાઝુલ ઉલમા હઝરત અલ્લામા મૌલાના
અબ્દુલ મુસ્તફા સાહબ આઝમી عليه الرحمة والرضوان

**અનુવાદક :** પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
(મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)



★ પ્રકાશક ★

**અંજુમને રઝાએ મુસ્તફા**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ.
પિન : ૩૯૨૦૨૦. ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨.

પ્રકાશન નં. : ૧૦૩ આવૃત્તિ-૧
પ્રત : ૩૦૦૦ ૧૧-રબીઉલ આખર
હિ.સ. ૧૪૨૪ જૂન-૨૦૦૩

કિંમત : રૂા. ૩૦ /-

☆ ☆ ☆

નૂરાની આર્ટ, દયાદરા ફોન નં. (૦૨૬૪૨-૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨)




☆ અનુક્રમણિકા ☆


| વિષય | પેજ નં. |
|---|---|
| બે બોલ | ૦૫ |
| **અજાયબીઓ** | **૦૭** |
| કબ્રે અનવરમાં સુરંગ | ૦૭ |
| મલઊન યોજના નિષ્ફળ ગઈ | ૧૦ |
| ચાલીસ હલબી જીવતા દટાઈ મર્યા | ૧૧ |
| ગુસ્તાખના માથા પર પથ્થર | ૧૭ |
| કરબલાની કબરો શહીદ | ૧૮ |
| મસ્જિદે નબવી શાથી સળગી ગઈ ?! | ૨૦ |
| વરૂ અને બકરી એક સાથે | ૨૧ |
| એક કોળિયાનું નુકસાન | ૨૨ |
| કબરમાં શાઈરી ! | ૨૪ |
| હિજાઝની આગ ! | ૨૬ |
| મલકુલ મૌત (મૌતના ફરિશ્તા)નું લખાણ ! | ૨૮ |
| સફેદ વાળોનો એઅ્ઝાજ (મર્તબો) | ૩૦ |
| ઈલ્મી હાજર જવાબી | ૩૧ |
| ખલીફા સુલૈમાનનો ખોરાક | ૩૩ |
| મામૂન રશીદનું દસ્તરખાન | ૩૬ |
| અબૂ જહલની તરસ | ૩૯ |
| અડધુ માથુ, અડધી દાઢી સફેદ ! | ૩૯ |
| અચાનક ચાર આંગળીઓ ગાયબ | ૪૦ |
| એક ખૂનીની કબરનું દ્રશ્ય | ૪૦ |
| શરીર માણસનું અને માથુ ગધેડાનું ! | ૪૧ |
| **મુજાહિદાત** | **૪૨** |
| પાંચ વખત ગરદન પર તલ્વાર | ૪૨ |
| સૈયદ હોવાની નિશાની | ૪૫ |
| મિસરનો એક હક્કાની આલિમ | ૪૭ |
| નજાસત (નાપાકી) ન ખા ! | ૪૯ |
| હક્ક ગો (સાચા બોલો) | ૪૯ |
| ઈમામ માલિક અને ખલીફા મન્સૂર | ૫૦ |
| હું માટી તથા પથ્થર પાસે નથી આવ્યો ! | ૫૧ |
| ઈબ્રાહીમ મુહદ્દિષ અને હેશામ | ૫૪ |
| કાઝી સવ્વાર અને મન્સૂર | ૫૫ |
| સલ્તનતની કિંમત | ૫૬ |
| હું આંધળો નથી | ૫૬ |
| હઝરત મુજદ્દિદ અલ્ફેષાની અને જહાંગીર | ૫૮ |
| શાહ વલીયુલ્લાહ અને નજફખાં | ૬૦ |
| ભેટ સામે તલ્વાર | ૬૧ |
| અલ્લામા ફઝ્લે હક્ક ખૈરાબાદી | ૬૪ |
| હક્કનો રુઆબ ! | ૬૭ |
| **ઈબાદતો** | **૬૯** |
| ઈમામ અબૂ હનીફાનું રાત્રી જાગરણ | ૬૯ |
| બિશર બિન મુફઝિલની ઈબાદત | ૭૨ |
| ઈબ્નુલ હદ્દાદની તિલાવત અને રોજનીશી | ૭૨ |

## ☆ અનુક્રમણિકા ☆


| વિષય | પેજ નં. |
|---|---|
| ખુદાના રસૂલનો મોકલેલ તાલિબે ઈલ્મ | ૭૨ |
| એક વર્ષ હજ્જ એક વર્ષ જેહાદ | ૭૩ |
| ઈમામ ઝયનુલ આબેદીન અને અસ્મઈ | ૭૪ |
| મેં બગદાદ શા માટે છોડયું ? | ૭૮ |
| અબૂ નવાસની મગફેરત | ૭૯ |
| રડતાં રડતાં આંધળા થઈ ગયા | ૮૧ |
| નમાઝી પર મધમાખીનું ઘર | ૮૨ |
| નમાઝમાં પેશાની પર ભમરો | ૮૩ |
| દુરૂદ શરીફનો વઝીફો | ૮૬ |
| ''કુલહુવલ્લાહ''નો ષવાબ | ૮૯ |
| સુલતાન આબિદ | ૯૦ |
| રાબિયા બસરીનો નમાઝનો શોખ | ૯૨ |
| હું નમાઝ પઢું તમે વાતો કરો | ૯૩ |
| માથા પર કબૂતર | ૯૪ |
| ચેહરા પર માખીઓ | ૯૪ |
| જમાઅત છૂટી જવાનો ગમ | ૯૫ |
| હઝરત ઈમામ હસન હજ્જમાં | ૯૬ |
| સિત્તેર વર્ષથી ઈબાદત અને એક રોટલી | ૯૭ |
| જઅફર બિન નસ્રની એક દુઆ | ૧૦૦ |
| ઝાકિર તથા સાબિર | ૧૦૩ |
| થોડીક મુબારક હદીષો | ૧૦૫ |
| માથા પર હુદ હુદ | ૧૦૬ |
| જીવનભર રોઝાદાર | ૧૦૬ |
| મૌલાના જલાલુદ્દીન માંકપૂરી | ૧૦૮ |
| ચાલીસ હજ્જ | ૧૦૯ |
| **કરામતો** | **૧૧૦** |
| કબૂતરોની તસ્બીહ | ૧૧૦ |
| હલાલ મરઘી અને હરામ મરઘી | ૧૧૭ |
| ખલીફા મેહદી અને ઈમામ મૂસા કાઝિમ | ૧૧૯ |
| અમે લોકો શોર મચાવવાળા છીએ | ૧૧૮ |
| એક બોધદાયક ખ્વાબ | ૧૨૦ |
| છુપા દુરવેશ | ૧૨૩ |
| કશ્ફૂલ કુલૂબ | ૧૨૫ |
| સાહિબે હિદાયહ્ની કરામત | ૧૨૮ |
| મુશ્કિલ કુશાનો રોઝો | ૧૩૧ |
| છુપી નજર | ૧૩૩ |
| નજીબુદ્દીન મુતવક્કિલ | ૧૩૫ |
| દરેક જુમેરાતે રસૂલ صلى الله تعالى عليه وسلم ની ઝિયારત | ૧૩૬ |
| એક કરામતી તસ્બીહ | ૧૩૯ |
| કાપડ આપમેળે જ ગૂંથાતુ રહ્યું | ૧૪૧ |
| સુરક્ષિત કલમ | ૧૪૫ |
| કબ્રે કિબ્લએ હાજાત | ૧૪૮ |
| ખુદાવંદ તઆલાના નામ પર પત્ર | ૧૫૧ |
| નાચવાવાળો વલી બની ગયો | ૧૫૩ |
| બે વિસ્મયજનક મુડદાંઓ | ૧૫૪ |
| પહાડ ધ્રુજવા માંડયો ! | ૧૫૭ |






## ☆ અનુક્રમણિકા ☆


| વિષય | પેજ નં. |
|---|---|
| કુદરત અને બક્ષિસ | ૧૫૮ |
| કબ્રમાંથી કફન પાછુ આપવું | ૧૫૯ |
| જિબ્રઈલ عليه السلام એ પાણી પીવડાવ્યું | ૧૬૦ |
| કફન ચોરની મગફેરત | ૧૬૧ |
| દિલ નરમ કરવાવાળી વઅઝ | ૧૬૨ |
| ત્રણસો હૂરો | ૧૬૩ |
| કફનમાં પક્ષી | ૧૬૪ |
| નજાતનો પરવાનો | ૧૬૫ |
| રસૂલના દીદારનું એક દ્રશ્ય | ૧૬૭ |
| સિંહનો કાન પકડવાવાળા | ૧૬૮ |
| એક મુહદ્દિષનો જનાઝો | ૧૭૦ |
| તાખલામાં દિરહમ | ૧૭૨ |
| એક મુતવક્કિલની કરામત | ૧૭૨ |
| અમર જીવન | ૧૭૭ |
| એક સખીની કબર | ૧૭૮ |
| એક હાજીની દુઆ | ૧૭૯ |
| રસૂલના દરબારમાં ઈસ્લામ | ૧૮૧ |
| રોશન ઝમીરી | ૧૮૩ |
| લાકડી સોનું બની ગઈ ! | ૧૮૪ |
| હું કયારે મરીશ ? | ૧૮૫ |
| **હાસ્યમય પ્રસંગો** | **૧૮૭** |
| મોજીલો સ્વભાવ | ૧૮૭ |
| સગીર કબીર કરતાં બેહતર છે ! | ૧૯૨ |
| મજનૂન તાક અને ઈમામ અબૂ હનીફા | ૧૯૩ |
| બે કબ્રસ્તાનો વચ્ચે | ૧૯૩ |
| છત સિજદો ન કરી લે ! | ૧૯૪ |
| હાથ બાંધીને રોઝો રાખ ! | ૧૯૪ |
| મઅન ઈબ્ને ઝાઈદાની ગમ્મત ! | ૧૯૫ |
| એક દિલચસ્પ ફત્વો | ૧૯૫ |
| એક તુફૈલીનો શોખ | ૧૯૮ |
| જૂઠા નબુવ્વતના દાવેદારોના ટુચકા | ૧૯૮ |
| ચાર હર્ફ | ૨૦૨ |
| અમારા વખતે મજબૂરી હતી ! | ૨૦૩ |
| ઈતિહાસના વિષયમાં લતીફા | ૨૦૩ |
| કાઝી તથા ફરીક | ૨૦૪ |
| બંદૂક અલી | ૨૦૫ |
| અસ્હાબે ફીલનો ષાની | ૨૦૭ |
| ખુદાના ઘરથી ચાય ખત્મ ?! | ૨૦૮ |
| મુર્દા ગાયને હલાલ કરનાર ! | ૨૧૧ |
| બુધ્ધુનો તર્જુમો | ૨૧૩ |
| ખજાનચી બુધ્ધુ હતો ! | ૨૧૪ |
| મુર્દાને ઝિંદા કરવાની જરૂરત હતી ! | ૨૧૫ |
| હાકિમ પરગના કે હાકિમે પુર ગુનાહ | ૨૧૬ |
| હાજર જવાબ ગામડિયો | ૨૧૭ |
| એક દિલચસ્પ મુકદમો | ૨૧૮ |
| હું હાડકુ કોને આપીશ ? | ૨૧૮ |
| સૌ લોકો સમજી ગયા ?! | ૨૧૯ |
| ખાવામાં સુન્નત તથા ફર્ઝ | ૨૨૧ |
| ટૂંકુ લખાણ | ૨૨૧ |

# અણમોલ બે બોલ !

**અઝ :** ફાઝિલે નવજવાન હઝરત અલ્લામા મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી

*(ખતીબો ઈમામ મસ્જિદે રઝા–બાલા કલાવા, બ્લેકબર્ન, યુ.કે.)*

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَنُصَلِّيْ عَلٰى رَسُوْلِهِ الْكَرِيْمِ

ઈસ્લામી ઈતિહાસના અભ્યાસ પરથી એ વાત જાણવા મળે છે કે ઈસ્લામને આગામી પેઢીઓ સુધી પહોંચાડવા માટે મુસ્લિમ ઉમ્મતના ખાસ લોકોએ ઘણી જદ્દો જેહદ (મેહનત) થી કામ લીધું છે, તે નફૂસે કુદ્‌સિયહ્‌માં સહાબાએ કિરામ, તાબઈને એઝામ અને ઉલમા તથા સુલહાએ કિરામ નોંધપાત્ર છે. તે હઝરાતે કનાઅત (જે મળે તેમાં સંતોષ), તવક્કુલ બે નિયાઝી ઈલ્મ તથા અમલ અને ઈખ્લાસના અલંકારોથી સજ્જ થઈને અમલના ક્ષેત્રે કદમ રાખ્યો અને ઘણી જ ઉમદા રીતે ઈસ્લામની તબ્લીગ કરી. આજે વિ□ભરમાં જે પણ ઈસ્લામની શાનો શૌકત તથા રોનક જોવામાં આવી રહી છે તે એ જ નફૂસે કુદ્‌સિયહ્‌ (પાક હસ્તીઓ)ની ખિદમતોનું પરિણામ તથા ફળ છે. આ અલ્લાહ તઆલાના મહબૂબ બંદાઓ દુનિયાવી નફા નુકસાનથી પર થઈને કેવળ અલ્લાહ તઆલા અને તેના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ની રઝાના ખાતર દીનનો ફેલાવો તથા તબ્લીગનું કામ કરતા રહ્યા. તેમનાં ઉજ્જવળ કારનામાંઓ ઈતિહાસ તથા સિયરની કિતાબોમાં હિકાયતો તથા પ્રસંગોની રોશનીમાં ઉલ્લેખ પામેલ છે.

આ હઝરાત તકવો, ખૌફે ખુદા عزوجل અને મહબ્બતે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ના જઝબાથી સરશાર (તર) થઈને જિંદગી ગુજારતા રહ્યા અને રાત દિવસ ઈબાદત તથા રિયાઝત, ઝિક્રો ફિક્ર અને ખિદમતે ખલ્કમાં મશગૂલ રહીને પોતાની પવિત્ર જિંદગીની ઘડીઓ પસાર કરતા રહ્યા. હિકાયતો તથા કહાનીઓમાં ઘણી તાસીર તથા સબક હોય છે જેનાથી અખ્લાક સંવરે





છે, દિલોની દુનિયા આબાદ થાય છે, રૂહોનો દામન ઉજ્જવળ બને છે, જેથી કુર્આને પાકે પણ અહકામ તથા અવામિરો નવાહી (સારી વાતોના હુકમો અને બુરી વાતોથી પ્રતિબંધો)ની સાથે હિકાયતો તથા કિસ્સાઓનો પણ ઘણી જ ફૈયાઝીની સાથે ઉલ્લેખ કર્યો છે. લોકોનાં દિલો એ પ્રસંગો તથા હિકાયતો વાંચીને સાફ સુથરાં બને અને ગુનાહોની ગંદકીઓથી પાક તથા પવિત્ર થઈને હક્ક સ્વીકારતાં અને બુરાઈઓથી બચવાના જઝબાત તેઓનાં દિલોમાં પેદા થાય. આ મહત્વની જરૂરતને મેહસૂસ કરીને નજીકના ભૂતકાળના મહાન શૈખે તરીકત તથા આલિમે બાઅમલ ઉસ્તાઝુલ ઉલમા **હઝરત અલ્લામા અબ્દુલ મુસ્તફા આઝમી** علیہ الرحمۃ والرضوان એ જલીલુકદર મુહદ્દિષો તથા મુફસ્સિર આલિમો તથા સાલેહ હઝરાતના પ્રસંગો તથા હિકાયતોને એકત્ર કરવાનું શરૂ કર્યું અને કેટલાંક ફૂલો ચૂંટી કાઢીને **રૂહાની હિકાયતો**નો હસીન ગુલદસ્તો તૈયાર કર્યો જેથી આ ગુલદસ્તાની ખુશ્બુથી દરેક વાંચક લાભ ઉઠાવી શકે. અને પોતાની જિંદગીને પણ તે મુકદ્દસ હસ્તીઓની જિંદગીના તાબે કરીને રોશન તથા ઉજ્જવળ બનાવી શકે. અલ્લાહ તઆલા લેખક علیہ الرحمۃ والرضوان ને આ મહાન કાર્યનો બેહતરથી બેહતર બદલો એનાયત કરે.

આ કિતાબ ઉર્દૂ ભાષામાં છે અને ગુજરાતના વિસ્તારમાં સામાન્યતઃ ગુજરાતી ભાષા બોલવા લખવા તથા વાંચવામાં આવે છે જેના કારણે ગુજરાતી ભાઈઓ આ કિતાબથી ફાયદો ઉઠાવવાના સિલસિલામાં મેહરૂમીનો શિકાર હતા. એ વાતનો એહસાસ અમારા મોહિબ્બ તથા કરમફર્મા મુજાહિદે અહલે સુન્નત વ જમાઅત જનાબ શબ્બીર અલી રઝવીને થયો અને આ કાર આમદ તથા ફાયદામંદ કિતાબનો ગુજરાતી ભાષામાં અનુવાદ કર્યો. જેથી હવે આ કિતાબ ગુજરાતી ભાષામાં છપાવા માટે જઈ રહી છે જેનાથી ગુજરાતી ભાષીઓ ફાયદો ઉઠાવી શકશે. આ મહાન ખિદમતના પ્રસંગે જનાબ શબ્બીર પટેલ સાહબ તેમજ આ કામ સહાય કરનારા સખીદાતાઓ કાબિલે મુબારક બાદ છે. અલ્લાહ તઆલા તેઓને બંને જહાનમાં બેહતરથી બેહતર બદલો એનાયત ફર્માવે. *–આમીન.*

**[(હઝરત અલ્લામા) મુહમ્મદ નિઝામુદ્દીન મિસ્બાહી (કુરચનવી)]**

*ખતીબો ઈમામ મસ્જિદે રઝા–બાલા કલાવા, બ્લેકબર્ન, યુ.કે.)*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَنُصَلِّیۡ عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

# ☆ અજાયબીઓ ☆

## ★ કબ્રે અનવરમાં સુરંગ ★

સુલ્તાને આદિલ નૂરુદ્દીન ઝંગીએ હિ.સ. ૫૫૭ માં તહજ્જુદની નમાઝ બાદ એક રાત્રે ત્રણ વાર ખ્વાબ જોયો કે હુઝૂરે અકરમ صلی اللہ تعالٰی علیہ وسلم બે શખ્સોને બતાવીને એ ઈર્શાદ ફર્માવી રહ્યા છે કે, "અય નૂરુદ્દીન ! તમે આ બંનેને મારાથી અલગ કરો ! તમે આ બંનેથી મને બચાવો !"

સુલ્તાન આ ખ્વાબ જોતાં ગભરાઈ ગયો અને પોતાના વઝીર દીનદાર તથા સાલેહ જમાલુદ્દીન મુસલીને આ ખ્વાબ વિશે જણાવ્યું તો વઝીર મુસલીએ બેચૈન થઈને ખૂબ જ વ્યાકુળતાપૂર્વક અર્ઝ કરી કે, હે સુલ્તાને આદિલ ! ખ્વાબની તાબીર એ છે કે, જરૂર મદીના શરીફમાં કોઈ અઘટીત બનાવ બનવા પામ્યો છે જેથી હવે એક પળ માટે પણ આપણે અહીં રોકાવું મુનાસિબ નથી, અતિશય જરૂરી છે કે આપણે બંને ખૂબ જ ખામોશીપૂર્વક તદ્દન છુપી રીતે તુરત જ મદીના મુનવ્વરા હાજર થઈ જઈએ. વીસ માણસો સાથે પુષ્કળ પ્રમાણમાં દૌલત લઈને તેજ રફતાર સવારીઓ પર સફર કરીને કેવળ ૧૬ દિવસમાં સુલ્તાન પોતાના વઝીર સાથે શામ (સીરીયા)થી એકદમ ઝડપી મદીના પાકમાં પહોંચી ગયા. સુલ્તાને મસ્જિદે નબવીમાં બે રકાત નમાઝ અદા કરીને સલાતો સલામ અર્ઝ કરી અને મસ્જિદની સહનમાં બેઠક જમાવી. અને વઝીરે એ એલાન કર્યું કે સુલ્તાન અત્યારે કબ્રે અનવરની ઝિયારતના માટે હાજર થયા છે અને મદીનાની દરેક વ્યક્તિને ભેટ રૂપે એક મોટી રકમ આપવાનો ઈરાદો રાખે છે જેથી





મદીના મુનવ્વરાનો દરેક રહેવાસી સુલ્તાનની બારગાહમાં હાજર થઈને પોત પોતાની ભેટ લઈ જાય. જેથી તમામ મદીનાવાસીઓ સુલ્તાનની બારગાહમાં હાજર થઈને પોતપોતાની ભેટ વસુલ કરતા રહ્યા પણ જે બે શખ્સોને હુઝૂરે અકરમ صلی اللہ تعالٰی علیہ وسلم એ ખ્વાબમાં બતાવ્યા હતા તે બંને જોવા મળ્યા નહીં. એટલે સુધી કે જ્યારે લોકોની આવન જાવનનો ક્રમ પૂરો થઈ ગયો તો સુલ્તાને પૂછયું કે, શું એવો કોઈ શખ્સ રહી ગયો છે કે હજી સુધી ભેટ સ્વીકારવા ન આવ્યો હોય ? લોકોએ જણાવ્યું કે મદીનાવાસીઓમાંથી તો કોઈ શખ્સ બાકી નથી પણ રોમના રહેવાસી બે ખૂબ જ આબિદ તથા ઝાહિદ શખ્સો એવા છે જેઓ કદી કોઈની ભેટ સ્વીકારતા નથી બલ્કે ખૂદ અગણિત માલો દૌલત મદીના મુનવ્વરાના ગરીબોને વહેંચતા રહે છે. કેવળ એ બંને જણ જ અત્યાર સુધી આપની બારગાહમાં હાજર થયા નથી. સુલ્તાને તુરત જ એ બંનેને હાજર કરવાનો હુકમ આપ્યો જેથી એ બંને જણ જ્યારે સુલ્તાનની સમક્ષ આવ્યા તો સુલ્તાનની આંખો આશ્ચર્યથી તેમને જોતી જ રહી કે આજ બંને શખ્સો હતા જેમને ખ્વાબમાં બતાવીને હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم એ ફર્માવ્યું હતું કે, "અય નૂરુદ્દીન ! તમે આ બંનેને મારાથી અલગ કરો !"

સુલ્તાને એ બંનેને ફર્માવ્યું કે તમે લોકો કયાંના રહેવાસી છો ? બંનેએ જવાબ આપ્યો કે અમે પશ્ચિમના દેશના રહેવાસી છીએ, આ વર્ષે અમે હજ્જના માટે આવ્યા હતા અને હવે એક વરસ સુધી અમે અહીં રોઝએ મુનવ્વરાના મુજાવર બનીને રહેવાનો નિશ્ચય કર્યો છે. સુલ્તાને ગુસ્સામાં તેવર બદલીને કેટલીયે વાર ફર્માવ્યું કે, તમે લોકો સાચે સાચુ કહી દો ! પણ તેઓ બંને દરેક વખતે ખૂબ જ હિંમતભેર એ જ વાત કહેતા રહ્યા. છેવટે સુલ્તાને તે બંનેની રહેવાની જગા વિશે પૂછયું તો લોકોએ જણાવ્યું કે આ બંને જણ રોઝએ મુનવ્વરાની બિલકુલ નજીકમાં એક મુસાફરખાનામાં રોકાયેલા છે. સુલ્તાને તે બંનેની ધરપકડનો હુકમ આપ્યો અને પોતે એકલા તે બંનેના રૂમમાં દાખલ થઈ ગયા. ત્યાં જોયું કે ઓરડામાં પુષ્કળ દીનાર તથા દિરહમના ઢગલા લાગેલા છે, તાખલાઓમાં કેટલીક કિતાબો રાખેલી છે અને બે મોહરો પડેલી છે. રૂમમાં એ સિવાય કોઈ

સામાન જોવા મળતો નથી. સુલ્તાને જ્યારે મદીના શરીફના શરીફ લોકોથી આ બંનેના બારામાં પૂછતાછ કરી તો સૌ એકમતિએ કહેવા લાગ્યા કે એ બંને ખૂબ જ સાલેહ, હમેશાં રોઝાદાર, રાત્રી જાગરણ કરી ઈબાદત ગુઝાર ઝાહિદ અને તહજ્જુદ ગુઝાર છે. રાત દિવસ રોઝએ મુનવ્વરા પર હાજર રહે છે. રોજ સવારે જન્નતુલ બકીઅ અને રોજ શનિવારે મસ્જિદે કુબાની ઝિયારતના માટે જાય છે અને કોઈ પણ સાઈલને ખાલી હાથે પાછો ફેરવતા નથી. અને આ દુકાળના વરસમાં મદીનાવાસીઓની પુષ્કળ મદદ કરતા રહ્યા છે. સુલ્તાન આ બંનેની ઝાહિદાના સૂરતોને જોઈને અને મદીનાવાસીઓની પ્રશંસા સાંભળી સાંભળીને આશ્ચર્યમાં ડૂબી જાય છે અને આશ્ચર્યની હાલતમાં રૂમમાં વારંવાર આંટા મારવા લાગે છે અને ઉપર નીચે જોતો રહે છે. છેવટે સુલ્તાને રૂમમાં પાથરેલી ફર્શ અને ચટાઈને ઉઠાવવાનો હુકમ આપ્યો. જ્યારે ચટાઈ ઉઠાવવામાં આવી તો એકદમ જોવામાં આવ્યું કે જમીનમાં એટલી ઊંડી સુરંગ ખોદવામાં આવી છે જે કબ્રે અન્વર સુધી પહોંચી ચૂકી છે. સુલ્તાન તેમ જ મદીનાવાસીઓ આ હોશ ઉડાવી દેનાર દ્રશ્ય જોઈને એકદમ અચંબામાં સુનમુન બની ગયા, અને તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો.

સુલ્તાને ગુસ્સાના આવેશમાં લાલચોળ બનીને ખૂબ જ ઉશ્કેરાટથી પૂછ્યું કે તમે બંને સાચે સાચુ કહી દો કે આ બધુ શું છે ? કેટલીકવાર સુધી તે બંને ખામોશ રહ્યા પણ જ્યારે તે બંનેને કોરડાઓનો માર પડવા લાગ્યો તો બંને કહેવા લાગ્યા કે, હે સુલ્તાન ! અમે બંને નસરાની (ઈસાઈ) છીએ, અમને રોમના નસરાનીઓએ અગણિત માલો દૌલત આપીને પશ્ચિમી હાજીઓ સાથે એ હેતુથી અહીં મોકલ્યા છે કે અમે કબ્રે અન્વર ખોદીને પયગંબરે ઈસ્લામના શરીર મુબારકને કાઢીને લઈ જઈએ. જેથી અમે લોકો આખી રાત સુરંગ ખોદીએ છીએ અને માટીને એક થેલામાં ભરીને દરરોજ સવારે જન્નતુલ બકીઅના કબ્રસ્તાનમાં ફેંકી દઈએ છીએ. આ સુરંગ તદ્દન કબ્ર શરીફ સુધી પહોંચી ચૂકેલ છે અને કાલે રાત્રે જ અમે શરીર મુબારક કાઢવાના હતા પણ અચાનક રાત્રે સખત વીજળી વરસાદનું તોફાન આવી જવાથી અમે એ કામ ન કરી શકયા અને આજે સવારે અચાનક સુલ્તાન





તશરીફ લાવ્યા અને અમે પકડાઈ ગયા.

સુલ્તાન નુરૂદ્દીન આ નાપાક જાલિમો અને ખૌફનાક મુજરિમોના ધ્રુજાવી દેનાર અને દિલ હલાવી દેનાર બયાનને સાંભળીને કાંપી ઉઠયા અને ગુસ્સાના આવેશમાં રોઝએ અન્વરની દીવાલને પકડીને ધ્રુસ્કે ધ્રુસ્કે રડવા લાગ્યા પછી સુલ્તાન ગુસ્સાથી ભરપૂર બેકાબૂ બનીને પોતાની તલ્વાર વડે તે બંને મલઊનોની ગરદન ઉડાવી દીધી, અને તે બંનેના શરીરોના ટુકડે ટુકડા કરીને આગમાં સળગાવી રાખ કરી નાખ્યા અને પોતાની ખૂશનસીબી પર નાઝ કરીને ખુદાવંદે કુદુસનો લાખ લાખ શુક્ર અદા કરવા લાગ્યો અને કહેવા લાગ્યો કે, હુઝૂર રહ્મતુલલિલ આલમીનનો મારા પર કેટલો મોટો કરમ છે કે તમામ દુનિયાવાળાઓમાંથી આ ખિદમત માટે મારા જેવા કમતરીન ગુલામને પસંદ ફર્માવ્યો અને ત્રણ ત્રણ વખત ખ્વાબમાં અને પોતાના દીદારે પુર અન્વારથી નવાઝીને મને આ ખિદમતના માટે નિયુકત ફર્માવ્યો. સુલ્તાન વારંવાર એ જ કહેતો હતો અને તેની અશ્રુમય આંખોએથી અશ્રુબિંદુઓ મોતીની જેમ ચમકતાં તેના ચહેરા પર વરસી રહ્યાં હતાં. આ ખુશીમાં સુલતાને અઢળક દૌલત લૂટાવીને ગરીબોને માલામાલ અને મુફલિસોને ન્યાલ કરી દીધા. પછી રોઝએ મુનવ્વરાની આસપાસ ચારેય તરફ ખૂબ જ ઊંડી ખાઈઓ ખોદાવીને અને તેમાં શીશુ પીગળાવી ભરાવી દીધું જેથી કબ્રે અન્વરની ચોતરફ ફરતે દીવાલમાં કોઈ ગાબડુ ન લગાડી શકે. *(વફાઉલ વફા, ભાગ–ર, પેજ–૬૪૮)*

## ★ મલઊન યોજના નિષ્ફળ ★

જ્યારે મિસરના ઓબૈદી ખાનદાનના બાદશાહની હિજાઝ પર સત્તા છવાઈ ગઈ તો કેટલાક અધર્મીઓએ બાદશાહને એવો નાપાક મશ્વરો આપ્યો કે જો રોઝએ મુનવ્વરાને ખોદીને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના જિસ્મે અન્વર (શરીર મુબારક) અને હઝરત અબૂબક્ર તથા હઝરત ઉમર رضی اللہ عنہما ના મુબારક જિસ્મોને મદીના મુનવ્વરાથી લઈ જઈને મિસરમાં દફન કરી દેવામાં આવે તો મિસરની ઈજ્જત તથા અઝમતમાં ચાર ચાંદ લાગી જશે, કેમ કે તમામ ઈસ્લામી દુનિયાના ઝિયારત કરનારાઓ મદીના મુનવ્વરાને

બદલે મિસર આવવા માંડશે. મિસરના મૂર્ખ તથા બેદીન બાદશાહને આ મશવરો પસંદ પડયો ! અને તેણે એક અતિ વિ□ાસુ દરબારીને આ વિકટ કામ માટે મદીના મુનવ્વરા મોકલી આપ્યો, જેનુ નામ 'અબુલ ફતહ' હતું. મદીનાવાસીઓને આ નાપાક મનસૂબાની ખબર થઈ ગઈ હતી જેથી જેવો અબુલ ફતહનો કાફલો આ મનહૂસ ઈરાદા સાથે મદીના મુનવ્વરામાં પ્રવેશ્યો તેવી જ મદીનાના એક કારીએ આમ મજમામાં આ આયત તિલાવત કરી દીધી,

**(અર્થ)** : "શું તમે લોકો એ કૌમ સાથે જંગ નહીં કરો જેમણે પોતાની કસમોને તોડી નાખી અને રસૂલને કાઢવાનો ઈરાદો કરી નાખ્યો, જયારે કે તેમના તરફથી પહેલ થઈ છે, શું તેમનાથી ડરો છો ? વળી અલ્લાહ એનો અધિક હક્કદાર છે કે તેમનાથી ડરો જો ઈમાન ધરાવતા હોઉ."

કારીએ એવા પુરદર્દ લહેજામાં આ આયતને પઢી કે મદીનાવાસીઓના દિલોમાં મહબ્બતે રસૂલના જોશનો એક જ્વાળામુખી ફાટી નીકળ્યો અને લોકો ગુસ્સામાં ભરાઈને એટલા જોશમાં આવી ગયા કે અબુલ ફતહ અને તેના સાથીઓના ટુકડે ટુકડા કરી નાખવા તૈયાર થઈ ગયા અને એ રાત્રે અચાનક એવી ભયાનક આંધી આવી કે ઊંટો તેના પરની બેઠક સહિત અને ઘોડા ઝીન તથા સવાર સાથે જમીન પર ગબડવા લાગ્યા. આ કુદરતી દ્રશ્યો જોઈને અબુલ ફતહના દિલમાં એવો તો ભય ઘર કરી ગયો કે તે બીકનો માર્યો કાંપવા લાગ્યો અને કસમ ખાઈ ખાઈને એ એલાન કરવા લાગ્યો કે જો મિસરનો બાદશાહ મારું માથુ પણ ઉડાવી દેશે છતાં હું આ મનહૂસ મનસૂબા પર કદાપિ અમલ કરીશ નહીં. આ સાંભળીને મદીનાવાસીઓ શાંત બન્યા અને પોતાની જાન બચાવીને અબુલ ફતહ મિસર ચાલ્યો ગયો અને બાદશાહને એટલો ડરાવ્યો કે તેના હોશ ઉડી ગયા અને તેણે આ મનસૂબાથી તૌબા કરી લીધી. *(જઝ્બુલ કુલૂબ, પેજ–૧૨૬)*

## ★ ચાલીસ હલબી જીવતા દટાઈ મર્યા ★

'મુહિબ્બે તિબરી'એ પોતાની કિતાબ 'રિયાઝુન્ નઝરહ'માં લખ્યું છે કે એક વખત 'હલબ'ના કેટલાક રાફઝીઓએ લાખો અશરફીઓની





રકમ અને અગણિત તોહફાઓ મદીનાના અમીરને લાંચ રૂપે એ મકસદથી આપ્યા કે તેમને મસ્જિદે નબવીમાં રાતભર રહેવા અને રોઝા મુબારકમાં ખોદકામ કરીને હઝરત અબૂબક્ર અને હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہما ના મુબારક શરીરોને કબ્રે અન્વરમાંથી કાઢીને લઈ જવાની ઈજાઝત આપી દે. લાંચિયો બદ્કાર અમીર લાલચનો શિકાર થઈ અને ખૂંખાર દરિન્દાઓને મસ્જિદે નબવી શરીફમાં રાતવાસો રહેવાની અને પોતાનો મનસૂબો પૂરી કરી લેવાની ઈજાઝત આપી. અને મસ્જિદે નબવીના શૈખુલ્ ખુદ્દામ શમ્સુદ્દીન સવ્વાબને હુકમ આપી દીધો કે જે સમયે રાત્રે આ રાફઝીઓની ટોળકી મસ્જિદે નબવીમાં દાખલ થવા ચાહે ત્યારે તેમના માટે દરવાજો ખોલી આપવો.

'શમ્સુદ્દીન સવ્વાબ'નું બયાન છે કે અડધી રાત્રે ચાલીસ માણસોની ટોળકી કોદાળા, પાવડા અને અન્ય ખોદકામના સામાન સાથે મસ્જિદે નબવીમાં પ્રવેશી અને હું મસ્જિદના દરવાજા પાસે બેસીને રડવા લાગ્યો. પણ હું મારા મૌલાની શાન પર કુર્બાન ! કે જેવા આ મરદૂદ લોકો મિમ્બર શરીફની નજીક પહોંચ્યા તેવા એકદમ તમામે તમામ જમીનમાં ધસવા લાગ્યા એટલે સુધી કે જીવતા દટાઈ મર્યા ! ૨/૩ રાત પસાર થયા બાદ મદીનાના અમીરે મને બોલાવીને તેમના વિશે પૂછયું તો મેં આંખે દેખ્યો હાલ જણાવી દીધો. મદીનાના અમીરે મને ધમકાવતાં કહ્યું કે તું બિલકુલ પાગલ અને દીવાનો થઈ ગયો છે ! એવું શી રીતે શકય છે કે પથ્થરની ફર્શમાં ચાલીસ માણસો જીવતા ધસી જાય ?! મેં અર્ઝ કરી કે હે અમીર ! જાતે આવીને તમારી આંખે જોઈ લો કે હજી સુધી તેમનાં કેટલાક કપડાં વગેરે જમીનમાં ધસેલાં નિશાનરૂપે મૌજૂદ છે જે જોઈ શકાય છે. આ સાંભળ તાં અમીરે મદીના અવાક બની ગયો ! અને કહેવા લાગ્યો કે, ખબરદાર ! કદાપિ આ ભેદ તું કોઈની સમક્ષ ખોલીશ નહીં ! નહીં તો તલ્વારથી તારું ડોકુ ઉડાવી દઈશ ! *(જઝ્બુલ કુલૂબ, પેજ–૧૨૭)*

**સારાંશ** : બિરાદરાને મિલ્લત ! ઉપરોકત ત્રણેવ હિકાયતોને વાંચીને વિચારો કે ભૂતકાળમાં ઈસ્લામના દુશ્મનોએ હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની તૌહીન કરવા અને આપને તકલીફ આપવા માટે કેવી કેવી

ખૌફનાક સાઝિશો કરી હતી અને કેવા કેવા ગંદા ધૃણાત્મક મનસૂબાઓ બનાવ્યા હતા પણ અલ્લાહ તઆલાનો વાયદો કેટલો હક્ક અને સાચો છે કે, **વલ્લાહુ યઅ્સિમ્ક મિનન્નાસ** (અર્થ) : "હે મહબૂબ ! અલ્લાહ તઆલા તમને લોકોથી બચાવશે."

મક્કાના કાફિરો ભરપૂર કોશિશો કરતા રહ્યા કે પયગંબરે ઈસ્લામનો ખાત્મો કરીને ઈસ્લામનું નામ નિશાન મિટાવી દે. કયારેક રાત્રે કાશાનએ નબુવ્વતનો ઘેરાવ કરીને પયગંબરે બર હક્કના કત્લનો મનસૂબો બનાવ્યો, કદીક સફર દરમ્યાન રાતના અંધારામાં અચાનક કત્લ કરી નાખવાનો પ્લાન તૈયાર કર્યો, કયારેક જંગના મેદાનમાં હુમલો કરીને શહીદ કરી દેવાનો નિશ્ચય કર્યો, કયારેક જાદૂ કરીને, કયારેક ઝહેર ખવડાવીને મારી નાખવાનો પ્રોગ્રામ બનાવ્યો. મતલબ કે પયગંબરે ઈસ્લામના નામો નિશાનને મિટાવી દેવા માટે તરહ તરહની યુક્તિઓ કરવામાં આવી, તેમ છતાં ખુદાવંદે કુદુસે પોતાના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم થી એ વાયદો ફર્માવી લીધો હતો કે, હે મહબૂબ ! અલ્લાહ તમને તે લોકોથી બચાવશે. જેથી દરેક પ્રસંગે ખુદાનો વાયદો પૂરો થયો અને જ્યારે પણ કાફિરોએ કોઈ ધોકો કરી હુમલો કર્યો અને ચિરાગે નબુવ્વતને બુઝાવવાનો ઈરાદો કર્યો તો ખુદા તરફથી એવી મદદ તથા હિફાઝત ફર્માવવામાં આવી કે કાફિરોનો મનસૂબો નિષ્ફળ ગયો. અને કુદરત પોકારી ઉઠી કે :–

**નૂરે ખુદા હૈ કુફ્રકી હરકતપે ખંદાઝન**
**ફૂંકોંસે યે ચિરાગ બુઝાયા ન જાએગા**

બિરાદરાને મિલ્લત ! જેવી રીતે હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઝાતે ગિરામીને અલ્લાહ તઆલાએ પોતાની હિફાઝતના પહેરામાં માસૂમ તથા મહફૂઝ રાખ્યા કે દુનિયાનો કોઈપણ દુશ્મને રસૂલ ન આપને કત્લ કરી શકયો ન આપનું નામો નિશાન મિટાવી શકયો. એ જ રીતે આપની કબ્રે મુનવ્વરને પણ ખુદાવંદે આલમે પોતાની હિફાઝતના વર્તુળમાં એ રીતે માસૂમ તથા મહફૂઝ ફર્માવી લીધી છે કે કોઈ દુશ્મને રસૂલ કબ્રે અન્વર સુધી પહોંચી જઈ આપના મુકદસ વજૂદની તૌહીન કરવાની અને આપને





તકલીફ પહોંચાડવાની શકિત નથી પામી શકતો. જેમ કે તમે જોયું કે રોમના નસરાનીઓ હોય કે મિસરના અધર્મીઓ, હલબના રાફઝીઓ હોય કે અન્ય મલઊનો હોય, જેમણે પણ કબ્રે અન્વર ખોદવાનો પ્રોગ્રામ બનાવ્યો તેઓ તબાહ થઈ ગયા અને ભયાનકથી ભયાનક ષડયંત્ર વખતે પણ કુદરતના મુનાદીનું એ જ એલાન રહ્યું કે :–

**મુસ્તફા હૈ નૂરે હક્ક ઉસ્કો બુઝા સકતા હૈ કૌન**
**જિસકા હામી હો ખુદા ઉસકો મિટા સકતા હૈ કૌન ?**

અય શમ્એ રિસાલતના પરવાનાઓ ! બેશક ! આ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઘણો જ મોટો મો'જિઝો અને હઝરત શયખૈન (અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہما)ની ઉઘાડી કરામત છે કે આટલી મોટી ખતરનાક કોશિશો છતાં કોઈ મોટામાં મોટો દુશ્મને રસૂલ પણ કબ્રે મુનવ્વરની ન તોડફોડ કરી શકયો ન વેરાન કે બરબાદ કરી શકયો. હદ તો એ કે 'નજદી' હાકિમ 'ઈબ્ને સઊદ વહાબી'નો જ્યારે હરમૈન શરીફૈન પર કબજો થયો તો એ જાલિમે 'જન્નતુલ મુઅલ્લા' અને 'જન્નતુલ બકીઅ'નાં બંને કબ્રસ્તાનોને તોડી ફોડીને વેરાન કરી નાંખ્યાં અને સહાબાએ કિરામ તથા અહલે બયતે એઝામના કુબ્બાઓને તોડી પાડયા અને અકાબિરોની કબ્રોને શહીદ કરીને વેરાન કરી નાખી અને હરમૈન શરીફૈનના તમામ મકબરાઓને તારાજ કરીને તેના પર મકાનો તથા સડકો બનાવી દીધી, પણ અલ્લાહવાળાઓનો આ કટ્ટર દુશ્મન પણ પોતાની અતિશય તમન્ના અને ભરપૂર કોશિશો છતાં તે કબ્રે અન્વરને અને રોઝાએ મુનવ્વરને સ્પર્શ નથી કરી શકયો. એટલે સુધી કે ગુંબદે ખિદરાની અઝમતે શાનને નિહાળીને તે બદબખ્ત સળગી ઉઠયો પણ તે મર્કઝે ઈમાન અને ઈસ્લામી નિશાનને સનમે અકબર (મહામૂર્તિ) કહેવા સિવાય આ બદ્બાન અન્ય કાંઈ પણ ન શકયો. અને અલ્હમ્દુલિલ્લાહ ! કે આજે પણ ગુંબદે ખિદરાની જાહોજલાલી અને કબ્રે અન્વરનો હુસ્નો જમાલ અહલે ઈમાનની નિગાહોને નૂરે ઈર્ફાનથી માલામાલ કરે છે અને બદ્ બાતિનો તથા બેઈમાનોને રંજોગમની ઠોકરોથી પાયામલ કરી રહેલ છે, વલિલ્લાહિલ્ હમ્દ !

હે આશિકો ! આ હિકાયતોથી એ પણ જાણવા મળ્યું કે હુઝૂરે

અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم કબ્રે અન્વરમાં ઝિંદા છે અને તમામ જહાનવાળાઓના ભલા બુરા અમલો આપની નજરો સમક્ષ રહે છે અને આપને કબર શરીફમાં પણ ખુદાવંદે કુદુસે તરહ તરહના તસર્રુફાતની કુદરત બખ્શી છે એ જ કારણે કદીક પોતાની બારગાહના મુજરિમોને સજા અપાવવા માટે મુલ્કે શામ (સીરીયા) થી સુલ્તાન નૂરૂદ્દીનને બોલાવી લીધો અને કદીક પોતે જ પોતાની નિગાહે કહેર વડે મલઊનોને જીવતા દાટી દીધા, જેથી કરીને એ શકનું નિવારણ થઈ જાય કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાના દુશ્મનોને દફેઅ કરવા માટે અન્ય કોઈની મદદના મોહતાજ છે.

પ્યારા દોસ્તો ! એ ઈમાનની વાત છે કે ખુદાવંદે આલમે પોતાના મહબૂબે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને તસર્રુફાતની એવી મહાન શકિત તથા કુદરત અતા ફર્માવી છે કે આપ જમીનની ઉપર હોય કે કબ્રે અન્વરની અંદર હોય પણ દરેક જગાએ આપના સામાન્ય ઈશારાથી જમીન તથા આસમાનની વ્યવસ્થામાં હેરફેર આવી શકે છે. આપ જો કોઈ સુલ્તાન નૂરૂદ્દીન અથવા અન્ય કોઈથી ખિદમત તલબ ફર્માવી લે તો એનો અર્થ એ નથી કે આપ પોતે તે કામ કરવાથી લાચાર છે ! બલ્કે એનો મતલબ એ જ થશે કે હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم જો કે પોતે પોતાની ખુદાદાદ શકિત વડે એ કામ પાર પાડી શકતા હતા પણ એ આપનો કરમ છે કે આ ખિદમતથી પોતાના કોઈ ગુલામને સરફરાઝ ફર્માવી દીધો જેના લીધે તે ગુલામ બંને જહાનની ઈજ્જતની સલ્તનનો તાજદાર બની ગયો. હઝરત શયખ સઅદીએ એ જ મુદ્દાને દ્રષ્ટિ સમક્ષ રાખીને શું સરસ ફર્માવ્યું છે :–

**(અર્થ)** : એટલે કે તમે એ એહસાન ન જતાવો કે તમે બાદશાહની ખિદમત કરો છો, બલ્કે તમે બાદશાહનું એહસાન માનો કે એણે તમને પોતાની ખિદમત માટે રાખી લીધા છે.

વળી આ ત્રણેવ હિકાયતોમાં એ મુદ્દો પણ વિચારવા યોગ્ય છે કે રોમના નસારા (ઈસાઈ), મિસરના અધર્મીઓ અને હલબના રાફઝીઓનો પણ એ અકીદો હતો કે હુઝૂર નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم અને શયખૈન હઝરાતના મુબારક જિસ્મો કબ્ર શરીફમાં સલામત છે જેથી પોતાના એ અકીદા (માન્યતા)ના આધારે જ તો એ લોકોએ કબ્રે અન્વરથી એ મુકદ્દસ જિસ્મોને





કાઢીને લઈ જવાની કોશિશ કરી. આ વાત વર્તમાનકાળના બદ્અકીદા પોતાને મુસલમાન કહેવડાવનારાઓ માટે બોધદાયક છે જેઓ એવો અકીદો રાખે છે કે નઊઝુબિલ્લાહ ! હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم 'મરીને માટીમાં ભરી ગયા અને કબરે અન્વર માટીના એક ઢગલા સિવાય કાંઈ નથી.' ન્યાયપ્રિય લોકો ફેંસલો કરે કે આ નામ માત્રના મુસલમાન કહેવડાવનારા આ મામલામાં નસારા અને રાફઝીઓથી પણ નીચ કક્ષાના કહેવાશે નહીં ?!

મુસલમાનો ! આ કિયામતે સુગરા નથી તો બીજુ શું છે કે એક નસરાની તો એ હદીષનું સમર્થન કરે છે કે, (અર્થ) : "અલ્લાહ તઆલાએ જમીન માટે 'હરામ' ફર્માવી દીધું છે કે તે અંબિયાઓના મુકદ્દસ શરીરોને ખાય" પણ એક ઈસ્લામનો દાવેદાર ગદ્દાર ! ખુલ્લમ ખુલ્લા એ બદ્અકીદગીનો પ્રચાર કરતો ફરે છે (મઆઝલ્લાહ !) કે "નબી મરીને માટીમાં ભરી ગયા !" *(જુઓ દેવબંદી કિતાબ–તકવિયતુલ ઈમાન)*

ટૂંકમાં એ કે હુઝૂર નબી કરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ખુદાદાદ તસર્રુફાત અને **હયાતુન્નબી** હોવા વિશેનો મસ્અલો સુન્ની મુસલમાનોનો એવો એકમતિ પામેલ મસ્અલો છે કે જેમાં કોઈ અહલે હક્કને મતભેદ નથી. આ વિષયમાં અઝીઝ મોહતરમ મૌલાના અર્શદુલ કાદરીના કેટલાક નઅતિયહ્ અશ્આર કેટલા પ્રમાણમાં રૂહપરવર અને ઈમાન અફરોઝ છે તે જુઓ :–

**જિસસે તુમ રૂઠો વો બરગશ્તએ દુન્યા હો જાએ,**
**જિસકો તુમ ચાહો વો કતરા હો તો દરયા હો જાએ.**
**આંખ ઉઠા દો તો કળી ધુપમેં સાવન બરસે,**
**મુસ્કુરા દો તો અંધેરે મેં ઉજાલા હો જાએ.**
**કહરસે દેખો તો બુઝ જાએ ચિરાગે હસ્તી,**
**ઔર હંસ દો તો મેરી ખાક ભી ઝિંદા હો જાએ.**
**ઝર્રે ઝર્રેમેં ઉજાલા હૈ તુમ્હારે રૂખ કા,**
**તુમ જો મુંહ ફેર લો આલમમેં અંધેરા હો જાએ.**
**યાદે ગેસૂએ નબી સુબ્હકો દે જલ્વએ શામ,**
**બાત આરિઝ કી જો છેડું તો સવેરા હો જાએ.**

## ★ ગુસ્તાખના માથા પર પથ્થર ★

હિ.સ. ૯૧ માં ઉમવી ખલીફા વલીદ ઈબ્ને અબ્દુલ મલિકના હુકમથી મદીના મુનવ્વરાના ગવર્નર ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝે મસ્જિદે નબવીની તામીરના માટે કબ્રે અનવરના હુજરાની દીવાલોને તોડી નાખવાનો હુકમ આપ્યો. દીવાલ પડતાં જ કબ્રે અનવર દેખાવા લાગી. એક રોમી કડીયો જે નસરાની હતો. તેણે એ જોઈને કે અત્યારે મસ્જિદમાં કોઈ હાજર નથી એણે પોતાના નસરાની સાથીઓને કહ્યું કે, "હું પયગબંરે ઈસ્લામની કબર પર પેશાબ કરીશ !" તેના સાથીઓએ તેને આ નાપાક ઈરાદાથી રોકાઈ જવા ખૂબ સમજાવ્યો પણ તે મલઊન માન્યો નહીં. પરંતુ હજી તે બદ્ઈરાદે ચાલ્યો જ હતો એવામાં ઉપરથી એક પથ્થર તેના માથા પર પડયો અને તેનું ભેજુ ખીમો થઈને વેરાઈ ગયું ! આ મો'જિઝો જોઈને કેટલાયે નસરાની કડીયા તે જ વખતે મુસલમાન થઈ ગયા. *(વફાઉલ વફા, ભાગ–૨, પેજ–૫૧૯)*

**સારાંશ** : એ ખુદાવંદે તઆલાની આદતે કરીમહ્ છે કે પોતાના ખૂદના મુજરિમોને કદી કદી સજા પણ આપે છે પરંતુ અકસર માફ ફર્માવી દે છે. પણ પોતાના મહબૂબોના મુજરિમોને તે કહ્હાર તથા જબ્બારની કહ્હારી તથા જબ્બારી કદી માફ નથી ફર્માવતી બલ્કે ચોક્કસ જ અઝાબમાં નાખી દે છે. એટલા માટે જે લોકો પોતાની બદઅકીદગી અથવા જેહાલતથી અંબિયા તથા ઔલિયાની કબરોના બારામાં ઝબાન દરાઝી અથવા અમલી રીતે બેઅદબી કરે છે તેમણે હોશમાં આવી જવું જોઈએ કે ખુદાની પકડ ઘણી જ સખ્ત છે અને તેને પોતાના મહબૂબો પર ઘણો જ પ્યાર છે અને પોતાના મહબૂબ અને પ્યારાની દરેક ચીજ પ્યારી તથા મહબૂબ હોય છે. તો પછી ખુદા તઆલાના મહબૂબે મુતલક, નબીએ બરહક, હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની કબ્રે મુકર્રમનું તો કહેવું જ શું ? અલ્લાહુ અકબર ! શું સરસ ફર્માવ્યું આ'લા હઝરત કિબ્લા કુદ્દેસ સિર્રહૂએ કે;

**મેઅરાજ કા સમાં હૈ કહાં પહુંચે ઝાઈરો**
**કુર્સીસે ઊંચી કુર્સી ઈસી પાક ઘરકી હય**





## ★ કરબલાની કબરો શહીદ ★

બગદાદના ખલીફા મોતવક્કિલ બિલ્લાહ અબ્બાસી અહલે બયતનો સખ્ત દુશ્મન અને પાકકો 'ખારજી' હતો. એ જાલિમે હિ.સ. ૨૩૬ માં ઈમામ હુસૈન رضی اللہ عنہ અને કરબલાના અન્ય શહીદો رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની મુકદસ કબરોને તોડી ફોડીને શહીદ કરાવી નાખી. અને રોઝા મુબારકની તમામ ઈમારતોને પણ પાડી નંખાવીને ખેતર બનાવી દીધું અને કરબલાની ઝિયારતથી લોકોને તદ્દન રોકી દીધા એટલે સુધી કે કરબલા વેરાન સુમસામ ભયાનક રણ બની ગયું. બગદાદવાસીઓ અને તમામ દુનિયાના મુસલમાનો આ જાુલ્મી હરકતથી અતિશય જાુસ્સામાં અને ગુસ્સામાં આવી ગયા, પરંતુ એક જાલિમો જાબિર હુકૂમતનો મુકાબલો કોણ કરે ? આ એક ઘણો જ કઠિન પ્રશ્ન હતો. મુસલમાનોએ વિરોધ પ્રદર્શિત કરવા માટે ખલીફા વિરૂધ્ધ ગાળોથી ભરેલા પરચાઓ દીવાલો અને મસ્જિદોમાં લગાડવાના શરૂ કર્યા અને શાયરોએ હુકૂમતના વિશે મોટા મોટા ધ્રુજાવી દેનારા શેઅરો લખ્યા પણ તે જાલિમ ખારજીને કોઈ અસર ન થઈ. આ દર્દનાક બનાવ પછી એ જાલિમ હુકૂમતના દૌરમાં કેવા કેવા ભયંકર ઈબ્રતનાક કુદરતી નિશાનો અઝાબે ઈલાહી બનીને નાઝિલ થયાં તેની વિગત કાંઈક સાંભળો ! અને આશ્ચર્યથી ઈબ્રતના જોશમાં માથુ ધુણાવો !

**(૧)** હિ.સ. ૨૩૮ માં રોમીઓએ એ સલ્તનત પર હુમલા કરીને 'દમયાત'ને લૂંટી લીધું અને કત્લેઆમ ચલાવીને આખા શહેરને સળગાવી દીધું અને છસો સ્ત્રીઓને પકડી લઈને સમુદ્ર માર્ગે ફરાર થઈ ગયા.

**(૨)** હિ.સ. ૨૪૧ માં આસ્માનેથી તીડોની જેમ રાતના મોટા ભાગના સમયમાં તારાઓ તૂટી તૂટીને ખરતા રહ્યા અને એટલો ડરામણો અને ભયાનક મંઝર દેખાવા લાગ્યો કે દુનિયાના ઈતિહાસમાં એનું દ્રષ્ટાંત નથી મળતું.

**(૩)** હિ.સ. ૨૪૦ માં 'એઅલાત'ના શહેરવાસીઓએ અવકાશ ક્ષેત્રે તરફથી એક એવી કિયામત ખેઝ ગરજદાર ચીસનો અવાજ સાંભળ્યો

કે અસંખ્ય લોકો ડરના માર્યા મરી ગયા, અને આખા ઈરાકમાં મરઘીના ઈંડા જેટલા મોટા મોટા કરા પડયા અને પશ્ચિમના શહેરના ત્રણ ગામો જમીનમાં ધસી ગયાં !

**(૪)** હિ.સ. ૨૪૨ માં એટલો મોટો ધરતીકંપ આવ્યો કે પહાડ ટુકડે ટુકડા થઈ ગયા, જમીન ચીરાઈ ગઈ અને મોટા મોટા ખાડા બની ગયા અને મિસરના ગામ સુવૈદ પર આસ્માનેથી એટલા મોટા મોટા પથ્થરોની વર્ષા થઈ કે લોકોએ એક પથ્થરનું વજન કર્યું તો તે દસ રતલ વજનનો હતો. અને યમનનો એક પહાડ જેના પર ખેતીઓ હતી તે પોતાના સ્થાનેથી ખસીને દૂર બીજાં ખેતરોમાં ચાલ્યો ગયો અને એ જ વરસે હલબમાં એક પક્ષી બહાર પડયું જે ગધેડાથી કાંઈક નાનુ હતું તે બે દિવસમાં ચાલીસ ચાલીસ વખત મોટા અવાજે આ પ્રમાણે બોલ્યું કે, **યા મઆશિરન્નાસ ! ઈત્તકુલ્લાહ અલ્લાહ અલ્લાહ !** આ પ્રસંગને પરચો લખનારાઓએ ૫૦૦ માણસોની ગવાહી સાથે લખીને ખલીફાના દરબારમાં મોકલ્યો.

**(૫)** હિ.સ. ૨૪૫ માં એવો તબાહકારી ધરતીકંપ થયો કે આખી સલ્તનતમાં શહેરો, કિલ્લાઓ, પુલોની તબાહી તથા બર્બાદી થવાથી આખી વ્યવસ્થા ખોરવાઈ ગઈ. એ ધરતીકંપમાં ઈન્તાકિયાનો એક પહાડ ભાંગી તૂટીને સમુદ્રમાં પડી ગયો. આસ્માનેથી ભયંકર ડરામણા અવાજો આવવા લાગ્યા. મિસરમાં એક એવી હૃદય ધ્રુજાવી નાખે તેવી ચીસ સાંભળવામાં આવી કે ભયના માર્યા લોકોનાં કલેજાં ફાટી ગયાં ! અને હજારો લાખો સજીવ મખ્લૂક મૌતનો કોળિયો બની ગઈ. મક્કા મુકર્રમાના તમામ ઝરણાંઓ સૂકાઈ ગયાં. જેથી મુતવક્કિલે એક લાખ દીનાર મક્કા મુકર્રમામાં પાણીની વ્યવસ્થા કરવા માટે મોકલ્યા.

**(૬)** હિ.સ. ૨૪૭ માં ખૂદ મુતવક્કિલના છોકરા મુન્તસિર બિલ્લાહએ કાવતરુ કરીને પાંચ તુર્કીઓને અડધી રાત્રે મુતવક્કિલના સૂવાના ઓરડામાં મોકલી આપ્યા અને તે તુર્કીઓએ મુતવક્કિલ અને તેના વજીર ઈબ્ને ખાકાનને બરાબર એ સમયે કત્લ કર્યા જ્યારે કે બંને જણા એકાંતમાં મોજ મજાની મજલિસ ગરમ કરીને મજા માણી રહ્યા હતા. *(તારીખે ખુલફા, પેજ-૨૪૧)*





## ★ મસ્જિદે નબવી શાથી સળગી ગઈ ?! ★

બગદાદના ખલીફા મોઅતસિમ બિલ્લાહના દૌર હિ.સ. ૬૫૪ માં રમઝાનની પ્રથમ રાત્રે મસ્જિદની કંદીલો સળગાવનારની મશાલ વડે મસ્જિદે નબવીમાં એવી ભયંકર આગ લાગી ગઈ કે આખી મસ્જિદ અને મસ્જિદની ઝીનત, સમજાવટનો સઘળો સામાન બળીને ખાક થઈ ગયો. મદીનાવાસીઓએ મરણિયા પ્રયાસો કર્યા કે આગ હોલવાઈ જાય પણ અતિશય જદ્દોજેહદ છતાં પણ આગ પર કાબૂ મેળવી શકયા નહીં.

મસ્જિદે નબવીમાં આગના આ બનાવથી લોકોમાં ઘણી બેચૈની (હલચલ) પેદા થઈ ગઈ અને જાત જાતની શંકાકુશંકાઓ અને તરહ તરહની વાતોનો દોર શરૂ થઈ ગયો. તો શૈખ ઈબ્રાહીમ ઈબ્ને મુહમ્મદ કનાની રઈસુલ મુઅઝ્ઝેનીને એ જાહેર કરીને લોકોને આશ્ચર્યમાં નાખી દીધા કે મસ્જિદની સળગી ગયેલી દીવાલો પર ઠેકઠેકાણે આ બે શેઅર કુદરતી લખાયેલ જોયા કે,

**(અર્થ)** : "નબી صلی اللہ تعالٰی علیہ وسلم નું હરમ કોઈ ભયાનક અકસ્માતથી નથી સળગ્યું અને આ કોઈ શરમનાક બનાવ પણ નથી કેમ કે રાફજીઓના હાથોએ આ સર્વ નિશાનીઓને સ્પર્શી હતી એટલા માટે આ સર્વ ચીજો આગ વડે પાક કરવામાં આવી છે."

અને પ્રસંગ પણ એવો જ હતો કે એ દિવસોમાં મદીના મુનવ્વરા તથા મસ્જિદે નબવીમાં રાફજીઓનો પૂરેપૂરો કબજો હતો. જેથી શહેરના કાઝી, મસ્જિદના ખતીબ, મસ્જિદના ખાદિમો વગેરે સર્વે રાફજીઓ હતા. એટલે સુધી કે ઈબ્ને ફરહૂનનું બયાન છે કે કોઈ શખ્સ અહલે સુન્નતની કિતાબોને મદીના મુનવ્વરામાં જાહેરમાં પઢી શકતો ન હતો. *(વફાઉલ વફા, પેજ-૬૦૦)*

**સારાંશ** : એમાં શંકા નથી કે જેવી રીતે સાલેહ તથા નેક લોકોની બરકતથી રહમતોનું નુઝૂલ થાય છે, એ જ રીતે બદ્અકીદા અને બદ્અમલ તથા બદકાર લોકોની નહૂસતથી જાત જાતની બલાઓ અને આફતો આવ્યા કરે છે. એટલા માટે બુઝુર્ગાને દીન 'બદ્અકીદા કુકર્મી લોકોની સોહબતથી અતિશયપણે પરહેઝ રાખવાનો હુકમ આપ્યો છે.' બુઝુર્ગોએ 'એવા

કાફલાઓની સાથે સફર કરવા અને 'એવા મહોલ્લાઓમાં રહેવાની ના પાડી છે જેમાં બદ્‌મઝહબ, બદ્‌અકીદા અને બદ્‌કાર લોકોનો સંગાથ હોય.' એવા કબ્રસ્તાનોમાં દફન કરવાની અને દફન થવાની સખ્ત તાકીદ સાથે મના ફર્માવી જ્યાં બદ્‌અકીદા અને બદ્‌કાર લોકોની કબરો હોય. હઝરત મૌલાના જલાલુદ્દીન રૂમી رحمۃ اللہ علیہ નો ઈર્શાદ છે કે :–

''બુરા મિત્રોથી દૂર થઈ જાવ અને એવા લોકોથી હમેશાં દૂર રહો, કેમ કે **બુરો સાથી 'સાપથી પણ વધારે ખરાબ' હોય છે, કેમ કે બુરો સાપ તો વધુમાં વધુ તમારો જીવ લઈ લેશે પણ 'બદ્‌અકીદા તથા 'બદ્‌કાર' સાથી તો તમારું ઈમાન લઈ લેશે જે જાનથી વિશેષ કિંમતી ચીજ છે.''**

કેટલાક લોકો કહ્યા કરે છે કે, ''અમારે બદ્‌મઝહબોની બદ્‌અકીદગીથી શો મતલબ ? તેમનો અકીદો તેમની સાથે અને આપણો અકીદો આપણી સાથે !'' પણ આવા લોકો સખ્ત ધોકામાં પડેલા છે. કોણ નથી જાણતું કે, ''જે શખ્સ ભટ્ટી પાસે બેસશે તે લાખ કોશિશો કરે છતાં તેને આગની આંચ જરૂર લાગશે,' એ જ રીતે 'બદ્‌અકીદા' અને બદકારની સોહબત' ચોક્કસ જ પોતાની અસર બતાવશે. કાંઈ નહીં થાય તો તે લા'નતો અને બલાઓમાંથી જરૂર થોડોક હિસ્સો પામશે જે એ લોકો પર તેમની નહૂસતોને લીધે ઉતરતી રહે છે. (અલ્લાહની પનાહ !)

## ★ વરૂ અને બકરી એક સાથે ! ★

મૂસા ઈબ્ને અઅ્યન કહે છે કે જે દિવસે ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ ની ખિલાફતનો દૌર શરૂ થયો ત્યારથી 'કિરમાન'માં વરૂઓ બકરીઓની સાથોસાથ એક ચોવાડમાં સાથે સાથે ચરવા લાગ્યાં, અને કદી કોઈ વરૂએ કોઈ બકરી પર હુમલો નથી કર્યો. પરંતુ એક રાત્રે એકાએક જ એક વરૂએ એક બકરીને ફાડી નાખી ! તો અમે લોકોએ આપસમાં એવું કહેવાનું શરૂ કર્યું કે, એવું લાગે છે કે કદાચ ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ નો ઈંતેકાલ થઈ ગયો ! જેથી લોકોએ જ્યારે એ વાતની તહકીક કરી તો જાણવા મળ્યું કે એ જ રાતમાં ખલીફા ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ નો વિસાલ થયો હતો જે





રાત્રે વરૂએ બકરી પર હુમલો કર્યો હતો. *(તારીખે ખુલફા, પેજ–૧૬૨)*

**સારાંશ** : એ અનુભવ છે કે બાદશાહ તથા હાકિમ જે પ્રમાણે આદિલ તથા મુનસિફ (ન્યાયી) હોય છે એ જ પ્રમાણે દેશમાં અમ્નો શાંતિ અને આરામ તથા રાહતનો દૌર રહે છે અને જો રાજા કે હાકિમ બદ્‌નિયત અને જાલિમ હોય તો તે દેશમાં દરેક તરફ જુલ્મ જ જુલ્મ ફેલાયેલો રહે છે અને કોઈને આરામ કે ચૈનનું મોંઢુ જોવા નથી મળતુ. બાદશાહો અને હાકિમોના અદ્‌લ (ન્યાય)ની બરકતો અને જુલ્મની નહૂસતો કેવળ માણસો પૂરતી મર્યાદિત નથી રહેતી બલ્કે જાનવરો તથા વનસ્પતિમાં પણ તેની અસરો જોવા મળે છે.

**हैं जज़्बे बाहमीसे काईम निज़ाम सारे**
**पोशीदा है ये नुकता तारोंकी ज़िंदगीमें**

## ★ એક કોળિયાનું નુકસાન ★

હઝરત શરીક મુહદ્દિષ علیہ الرحمۃ والرضوان પોતાના અન્ય સમકાલિન મુહદ્દિષોની જેમ ઘણા મુત્તકી અને દીનદાર હતા અને બાદશાહોની સોહબત અને મુલાઝિમત (નોકરી)થી બેહદ બેઝાર અને તિરસ્કાર કરનારા હતા. પરંતુ એક દિવસ બગદાદના ખલીફા મેહદી અબ્બાસીએ આપને દરબારમાં બોલાવીને મજબૂર કર્યા કે આપે ત્રણ કામોમાંથી એક કામ કરવું જ પડશે. કયાં તો તમે કાઝીનો હોદ્દો સ્વીકારો અથવા મારા શાહઝાદાઓને તાલીમ આપો અથવા એક લુકમો (કોળિયો) મારા દસ્તરખાન પર મારી સાથે બેસીને ખાવ ! હઝરત શરીક رحمۃ اللہ علیہ એ વિચાર્યું કે કાઝી બનવા અને શાહઝાદાઓના મુઅલ્લિમ થવા કરતાં એક કોળિયો ખાઈ લેવો ગણો સહેલો છે ! જેથી આપે આ ત્રણ બલાઓમાંથી એક કોળિયો ખાઈ લેવાનું કબૂલ ફર્માવ્યું. બાદશાહે બાવર્ચીને હુકમ આપ્યો કે ખાંડની ચાસણીમાં મગઝિયાત (મેવાઓ) સામેલ કરીને ભાત ભાતનું પકવાન બનાવે. હઝરત શરીક મુહદ્દિષ رحمۃ اللہ علیہ જેવા બાદશાહના દસ્તરખાન પર બેઠા તો બાવર્ચી (રસોઈયો) એ લોકોને કહ્યું કે, હઝરત એક એવી જાળમાં ફસાઈ ગયા છે કે જેમાંથી એઓ કદી મુક્તિ પામી

શકશે નહીં. જેથી ખરેખર એવું જ થયું કે હઝરત શરીક ત્યાર બાદ શાહઝાદઓના મુઅલ્લિમ પણ બની ગયા અને પછી ખલીફાના દરબારમાં આવી કાઝીનો હોદ્દો પણ સ્વીકારી લીધો. શાહી દસ્તરખાનનો એક જ લુકમો તેમના માટે આટલો બધો નુકસાન કર્તા સાબિત થયો. *(તારીખે ખુલફા, પેજ–૧૯૧)*

**સારાંશ** : હકીકત એ છે કે ઉમરાવો અને સુલ્તાનો અને માલદારોના દસ્તરખાનની આ ખાસ તાસીર છે કે જેઓ તેમના દસ્તરખાનો પર ખાવા લાગે છે તે તે જ લોકોનાં ગીતો ગાવા માંડે છે. જેથી મુત્તકી આલિમો તથા મશાઈખ (પીરો, શયખો)ની ભલાઈ એમાં જ છે કે એ લોકોના લુકમાઓથી પરહેઝ કરે. 'હદીષ શરીફ'માં આવેલું છે કે, 'જે શખ્સ ખેતરના સેરામાં બકરી ચરાવશે તો યકીનન કદી ન કદી તેની બકરી ખેતરમાં પણ ચરવા લાગી જશે.' એટલા માટે જે એવું ચાહતો હોય કે તેની બકરી ખેતરમાં ન ચરે, તેના માટે અનિવાર્ય છે કે તે સેરા પર પણ પોતાની બકરીને ન ચરવા દે બલ્કે ખેતર અને તેના સેરાથી દૂર જ ચરાવે. એનો એ જ અર્થ છે કે જે શખ્સ એવું ઈચ્છતો હોય કે ઉમરાવો તથા સુલ્તાનો અને માલદારોની બુરાઈઓથી બચેલો રહે તો તેના માટે જરૂરી છે કે તેઓ લોકોથી દૂર દૂર જ રહ્યા કરે. જે શખ્સ એવું ગુમાન કરે કે અમે ઉમરાવો અને માલદારોના દસ્તરખાન પર ખાવા ખાઈ લઈશું અને તેઓનું નજરાણુ લઈ લઈશું અને છતાં તેમની નુકતાચીનીઓ અને બુરાઈઓથી બચેલા રહીશું એ સખત ગલતફહમીમાં પડેલો છે અને જેહાલતનો શિકાર છે. 'હદીષ શરીફ'માં આવ્યું છે કે કેટલાક લોકો એવું કહેશે કે અમે ઉમરાવોથી મળીને તેમનાથી દુનિયા મેળવી લઈએ છીએ અને અમારા દીનને બચાવી રાખીએ છીએ, તે લોકોના બારામાં હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એવું ફર્માવ્યું છે કે, એ લોકોનું એવું કથન તદ્દન ગલત છે, કેમ કે જેવી રીતે કાંટાળા ઝાડેથી કાંટા સિવાય કાંઈ તોડી શકાતુ નથી, એવી જ રીતે ઉમરાવોની સોહબતથી બુરાઈઓ સિવાય કાંઈ પણ હાંસલ નથી કરી શકાતું. કહેવત છે કે કાજળની કોટડીમાં કપડાં જરૂર દાગદાર થશે અને કોલસાની ખાણમાં હાથ જરૂર કાળા થશે !





જ્યારે હઝરત શરીક મુહદ્દિષ જેવા ઈલ્મ તથા અમલના 'રૂસ્તમ' એ જાળમાં ફસાઈ જાય તો આજકાલના આપણા જેવા સામાન્ય કક્ષાના મોલ્વીઓની તથા માણસોની તો વિસાત જ શી ?!

**ગારત ગરે દીં હૈ યે ઝમાના**
**હૈ ઉસ્કી નેહાદ કાફિરાના**
*(નેહાદ = પાયો)*

## ★ કબરમાં શાઈરી ! ★

ઈમામ ઉમર નફસી رحمۃ اللہ علیہ તફસીરે તયસીર અને 'મન્ઝુમહ ફિલ ફિકહના લેખક જે 'મુદર્રિસે ષકલૈન'ના લકબથી મશહૂર હતા. જેમની દર્સગાહમાં ઈન્સાન અને જિન બંને તાલીમ હાંસલ કરતા હતા. તેમની વફાત પછી એક બુઝુર્ગ ખ્વાબમાં તેમની ઝિયારતથી મુશર્રફ થયા તો પૂછયું કે, મુન્કર નકીરના જવાબમાં તમારો શો હાલ રહ્યો ? તો તેમણે ફર્માવ્યું, જ્યારે મુન્કર નકીર મારી કબરમાં સવાલ કરવા માટે આવ્યા તો મેં તેમને પૂછયું કે, હું તમારા સવાલોના જવાબ પદ્યમાં આપુ કે ગદ્યમાં ? તો તેમણે ફર્માવ્યું કે ગદ્યમાં ! તો મેં તરત જ આ બે શેઅરો પઢી નાંખ્યા :–

**રબ્બિયલ્લાહુ લા ઈલાહ સિવાહૂ**
**વન્નબિય્યિ મુહમ્મદુન મુસ્તફાહૂ**
**દીનિય્યલ ઈસ્લામુ વફિઅ્લી ઝમીમુ**
**અસ્અલુલ્લાહ અફ્વહૂ વ અતાહૂ**

**(અર્થ)** : મારો રબ અલ્લાહ છે તેના સિવાય કોઈ મઅબૂદ નથી. મને મારા નબી મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم છે જે ખુદાના બરગુઝીદા છે. મારો દીન ઈસ્લામ છે અને મારો અમલ બુરો છે. હું અલ્લાહ તઆલાથી તેની માફી અને તેની અતાનો સાઈલ છું.

એ બુઝુર્ગ ખ્વાબથી જાગ્યા તો આ બંને શેઅરો તેમને યાદ થઈ ગયા હતા. *(રૂહુલ બયાન, ભાગ–૪, પેજ–૩૯૨)*

**સારાંશ** : કબરમાં મુન્કર નકીરના સવાલનો સમય હકીકતમાં

મૈયતના માટે ઘણો જ મુશ્કેલ અને કઠિન કસૌટીકાળ છે. પણ એ સૌના માટે મુશ્કેલ અને પરેશાન કર્તા નથી. અલ્લાહવાળા જેમનાં માથાંઓ પર ખુદા તઆલએ **લા ખૌફુન અલયહિમ વલાહુમ યહઝનૂન**નો તાજ પહેરાવીને તેમને અમ્નો અમાન અને બેખૌફી તથા ઈત્મિનાનના સુલ્તાન બનાવી દીધા તેમના માટે મુન્કર નકીરના સવાલ જાણે હળવાશ અનુભવવાનો એક દિલચસ્પ સામાન છે ! આ ખુદાના ખાસ બંદાઓના માટે કબરમાં ન ખૌફ કે ભય છે ન કાંઈ ગભરાહટ ! ખુદાવંદે કુદુસે પોતાના આ મકબૂલ બંદાઓને 'નફસે મુત્મઈન્નહ'ની દૌલતથી માલામાલ કરી આપ્યા છે, એટલા માટે તે લોકોના માટે કબરમાં, હશ્રો નશ્ર (કિયામત)માં કયાંય પણ બાલ બરાબર પણ રંજ કે પીડાનો સવાલ જ નથી ઉદ્‌ભવતો. એ જ કારણે આખી દુનિયા તો કબરની તન્હાઈ અને તેના અંધકારના ભયથી કાંપી ઉઠે છે પણ અલ્લાહવાળો કબરની અણમોલ નેઅમતો અને લિજ્જતોવાળી રાહતોના ખયાલમાં મગ્ન થઈને જલ્દીથી જલ્દી કબરના જન્નતી બાગમાં જવાની તમન્ના કરતા રહે છે અને કફનનો લિબાસ પહેરીને ખુશીમાં ફુલ્યા નથી સમાતા. હઝરત મૌલાના આસી رحمۃ اللہ علیہ એ શું સરસ કહ્યું છે :–

**આજ કયૂં ફૂલે સમાએંગે કફનમેં 'આસી'!**
**કબ્રકી રાત હૈ ઉસ 'ગુલ'સે મુલાકાત કી રાત.**

જેમ કે તમે જોયું કે આલિમે રબ્બાની ઉમર નફસીએ અતિશય સુકૂન તથા ઈત્મિનાનની સાથે પોતાની કબરમાં વગર વિચાર્યે (કશાય ખચકાટ વિના) શાયરી ફર્માવી અને કાવ્યમાં મુન્કર નકીરના સવાલોના જવાબ આપ્યા ! હવે તમે જ વિચારો કે શું ભયભીત અને ગભરાયેલા માણસને વળી શાયરી સુઝે ?!

બિરાદરાને મિલ્લત ! એનાથી જાણવા મળ્યું કે, મરે તે બધા જ છે અને બધા મરનારા કબરમાં દફન પણ થાય છે પણ દરેક મૈયત અને દરેક કબર એક સરખી નથી. કબર કોઈ મૈયતના માટે ભય અને ગભરામણનું ભયંકર મકાન છે, અને કોઈ મુડદા માટે જિસ્માની તથા રૂહાની રાહતોનું નિશાન અને કાયમી ખુશીઓનો સામાન છે. હુઝૂરે અકરમ صلی اللہ تعالٰی علیہ وسلم નો ઈર્શાદ છે કે, (અર્થ) : ''કોઈકની કબર જન્નતના બાગોમાંથી





એક બાગ છે અને કોઈકની કબર જહન્નમના ખાડઓમાંથી એક ખાડો છે.'' અલ્લાહુ અકબર ! કયાં જન્નતનો ભાગ અને કયાં જહન્નમનો ખાડો ? કોણ કહી શકે છે કે સર્વ મુડદાંઓ એક સરખાં અને સર્વ કબરો એક દરજ્જાની છે ?

એ જ કારણે એહલે સુન્નતના લોકો કબ્રસ્તાનમાં બુઝુર્ગાને દીનની કબરો પર ફૂલ નાખીને, ચાદર ચઢાવીને એ હકીકતને પ્રદર્શિત કરે છે કે કબ્રસ્તાનની સર્વ કબરો દરજ્જા તથા મર્તબામાં એક સમાન નથી. જે લોકો પોતાની બદ્‌અકીદગી અથવા જેહાલતના કારણે તમામ કબરોને માટીનો ઢગલો કરીને કબરોની તૌહીન તથા બેઅદબી કરવાને તૌહીદનું નિશાન ઠરાવે છે, તેમને ખુદા કરે કે આ હદીષો તથા હકીકતોથી ભરપુર પ્રસંગોના નૂરાની કિરાણોમાંથી કાંઈક રોશની મળી જાય અને તેઓ જેહલતની ભૂલભૂલામણીમાંથી નીકળીને હક્ક તથા હિદાયતના માર્ગે પ્રયાણ કરે. હકીકત એ છે કે :–

**બરાહીમી નઝર પૈદા બળી મુશ્કિલસે હોતી હૈ**
**હવસ છુપછુપકે સીનોમાં બના લેતી હૈ તસ્વીરેં.**

## ★ હિજાઝની આગ ! ★

૩, જમાદીઉલ આખર, હિ.સ. ૬૫૪ માં મદીના મુનવ્વરામાં અચાનક એક ગર્જનાનો અવાજ સંભળાવા લાગ્યો, પછી એક અતિ ભારે ધરતીકંપનો આંચકો આવ્યો અને તે ધરતીકંપના આંચકાઓ થોડી થોડી વારે બે દિવસો સુધી થતા રહ્યા. પછી એકાએક જ 'કબીલએ કુરીઝહ'ની નજીક સંગિસ્તાનમાં એક એવી ભયાનક આગ જાહેર થઈ જેના મોટા મોટા ભડકાઓ મદીનાથી એ રીતે દેખાવા લાગ્યા જાણે કે મદીના મુનવ્વરાના ઘરોમાં આગ લાગી હોય. પછી એ આગ વહેતા નાળાંઓની જેમ પુરની માફક વહેતી વહેતી ફેલાવા લાગી. અને એવું લાગવા માડયું કે પહાડીઓ આગ બનીને વહેતી જઈ રહી છે. અને પછી તેના ભડકાઓ એટલા મોટા થઈ ગયા કે આગનો એક પહાડ જણાવા લાગ્યો અને આગના ભડકાઓ વાતાવરણમાં ઉડવા લાગ્યા, એટલે સુધી કે તે આગનો પ્રકાશ મક્કા

મુકર્રમાથી દેખાવા લાગ્યો. અને તમામ મદીનાવાસીઓ આ ડરામણા દ્રશ્યોથી ગભરાઈને તૌબા તથા ઈસ્તિગફાર કરતા કરતા હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ની કબરે મુનવ્વરની પાસે ભેગા થઈ ગયા. અને એક મહીનાથી વધુ સમય સુધી આ આગ સળગતી રહી. અને પછી આપોઆપ ક્રમેક્રમે એવી રીતે હોલવાઈ ગઈ કે કોઈ નિશાની પણ ન છોડી. *(તારીખે ખુલફા, પેજ–૩૨૪)*

**સારાંશ** : હિજાઝ મુકદસની આ આગના બારામાં ઈમામ ઝહબી رحمۃ اللہ علیہ એ ઈર્શાદ ફર્માવ્યો કે આ આગની ખબર મુતવાતિર (ઘણી જ બધી) રિવાયતોથી સાબિત છે. અને આ તે જ આગ છે જેના બારામાં હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم એ એવો ઈર્શાદ ફર્માવ્યો હતો કે;

"તે સમય સુધી કિયામત આવશે નહીં જ્યાં સુધી કે હિજાઝથી એક એવી આગ નીકળશે જેના પ્રકાશમાં બસરાના ઊંટોની ગરદનો દેખાશે !" *(તારીખે ખુલફા, પેજ–૩૨૪)*

જેમ કે ઘણા લોકોએ બસરામાં રાત્રે એ આગની રોશનીમાં ઊંટોની ગરદનોને જોઈ લીધી.

આ હિકાયતનો એક ભાગ વિશેષતઃ ધ્યાન ખેંચે તેવો છે કે મદીનાવાસીઓએ આ ભયાનક દ્રશ્યને જોઈને ગભરાહટના આલમમાં મક્કાની વાત નથી પકડી બલ્કે હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ની કબરે અન્વરને પોતાની પનાહગાહ સમજીને સૌ રસૂલના દરબારમાં એકત્ર થઈને તૌબા તથા ઈસ્તિગફારમાં મશગૂલ થઈ ગયા. કેમ ન થાય ?! કેમ કે મદીના મુનવ્વરાના ઉલમા તથા અવામ સૌની સમક્ષ કુર્આન મજીદનું આ ફર્માન હતું કે;

وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ جَآءُوْكَ فَاسْتَغْفَرُوا اللّٰهَ
وَاسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُ لَوَجَدُوا اللّٰهَ تَوَّابًا رَّحِيْمًا ○

એટલે કે, જો લોકો કોઈ ગુનોહ કરી લે તો તેમણે જોઈએ કે, હે મેહબૂબ ! તે લોકો આપના દરબારમાં હાજર થઈને ખુદાથી મગફિરતની દુઆ માંગે અને રસૂલ પણ તેમના માટે મગફિરતની દુઆ ફર્માવી આપે તો યકીનન ગુનેહગાર લોકો અલ્લાહને ખૂબ જ પ્રમાણમાં બખ્શવાવાળો અને રહમ ફર્માવનારો પામશે.





અલ્હમ્દુલિલ્લાહ ! કે આપણે સુન્ની મુસલમાનોનો પણ એ જ અકીદો અને અમલ છે કે દરેક ગુનાહથી તૌબા તથા ઈસ્તિગફાર કરતી વેળા હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ની કરમ કરનારી જાતને ખુદાવંદે આલમના દરબારમાં વસીલો બનાવીને આપણે લોકો દરબારે રસૂલની હાજરીનો શરફ હાંસલ કરી લઈએ છીએ. અને ખુદાવંદે કુદુસના ફર્માન **જાઊક** (લોકો રસૂલે પાકની પાસે આવે) પર અમલ કરી લઈએ છીએ. અને અલ્લાહ તઆલા તૌફીક અતા ફર્માવી આપે છે તો મદીના શરીફ હાજર થઈને પણ **જાઊક**ની મગફિરતની શરતને પૂરી કરી લઈએ છીએ. આ'લા હઝરત, મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામે અહલે સુન્નત, 'ઈમામ અહમદ રઝા' મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ એ સરસ ફર્માવ્યું છે :–

**"મુજરિમ બુલાએ આએ હૈં જાઊક હે ગવાહ !**
**ફિર રદ હો કબ યે શાન કરીમોં કે દરકી હે.**

**બદ હૈં મગર ઉન્હીં કે હૈં બાગી નહીં હે હમ,**
**નજદી ન આયે ઉસ્કો યે મંઝિલ ખતર કી હે.**

**બે ઉન્કે વાસ્તેસે ખુદા કુછ અતા કરે !**
**હાશા ગલત ગલત ! યે હવસ બે બસરકી હે**

**માંગેગે ! માંગે જાએંગે ! મુંહ માંગી પાએંગે !**
**સરકારમેં ન 'લા' હે ન હાજત 'અગર' કી હે**

**મા–ઓ–શુમા તો કયા કે ખલીલે જલીલ કો,**
**કલ દેખના કે ઉનસે તમન્ના નઝર કી હે.**

**લબ વા હૈં, આખેં બંદ હૈં, ફૈલી હૈં ઝોલિયાં,**
**કિતને મઝેકી ભીક તેરે પાક દર કી હે.**

**આ કુછ સુના દે ઈશ્ક કે બોલોંમેં અય 'રઝા'**
**મુશ્તાકે તબએ લઝ્ઝતે સોઝે જિગરકી હે.**

## ★ મલકુલ મૌત (મૌતના ફરિશ્તા)નું લખાણ ! ★

મશહૂર હાફિઝે હદીષ અસ્લમ علیہ الرحمۃ والرضوان નું બયાન છે કે

એક રાત્રે મને આ હદીષ આવી કે, "દરેક મુસલમાને જોઈએ કે તે પોતાનું વસીયતનામુ લખીને મૂકી દે." જેથી મેં કાગળ કલમ ઉઠાવ્યો કે મારું વસીયતનામુ લખી નાખુ. પરંતુ મારા પર ઊંઘ એવી છવાઈ ગઈ કે હું ઊંઘી ગયો અને વસીયતનામુ ન લખી શકયો. અચાનક ખ્વાબમાં મને એ જોવા મળ્યું કે એક સફેદ વસ્ત્રધારી ખૂબ જ ખૂબસૂરત બુઝુર્ગ જેમના શરીરેથી ખુશ્બુ ઉડી રહી હતી તે મારા મકાનમાં આવ્યા. મેં પૂછયું કે, તમે કોણ છો ? તો તેમણે જણાવ્યું કે હું 'મલકુલ મૌત' છું ! એ સાંભળતાં ડરના માર્યા હું ધ્રુજી ઉઠયો તો તેમણે મને તસલ્લી આપતાં ફર્માવ્યું કે, તમે તદ્દન નચિંત રહશો, અત્યારે હું તમારી રૂહ કબ્જે કરવા માટે નથી આવ્યો, તો મેં નિરાંત અનુભવી ! અને તેમનાથી એવી વિનંતિ કરી કે આપ મારા માટે નજાતનો એક પરવાનો લખી આપો. તો તેમણે ફર્માવ્યું કે, બહું સારું ! કાગળ, કલમ લાવો ! જેથી એ જ કાગળ, કલમ જે હું સિરહાને રાખીને સૂતો હતો તે એમને આપ્યાં. તો તેમણે **બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ અસ્તગફિરુલ્લાહ અસ્તગફિરુલ્લાહ** આખા કાગળ પર નીચે ઉપર લખી આપ્યું અને મને એવું કહીને અતા કર્યું કે, "લો આ તમારી નજાતનો પરવાનો છે !" આ ખ્વાબ જોઈને હું ગભરાઈ ગયો અને જાગીને તુરત જ ચિરાગ મંગાવીને મેં જોયું તો એ જ કાગળ મારા સિરહાને પડયો હતો અને તેની બંને બાજુ આખા કાગળ પર **અસ્તગફિરુલ્લાહ** લખેલું હતું ! *(શરહે સુદૂર, પેજ–૬૧)*

**સારાંશ** : નિઃશંક બુઝુર્ગોનો ખ્વાબ સાચો હોય છે અને હઝરત મલકુલ મૌત عليه السلام ના લખાણમાં એના પ્રતિ સ્પષ્ટ નિર્દેશ છે કે, "તૌબા તથા ઈસ્તિગફાર એ નજાતનો પરવાનો છે. મૌલા તઆલા આપણને સૌને હરદમ તૌબા વ ઈસ્તિગફારની તૌફીક અતા ફર્માવે. (આમીન) **અસ્તગફિરુલ્લાહ રબ્બિ મિનકુલ્લિ ઝમ્બિંવ વ અતૂબુ ઈલૈહ.**

**અય મેરે મઅ્બૂદે હક્ક અય કિર્દગાર**
**સારે આલમકા તૂ હૈ પરવર દિગાર**

**નાઝ હૈ ઈતની સી નિસ્બત પર મુઝે**
**મૈં હૂં મુજરિમ ઔર તૂ આમુર્ઝગાર**





**બખ્શ દે યા રબ ખતાએં સબ મેરી**
**તૂ હૈ ગફ્ફાર ઔર મૈં ઈસ્યિાં શિઆર**

**તેરી રહમત પર ભરોસા હૈ મુઝે**
**ફઝ્લકા તેરે હૂં મૈં ઉમ્મીદવાર**

**ખાક પાએ મુસ્તફા હૈ આઝમી**
**હશ્રમેં યા રબ ન હો યે શર્મસાર**

## ★ સફેદ વાળોનો એઅ્ઝાજ (મર્તબો) ★

ખતીબ બગદાદીએ પોતાની તારીખમાં લખ્યું છે કે મુહમ્મદ ઈબ્ને સાલેહ ખ્વાસે કાઝી યહ્યા ઈબ્ને અકષમને તેમની વફાત પછી ખ્વાબમાં જોયા તો પૂછયું કે, ખુદાવંદે તઆલાએ તમારી સાથે શો વહેવાર કર્યો ? તો કાઝી યહ્યાએ જવાબ આપ્યો કે મને જ્યારે દરબારે ખુદાવંદીમાં હાજર કરવામાં આવ્યો તો ત્રણ વાર મારા મૌલાએ મને એવું ફર્માવ્યું કે, "હે બદ્કાર વૃધ્ધ ! જો તારા વાળો સફેદ ન હોત તો હું તને જહન્નમમાં સળગાવી દેત."

આ સાંભળીને મારો એ જ હાલ થયો જે એક ખતાકાર ગુલામનો પોતાના નારાજ માલિકની સામે થાય છે. ડરના માર્યા મારા હોશ ઉડી ગયા. જ્યારે હોશ ઠેકાણે આવ્યા તો મેં અર્ઝ કરી, હે મારા પરવરદિગાર ! તારું આ કલામ તો દુનિયામાં કોઈની પાસે મેં સાંભળ્યું ન હતું. તો મારા રબે તેને સર્વ કાંઈ ઈલ્મ હોવા છતાં મને પૂછયું કે, તે દુનિયામાં શું સાભળ્યું હતું ? તો મેં મારી સનદથી આ હદીષ પઢી કે,

"મને અબ્દુર્રઝ્ઝાકે બયાન કર્યું, તેમણે મઅમર ઈબ્ને રાશિદથી સાંભળ્યું, તેમણે ઝુહરીથી રિવાયત કરી, તેમણે હઝરત અનસથી રિવાયત કરી, તેમણે તારા નબી صلی اللہ تعالی علیہ وسلم થી સાંભળ્યું, તેમણે હઝરત જિબ્રઈલથી, તેમણે હે અઝમતવાળા રબ ! તારાથી રિવાયત કરી છે કે તેં આ ઈર્શાદ ફર્માવ્યો કે, "જે મારો બંદો ઈસ્લામમાં વૃધ્ધ થઈ ગયો, મને તેનાથી શરમ આવે છે કે હું તેને જહન્નમમાં અઝાબ આપું."

મારી જીભેથી મારા રબ્બે કરીમે આ હદીષ સાંભળીને ઈર્શાદ

ફર્માવ્યો કે, "અબ્દુર્રઝઝાકે સાચુ કહ્યું, મઅમરે સાચુ કહ્યું, ઝહુરીએ સાચુ કહ્યું, અનસે સાચુ કહ્યું, મારા નબી સાચા છે, જિબ્રઈલ સાચા છે. બેશક ! મૈં એવું જ ફર્માવ્યું છે. હે ફરિશ્તાઓ ! કાઝી યહ્યાને જન્નતમાં લઈ જાવ !" *(શરહુસ્સુદૂર, પેજ—૧૧૮)*

**સારાંશ** : કોઈ મુસલમાનનું ઈસ્લામી જીવન પસાર કરતાં કરતાં એટલી લાંબી ઉંમરે પહોંચવું કે તેના વાળો સફેદ થઈ જાય, તો નિઃશંક ! એ મો'મિનના માટે ખુશનસીબીની મૂડી છે, અઝમત તથા વકારનો સબબ છે. હદીષ શરીફમાં છે કે સૌ પ્રથમ જે શખ્સના વાળ સફેદ થયા તે હઝરત ઈબ્રાહીમ عليه الصلوٰة والسلام છે. જેમ કે તેમણે પોતાના કેટલાક વાળોને સફેદ જોઈને જનાબે બારી તઆલામાં અર્ઝ કરી કે, "હે મારા પરવરદિગાર આ શું છે ? તો ઈર્શાદે રબ્બાની થયો કે, હે ઈબ્રાહીમ ! આ વકાર (મહાનતા) છે. તો આપે એ દુઆ માંગી કે **રબ્બિ ઝિદ્‌ની વકારન** હે મારા પરવર દિગાર ! તુ મારા વકારને વધાર !"

યુવાનો માટે જરૂરી છે કે વૃધ્ધોમાં કોઈ ખાસ કમાલ ન હોવા છતાં પણ સફેદ વાળોનુ સન્માન કરીને તેમનો એહતેરામ કરતા રહો. હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઈર્શાદ છે કે, "જે શખ્સ કોઈ વૃધ્ધ મુસલમાનનો તેના ઘડપણના કારણે માન મોભો જાળવે તો અલ્લાહ તઆલા કેટલાક એવા લોકોને પેદા કરશે જેઓ તેના ઘડપણમાં તેની ઈજ્જત કરશે."

**જો બુળ્હોંકા ઈકરામ કરતે રહોગે**
**રહોગે બુળ્હાપેમેં તુમ ભી મુકર્રમ**

## ★ ઈલ્મી હાજર જવાબી ★

દમિશ્કના ખલીફા અબ્દુલમલિક ઈબ્ને મરવાનને બનૂ ઉમૈયાના ખલીફાઓમાંથી ઈસ્લામી ઈલ્મો તથા વિદ્યાઓમાં પારંગત ગણવામાં આવે છે. જેમ કે અબૂ ઝનાદે તો એટલે સુધી ફર્માવ્યું કે મદીનાના ચાર ફકીહ છે : (૧) સઈદ ઈબ્ને મુસૈયિબ (૨) ઉરવહ ઈબ્ને ઝુબૈર (૩) કબીસા ઈબ્ને ઝુવૈબ (૪) અબ્દુલમલિક ઈબ્ને મરવાન. સલફીએ તૈવરીયાતમાં





વર્ણવ્યું છે કે, એકવાર એક સ્ત્રી ખલીફા અબ્દુલ મલિક ઈબ્ને મરવાન સમક્ષ હાજર થઈ અને એ પ્રમાણે કહ્યું કે, હે અમીરુલ મો'મિનીન ! મારા ભાઈનો ઈંતેકાલ થઈ ગયો અને તેણે ૬૦૦ દીનાર માલ છોડયો. લોકોએ મને તેમાંથી કેવળ એક જ દીનાર આપ્યો છે અને કહ્યું કે વારસામાં તારો કેવળ આટલો જ હક્ક છે. તો હે અમીરુલ મો'મિનીન ! મારો કેટલો હક્ક થાય છે ? મને મારો પૂરો હક્ક અપાવો. અબ્દુલમલિક આ સાંભળીને આશ્ચર્યમાં પડી ગયો. અને તુરત જ ઈમામ શઅબીને બોલાવીને પૂછયું તો તેમણે એકદમ જવાબ આપ્યો કે, અમીરુલ મો'મિનીન ! એ સ્ત્રીનો હક્ક સાચે જ એક દીનાર થાય છે. તેના ભાઈએ વારસોમાં બે પુત્રીઓ છોડી હશે. તો ૪૦૦ દીનાર તે બંને પુત્રીઓને મળશે. અને તેની માં પણ વારસ હશે જેથી તેને એક સો દીનાર મળશે અને પત્ની પણ વારસ હશે તો તેને ૭૫ દીનાર તેને મળશે અને બાર ભાઈઓ હશે તો બે બે દીનાર દરેક ભાઈને અસ્બહ (ઝવીલ ફુરૂઝને માલ આપ્યા બાદ જે માલ બચે તેના હક્કદાર અસ્બહ હોય છે) હોવાને કારણે મળશે અને એક દીનાર એને મળશે. સ્ત્રીએ સમર્થન કર્યું કે સાચે જ મારા ભાઈ તથા વારસો આ જ પ્રમાણે છે અને તે સંતુષ્ઠ થઈને જતી રહી. અને ખલીફા અબ્દુલમલિક ઈમામ શઅબી رضی اللہ عنہ ની આ ઈલ્મી હાજર જવાબીના લીધે આશ્ચર્યમાં ડૂબી ગયો. *(તારીખે ખુલફા, પેજ—૧૫૪)*

**સારાંશ** : આ પ્રકારની ઈલ્મી યાદ શકિત અને ઈલ્મો ફનમાં આ પ્રમાણે પારંગતતા નિઃશંક ! અજાઈબીઓમાં ગણનાને પાત્ર છે. ઉલમાએ સલફમાં તો તેના ઘણા દ્રષ્ટાંતો મળશે. જેમ કે ઈમામ જલાલુદ્દીન સ્યૂતીએ જ એ જ 'તારીખે ખુલફા'ના પેજ—૨૧૯ પર લખ્યું છે કે તદ્દન આ જ પ્રમાણેની સ્થિતિ એક વાર ખલીફા મામનૂ રશીદ સમક્ષ ઉપસ્થિત થઈ હતી તો તેણે પણ આ જ પ્રમાણે એકદમ જવાબ આપી દીધો હતો. પણ વર્તમાન કાળમાં આવા દ્રષ્ટાંતો જવલ્લે જ મળી શકે. કેમ કે સામાન્યતઃ આજકાલ બુઝુર્ગોની ખાનકાહો અને ઉસ્તાદોની દર્સગાહોમાં એવા જ લોકો બીરાજેલા છે જેમને જોઈને ડો. ઈકબાલનો આ શેઅર યાદ આવી જાય છે કે :—

**આઈ હૈ વરાષતમેં ઉન્હેં પીરકી ગદ્દી !**
**ઝાગોં કે તસર્રુફમેં એકાબોં કે નશેમન**
*(ઝાગ=કાગડો, એકાબ=શિકારી પક્ષી)*

પરંતુ જો કે આ દૌર પણ ગનીમત જ છે પણ તલબાનો નિરુત્સાહ અને ઈસ્લામી તાલીમની ઉતરતી કક્ષાની સ્થિતિ જોઈને તો એવું લાગે છે કે અડધી સદી પછી તો એવું થઈ જશે કે :–

**ઉલમા દર ગોર – વ ઈલ્મ દર કિતાબ**

(**અર્થ** : ઉલમા કબરમાં જતા રહેશે અને ઈલ્મ કિતાબોમાં રહી જશે)

પરંતુ એ ઈમાન છે કે અલ્લાહ તઆલા પોતાના દીનનો હાફિઝ તથા મદદગાર છે એટલા માટે તે જરૂર દરેક દૌરમાં એવા ખુશ નસીબોને પેદા ફર્માવશે જે તેના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈલ્મે નબવીને પોતાના સીનાઓમાં મેહફૂઝ રાખશે. એ અલગ વાત છે કે એ લોકોની સંખ્યા ઘટતી જશે.

**ન હો માયૂસ અય 'ઈકબાલ' અપની કિશ્તે વિરાંસે**
**ઝરા નમ હો તો યે મિટ્ટી બળી ઝરખેઝ હૈ સાકી હૈ**
*(કિશ્ત=ખેતી)*

## ★ ખલીફા સુલૈમાનનો ખોરાક ★

બનૂ ઉમૈયાના ખલીફાઓમાં સુલૈમાન ઈબ્ને અબ્દુલમલિક ખૂબ જ શાનો શૌકતવાળો ખલીફા થઈ ગયો છે. રૂહાની હિકાયતો, ભાગ–૧ માં તેની કેટલીક હિકાયતો પણ તમે વાંચી ચૂકયા છો. તેની વિશિષ્ટતાઓમાંથી એ વાત પણ અજાઈબીભરી છે કે એ ખૂબ જ અધિક ખોરાક ખાનારો હતો ! જેમ કે નકલ થયેલ છે કે એક બેઠકમાં તે છ મરઘીઓ, એક બકરો, સિત્તેર દાડમ અને છ કિલો સૂકી દ્રાક્ષ ખાઈને ઉઠયો. ખૂબ જ તંદુરસ્ત અને બેહદ ખૂબસૂરત તથા હસમુખો તથા જવાન હતો. યહ્યા ગસ્સાનીનું બયાન છે કે એક દિવસે સુલૈમાન ઈબ્ને અબ્દુલમલિકે આઈનામાં પોતાનો હસીનો જમીલ ચહેરો જોયો તો એવું બોલ્યો કે, હઝરત મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم અલ્લાહના નબી' છે અને હઝરત અબૂબક્ર رضی اللہ عنہ





'સિદીક' હતા અને હઝરત ઉમર رضی اللہ عنہ 'ફારૂક' હતા અને હઝરત ઉષ્માન رضی اللہ عنہ 'શરમવાળા' હતા અને હઝરત મુઆવિયહ્ رضی اللہ عنہ 'હલીમ' (સહનશીલ) હતા અને અબ્દુલમલિક رضی اللہ عنہ 'સિયાહી' રાજકરણી હતા અને વલીદ ઈબ્ને અબ્દુલમલિક મારો ભાઈ 'જાલિમ' હતો અને હું 'બાદશાહે શબાબ' (જવાનીનો બાદશાહ) છું !

આમ કહ્યા બાદ એક મહીનો પણ પસાર થયો ન હતો કે ૧૦ સફર હિ.સ. ૯૯ જુમ્આના દિવસે તેનો ઈંતેકાલ થઈ ગયો. *(તારીખે ખુલફા, પેજ–૧૫૭)*

એમાં કોઈ શક નથી કે સુલૈમાન ખૂબ જ પ્રમાણમાં ખાતો હતો ખૂબ જ ખાઉધરો માણસ હતો પરંતું તેનાં શાનદાર ઈસ્લાહી કારનામાઓ સોનેરી અક્ષરે લખવાને લાયક છે. જેમ કે અલ્લામહ્ જમાલુદ્દીન સિયૂતીએ એના બારામાં લખ્યું છે કે, આ શખ્સ બનૂ ઉમૈયાના બાદશાહોમાં એક ખૂબ જ સારો બાદશાહ હતો. ફસાહત તથા બલાગતમાં વિશિષ્ટ અને અદ્લો ઈન્સાફમાં અજોડ, શરીઅતનો પાબંદ અને જેહાદ ફી સબીલિલ્લાહનો દીવાનો હતો. એ જ રીતે ઔલિયા તથા મુહદ્દિષોના ગિરોહના સરદાર હઝરત મુહમ્મદ ઈબ્ને સીરીં આ સુલૈમાન ઈબ્ને અબ્દુલમલિકના માટે આ પ્રમાણે દુઆ ફર્માવ્યા કરતા હતા કે;

''અલ્લાહ તઆલા સુલૈમાન ઈબ્ને અબ્દુલમલિક પર પોતાની રહમત નાઝિલ ફર્માવે. તેણે તેની ખિલાફતનો પ્રારંભ એ રીતે કર્યો કે આખી સલ્તનતમાં દરેક નમાઝને તેના પ્રારંભિક સમયમાં અદા કરવાની વ્યવસ્થા કરી અને પોતાની ખિલાફતનો ખાતમો એ રીતે કર્યો કે હઝરત ઉમર ઈબ્ને અબ્દુલઅઝીઝને પોતાના જાનશીન બનાવી દુનિયાથી રૂખસદ થયો.'' *(તારીખે ખુલફા, પેજ–૧૫૭)*

**સારાંશ** : સુલૈમાન ઈબ્ને અબ્દુલમલિક ઉમદા પોશાક પહેરનાર અને અધિક ખોરાક આરોગનારો હોવા છતાં બે જલીલોકદર ઈમામોનું તેની પ્રશંસા સાથે તેના માટે ભલી દુઆ ફર્માવવું એ વાતની દલીલ છે કે કેવળ ઓછા ખોરાક અને ફાટેલાં તૂટેલાં કપડાં પર તકવા તથા બુઝુર્ગીનો દારોમદાર નથી અને થોડોક ખોરાક તથા સાદો પોશાક જો કે સામાન્યત:

બુઝુર્ગોનો તરીકો રહ્યો છે પણ એ પરહેઝગારી કે તકવાદારીનું કોઈ ખાસ માપદંડ નથી બલ્કે ખૂબ જ સ્વાદિષ્ટ ખોરાક ખાઈને અને ખૂબ જ ઉમદા પોશાક પહેરીને પણ જો કોઈ શખ્સ તકવો તથા પરહેઝગારીની જિંદગી બસર કરે અને શરીઅતની પાબંદી અને ખુદાની ઈબાદત કરે તો બેશક ! તે શખ્સ પણ મુત્તકી તથા પરહેઝગાર અને મહમૂદે ખલાઈક અને મહબૂબે પરવરદિગાર ગણાશે. જેમ કે ઘણા ઔલિયા અલ્લાહ દા.ત. હઝરત ખ્વાજા ઓબૈદુલ્લાહ અહરાર નકશબંદી رضی اللہ عنہ જેમની બુઝુર્ગી પર તમામ ઉમ્મતનો ઈજમાઅ છે. મોટા ભાગના ઈતિહાસકારોનું તેમના વિશે એવું બયાન છે કે આપ શાહાના ખોરાક તથા પોશાકવાળા હતા. રેશમ અને સોના તથા રેશમના તારોવાળા કપડાના તંબુઓમાં કિનખાબનું ફર્શ બીછાવીને અને ગાદી લગાડીને શાહી ઠાઠમાઠ સાથે બેઠક જમાવતા હતા અને સફરમાં આપના જુલૂસની સાથે આપના ઝંડા નીચે ઘણા સુલ્તાનો તથા અમીર ઉમરાવો હાથ બાંધીને પગપાળા ચાલતા હતા. જેમ કે હઝરત મૌલાના જામી علیہ الرحمۃ والرضوان એ એ જ હકીકતો પ્રતિ બારિક ઈશારો ફર્માવતાં ફર્માવ્યું કે :–

**ચેહ ફક અંદર લિબાસે શાહી આમદ**
**બતદબીરે ઉબૈદુલ્લાહ આમદ**

એટલે જ્યારે દરવેશી બાદશાહીના લિબાસમાં આવી તો હઝરત ખ્વાજા ઓબૈદુલ્લાહ અહરારની તદબીરથી આવી.

મતલબ અવામની આજકાલ જે માન્યતા બની ચૂકી છે કે ફલાણો શખ્સ ઘણો બુઝુર્ગ છે કેમ કે તે કેવળ જંગલી ઝાડોનાં પાંદડાં જ ખાય છે અને કંતાનનો લિબાસ પહેરે છે અને જમીન પર બિસ્તર વિના સૂએ છે, તો એ માન્યતા સરાસર જેહાલત છે. લિબાસ અને ખોરાક એ કદાપિ બુઝુર્ગીનું માપદંડ નથી બલ્કે બુઝુર્ગીનો ખરો દારોમદાર તકવા તથા શરીઅતની પાબંદી પર છે. એક ઉમદા ખોરાક ખાનાર તથા ઉમદા પોશાક પહેરનાર મુસલમાન પણ જો તે મુત્તકી તથા પરહેઝગાર, અલ્લાહ વ રસૂલનો ફર્માબરદાર અને પોતાના પરવર દિગારનો ઈબાદતગુઝાર છે તો યકીનન તે એ લાયક છે કે જો ખુદાવંદે કુદુસ પોતાનો ફઝ્લ ફર્માવે તો તેને





વિલાયત તથા કરામતનો તાજદાર બનાવી દે.

ફારસીની પ્રખ્યાત કહેવત છે કે 'દર અમલ કોશ–હરચે ખ્વાહી પોશ' એટલે કે 'અમલમાં કોશિશ કરો અને જેવો લિબાસ ચાહો પહેરો !' (શરીઅતના હુકમ મુજબનો) હઝરત શૈખ સઅદી رحمۃ اللہ علیہ એ એ વિશે શું સરસ ઈર્શાદ ફર્માવ્યો છે કે કફની, તસ્બીહ અને ગોદડી તમને શું કામ આવશે ? તમે બુરા અમલોથી પોતાને બચાવી રાખો. સૂફીઓની ટોપીઓ પહેરવાની તમારે કોઈ જરૂરત નથી, તમે દરવેશોના ગુણો તમારામાં પેદા કરી લો અને સિપાહીઓની ટોપીઓ પહેરો.

શાથી ? એટલા માટે કે બુઝુર્ગીનો આધાર અને વિલાયતનો દારોમદાર લિબાસ તથા ખોરાક નથી બલ્કે 'કામિલ ઈમાન તથા નેક અમલો' સાથે તકવો તથા પરેહઝગારી એ હકીકતમાં વિલાયત તથા બુઝુર્ગીની ઈમારતના તે પાયાના પથ્થરો છે જેના પર વિલાયતો તથા કરામતોના ગગનચુંબી મહેલો રચાયેલ છે. કોઈકે શું સાચુ કહ્યું છે :–

**તૌહીદકા પૈગામ ન હિંદી ન ઈરાકી,**
**ઈસ્લામ કે નકશામેં ન કંદહાર ન જમરૂદ**
**જબ તક કે બરાહીમ કી ફિતરત ન હો પૈદા**
**વિજદાન ભી આઝર હૈ તખૈયુલ ભી હે નમરૂદ**
**ઈમાન કે સાએમેં ખતાએં ભી હૈં મકબૂલ**
**બે જઝ્બે ચકીં નેકીઓ આમલ ભી મરદૂદ**

## ★ મામૂન રશીદનુ દસ્તરખાન ★

બગદાદના બાદશાહ મામૂન રશીદનું દસ્તરખાન પણ હકીકતમાં અજાયબીઓમાં ગણનાપાત્ર છે. મશહૂર આલિમ મુહમ્મદ ઈબ્ને હફસ ઈબ્ને અનમાતીનું બયાન છે કે ઈદના દિવસે અમે લોકો બપોરે ખાણાની દા'વતમાં ગયા. તો ત્રણસોથી અધિક પ્રકારનાં ભોજનો દસ્તરખાન પર રાખવામાં આવ્યાં અને જે ખાણુ દસ્તરખાન પર રાખવામાં આવતું તેના વિશે મામૂન રશીદ કહેતો કે આ ખાણુ ફલાણા ફલાણા રોગો માટે ફાયદામંદ

અને ફલાણી બીમારીઓ માટે નુકસાનકર્તા છે. ઠંડી તબીયતવાળા હોય તેઓ એને ન ખાય અને ગરમ તબીયતવાળા એન જરૂર ખાય. શુષ્ક તબીયતવાળાએ એનાથી પરેજી કરવી જરૂરી છે. મતલબ કે દરેક ખાણા પર લાભાલાભની ભરપૂર ચર્ચા કરતો. એટલે સુધી કે મામૂન રશીદના આ વિશાળ જ્ઞાનને જોઈને કાઝી યહ્યા ઈબ્ને અકષમ એવું કહેવા લાગ્યા કે, હે અમીરુલ મો'મિનીન ! જ્યારે તમે ઈલ્મે તિબ્બ (દાકતરી વિદ્યા)માં ચર્ચા કરવા લાગો છો તો સમયના જાલીનૂસ જણાવા લાગો છો અને જ્યોતિષ વિદ્યામાં આપ 'હરમિસ' જેવા લાગો છો, વાતની સચ્ચાઈમાં જોઈએ તો હઝરત અબૂઝરની શાન યાદ આવી જાય છે, ફિકહી માલૂમાતમાં મૌલાએ કાયનાત હઝરત અલીની ફિકાહત (ફિકહપણા)નો જલ્વો નજર પડે છે, સખાવતમાં હાતિમતાઈ અને વાયદો નિભાવવામાં સમૌઅલ ઈબ્ને આદયા જોવા મળે છે. આ સાંભળીને મામૂન રશીદે કહ્યું કે કાઝી સાહબ ! તમામ જાનદાર મખ્લૂકાતમાં ઈન્સાન અશરફુલ મખ્લૂકાત એટલા માટે જ તો છે કે તે બુદ્ધિ ધન વડે માલામાલ છે, નહીં તો માણસનાં માંસ તથા લોહી અને અન્ય પ્રાણીઓના લોહી માંસમાં શો તફાવત છે ? *(તારીખે ખુલફા, પેજ-૨૧૯)*

**સારાંશ** : આ હિકાયતમાં જેવી રીતે મામૂન રશીદની ખાણાઓ બાબતે વિશાળ માલૂમાતની ભાળ મળે છે એ જ રીતે એ હકીકત પણ જોવા મળે છે કે બનૂ અબ્બાસના ખલીફાઓના દૌરમાં ખોરાકની કક્ષા કેટલી ઉચ્ચ હતી. અને રસોઈયાઓની કળાઓ કેટલી પ્રગતિ પામી ચૂકેલ હતી કે એક દસ્તરખાન પર એક જ વખતે ત્રણસો પ્રકારથી પણ અધિક પ્રકારનાં ખાણા રજુ કરવામાં આવ્યાં. વળી આ હિકાયતથી એ પણ રોશન થઈ જાય છે કે ઈસ્લામી સુલ્તાનોને આલિમોના તબકા સાથે કેટલી મહોબ્બત તથા અકીદત હતી કે તે ઈદ વગેરે તહેવારોના પ્રસંગોએ ઉલમાને પોતાના દસ્તરખાનો પર નિમંત્રણ આપતા હતા અને તેમની મહેમાની કરવામાં પોતાને માટે ઈજ્જતનો સબબ જાણતા હતા અને ઉલમાએ કિરામની ઈજ્જત અને ખિદમત ગુઝારીને ખુદા વ રસૂલની ખૂશનૂદીનો ઝરીયો સમજતા હતા.

પણ આજકાલ જ્યારે મુસલમાનોના નસીબનો સિતારો તદ્દન અસ્ત થઈ ચૂકયો છે ત્યારે મુસલમાન અમીરો તથા રઈસોની હાલત એવી





છે કે તહેવારો અને શાદીઓના પ્રસંગો પર ઉલમાની દા'વતોનો તેમને ખયાલ પણ નથી આવતો બલ્કે એવા પ્રસંગે ઉલમાએ કિરામની હાજરીને એ લોકો નહૂસત સમજીને ગુંગળામણ અનુભવે છે. હા ! જ્યારે ત્રીજીયા કે ચાલીસામાં મૈયતને ઈસાલે સવાબ માટે ખાણુ પકાવે છે તે વખતે ફકીરોની સાથે મોલ્વી મુલ્લાઓને પણ દા'વત આપે છે. અને જો કોઈ ગૈરતમંદ મોલ્વી મૈયતના ખાણાઓ ખાવાથી મજબૂરી દર્શાવે છે તો શેઠ સાહેબ ગરજવા તથા વરસવા લાગે છે કે દા'વત કબૂલ કરવી સુન્નત છે ? તો મૌલાનાએ અમારી દા'વત શાથી કબૂલ ન કરી ? ગરીબ મોલ્વીઓને આડુઅવળુ ભાંડવા બેસી જાય છે. પરંતુ ખુશીની દા'વતોમાં જ્યારે આ શેઠ સાહેબ લીડરો, પ્લીડરો અને એકટરો, એકટ્રેસોને મોટરોમાં ઈજ્જતભેર બોલાવીને ઉમદા ખાણા ખવડાવે છે, તે વખતે એ મસ્અલો ભૂલી જાય છે ! અને તેમને જરા પણા તૌફીક નથી થતી કે ઉલમાએ કિરામને નિમંત્રે અને પછી જુએ કે ઉલમા સુન્નતના પાબંદ કે ત્યજનારા છે ?

અફસોસ ! મુસલમાનોની વિચારસરણીમાં કેટલો બધો ઈન્કિલાબ આવી ગયો. ગાવા, વગાડવા અને નાચવાનો રિવાજ દરેક યુગમાં રહ્યો છે પણ ઈતિહાસમાં એનું કયાંય વર્ણન નથી મળતું કે આ નાચ ગાન કરનારાઓને સમાજમાં ઈજ્જતની નજરે જોવામાં આવ્યા હોય, બલ્કે ગાવા વગાડવાનું સાંભળનારાઓની નજરમાં પણ આ ધંધો કરનારા લોકો હમેશાં નીચ તથા હલકા ગણાતા હતા. અને શરીફ લોકોએ કદાપિ એ વાતને માન્ય નથી રાખી કે કોઈ તવાઈફ અને ભાંડને ઈજ્જતભેર પોતાના દસ્તરખાન પર બોલાવે કે પોતાની સાથે બેસાડે. પણ આજે મુસલમાનોને એવો શોખ લાગ્યો છે કે સીનેમાના ગાયકો, હીરો હીરોઈનો, નાચનારાઓની ઈજ્જત કરે છે અને મેહફિલોમાં તેમની હાજરીને અને પોતાના બંગલે તેમના આગમનને ગર્વ લેવા સમાન સમજે છે ! અફસોસ છે ! ધિક્કાર છે મુસલમાનોની આવી ગુલામીયુક્ત વિચારસરણી પર ! સાચુ કહ્યું છે કોઈક શાયરે કે;

**થા જો ના ખૂબ, બ તદરીજ વહી ખૂબ હુવા**
**કે ગુલામીમેં બદલ જાતે હૈં કૌમોંકે ઝમીર**

## ★ અબૂજહલની તરસ ★

ઈમામ તિબ્રાનીએ પોતાની કિતાબ 'અવસત'માં નકલ ફર્માવ્યું છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર સહાબી رضی اللہ عنہ એ બયાન કર્યું કે, હું બદરની આસપાસના વિસ્તારમાં ચાલી રહ્યો એવામાં અચાનક એક ખાડામાંથી એક શખ્સ નીકળ્યો જેની ગરદનમાં જંજીર બાંધેલી હતી. અને તેણે મને બુમ પાડી કહ્યું કે; હે અબ્દુલ્લાહ ! મને પાણી પીવડાવી દે ! પછી તે જ ખાડામાંથી એક અન્ય શખ્સ પણ નીકળ્યો જેના હાથમાં કોરડો હતો અને તેણે મને કહ્યું કે, હે અબ્દુલ્લાહ ! તેને પાણી ન પીવડાવશો, એ કાફિર છે. આમ કહ્યું અને એક કોરડો તેને માર્યો તો તે શખ્સ ફરી તે જ ખાડામાં ચાલ્યો ગયો. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ નું બયાન છે કે, મેં મદીના આવીને જયારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને આ વાકયો કહ્યો તો આપે ઈર્શાદ ફર્માવ્યો કે, શું તમે તે શખ્સને જોઈ લીધો હતો ?! તો મેં અર્ઝ કરી કે, જી હા ! તો ફર્માવ્યું કે, તે શખ્સ ખુદાનો દુશ્મન 'અબૂજહલ' હતો અને કિયામત સુધી બદરના ખાડામાં આજ પ્રમાણે અઝાબમાં ગિરફતાર રહેશે. *(શરહુસ્સુદૂર, પેજ-૬૭)*

## ★ અડધુ માથુ, અડધી દાઢી સફેદ ! ★

ઈમામ મકહૂલ રિવાયત કરે છે કે અમીરુલ મો'મિનીન હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ની પાસે એક માણસ આવ્યો જેના માથાના એક તરફના વાળ તથા અડધી દાઢી સફેદ અને અડધુ માથુ અને અડધી દાઢી કાળી હતી. અમીરુલ મો'મિનીનને એનું કારણ તે શખ્સને પૂછયું તો તેણે જણાવ્યું કે, હું રાત્રે એક કબ્રસ્તાનમાં ગયો તો જોયું કે એક માણસ એક બીજા માણસને આગનો કોરડો હાથમાં લઈને દોડાવી રહ્યો છે અને જયારે તેને પકડી પાડે છે તો કોરડો મારે છે. અને કોરડો વાગતાં જ તે શખ્સનુ શરીર પગથી માથા સુધી ભડકે બળવા લાગે છે. હું જયારે તેની નજીક પહોંચ્યો તો તે એકદમ દોડીને મને વળગી પડયો ! અને કહ્યું કે, હે અલ્લાહના બંદા ! મને બચાવ ! પછી કોરડા મારનારે કહ્યું કે હે અલ્લાહના બંદા ! તું એની મદદ કરીશ નહીં કે આ ઘણો જ મોટો કાફિર છે. તે શખ્સના





મારી સાથે વળગી જવાથી એ અસર થઈ કે જે બાજુ તેનુ શરીર મારા શરીર સાથે સ્પર્શી ગયું તે બાજુનું મારું અડધુ શરીર અને અડધી દાઢી સફેદ થઈ ગઈ. આ સાંભળીને અમીરુલ મો'મિનીનને ફર્માવ્યું કે, એ જ કારણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એકલા સફર કરવાનું મના ફર્માવ્યું છે. *(શરહુસ્સદૂર, પેજ-૭૪)*

## ★ અચાનક ચાર આંગળીઓ ગાયબ ! ★

અલ્લામા ઈબ્ને જવઝીએ પોતાની કિતાબ 'અયવનુલ હિકાયત'માં પોતાની સનદથી લખ્યું છે કે, એક શખ્સ જયારે પોતાના ભાઈને કબરમાં દફન કરી ચૂકયો તો કબરેથી 'ઓહ !' અવાજ આવ્યો. તો ભાઈની મહોબ્બતે જોશ માર્યો અને કબર ખોલીને જોવાનો ઈરાદો કર્યો તો એક ગયબી અવાજ આવ્યો કે કબર ન ખોલ ! જેથી તે શખ્સ રોકાઈ ગયો. પણ બીજી અને ત્રીજીવાર કબરમાંથી 'ઓહ !' અવાજ આવ્યો તો પછી તે શખ્સ સબર ન કરી શકયો અને તેણે કબરને માટી ખસેડીને ખોલી નાખી. તો જોયું કે લાશે આગનો તોક પહેર્યો છે અને આખી કબરમાં આગના ભડકાઓ ઉઠી રહ્યા છે. તે શખ્સે એકદમ તોક ઉપર હાથ નાંખ્યો કે મૈયતના ગળેથી તેને ઉતારી કાઢે ! તો એના પર હાથ પડતાં જ હાથની ચાર આંગળીઓ એકદમ અચાનક અદ્રશ્ય થઈ ગઈ ! તે શખ્સનું કહેવું છે કે મેં આ વાકયાને મુહદ્દિષે શામ ઈમામ અવઝાઈ સમક્ષ વર્ણન કર્યો, તો તેમણે ફર્માવ્યું કે, યહૂદી, નસરાની અન્ય કાફિરો પણ મરે છે પણ તેમની કબરોમાં આવો મામલો જોવામાં નથી આવ્યો, પરંતુ ખુદાવંદ તઆલાએ એક મુવહ્હિદની કબરમાં તમને લોકોને આ મન્ઝર દેખાડયો કે જેથી તમે ઈબ્રત પકડો. *(શરહુસ્સુદૂર, પેજ-૭૪)*

## ★ એક ખૂનીની કબરનું દ્રશ્ય ★

સદકહ ઈબ્ને ખાલિદે દમિશ્કના કેટલાક મશાઈખથી નકલ કર્યું છે કે એકવાર હજ્જની સફરમાં અમારો એક સાથી મૃત્યુ પામ્યો તો અમે એક કૌમ પાસેથી કોદાળી માંગીને તેની કબર ખોદી અને તેને દફન કરી દીધો પણ ગલતીથી કોદાળી કબરમાં રહી ગઈ. અમે કોદાળી કાઢવા માટી

હટાવીને તેની કબરને ખોલી તો જોયું કે તે મૈયતની ગરદન અને હાથ પગો તે કોદાળી સાથે વર્તુળમાં જકડાઈ ગયેલા છે ! આ દ્રશ્ય જોઈને અમે લોકોએ જલ્દી જલ્દી તેની કબરને બંધ કરી દીધી અને કોદાળીવાળાઓને કિંમત આપીને રાજી કરી લીધા. જ્યારે અમે લોકો હજ્જથી પાછા આવ્યા તો તેની પત્નીને તેની હાલત પૂછી તો તેણીએ જણાવ્યું કે, મારા પતિ સાથે એક જ ઘણો જ માલદાર માણસ રહેતો હતો, મારા પતિએ તેને મારી નાખીને તેનો સઘળો માલ લઈ લીધો હતો અને મારો પતિ હમેશાં હજ્જ પણ કરતો હતો અને જેહાદ માટે પણ જતો રહેતો હતો. *(શરહુસ્સુદૂર, પેજ–૭૨)*

## ★ શરીર માણસનું અને માથુ ગધેડાનું ! ★

અસ્બહાનીએ પોતાની કિતાબ 'તરગીબ'માં અવ્વામ ઈબ્ને હવશબથી રિવાયત કરી છે : તેમણે વર્ણવ્યું છે કે હું એકવાર એક કબીલાના કબ્રસ્તાનમાં ગયો તો મેં જોયું કે અસર બાદ એક કબર ફાટી અને તેમાંથી એક માણસ નીકળ્યો જેનું શરીર માનવ જેવું અને માથુ ગધેડા જેવું હતું. તે ત્રણવાર ગધેડા જેવી બોલી બોલ્યો પછી કબરમાં ચાલ્યો ગયો, અને કબર બંધ થઈ ગઈ. અવ્વામ ઈબ્ને હવશબ કહે છે કે જ્યારે મેં લોકોને તેના વિશે પૂછયું તો જાણવા મળ્યું કે, આ શખ્સ શરાબી હતો અને જ્યારે તેની માં તેને ખૌફે ખુદાથી ડરાવતી તો એ બદ્‌નસીબ પોતાની માંને એવો જવાબ આપતો હતો કે, તું ખાલી ગધેડાની જેમ બોલતી રહે છે ! અસર બાદ તે શખ્સનો ઈન્તેકાલ થઈ ગયો. તો દરરોજ અસર બાદ તેની કબર ફાટે છે અને એ માથુ કાઢીને ત્રણવાર ગધેડાની જેમ બોલી બોલીને (હોંચી હોંચી કરીને) ફરી કબરમાં ચાલ્યો જાય છે અને કબર બંધ થઈ જાય છે. *(શરહુસ્સુદૂર, પેજ–૭૨)*

**સારાંશ** : આ પ્રસંગોમાં કબરના અઝાબની ભયાનકતાઓથી દરેક મો'મિને સબક લેવા જેવો છે. કબરનો અઝાબ હક છે અને દરેક મો'મિને તેની ફિકર કરવી જરૂરી છે. કબરમાં નેક અમલો સિવાય કોઈ સાથી કે મદદગાર થશે નહીં, એ ઘણી જ કઠિન મંઝિલ છે. અમીરુલ મો'મિનીન હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ જ્યારે કોઈ કબરની પાસે ઉભા





રહેતા તો એટલા પ્રમાણમાં રડતા કે આંસૂંઓથી તેમની દાઢી તર થઈ જતી હતી લોકોએ કહ્યું કે આપ જન્નત તથા દોઝખની ચર્ચાથી આટલુ નથી રડતા જેટલુ કબરની પાસે રડો છો. તો આપે ફર્માવ્યું કે આ પ્રથમ મંઝિલ છે અને જો એ આસાન થઈ ગઈ તો એની આગળ આસાની જ આસાની છે, અને જો એ મંઝિલ મુસીબતભરી થઈ ગઈ તો એની આગળની સર્વ મંઝિલો મુશ્કેલીઓથી ભરેલી બની જશે. અલ્લાહુ અકબર ! સાચુ ફર્માવ્યું મૌલાના ઈલ્મીએ કે :–

**વાસ્તે હક્ક કે ન ઐસી રાહ ચલ**
**કબ્રમેં જિસસે હો તુઝકો કુછ ખલલ**

**કબ્રમેં જાનેકી ભી કુછ ફિક્ર કર**
**ઊંચે ઊંચે યાં તો બનવાએ મહલ**

**રોશનીએ કબ્રકા સામાન કર**
**હૈં યહાં બેકાર સબ શમ્ઓ કનૂલ**

# ★ મુજાહિદાત ★

**જોશે જેહાદકા મઝા જઝ્બએ હક્કસે પૂછિએ**
**ગોયા હિલાલે ઈદ હૈ મઅરકએ મુજાહિદાત**

## ★ પાંચ વખત ગરદન પર તલ્વાર ★

શૈખુલ ઈસ્લામ અબૂ ઈસ્માઈલ અબ્દુલ્લાહ ઈબ્ને મુહમ્મદ અન્સારીની ગણના તે ઉલમાએ હક્કની યાદીમાં છે જેઓ ખારજી તથા મોઅ્‌તઝલા વગેરે બદ્‌મઝહબોના મુકાબલામાં ખુલ્લી તલ્વારે રહેતા હતા, અને અહલે સુન્નત તરફથી હમેશાં તે ગુમરાહ ફિર્કાઓની ખુલ્લમ ખુલ્લા રદ કર્યા કરતા હતા. બદ્‌મઝહબોમાં એટલી હિંમત તથા તાકત ન હતી કે તેમની હક્કાની દલીલોનો સામનો કરી શકે એટલા માટે તમામ ગુમરાહ

ફિર્કાવાળાઓ હમેશાં તેમની વિરૂધ્ધ વિવિધ સાઝિશો કરતા રહેતા હતા, એટલે સુધી કે એકવાર તેમને તેમના વતન બલ્ખથી તડીપાર કરાવી દીધા. અને એકવાર તો બદ્‌મઝહબોએ તેમની વિરૂદ્ધ એટલે સુધી ચાલ ચાલી કે જયારે સુલ્તાન 'અલપ અરસલાન' હેરાતમાં આવ્યા તો તે શહેરના બદ્‌મઝહબો અને શૈખુલ ઈસ્લામના ઈર્ષાળુઓ એક ટોળીમાં શૈખુલ ઈસ્લામના મકાન પર આવ્યા અને કહ્યું કે, અમે લોકો સુલ્તાન અલપ અરસાલનને સલામ માટે જઈ રહ્યા છીએ, તો વિચાર્યું કે પ્રથમ તમને સલામ કરી લઈએ. શૈખુલ ઈસ્લામ ઘરની અંદર ગયા તો એટલામાં તે જાલિમોએ આપના મુસલ્લા નીચે તાંબાની એક મૂર્તિ મૂકી દીધી અને પછી તે લોકોએ જઈને સુલ્તાનના દરબારમાં એવી ફરિયાદ કરી કે શૈખુલ ઈસ્લામ ફિર્કાએ મુજસ્સમાથી સંબંધ ધરાવે છે ! કેમ કે તેઓ તાંબાની એક મૂર્તિ બનાવીને કહે છે કે, ખુદા આ સ્વરૂપમાં છે. અને તે પોતાના મુસલ્લા પર મૂર્તિને પોતાની આગળ મૂકીને ઈબાદત કરે છે. જો હમણાંને હમણાં સુલ્તાન કોઈ વિ□ાસુ વ્યકિતને મોકલીને શૈખુલ ઈસ્લામના મુસલ્લાની તલાશી લે તો તે મૂર્તિ મળી જશે. સુલ્તાને આ ખબરથી આશ્ચર્યમાં પડી જઈને તુરત જ એક શખ્સને શૈખુલ ઈસ્લામના મકાન પર તપાસ માટે મોકલ્યો તો સાચે જ મુસલ્લા નીચેથી તાંબાની મૂર્તિ હાથ લાગી ! સુલ્તાને ગુસ્સે ભરાઈને શૈખુલ ઈસ્લામને બોલાવ્યા અને મૂર્તિ દેખાડીને પૂછયું કે બતાવો ! આ શું છે ? તો આપે ફર્માવ્યું કે આ તો તાંબાની મૂર્તિ છે, બાળકો માટે રમકડાની ગુડિયા જેવી છે. સુલ્તાને કહ્યું કે, હું એવું નથી પૂછતો ! આપે ફર્માવ્યું કે તો પછી તમે શું પૂછવા ચાહો છો ? સુલ્તાને ગુસ્સાભેર લહેજામાં કહ્યું કે, આલિમો કહે છે કે તમે આ મૂર્તિની ઈબાદત કરો છો ! શૈખુલ ઈસ્લામે આ સાંભળીને અતિશય જલાલમાં ખૂબ મોટા અવાજે તડપીને ફર્માવ્યું કે, **સુબ્હાનક હાઝા બુહતાનુન અઝીમ.** "ખુદા પાક છે અને આ મારા ઉપર ઘણુ જ મોટુ બોહતાન છે."

શૈખુલ ઈસ્લામનો બાવકાર નૂરાની ચહેરો પુરજલાલ હક્કની અવાજ, મુજાહિદાના તેવર જોઈને સુલ્તાન પામી ગયો કે, યકીનન આ ફિતના પરવાઝ બદ્‌અકીદા મોલ્વીઓનો આક્ષેપ તથા ધોકો જ છે જેથી સુલ્તાને અતિશય માનપાન સાથે આપને દરબારમાંથી વિદાય કર્યા અને





તે ધોકાબાજ બદ્‌અકીદા મોલ્વીઓને ધમકી આપી કે જો તમે લોકો એ સાચી વાતનો ઈકરાર ન કર્યો તો તમારી ખૈર નથી ! સુલ્તાનનો ગઝબનાક તેવર જોઈને ધોકાબાઝ બદ્‌અકીદા મોલ્વીઓના હોશ ઉડી ગયા અને ડરના માર્યા કાંપતાં કાંપતાં એ મુજરિમોએ સ્વીકાર કરી લીધો કે, શૈખુલ ઈસ્લામના મુસલ્લા નીચે મૂર્તિ અમે લોકોએ જ રાખી હતી. સુલ્તાને તે મોલ્વીઓને શિક્ષા કરીને ખૂબ જ બેઈજ્જતી સાથે પોતાના દરબારમાંથી હાંકી કાંઢયા.

મતલબ કે હમેશાં આ પ્રકારની સાઝિશો શૈખુલ ઈસ્લામ સાથે થતી રહી. એટલે સુધી કે પાંચ વખત એવો પ્રસંગ બની ગયો કે તે દુશ્મનોની મક્કારી તથા ધોકાબાજીથી શૈખુલ ઈસ્લામની "ગરદન પર તલ્વાર મૂકીને એવું કહેવામાં આવ્યું કે તમે ગુમરાહ ફિર્કાઓની રદ ન કરો નહિંતર આપની ગરદન આ જ તલ્વાર વડે ઉડાડી દેવામાં આવશે !" પણ હમેશાં આ હક્કગો હક્ક પરસ્ત આલિમે એ જ ફર્માવ્યું કે, 'જ્યાં સુધી મારા શરીરમાં લોહીનું એક ટીપુ અને જિંદગીની એક સાંસ બાકી છે ત્યાં સુધી હમેશાં હું હક્ક ને હક્ક અને બાતિલને બાતિલ કહેતો રહીશ ! અને પોતાની હક્કાની દલીલો વડે બાતિલની ધજ્જીઓ ઉડાડતો રહીશ.' ખુદાની શાન કે દરેક વખતે ખુદા તરફથી ગયબી મદદના લીધે આપની જાન બચતી રહી. એટલે સુધી કે ઝીલ હજ્જ, હિ.સ. ૪૮૧ માં આ પયકરે ઈસ્તિકામત બુઝુર્ગ તમામ સુન્નીઓને એકલા છોડીને ખુદાની રહમતમાં પહોંચી ગયા. *(તઝકેરતુલ હુફ્ફાઝ, ભાગ–૩, પેજ–૩૬૦)*

**સારાંશ** : ઉલમાએ હક્કની આ ઈસ્તિકામત (અડગતા) યકીનન વર્તમાનકાળના મસ્લેહતવાળા અને સુલેહ કુલ્લી સિયાસત (રાજકરણ) પરસ્તોના માટે સબક લેવાનો એક નમૂનો છે. જલ્લાદ ગરદન પર તલ્વાર રાખીને કેવળ એટલે જ કહેવડાવવા ચાહે કે બાતિલને બાતિલ કહેવાનું ત્યજી દો ! આ ખૌફનાક માહોલમાં કદાચ રુસ્તમ પણ હોત તો તેના કદમ ડગમગી જાત, શેર પણ હોત તો શાયદ ધ્રુજી મરત અને માથુ ઝુકાવી લેત, પણ વાહ રે હક્કાની આલિમોનો મુજાહિદાના જોશ અને જેહાદનો જઝબો ! કે ભયાનક અને ખતરનાક સંજોગોમાં પણ રજ માત્ર તેમના અડગ કદમોથી લગઝિશ નથી થઈ, બલ્કે અડગતાનો પહાડ બનીને હક્ક પર અડગ રહ્યા એટલે સુધી કે અલ્લાહની મદદે અકીદતના આવેશમાં તેમની પેશાની ચૂમી

લીધી, અને તલ્વારની ધાર તેમનો એક વાળ પણ વાંકો ન કરી શકી, અને તેઓ ડગલેને પગલે મુઝફ્ફર તથા મન્સૂર થઈને છેલ્લા □ાસ સુધી **અમ્ર બિલ મઅરૂફ** તથા **નેહી અનિલ મુન્કર** (સારી વાતોનો હુકમ આપવો તથા બુરી વાતોથી રોકવું)નો ફરીઝો અદા કરતા રહ્યા. અને ઉમ્મતે મુસ્લિમહ્‌ની રુશ્દો હિદાયત માટે એક એવી નિશાની મૂકતા ગયા કે કિયામત સુધી આવનાર નસલોને તેમની જીવન શૈલીમાંથી હિદાયતની રોશની મળ તી રહેશે. આસમાનોનો સૂરજ રોજ જ આથમે છે અને સેંકડોવાર ગ્રહણ હેઠળ આવે છે પણ ઉલમાએ હક્કનો આફતાબ ન કદી ગુરૂબ થઈ શકે છે અને ન કોઈ ગ્રહણનો તેને ખતરો હોઈ શકે છે. સાચુ જ છે ! કેમ ન હોય કેમ કે ખુદા ગવાહ છે કે :–

**પરચમે હક્ક તા અબદ ઈનકા સલામી હોગા**
**ઝિંદા જાવીદ ઉનકા નામ નામી હોગા**

## ★ સૈયદ હોવાની નિશાની ★

અલ્લામહ્ સૈયદ શરીફ મુર્તઝા હુસૈન બગદાદી رحمۃ اللہ علیہ જેઓ સમરકંદમાં રહેતા હતા. આપ ઘણા જ અમીર કબીર આલિમ હતા. માવરાઉન્નહરના બાદશાહ ખાકાને તેમને બગદાદના ખલીફા પાસે પોતાના સફીર બનાવીને મોકલ્યા હતા. તેમની સખાવતની એ સ્થિતિ હતી કે સાડા ચાર હજાર દીનારથી દસ હજાર દીનાર સુધી આપ આલિમો તથા હદીષના ઈમામોની દા'વતો અને નજરાનાંઓ પાછળ વરસભરમાં ખર્ચી નાખતા હતા.

એકવાર આપે એક બાગમાં ઉલમાએ કિરામની દા'વત કરી, તો બાદશાહ ખાકાને પણ તે દા'વતમાં શરીક થવાની ઈચ્છા પ્રદર્શિત કરી, પણ આપે સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું કે હું આ દા'વતમાં બાદશાહને ખુશ કરવા માટે 'નાચ ગાન અને ફિસ્કો ફુજૂર' નો સામાન કરીને મારા રબને નારાજ કરવાનો મહાન ગુનોહ મારા માથા પર નથી લઈ શકતો.' (આજકાલ લોકો જાહિલ પબ્લિકને ખુશ કરવા શાદીઓમાં વી.ડી.ઓ. તથા બેન્ડબાજાની ધુમ મચાવે છે તેઓ સબક લે કે ખુદાને નારાજ કરવાથી શું મળશે ?!) ખાકાને નારાજ થઈને આપને ગિરફતાર કરી લેવાનો ઈરાદો





કર્યો. પણ આપ એક મહીના સુધી એ રીતે અદ્રશ્ય રહ્યા કે ખાકાને આપના માટે આમ અમ્નો અમાનનું એલાન કરી દીધું અને આપને દરબારમાં બોલાવીને ધોકાથી પકડી લીધા અને જેલખાનામાં પૂરી દીધા અને આપની સર્વ માલ મિલ્કત કબજે લઈ લીધી. તે વખતે એક દિવસે આપે એવો ઈર્શાદ ફર્માવ્યો કે, જે શખ્સ સાચે જ અહલે બયતે નબુવ્વતમાંથી હશે તે જરૂર કદી ન કદી આ પ્રકારની મુસીબતોમાં સપડાશે ! હું હમેશાં લાલન પાલનમાં ઉછરેલો હતો એટલા માટે કદી કદી મને એવો વહેમ થવા માંડતો હતો કે, હું સૈયદ છું કે નહીં ? પણ આ બનાવ પછી મને સંતોષ થઈ ગયો કે યકીનન મારો વંશવેલો હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે જોડાયેલ છે.

જાલિમ ખાકાને જેલખાનામાં દાણા પાણી બંધ કરી દીધું અને ભૂખ પ્યાસથી તડપી તડપીને આપની શહાદત થઈ ગઈ. છતાં આપ છેલ્લા □ાસ સુધી 'સાબિર' તથા 'શાકિર' રહ્યા.

આપના વિસાલ બાદ અબુલ અબ્બાસ જૌહરીએ એવો ખ્વાબ જોયો કે અલ્લામહ સૈયદ શરીફ મુર્તઝા જન્નતમાં છે અને તેમની સમક્ષ ખાણુ રાખેલું છે અને લોકો તેમને દરખાસ્ત કરી રહ્યા છે કે આપ ખાણુ તનાવુલ ફર્માવો (ખાવ). તો આપ એવું ફર્માવી રહ્યા છે કે જ્યાં સુધી મારો બાળક નહીં આવી જાય ત્યાં સુધી હું ખાણુ ખાઈશ નહીં. અબુલ અબ્બાસ જૌહરી ખ્વાબથી જાગ્યા તો રમઝાનની ૨૯ મી તારીખ હતી અને તે જ દિવસે અલ્લામહ સૈયદ શરીફ મુર્તઝાના સાહબઝાદા શહીદ થઈ ગયા. (رضی اللہ تعالیٰ عنہما). આપ હિ.સ. ૪૦૫ માં જન્મ પામ્યા અને હિ.સ. ૪૭૬ માં ખાકાન ખિઝર ઈબ્ને ઈબ્રાહીમે આપને શહીદ કરાવ્યા. *(તઝકેરતુલ હુફ્ફાઝ, ભાગ–૪, પેજ–૧૧)*

**સારાંશ** : આ હૃદયદ્રાવક હિકાયતમાં ઉલમાએ હક્કના માટે ઘણો જ મોટો સબક સમાયેલો છે. એક જાલિમ બાદશાહના મુકાબલામાં ખુદાવંદે કુદુસની રઝામંદીના માટે મહાન મુસબતો સહન કરીને અડગતાનો હિમાલય બનીને જામી જવું એ કાંઈ મામૂલી છાતીવાળાનુ કામ નથી ! બેશક ! ઉલ્માએ હક્કનો આ હક્ક પરસ્તીનો જઝબો પોતાની રિફઅત (ઉચ્ચતા) તથા સરબુલંદીમાં એવી ઉચ્ચ મંઝિલે છે કે હિમાલયની ટોચો

માથુ ઊંચુ કરી કરીને આશ્ચર્યભેર તેનો ચહેરો જોયા કરે છે ! અને આસમાનોની સરબુલંદીઓ નમી નમીને તેને સલામ કરે છે !

હઝરત અલ્લામહ સૈયદ શરીફ મુર્તુઝાનો આ ઈર્શાદ છે કે જે સૈયદ હશે તે જરૂર કદી ન કદી મુશ્કેલીઓ તથા આફતોનો શિકાર થશે, તો સાચે જ આપનું આ શાનદાર ફર્માન ઐતિહાસિક ગવાહીઓના પ્રકાશમાં આફતાબથી અધિક રોશન છે. આફતો તથા બલાઓનું સ્વાગત કરવું એ ખુદાના ખાસ બંદાઓની વિશિષ્ટતાઓમાંથી છે. હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઈર્શાદ છે કે, "સૌથી અધિક કઠિન ઈમ્તેહાન અને આજમાઈશ અંબિયાએ કિરામ علیہم السلام ની થતી રહેતી હોય છે, પછી એમના બાદ જે શખ્સ દરજજામાં જેટલો ઉચ્ચ મર્તબાવાળો હશે એટલી ભારે મુસીબતો તથા બલાઓથી તેની આજમાઈશ થતી રહેશે."

ખુદાના મહબૂબ બંદાઓ વિશેષતઃ અહલે બયતે કિરામને બુઝુર્ગીઓ તથા કરામતોના મોટા મોટા ઈનામોથી નવાજવામાં આવે છે એટલા માટે આ ઉસૂલ કે, "જેટલું મોટુ ઈનામ એટલી મોટી પરીક્ષા" પ્રમાણે આ લોકોને મોટી મોટી જીવલેણ મુસીબતો તથા આજમાઈશોની મંઝિલોએ પસાર થવું પડે છે અને જ્યારે આ લોકો સબ્ર તથા ઈસ્તિકામતની સાથે ઈમ્તેહાનો તથા મુશ્કેલીઓનો સામનો કરીને ઈમ્તેહાનમાં કામયાબ થઈ જાય છે તો ખુદાવંદ તઆલા તેમને એવાં એવાં ઈનામોથી માલામાલ ફર્માવી આપે છે કે, કુદસી સિફત ફરિશ્તાઓ પણ તેમના ઉચ્ચ દરજજાઓના દીદાર માટે આતુર રહે છે. કોઈક શાયરે શું સરસ કહ્યું છે કે :–

**નામી કોઈ બગૈર મશક્કત કે નહીં હુવા**
**સો બાર જબ અકીક કટા તબ નગીં હુવા**

## ★ મિસરનો એક હક્કાની આલિમ ★

અહમદ ઈબ્ને તૌલૂન મિસરનો ઘણો જ ક્રુર તથા ખૂનરેઝ બાદશાહ હતો, તેમ છતાં તેને મુકદ્દમામાં જાલિમ તથા મઝલૂમ વચ્ચે ન્યાય કરવાનો ઘણો જ શોખ હતો. એક દિવસે તેનો પુત્ર અબ્બાસ એક ગાનારી





સ્ત્રી સાથે જઈ રહ્યો હતો, અને તેનો ગુલામ હાથમાં સિતાર લઈને જઈ રહ્યો હતો અને હક્કાની આલિમે આ દ્રશ્ય જોયું તો એકદમ **અમ્ર બિલ મઅરૂફ** અને **નેહી અનિલ મુન્કર** (સાચી વાતોનો હુકમ આપવો અને બુરી વાતોથી રોકવું)નો જઝબો તેમના સીનામાં જાગી ઉઠયો, જેથી ગુસ્સાના આવેશમાં દોડી ગયા અને ગુલામના હાથમાંથી સિતાર છીનવી લઈને જમીન પર એ રીતે પછાડી કે તે ટુકડે ટુકડા થઈને વિખરાઈ થઈ !

અબ્બાસે ગુસ્સાભેર પોતાના બાપ અહમદ ઈબ્ને તૌલૂનની કચેરીમાં તે હક્કાની આલિમ પર મુકદમો કરી આપ્યો. જ્યારે આ ઈલ્મો અમલનો પયકર કચેરીમાં પહોંચ્યો તો અહમદ ઈબ્ને તૌલૂને સવાલ કર્યો કે, શું સાચે જ તમે સિતાર તોડી નાંખ્યું છે ? આપે ફર્માવ્યું કે, જી હા ! અહમદ ઈબ્ને તૌલૂને તેવર બદલીને ખૂબ જ ગુસ્સાના આવશેમાં પૂછયું કે, શું તમને ખબર હતી કે એ સિતાર કોની છે ? ફર્માવ્યું કે, જી હા ! એ આપના પુત્ર અબ્બાસની હતી. અહમદ ઈબ્ને તૌલૂને કહ્યું કે, છતાં તમે મારી પ્રતિષ્ઠાનો કોઈ ખયાલ ન કર્યો ? આલિમે હક્કાનીએ ખૂબ જ નીડરતાપૂર્વક જવાબ આપ્યો કે, ઈઝ્ઝત મઆબ ! એ કેમ કરીને શકય છે કે હું એક ગુનોહ થતો જોઉં અને તમારી પ્રતિષ્ઠાના ખયાલથી ચૂપ રહું ?! જ્યારે અલ્લાહ عزوجل નુ ફર્માન છે (અર્થ) : "તમામ મુસલમાન પુરૂષો તથા મુસલમાન સ્ત્રીઓ એકબીજાનાં મિત્ર રહે, એઓનું એ જ કામ છે કે તેઓ લોકોને સારી વાતોનો હુકમ આપે અને બુરી વાતોથી રોકે." અને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઈર્શાદ છે, (અર્થ) : "ખાલિકની નાફર્માનીમાં કોઈ મખ્લૂકની ફર્માંબરદારી જાઈઝ નથી." આલિમે હક્કાનીની આ હક્ક જાહેર કરતી તકરીર તાસીરનું તીર બનીને અહમદ ઈબ્ને તૌલૂનના દિલમાં ઉતરી ગઈ અને એનો ગુસ્સો એકદમ ઠંડો પડી ગયો અને તેણે એવું કહી આપ્યું કે હું તમને અધિકાર આપુ છું કે, તમે આખા શહેરમાં જે વાત પણ શરીઅત વિરૂધ્ધ જુઓ તેને બર્બાદ કરી દો, હું તમારો મદદગાર છું. *(મુસ્તતરફ, ભાગ–૧, પેજ–૧૦૦)*

**સારાંશ** : આ હિકાયતથી એ રોશની મળી છે કે જો કોઈ હક્ક પરસ્ત સાચે જ કેવળ ખુદા વ રસૂલને રાજી કરવા ઈખલાસના જઝબા હેઠળ (નિખાલસપણે) અને સદકાત (સચ્ચાઈ)ના જોશ સાથે કોઈ હક્ક વાત કહે

તો ખુદાવંદે આલમ તેની વાણીમાં એવી તાસીર પૈદા ફર્માવી આપે છે કે મોટા મોટા જાલિમોના સીનાઓમાંનાં લોખંડી દિલો પણ પીગળીને મીણ બની જાય છે અને હક્ક કહેનારની મદદ તથા હિમાયત માટે આસમાનોથી ફરિશ્તાઓની એવી ફોજ ઉતરી પડે છે કે જેના રૂઆબ તથા દબદબાથી જાલિમોના શરીરનાં રૂવેરૂવાં અને શરીરનો વાળે વાળ કાંપવા લાગે છે અને ફતહે મુબીન (ઉઘાડી જીત) ખૂબ જ અકીદતના જઝબા હેઠળ તે હક્કગોના કદમોને ચૂમવા માંડે છે. સુબ્હાનલ્લાહ ! સાચુ કહ્યું છે શાઈરે મશ્રિક ડો. ઈકબાલે કે;

**મિષ્લે કલીમ હો અગર મઅરકા આઝમા કોઈ**
**અબ ભી દરખ્તે તૂરસે આતી હૈ બાંગે 'લા તખફ'**

## ★ હક્ક ગો (સાચા બોલો) ★

હઝરત મૌલાના શૈખ શહાબુદ્દીન ઈબ્ને મૌલાના ફખ્રુદ્દીન ઝાહેદીનો લકબ હક્ક ગો છે. એનું કારણ એ છે કે દિલ્હીના બાદશાહ મુહમ્મદ ઈબ્ને તગલક ઘણો જ જાલિમ હતો. પણ એકદમ તેના માથા પર એવુ ભૂત સવાર થઈ ગયું કે સૌ મને મુહમ્મદ "આદિલ" (ન્યાયી) કહે ! જેથી તેણે હઝરત મૌલાનાને દરબારમાં બોલાવ્યા અને કહ્યું કે તમે મને મુહમ્મદ "આદિલ" લકબ વડે પુકારો ! આ સાંભળીને આપે ખૂબ જ મુજાહિદાના લહેજામાં ઈર્શાદ ફર્માવ્યો કે, હું એક જાલિમને હરગિઝ હરગિઝ કદાપી આદિલ નથી કહી શકતો ! બાદશાહે ગુસ્સે ભરાઈને જલ્લાદોને હુકમ આપી દીધો કે, તેમને કિલ્લાની દીવાલની નીચે ફેંકી દો. જેથી જલ્લાદોએ આપને કિલ્લાની દીવાલ પરથી નીચે જમીન પર ગબડાવી દીધા અને આપ શહીદ થઈ ગયા. આપની કબર શરીફ કિલ્લાની નીચે જ બનેલી છે. આ પ્રસંગ બાદ લોકો આપને 'શહાબુદ્દીન હક્ક ગો' رحمۃ اللہ علیہ કહેવા લાગ્યા. *(અખ્બારુલ અખ્યાર, પેજ–૧૩૭)*

## ★ નજાસત (નાપાકી) ન ખા ! ★

દિલ્હીનો બાદશાહ મુહમ્મદ તગલક જાલિમ હોવા ઉપરાંત અતિશય ગુસ્તાખ તથા બેઅદબ પણ હતો અને પોતાની સલ્તનતના





ઘમંડમાં કયારેક કયારેક શરીઅતના મસ્અલાઓમાં પણ ટીકા ટીપ્પણ, ખોડ ખાંપણ કાઢવા બેસી જતો હતો. જેમ કે એકવાર એણે એવું કહી નાખ્યું કે ખુદાનો ફયૂઝ કટ નથી થઈ શકતો તો પછી નબુવ્વતનો ફયૂઝ કટ થઈ શકે છે ? જો હજી પણ કોઈ નબુવ્વતનો દા'વો કરે અને મો'જિઝો બતાવે તો તેને સમર્થન કરશો કે નહીં ? મૌલાના અમ્માદે તે જ વખતે ભર્યા દરબારમાં એવું કહ્યું કે, "પાયખાનુ (મળ) ન ખા ! શું બકી રહ્યો છો ?!" મુહમ્મદ તગલકે હુકમ આપ્યો કે તેમને ઝુબહ કરીને જીભ ખેંચી લેવામાં આવે. જેથી જલ્લાદોએ આપને ઝુબહ કરીને આપની જીભ ખેંચી લીધી. *(અખ્બારુલ અખ્યાર, પેજ–૨૦૭)*

**સારંશ** : મૌલાના શહાબુદ્દીન અને મૌલાના અમ્માદ رحمۃ اللہ علیہ વગેરે સેંકડો ઉલમાએ સફલ એવા થયા જેમણે હક્ક વાત (કલમાએ હક્ક) કહેવાને લીધે શહાદતનો જામ પીધો. બેશક ! આ મુકદસ હસ્તીઓ 'શોહદાએ હક્ક' છે જેઓ પોતે તો કપાઈ ગયા પણ હક્કને કપાવા ન દીધું, ખૂદ તો નાશ પામ્યા પણ હક્કને નષ્ટ થવા ન દીધું. યકીનન એમની કુર્બાનીઓના સબબે આખા વિ□માં હક્કની બોલબાલા થઈ ગઈ. જાલિમ બાદશાહોની તલવારોથી આ હક્કાની શહીદોની ગરદનો તો કપાઈ ગઈ પણ તેમની હક્કાનિયતની સફેદ નસ ન આજ સુધી કપાઈ ન કિયામત સુધીમાં કપાઈ શકે છે, બલ્કે કિયામત સુધી તેમની હક્કાનિયત ઝિંદા રહેશે અને તેમની હક્કાનિયતનો પરચમ હમેશાં આકાશના વાતાવરણમાં લહેરાતો રહી કહેતો રહેશે કે :–

**ઝિંદા હૈ મિલ્લતે બયઝા શોહદાકે દમમેં**
**ઉન્કી રૂહોંપે હો સો બાર દુરૂદ ઔર સલામ**

## ★ ઈમામ માલિક અને ખલીફા મન્સૂર ★

અલ્લામહ્ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ જણાવે છે કે બગદાદનો ખલીફા મન્સૂર મસ્જિદે નબવીમાં હાજર થયો અને ઈમામ માલિક સાથે વાતચીત દરમ્યાન તેમનો અવાજ કાંઈક મોટો થઈ ગયો, તો હઝરત ઈમામ માલિકે ધમકાવતાં ફર્માવ્યું કે, હે અમીરુલ મો'મિનીન ! ખુદાવંદે આલમ

عزوجل નું ફર્માન છે કે, (અર્થ) : ''તમારા અવાજોને નબીના અવાજથી મોટો ન કરો.'' હે અમીરુલ મો'મિનીન ! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની અદબ તથા એહતેરામ આજે પણ એટલી જ જરૂરી છે જેટલી કે તેમની જાહેરી જિંદગીમાં જરૂરી હતી. એટલા માટે કબ્રે અન્વરની પાસે ખબરદાર ! કદાપિ ઊંચા અવાજે વાત કરશો નહીં. ઈમામ સાહબની ધમકી સાંભળીને ખલીફા મન્સૂર તદ્દન ખામોશ થઈ ગયો. પછી અતિશય ધીમા અવાજે એ મસ્અલો પૂછયો કે, હે ઈમામ માલિક ! હું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના દરબારમાં સલામ અર્ઝ કરી ચૂકયો તો હવે હું કબ્રે અનવરની તરફ જ મોઢુ રાખી ખુદા તઆલાથી દુઆ કરું કે કા'બા શરીફ તરફ મારો ચહેરો કરીને દુઆ કરું ? હઝરત ઈમામ માલિકે જવાબ આપ્યો કે, તમે તમારો ચહેરો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી કેમ કરીને ફેરવશો ? જ્યારે કે તે બારગાહે ખુદાવંદીમાં તમારો અને તમારા બાપ આદમ علیہ الصلوٰۃ والتسلیم નો પણ વસીલો છે. તમે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની તરફ મોઢું કરીને ખુદાથી દુઆ માંગો અને તેમને બારગાહે ઈલાહીમાં તમામ શફીઅ બનાવો, તો ખુદાંવદ કરીમ તેમના વસીલાથી તમારી દુઆઓને કબૂલ ફર્માવશે. ખુદા તઆલાના આ ફર્માનને યાદ રાખો કે, (અર્થ) : ''જે લોકો પોતાની જાનો પર જુલ્મ કરી લે તો તેમણે જોઈએ કે, હે મહબૂબ ! તેઓ તમારી પાસે હાજર થઈ જાય, પછી અલ્લાહ તઆલાથી પોતાના ગુનાહોની માફી માંગે અને રસૂલ પણ તેમના માટે મગફિરત (માફી) તલબ ફર્માવે તો યકીનન ગુનેહગાર લોકો અલ્લાહ તઆલાને ખૂબ જ અધિક તૌબા કબૂલ કરનાર અને બખ્શનારો પામશે.'' *(વફાઉલ વફા, ભાગ–૪, પેજ–૧૩૭૬)*

## ★ હું માટી તથા પથ્થર પાસે નથી આવ્યો ! ★

મદીના મુનવ્વરાનો ઉમવી ગવર્નર મરવાન ઈબ્ને હકમ રોઝા મુબારક પાસે હાજર થયો તો જોયું કે એક શખ્સ કબ્રે અન્વર સાથે બાઝેલો છે. મરવાને તેની ગરદન પકડીને ઉઠાડયો અને કહ્યું કે હે શખ્સ ! તને કાંઈ ખબર છે ? કે તું શું કરી રહ્યો છે ? તો તેણે જવાબ આપ્યો કે, હા ! હું સારી રીતે જાણુ છું કે હું શું કરી રહ્યો છું ! હે મરવાન ! હું માટી અને પથ્થરની પાસે નથી આવ્યો, બલ્કે હું રસૂલુલ્લાહના દરબારમાં હાજર છું, હે મરવાન ! જ્યારે દીનદાર લોકો સરદાર બને તો રડવાની જરૂરત નથી પરંતુ જ્યારે





નાલાયક લોકો દીનના વાલી બને તો રડવું જોઈએ ! મરવાન આ ગરમાગરમ શબ્દો સાંભળીને ચુપચાપ ચાલ્યો ગયો. મુત્તલિબ ઈબ્ને અબ્દુલ્લાહ કહે છે કે આ બુઝુર્ગ જેમણે મરવાન ગવર્નરને થથરાવીને ધમકાવ્યો એ એક જલીલુકદર સહાબી હઝરત અબૂ અય્યૂબ અન્સારી رضی اللہ عنہ હતા. *(વફાઉલ વફા, પેજ–૧૪૦૪)*

**સારાંશ** : ઉપરોકત બંને હિકાયતોમાં મોટા મોટા ઈમાન અફરોઝ તથા રૂહ પરવર પરિણામોની ઝલકો જોવા મળે છે : **(૧)** હઝરત ઈમામ માલિક ખલીફા મન્સૂરના જાહોજલાલ અને રૂઆબ તગા દબદબાથી રજ માત્ર પણ પ્રભાવિત ન થયા અને રસૂલે પાકના દરબારમાં અદબની કમી જોઈને તડપી ઉઠયા અને મન્સૂરને ધમકાવીને ચૂપ કરી દીધો. અને હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہ ઉપર પણ બનૂ ઉમૈયાના જાલિમ ગવર્નરની ધાકની કોઈ અસર ન પડી અને આપે તેને મોઢામોઢ ખૂબ જ હિંમતભેર બેબાકી સાથે કલમએ હક્ક (સત્ય વાત) સંભળાવીને તેને થથરાવી કાઢયો. બેશક ! આ બંનેના અમલી નમૂનામાં તમામ ઉમ્મતના માટે ઘણો જ મોટો દર્સ છે, કે સત્ય વાત કહેવા અને શરીઅતે પાકના મસાઈલને અલલ એલાન કહેવામાં કોઈ ગવર્નર કે બાદશાહનો ડર નડવો ન જોઈએ. પણ હકીકત એ છે કે આ દરેક વ્યકિતનું કામ નથી, આ ''અફઝલુલ જેહાદ''ની ફઝીલતથી તે જ શખ્સ સરફરાઝ થઈ શકે છે જેના માથા પર રબ્બુલ ઈઝ્ઝત ખૂશ નસીબીનો તાજ રાખી દે. તે જ ઈમાની જઝબા તથા ઈસ્લામી જોશની દૌલતે લાઝવાલથી માલામાલ થઈ જાય જે કલેમએ હક્ક કહી દેવાના બદલામાં પોતાનુ સર કપાવી નાંખવાને પોતાના સરની મેઅરાજ સમજતો હોય.

**યે રુતબાએ બુલંદ મિલા જિસકો મિલ ગયા**
**હર મુદ્દઈકે વાસ્તે દારો રસન કહાં ?**

**(૨)** હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ એ ફર્માવ્યું કે, હે મન્સૂર ! તમે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની તરફ મોઢુ કરીને અને તેમને દરબારે ખુદાવંદીમાં તમારા શફીઅ બનાવીને ખુદાથી દુઆ માંગો, કેમ કે રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની જાતે પાક એ તમે તો શું તમારા બાપ હઝરત આદમ صلی اللہ تعالیٰ علیہ وسلم નો પણ બારગાહે ખુદાવંદીમાં વસીલો છે.

સુબ્હાનલ્લાહ ! કેટલા પ્રમાણમાં ઈમાન અફરોઝ તાલીમ આપે ખલીફા મન્સૂરને આપી. અને આ મસ્અલાને કિયામત સુધીના માટે હલ કરી આપ્યો કે, મસ્જિદે નબવીમાં રોઝએ અનવરના મવાજહે અકદસમાં દુઆ માંગવાનો અદબપૂર્ણ તરીકો એ જ છે કે હુઝૂર صلی اللہ تعالی علیہ وسلم ની તરફ મોઢુ કરીને દુઆ માંગો. કેમ કે એ જગાએ કા'બા શરીફ તરફ મોઢુ કરવામાં કબ્રે અનવરની પૂઠ થાય છે જેને મહોબ્બતે રસૂલથી ભરેલુ દિલ કદી ગવારા (માન્ય) નથી કરી શકતુ. જેથી આ ફકીરે (લેખકે) ૧૨ દિવસ મદીના મુનવ્વરામાં રોકાણ કરીને જાતે પોતે મારી નજરોએ જોયું કે અરબ તથા અજમ હિલ્લો હરમના સર્વ બુઝુર્ગો આલિમો તથા મશાઈખ કબ્રે અન્વર તરફ જ મોઢુ કરીને દુઆઓ માંગે છે. હા ! મનહૂસ નજદીઓ અને હિંદુસ્તાનના વહાબીઓને જોયા કે આ લોકો પોતે પણ રોઝએ અકદસની તરફ પીઠ કરીને દુઆ માંગે છે અને બીજાઓને પણ આવી બેઅદબીનો હુકમ આપે છે. જેથી આ મસ્અલા પર મારી એક નજદી સાથે બહષ થઈ ગઈ અને અલ્હમ્દુલિલ્લાહ ! કે તે લાજવાબ થઈને ચૂપ થઈ ગયો.

કાશ ! આ'લા હઝરત કિબ્લા કુદ્દેસ સિર્રહૂના આ બે શેઅરો તે કમબખ્તો માટે હિદાયતનો ઝરીયે બને :–

**ઝિક્રે ખુદા જો ઉનસે જુદા ચાહો નજદિયો,**
**વલ્લાહ ઝિક્રે હક્ક નહીં કુંજી સકરકી હૈ**
**બે ઉન્કે વાસ્તેકે ખુદા કુછ અતા કરે**
**હાશા ! ગલત ! ગલત ! યે હવસ બેબસર કી હૈ**

(૩) હઝરત અબૂ ઐયુબ અન્સારી رضی اللہ عنہ એ મરવાન ગવર્નરને થથરાવીને ધમકાવી કાઢયો અને એવું ફર્માવ્યું કે, હું માટી અને પથ્થર પાસે નથી આવ્યો બલ્કે હું રસૂલુલ્લાહ صلی اللہ تعالی علیہ وسلم ની બારગાહમાં હાજર થયો છું. રસૂલે પાક صلی اللہ تعالی علیہ وسلم ના સહાબીએ આવું ફર્માવીને હમેશાં માટે એ મસ્અલા પર સમર્થનની મહોર મારી દીધી કે રોઝા મુબારક પર હાજરી આપનાર યકીન તથા ઈમાન રાખે કે બારગાહે રિસાલતમાં હાજર થયો છું અને હુઝૂર સૈયદે આલમ صلی اللہ تعالی علیہ وسلم પોતાની કબ્રે અન્વરમાં જીવતા છે અને હું તથા મારા સર્વ અમલો તેમની સમક્ષ રોશન છે એટલા માટે દરેક





ઝિયારત માટે આવનાર કબ્રે અન્વરની પાસે તે જ અદબ તથા એહતેરામ અને તા'ઝીમ તથા તકરીમ સાચવે જે સહાબાએ કિરામ બારગાહે નબુવ્વતમાં હાજરી વખતે સાચવતા હતા. કેમ કે આજે પણ હુઝૂરે અન્વર صلی اللہ تعالی علیہ وسلم પોતાની તમામ જીવન જરૂરી બાબતો સાથે એવી રીતે જીવંત અને પોતાની ઉમ્મતના અમલો તથા હાલતોથી બાખબર છે કે દરેક શખ્સ કબ્ર શરીફ પાસે સંપૂર્ણ યકીન તથા વિ□ાસ સાથે એવું કહી શકે છે કે :

**તૂ ઝિંદા હૈ વલ્લાહ તૂ ઝિંદા હૈ વલ્લાહ,**
**મેરે ચશ્મે આલમસે છુપ જાને વાલે**

વળી અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہ એ નજદીઓના તે અકીદાની ધજ્જીઓ ઉડાડવામાં કોઈ કસર બાકી ન રાખી કે તેમનો અકીદો એવો છે કે મદીના શરીફમાં જતી વેળા મસ્જિદે નબવીની હાજરીની નિય્યત કરે અને રોઝા મુબારકની હાજરીની નિય્યત ન કરે ! હઝરત અબૂ ઐયૂબ અન્સારીએ સાફ સાફ ફર્માવી આપ્યું કે, "હું ઈંટ અને પથ્થર પાસે નથી આવ્યો ! બલ્કે ખાસ દરબારે રિસાલતમાં હાજરીની નિય્યત તથા ઈરાદાપૂર્વક અહીં આવ્યો છું. "સુબ્હાનલ્લાહ ! સહાબીએ રસૂલની ઈમાન અફરોઝ દીવાનગીભરી મહોબ્બતનું શું કહેવું ? ખુદાવંદે કુદ્દુસ દરેક મુસલમાનના દિલો દિમાગમાં મહબ્બતે રસૂલનો એવો આફતાબ તથા માહતાબ રોશન ફર્માવી આપે જેનાથી શરીરનું રુવેરુવું અને વાળે વાળ ઈમાનના નૂરની દૌલતથી માલામાલ થઈ જાય અને કબ્રે અન્વારની પાસે હાજર થતાં જ આ શેઅર દિલેથી સ્ફૂરે કે;

**અલ્લાહુ અકબર ! અપને કદમ ઔર યે ખાકે પાક !**
**હસરત મલાઈકા કો જહાં વઝએ સરકી હય**
**મેઅરાજ કા સમાં હૈ, કહાં પહૂંચે ઝાઈરો !**
**કુર્સીસે ઊંચી કુર્સી ઈસી પાક દરકી હય**

## ★ ઈબ્રાહીમ મુહદ્દિષ અને હેશામ ★

મશહૂર અને માયનાઝ મુહદ્દિષ ઈબ્રાહીમને દમિશ્કના ખલીફા

હેશામ ઈબ્ને અબ્દુલ મલિકે હોદ્દા માટે ઓફર કરી તો આપે એવું કહીને ઈન્કાર કરી દીધો કે, ''હું એને લાયક નથી.'' ખલીફા આપનો ઈન્કાર સાંભળીને ગુસ્સામાં રાતો ચોળ થઈ ગયો અને કહેવા લાગ્યો કે તમારે આ હોદ્દો કબૂલ કરવો પડશે નહીં તો સખ્ત સજા ભોગવવી પડશે. આપ હેશામની ગુસ્સાભરી ધમકીઓને ખૂબ શાંત ચિત્તે સાંભળતા રહ્યા. જ્યારે હેશામ ચૂપ થઈ ગયો તો આપે ફર્માવ્યું કે, હે અમીરુલ મો'મિનીન ! કુર્આન મજીદમાં અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે, (અર્થ) : ''અમે અમાનતને આસ્માનો અને જમીન અને પહાડો પર પેશ કરી તો તે સૌએ ડરી જઈને એ અમાનતના ભારને ઉઠાવવાની ઈન્કાર કરી દીધો.'' હે અમીરુલ મો'મિનીન ! જ્યારે અમાનતનો ભાર ઉઠાવવાથી ઈન્કાર કરવાને લીધે અલ્લાહ તઆલા આસ્માનો, જમીનો અને પહાડો પર નારાજ નથી થયો અને તે સૌને કોઈ સજા નથી આપી તો તમે મને અમાનતનો ભાર ઉઠાવવાથી ઈન્કાર કરવાને કારણે આટલા પ્રમાણમાં નારાજ થઈને કઈ રીતે સજા આપી શકો છો ? ઈબ્રાહીમ મુહદ્દિષની આ હક્કાની તકરીર સાંભળીને હેશામના હોશ હવાસ ઉડી ગયા અને તે લાજવાબ થઈને ચૂપ થઈ ગયો અને તે હોદ્દા પર કોઈ બીજાને નિયુકત કર્યો. *(તારીખુલ ખુલફા, પેજ–૧૭૩)*

## ★ કાઝી સવ્વાર અને મન્સૂર ★

બગદાદના ખલીફા મન્સૂરના સમયમાં કાઝી સવ્વાર ઈબ્ને અબ્દુલ્લાહ બસરાના કાઝી હતા. કેટલાક લોકોએ ખલીફા સમક્ષ ચુગલી કરી કે કાઝી સાહબ માણસ જોઈને ન્યાય આપતા રહે છે. તો ખલીફા મન્સૂરે આપને તજવીજ માટે દરબારમાં બોલાવ્યા. કાઝી સાહબ જેવા દરબારમાં પ્રવેશી મન્સૂર સામે ઉભા રહ્યા તેવામાં મન્સૂરને એકદમ છીંક આવી. પણ કાઝી સાહબે મન્સૂરની છીંક પર **યર્હમુકલ્લાહ** ન કહ્યું. તો મન્સૂરે આપને ધમકીભર્યા સ્વરમાં પૂછયું કે તમે મારી છીંક પર **યર્હમુકલ્લાહ** શા માટે ન કહ્યું ? કાઝી સાહબે બેધડક જવાબ આપ્યો, એટલા માટે કે આપે **અલ્હમ્દુલિલ્લાહ** નથી કહ્યું ! મન્સૂરે કહ્યું કે મેં દિલમાં **અલ્હમ્દુલિલ્લાહ** કહી લીધું હતું. તો કાઝી સાહબે કહ્યું કે, મેં પણ દિલમાં **અલ્હમ્દુલિલ્લાહ** કહી લીધુ હતું !





ખલીફા મન્સૂર કાઝી સવ્વારની નીડરતા અને હાજર જવાબીથી બેહદ પ્રભાવિત થયો અને કહ્યું કે, તમે જઈ શકો છો, અને તમારા હોદ્દા પર યથાવત રહેશો, જ્યારે તમે મારાથી પ્રભાવિત નથી થતા અને મારી હા માં હા નથી મિલાવતા તો પછી મને યકીન છે કે તમે કોઈની શખ્સિયતથી પ્રભાવિત નથી થઈ શકતા. અને કદાપિ કોઈનું મોઢું જોઈને કે કોઈના દબાણ હેઠળ ન્યાય નથી કરી શકતા. *(તારીખુલ ખુલફા, પેજ–૧૮૫)*

## ★ સલ્તનતની કિંમત ★

કહેવાય છે કે એકવાર ઈબ્ને સમાક رحمۃ اللہ علیہ બગદાદના ખલીફા હારૂન રશીદના દરબારમાં ગયા. અચાનક બાદશાહને તરસ લાગી તો પાણી માંગ્યું. ખાદીમે પાણીનો ગ્લાસ હારૂન રશીદના હાથમાં આપી દીધો. તો ઈબ્ને સમાકે ફર્માવ્યું કે, હે અમીરુલ મો'મિનીન ! જરા થોભી જાવ ! અને મને જણાવો કે જો તરસના સમયે કયાંય પાણી ન મળે અને તમે તરસથી બેકરાર થઈ જાવ તો આ એક ગ્લાસ પાણી તમે કેટલી કિંમત આપીને ખરીદશો ? હારૂન રશીદે જવાબ આપ્યો કે, અડધી સલ્નતત ! ફરી આપે પૂછયું કે જો આ પાણી આપના પેટમાં પહોંચી જાય અને તમારો પેશાબ બંધ થઈ જાય અને આ પાણી આપના શરીરમાંથી નીકળી ન શકે તો તમો એના ઈલાજમાં કેટલી રકમ ખર્ચી નાખશો ? હારૂન રશીદે કહ્યું કે પૂરી સલ્તનત ! આ સાંભળીને ઈબ્ને સમાકે ફર્માવ્યું કે, હે અમીરુલ મો'મિનીન ! તે સલ્તનત જેની કિંમત એક ગ્લાસ પાની અને તેનો પેશાબ હોય તો ભલા કેવી રીતે એને લાયક છે કે તેની લાલચ રાખવામાં આવે અને તેના પર ઘમંડ કરવામાં આવે. ઈબ્ને સમાકના આ શબ્દો સાંભળીને હારૂન રશીદ બાદશાહ મોટા અવાજથી રડવા લાગે છે અને કાંઈ જ બોલ્યો નહીં. *(તારીખુલ ખુલફા, પેજ–૨૦૩)*

## ★ હું આંધળો નથી ! ★

અહમદ ઈબ્ને અલી બસરી નકલ કરે છે કે એક દિવસ બગદાદના ખલીફા મુતવક્કિલ બિલ્લાહએ અલ્લામા અહમદ ઈબ્ને મઅદલને પોતાના દરબારમાં બોલાવ્યા. જ્યારે સર્વ આલિમો આવી ગયા ત્યારે ખલીફા

પોતાના પૂરા ઠાઠમાઠ સાથે બાદશાહી દમામભેર શાનો શૌકતથી દરબારમાં આવ્યો. ખલીફાને જોતાં જ સર્વ લોકો તેની તા'ઝીમ માટે ઉભા થઈ ગયા પણ અલ્લામા અહમદ ઈબ્ને મઅદલ યથાવત બેઠેલા રહ્યા અને પોતાના સ્થાનેથી હાલ્યા પણ નહીં. ખલીફાએ અલ્લામાની આ હરકતથી નારાજગી દર્શાવતાં પોતાના ખાદિમ અબ્દુલ્લાહને પૂછયું કે શું તેમણે મારી બયઅત નથી કરી ? શું તેઓ મને અમીરુલ મો'મિનીન નથી માનતા ? અબ્દુલ્લાહે અર્ઝ કરી કે, કેમ નહીં ! પરંતુ હે અમીરુલ મો'મિનીન ! એમની દ્રષ્ટિમાં કાંઈક કમી આવી ગઈ છે, કદાચ તેમણે તમોને જોયા નથી. આ સાંભળીને અલ્લામા અહમદ ઈબ્ને મઅદલે મોટા અવાજથી ફર્માવ્યું કે, નહીં ! હે અમીરુલ મો'મિનીન ! હું આંધળો નથી ! પણ મેં તમને અલ્લાહ તઆલાના અઝાબથી બચાવી લીધા છે. કેમકે હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم નું ફર્માન છે કે, "જે શખ્સ એ વાતને પસંદ કરે છે કે લોકો તેની સામે ઉભા રહે, તેણે જોઈએ કે તે પોતાનુ ઠેકાણુ જહન્નમમાં બનાવે." આ સાંભળીને મુતવક્કિલ બિલ્લાહ અલ્લામા અહમદની બાજુમાં બેસી ગયો અને કાંઈ જવાબ ન આપ્યો. *(તારીખુલ ખુલફા, પેજ–૨૪૪)*

**સારાંશ** : ઉપરોકત હિકાયતોમાં એ હકીકત ઝગમગી ઉઠે છે કે પૂર્વજ આલિમો સત્ય વાતનું એલાન કરવામાં કદાપિ કોઈ બાદશાહોના રૂઆબ કે જલાલથી પ્રભાવિત તથા ભયભીત થતા ન હતા બલ્કે ખૂબ જ નીડર અને ભયમુકત રહી ઉમરાવો તથા સુલ્તાનોને નસીહત કરતા હતા. અને સત્ય વાત (કલ્માએ હક્ક)ના એલાનમાં પોતાના જાનની પણ પરવા કરતા ન હતા. આ હકીકત તેમની ઈમાની કુવ્વતો અને રૂહાની શકિતઓનો કરિશ્મો હતો કે મોટા મોટા જાલિમો જાબિર બાદશાહોની તલવારો આ ફરિશ્તા સિફત આલિમોની ઝબાની તલ્વાર સામે બુઠ્ઠી થઈ જતી હતી ! અને એ અલ્લાહવાળા બુઝુર્ગોની દરેક તકરીર સત્યની તાસીરની તલ્વાર બનીને જાલિમોના જુલ્મી ઈરાદાઓનાં ચિથરાં ઉડાડી દેતી હતી. હકીકતમાં આ જ તે મુકદ્દસ જમાઅત છે જેમના વિશે ખુદા તઆલાએ કુર્આને પાકમાં ઈર્શાદ ફર્માવ્યો, **લા યખાફૂન ઈલ્લલ્લાહ** એટલે કે આ તે લોકો છે જેમના સીનાઓમાં અલ્લાહના ખૌફના સિવાય કોઈ ગૈરુલ્લાહના ડરને અવકાશ





જ નથી, આ લોકો કેવળ અલ્લાહથી ડરે છે અને આખી ખુદાઈમાં કોઈનાથી નથી ડરતા. જેના પરિણામે તેમના સરો પર **લા ખૌફુન અલયહિમ વલાહુમ યહઝનૂન**નો તાજ પહેરાવીને તેમને અમ્ન તથા બેખૌફી અને મુજાહિદાના હિંમતના એવા સુલ્તાન બનાવી આપે છે કે આ લોકો કેવળ ખુદાથી ડરે છે અને આખી ખુદાઈ તેમનાથી ડરવા લાગે છે. અને તેમની એ શાન જોવા મળે છે કે તેમના દુશ્મન પણ તેમને જોઈને પોકારી ઉઠે છે કે :–

**ગૈરે હક્ક કે સામને મો'મિનકા સર ઝુકતા નહીં**
**યે વો તુફાં હે પહાળોંસે ભી જો રુકતા નહીં**

વર્તમાન સમયના મહાન 'ઉલમાએ કિરામ' તથા 'મશાઈખે એઝામ' કહેવાતા હઝરાત કેવળ એ બીકે હક્ક વાત કહેવાથી પાછા હટે છે અને ગોળ ગોળ જવાબો આપે છે કે લોકો અમારાથી નારાજ થઈને દૂર થઈ જશે, એ બીકે બદ્અમલો અને બદ્અકીદાઓની ઝાટકણી કાઢતા નથી, રસ્મી તકરીરો કરી નારાઓ લગાવડાવી પોતાના ઠેકાણે ચાલ્યા જાય છે ! જો સર્વ આલિમો તથા શયખો તે અગાઉના ઉલમાના ડગલે ચાલીને બદ્અકીદાની તથા બદ્અમલોની સ્પષ્ટ રદ કરે અને ઈમાનની તથા નેક અમલોની, શરીઅતની પાબંદીની સાચી સમજ પોતાના ચાહકો તથા અવામને આપે તો દેશના માહોલનો નકશો જ બદલાઈ જાય. પણ અફસોસ ! સેંકડો અફસોસ ! કે આ દૌરમાં મોટા ભાગના ઉલમાએ કિરામનો અમલ તથા કિરદાર એટલા અંશે પડેલો તથા હક્કનિયતનો જોશ તથા જઝબો એટલા અંશે મૃતપાય થઈ ચૂકયો છે કે દરેક જોનાર તેમને જોઈને એવું જ કહે છે કે :–

**મૈંને અય મીરે સિપહ તેરી સિપહ દેખી હૈ**
**"કુલ હુવલ્લાહ" કી શમશીરસે ખાલી હૈ નિયામ**

## ★ હઝરત મુજદ્દિદ અલ્ફેષાની અને જહાંગીર ★

હઝરત ઈમામ રબ્બાની મુજદ્દિદ અલ્ફેષાની શેખ અહમદ સરહિંદી رحمۃ اللہ علیہ એ સાચા આલિમોમાંથી છે જે અકબરી દૌરના બેદીન

રીવાજો અને જહાંગીરી સમયની કુફ્ર નવાઝીઓને દૂર કરવાના માટે પોતાની જીભ તથા કલમથી જિંદગીભર જેહાદમાં પ્રવૃત્ત રહ્યા અને અમલની કોશિશ કરતા રહ્યા. દરબારના ખુશામતી આલિમોએ આપની વિરૂદ્ધ જહાંગીર સમક્ષ એવી આડી અવળી વાતો ચગાવી કે જહાંગીર પોતાની સલ્તનતના ઘમંડમાં આપનાથી નારાજ થઈ ગયો અને આપને દરબારમાં બોલાવીને ઘણી જ સખ્ત રીતે વાત કરી. આપે જહાંગીરના બધા સવાલોના ઘણા જ સંતોષકારક અને ચુપ કરવવાવાળા જવાબ આપ્યા અને જહાંગીરની ગઝબનાક ધમકીઓની જરા પણ આપના પર અસર ન થઈ. આપની સાચી સાચી વાતોથી જહાંગીર બળીને ખાક થઈ ગયો, એનાથી કોઈ જવાબ તો ન બન્યો પણ હુકૂમતના નશામાં આપની બેઈજ્જતી કરવા લાગ્યો અને ગ્વાલિયરના કિલ્લામાં આપને કેદ કરી દીધા. આપે જહાંગીરના આ જુલ્મી વર્તાવને ઘણા જ ઠંડા દિમાગની સાથે કબૂલ કરી લીધો અને કિલ્લાની ચાર દિવાલોમાં કેદ થઈને રહેવા લાગ્યા.

હિંદુસ્તાનમાં આપના લાખો મુરીદો અને અનુયાયીઓ હતા. બલ્કે દરબારના અમુક માલદારો સલ્તનતના ઉમરાવો પણ આપના જ મુરીદ તથા અનુયાયી હતા. આપના એક સામાન્ય ઈશારા પર જહાંગીરી હુકૂમતની ગાદી વેરવિખેર થઈ શકતી હતી. પણ આપે હુકૂમતની વિરૂદ્ધ એક શબ્દ પણ ન કહ્યો પરંતુ અકબર તથા જહાંગીરના શરીઅત વિરૂદ્ધ મુશ્રિકાના રીવાજો અને કુફ્ર નવાઝીઓના વિરૂદ્ધ બરાબર રીતે પોતાની જીભ તથા કલમથી જેહાદના નારા બુલંદ કરતા રહ્યા. જહાંગીરને જ્યારે આપની ઈજ્જત, દબદબો અને તબ્લીગી કારનામાંઓની ખબર પડી અને દરબારના ઉમરાવોની નજરો પણ કાંઈક વિમુખ થવા લાગી તો એને ભાન આવ્યું. તરત જ આપને કેદમાંથી મુકત કરીને દરબારમાં ઘણી જ ઈજ્જત અને અદબની સાથે દા'વત આપ્યું અને માફીની માંગણી કરી, બલ્કે આપના હક્ક પરસ્ત પર તૌબા કરીને આપનો મુરીદ થઈ ગયો અને એ ઈચ્છા જાહેર કરી કે મારા ફરઝંદ શાહઝાદા ખુર્રમ (શાહજહાં)ને આપ પોતાની ખિદમતમાં રાખીને એની સુધારણા કરો. *(ઉલ્માએ હક્ક, પેજ–૪૭)*

સુબ્હાનલ્લાહ ! હઝરત ઈમામ રબ્બાની رحمۃ اللہ علیہ ના આ જ





મુજાહિદાના કારનામાઓથી પ્રભાવિત થઈને ડોકટર ઈકબાલે પણ સરહિંદ શરીફમાં મઝાર પૂરનૂર પર હાજર થઈને આપની શાનમાં મન્કબત પેશ કરી હતી :–

**હાઝિર હુવા મૈં શૈખ મુજદ્દિદકી લહદ પર**
**વો ખાક હૈ ઝેરે ફલક મત્લએ અન્વાર**

**ઈસ ખાકકે ઝર્રોંસે શર્મિંદા હૈ સિતારે**
**ઈસ ખાકમેં પોશીદા હૈ વો સાહિબે અસ્રાર**

**ગરદન ન ઝુકી જિસ્કી જહાંગીર કે આગે**
**જિસ્કે નફસે ગરમસે હૈ ગર્મીએ અજરાર**

**વો હિંદમેં સરમાયાએ મિલ્લતકા નિગેહબાન**
**અલ્લાહને બર વકત કિયા જિસ્કો કે બેદાર**

**કી અર્ઝ યે મૈંને કે અતા ફક્ર હો મુઝ કો**
**આંખેં મેરી બીના હૈં વ લેકિન નહીં બેદાર**

**આઈ યે સદા સિલસિલાએ ફક્ર હુવા બંદ**
**હૈ અહ્લે નઝર કિશ્વરે પંજાબસે બેઝાર**

**આરિફકા ઠિકાના નહીં વો ખિત્તા કે જિસ્મેં**
**પૈદા કુલહે ફક્રસે તુર્રએ દસ્તાર**

**બાકી કુલહે ફક્રસે થા વલવલાએ હક્ક**
**તુર્રોંને ચળ્હાયા નશાએ ખિદમતે સરકાર**

## ★ શાહ વલીયુલ્લાહ અને નજફખાં ★

હઝરત શાહ વલીયુલ્લાહ સાહબ મુહદ્દિષ દહેલ્વી એ સમયમાં જ્યારે કે હિંદુસ્તાનના મદ્રસાઓમાં દરેક બાજુ મન્તિક તથા ફિલોસોફી (તત્વ ચિંતન)નો દૌર તેજીમાં હતો, આપે કુર્આન તથા હદીષના દર્સની ચર્ચા કરી. ફારસી ભાષામાં કુર્આન મજીદનો અનુવાદ લખ્યો તથા અન્ય ફાયદામંદ કિતાબો લખી, થોડાક સમયના માટે હરમૈન–શરીફૈનમાં પણ રોકાયા.

શાહ આલમ બાદશાહના સમયમાં નવાબ ઝુલ્ફિકારુદૌલા નજફખાં ઈરાની અમીરુલ ઉમરા હતો. એના સમયમાં રાફઝીયતનો બહોળો પ્રચાર થયો, એટલે સુધી કે દિલ્હીમાં જાહેર રીતે ખુલ્ફાએ રાશેદીનની મનકબત બયાન ન કરી શકાતી હતી. દરેક બાજુ માતમપુર્સી તાઝીયા પરસ્તી અને રાફજીપણાની ધુમધામ હતી. હઝરત શાહ સાહબે આ ગુમરાહીને જડમૂળ માંથી ઉખાડી કાઢવા માટે કલમ ઉઠાવી અને પોતાની પ્રખ્યાત કિતાબ "ઈઝાલતુલ ખફાઅ" લખી. આ કિતાબ છપાતાં જ રાફજીઓમાં માતમ છવાઈ ગયો એટલે સુધી કે અમીરુલ ઉમરા નજફખાંને એની જાણ કરવામાં આવી. તેણે આપને કહ્યું કે, આપ એવી કિતાબ ન લખો જેનાથી રાફજીઓને તકલીફ પહોંચે. આપે ઘણી જ ઈમાની હિમ્મતની સાથે આ જવાબ આપ્યો કે, **મારો એક આલિમે દીનની હૈસિયતથી ફર્ઝ છે કે હું સાચી વાતને પોતાની જીભ તથા કલમથી જરૂર જરૂર જાહેર કરતો રહું, એટલા માટે હું મઝહબે અહલે સુન્નતની તરફદારીથી કદી પણ મારી કલમને નથી રોકી શકતો.** નજફખાં આપના આ મુજાહિદાના જવાબથી ગુસ્સામાં બળીને ખાક થઈ ગયો અને એવો જુલ્મ કર્યો કે પંજાઓથી આપના હાથોને તોડી નાખવાનો હુકમ આપી દીધો, જેથી કલમ પકડવાની તાકત જ ન રહે. પણ આ બનાવ પછી પણ આપનો હોંસલો ધીમો ન પડયો બલ્કે આપે શાગિર્દોથી લખાવવાનું શરૂ કરી દીધું અને આ રીતે આપના લખાણોનો સિલસિલો બરાબર એક ધારો ચાલુ રહ્યો. જેમ કે એ ઝમાનાની કેટલીય કિતાબો હઝરત શાહ સાહબ رحمۃ اللہ علیہ ની લખેલ હાલ મૌજૂદ છે. સ.હિ. ૧૧૭૬ માં આપનો વિસાલ થયો. *(ઉલમાએ હક્ક, પેજ–૪૮)*

## ★ ભેટ સામે તલ્વાર ! ★

હઝરત શાહ અબ્દુલ અઝીઝ સાહબ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ પોતાના સમયમાં "સદરુલ ઉલમા" હતા. કુર્આન તથા હદીષના દર્સમાં પોતાના પિતા હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વીના પછી આપણો ઘણો જ મોટો ફાળો છે. અને લગભગ હિંદુસ્તાન ભરના મુહદ્દિષો આપના જ શાગિર્દોના શાગિર્દોમાંથી નીકળેલ ઉત્તમ નમૂના છે. તફસીરે અઝીઝી





તથા ફતવા અઝીઝીયા વગેરે આપની ઘણી જ અમૂલ્ય કૃતિઓ છે. અને રાફઝીઓની વિરૂધ્ધમાં આપની કિતાબ "તોહફાએ ઈષ્ના અશરીયા" તો આપનું એવું સૌથી મહાન કારનામુ છે કે આજ સુધી રાફજીઓ એનો જવાબ લખી નથી શકયા. નવાબ આસિકુદ્દૌલાએ મોલવી દિલદાર અલી જાઈસી મુજતહિદે લખનૌથી "તોહફા ઈષ્ના અશરીયા" ના જવાબમાં એક કિતાબ લખાવી જેનું નામ "ઝુલ્ફિકાર" (તલ્વાર) છે. એક વખત નવાબ આસિકુદ્દૌલાએ પોતાના એક ખાસ મિત્ર મિર્ઝા કતીલને પૂછયું કે કિબ્લાઓ કા'બાએ તોહફા ઈષ્ના અશરીયાના જવાબમાં કેવી કિતાબ લખી છે ? મિર્ઝા કતિલે કહ્યુ કે, ખૈર ! કિતાબ જેવી હશે એ પોતાની જગા પર છે, પણ કિબ્લાઓ કા'બાને તો કિતાબનું નામ પણ રાખવાનું પણ ન આવડયું ! ભલા એ કાંઈ યોગ્ય છે કે શાહ અબ્દુલ અઝીઝ તો તોહફો આપે અને કિબ્લાઓ કા'બા એના જવાબમાં ઝુલ્ફિકાર (તલ્વાર) બતાવે ?! મિર્ઝા કતીલ પોતે શિયા હતા તેમ છતાં ઘણા જ હોશમંદ અને ચોખ્ખુ કહેવાવાળા માણસ હતા, એટલા માટે સાચી વાત એમને કહેવી પડી અને નવાબ સાહબે પણ ચુપ જ થવુ પડયું !

તોહફા ઈષ્ના અશરીયાને છપાતાં જ રાફજીઓમાં ખળભળાટ મચી ગયો અને અમીરુલ ઉમરા નજફખાંએ આપને તકલીફ પહોંચાડવાનું નક્કી કરી લીધું. છેવટે મશહૂર છે કે ઝહેરવાળી સબકલીને ઉકાળેલ પાણીનો મસાલો બનાવી હઝરત શાહ સાહબના શરીર પર જબજસ્તી ચોપડાવી દીધો ! જેનાથી આપના શરીર પર કોઢની અસર દેખાવા લાગી અને આપને અને આપના ભાઈ હઝરત શાહ અબ્દુલ કાદિરને દિલ્હીથી તડીપાર કરી દીધા. છેવટે નજફખાંના મરણ પછી આપ લોકો પાછા દિલ્હી ગયા. ૨૫ રમઝાન સ.હિ. ૧૧૫૯ માં આપ પૈદા થયા અને ૭ શવ્વાલ, સ.હિ. ૧૨૩૯ માં વિસાલ થયો. *(ઉલ્માએ હક્ક, પેજ–૫૧)*

ઉપરની ત્રણ હિકાયતોથી બે બોધદાયક પરિણામો ઘણા જ સ્પષ્ટ રીતે જાહેર થાય છે :–

**(૧)** ઉલ્માએ સલફે (પૂર્વજ આલિમોએ) દીનના રક્ષણ અને ખિદમતમાં જાલિમ ઉમરાવો, બાદશાહોના હાથો થકી કેવી કેવી હોશ ઉડાડી

દેનારી મુસીબતો વેઠી છે, પણ મુસીબતો તથા તકલીફોના આ તોફાનોમાં પણ તેઓ બરાબર મિલ્લતે ઈસ્લામિયાની હોડીની નાખુદાઈ કરતા રહ્યા, અને તાલીમે રસૂલના મુકદસ નાવને ગર્ક થવાથી બચાવતા રહ્યા, એટલે સુધી કે દીને ઈસ્લામ સહી સલામત હાલતમાં આપણા લોકો સુધી પહોંચ્યો. આ ઉલ્માએ સલફનું ઉમ્મતે રસૂલ પર એટલું મહાન એહસાન છે કે કયામત સુધી ઉમ્મતે મુસ્લિમા હજારો શુક્રિયા અદા કરતી રહે છતાં તેનો શુક્ર અદા નથી કરી શકતી. આ પરથી એ મુસલમાનોની આંખો ખુલી જવી જોઈએ જેઓ દિવસ–રાત ઉલ્મા પર મહેણાં તાણા કરતા રહે છે અને ખુલ્લમ ખુલ્લા એમ કહ્યા કરે છે કે, મોલવીઓએ મસ્જિદના લોટા તોડવા અને મફતખોરી સિવાય કૌમના માટે કશું કામ જ નથી કર્યું ! ખુદાને ખાતર ઈન્સાફ કરશો કે અકબર બાદશાહ અને જહાંગીર બાદશાહની કુફ્રી રસ્મો અને અકબરના સ્થાપેલ દીને ઈલાહીના વિરૂદ્ધ જો હઝરત મુજદ્દિદ અલ્ફેષાનીએ જેહાદનો નારો બુલંદ ન કર્યો હોત તો કદાચ બેદીનોએ, કાફિરોએ અત્યાર સુધીમાં ઈસ્લામના હસીન અને ખૂબસૂરત નૂરાની ચેહરાને કાળો કરી દીધો હોત અને હિંદુસ્તાનમાં સાચા ઈસ્લામનું નામો નિશાન લોકોની નજરોથી ઓઝલ થઈ જાત. એવી રીતે જો હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલવી અને હઝરત શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલવીએ કમરકસીને રાફજીઓની વિરૂધ્ધ બીડુ ન ઝડપ્યું હોત તો રાફજી હાકિમોએ પોતાના જોરજુલ્મથી લગભગ અહલે સુન્નતનો જનાઝો કાઢી નાખ્યો હોત, પણ આજે એ જ ઉલ્માએ હક્કની કોશિશોનું પરિણામ છે કે અકબરનો દીને ઈલાહી અને એની મુશ્રિકી રશ્મો, રીત–રીવાજો એવી રીતે દફન થઈ ગયા કે એમની કબ્રોનું પણ નામો–નિશાન નથી મળતું. અને સાચા ઈસ્લામનો સૂર્ય પોતાની પૂરી ચમકદમકની સાથે હિંદુસ્તાનના ખૂણેખૂણામાં આજે પણ ચમકી રહ્યો છે અને ખુદાના શુક્રથી અહલે સુન્નતની મહાનતાનો પરચમ પોતાની મૂળભૂત શાનની સાથે સરબુલંદ થઈને હિંદના રહેવાવાળાઓના દિલ દિમાગની દુનિયામાં લહેરાઈ રહ્યો છે.

**(૨)** હાલના જમાનાના આલિમોના માટે પણ નૂરાની હિકાયતમાં ઘણા જ મોટા સબકનો સમાન છે, કે આપણા બુઝુર્ગોને દીનની ખિદમત





અને ઈસ્લામની તબ્લીગમાં જે મુશ્કેલીઓ અને મુસીબતો સહન કરવી પડતી હતી અને ઉલ્માએ સલફ જેવી હોશરૂબા મુસીબતો તથા બલાઓના શિકાર થયા કરતા હતા તેની સરખામણીમાં આજે આપણા માટે એ મુશ્કેલીઓ તથા તકલીફોનો પા ભાગ પણ નથી, તો પણ આપણે નાહિંમત થઈને હાથ પર હાથ રાખીને બેઠેલા છીએ, ન કોઈ તબલીગી મરકઝ કાયમ કરીએ છીએ ન કૃતિઓ લખીને કૌમને ચોખ્ખે ચોખ્ખું વર્ણન રજુ કરીએ છીએ, ન કોઈ ગોઠવણ કરીને ઈજતેમાઈ હૈસિયતથી કોઈ મઝહબી તેહરીક ચલાવે છે, વળી નાસ્તિકતા તથા બેદીનનું પૂર કોમ્યુનિઝમની સૂરતમાં અને બદમઝહબીયતનું તોફાન જુદી જુદી ચળવળોના સ્વરૂપમાં આખા દેશને પોતાની લપેટમાં લઈ રહ્યું છે, અને ઉલ્માએ અહલે સુન્નત ચુપચાપ તમાશા જોવાવાળા બનીને બેઠા છે ! એમને કાંઈ ફિકર જ નથી કે કેટલો ભયાનક ઈન્કિલાબ અજગરની જેમ મોં ફાડીને ચાલ્યો આવે છે, વારંવાર બુમો પાડવા અને ફરિયાદો કરવા છતાં કોઈ 'લબ્બેક' કહેવા તો શું પણ કોઈ સાંભળવા પણ તૈયાર નથી અને બિલકુલ એ જ પરિસ્થિતિ થઈ ગઈ છે, જેમ કે કોઈ અરબી શાયરે પોતાની એક કૃતિમાં ઈર્શાદ કર્યો છે કે :–

**(અર્થ)** : "જો તમે કોઈ જીવતાને બોલાવતા તો જરૂર તમારા અવાજનો જવાબ આપતો, પણ તમે એ વ્યકિતને બોલાવી રહ્યા છો જેમાં જિંદગી જ નથી ! જો તમે આગમાં ફૂંક મારતા તો એ જરૂર પ્રકાશિત થઈ જતી, પરંતુ તમે તો રાખમાં ફૂંક મારી રહ્યા છો !"

**અબ ખુદા હી મેરી કશ્તી કો બચાએ તો બચે**
**ઝુલ્મતેં યાસ કી હૈં, શામ હૈ તુફાનોંકી**

## ★ અલ્લામા ફઝ્લે હક્ક ખૈરાબાદી ★

હઝરત અલ્લામા ફઝ્લે હક્ક ખૈરાબાદી رحمۃ اللہ علیہ સ.હિ. ૧૨૧૨ માં પૈદા થયા. પોતાના પિતા મૌલાના ફઝ્લે ઈમામ સાહબથી બધા ઈલ્મો ફનની તાલીમ મેળવીને હદીષની સનદ મૌલાના શાહ અબ્દુલ કાદિર સાહબ દહેલ્વીથી મેળવી અને ૧૪ વર્ષની ઉમ્રમાં શિક્ષણ પૂરું કરીને પોતાના પિતાના શાગિર્દોને દર્સ આપવા લાગ્યા.

અલ્લામા ફઝ્‌લે હક્ક અહલે સુન્નતના સુવિખ્યાત વિ□સનીય આલિમ હતા. મૌલવી ઈસ્માઈલ દહેલ્વીએ જયારે 'તકવિયતુલ ઈમાન' લખીને વહાબી ધર્મનો ફેલાવો કર્યો, તો આપે મૌલ્વી ઈસ્માઈલ દહેલવીથી મુનાઝરો કર્યો અને આપના તકરીરી તથા લેખિત મુનાઝરાઓથી મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીની બધી ગુમરાહીઓ કરોળિયાના જાળાની જેમ તૂટી ફૂટીને વિખેરાઈ ગઈ, અને વહાબિયતના ટુકડે ટુકડા થઈ ગયા.

આપ બાદશાહ અકબરશાહ ષાનીના સમયમાં બ્રિટીશ રાજમાં રેઝીડન્ટના (અદાલતમાં ઓફિસના હેડ)ના સ્થાને રહ્યા પછી ઝઝરના નવાબને ત્યાં ગયા, પછી રામપૂરના નવાબના ઉસ્તાદ રહ્યા, થોડાક સમય અલુરમાં પણ રોકાયા. પછી નવાબ વાજિદ અલી શાહના સમયમાં લખનૌમાં 'સદરુસ્સુદૂર'ના હોદ્દા પર બિરાજમાન થયા. સ.હિ. ૧૮૫૭ માં લૂટમાર, બગાવત, ફિત્ના ફસાદ ફેલાવવાનું શરૂ થયું તો દિલ્હી આવ્યા અને બહાદુરશાહથી મળ્યા અને અંગ્રેજોની વિરૂધ્ધ જેહાદનો ફત્વો લખ્યો, બહાદુરશાહને જયારે અંગ્રેજોએ ગિરફતાર કરીને રંગૂન મોકલી દીધા તો આપ પોતાના વતન ખૈરાબાદમાં છુપાઈ ગયા, પરંતુ સીતાપુરના હાકિમે આપને ગિરફતાર કરીને લખનૌ મોકલી દીધા અને અંગ્રેજોએ બગાવતના ગુનાનો આપ પર મુકદમો (કેસ) ચલાવ્યો. સરકારી વકીલની સામે હઝરત અલ્લામા પોતે જ બહસ કરતા હતા અને સરકારી વકીલને વારંવાર ચુપ કરી દેતા હતા. જજ આ રંગ જોઈને પરેશાન હતો. જજની સમક્ષ આપની હાજરીમાં જયારે સરકારી ગવાહ હાજર થયો તો તેણે આપને જોઈને એવું કહ્યું કે, આ તે ફઝ્‌લે હક્ક નથી જેમણે જેહાદનો ફત્વો આપ્યો છે, તે બીજી વ્યકિત છે. આપ તરત જ બોલી ઉઠયા કે આ ગવાહની પહેલી ખબર બિલકુલ સાચી છે, હવે આ જે કાંઈ કહી રહ્યો છે બિલકુલ ખોટુ છે ! મારા પર જે જુર્મનો આક્ષેપ છે એ બિલકુલ સાચો છે. હું એ જ ફઝલે હક્ક છું જેણે અંગ્રેજોની વિરૂદ્ધ જેહાદનો ફત્વો આપ્યો છે, અને આજે પણ હું મારા ફત્વા પર અટલ છું જજે આપના આ કબૂલાતી બયાનથી મજબૂર થઈને કાળા પાણીની સજા





ફર્માવી જેને આપે ખુશ ચેહરે ઠંડા કલેજે કબૂલ કરી લીધી અને આપને આંદામાન ટાપુ પર મોકલી દેવામાં આવ્યા અને ત્યાં ૧૨ સફર સ.હિ. ૧૨૭૮ માં આપ વફાત પામ્યા. *(ઉલ્માએ હક્ક, પેજ-૫૬)*

**બોધ** :- સરકારી ગવાહના આ બયાન પછી કે આ એ ફઝ્‌લે હક્ક નથી જેમણે અંગ્રેજોની વિરૂદ્ધ જેહાદનો ફત્વો આપ્યો છે, હઝરત અલ્લામાનું ઈજ્જત સાથે મુકિત થઈ જવાનુ બિલકુલ નક્કી હતું પણ હઝરત અલ્લામાની ઈમાની ગૈરતે (શરમે) એને કબૂલ ન કર્યું કે હું મારા ફત્વાથી પાછો ફરૂં કે પોતાના ફત્વાને છુપાવું. આપે કેદમાં બંધ અને તડીપારની હોશ ઉડાડનારી મુસીબતોને ઠંડા દિલે કબૂલ કરી લીધી પણ સચ્ચાઈ અને આત્માના અવાજની વિરૂદ્ધ બોલવું તો દૂરની વાત પણ ચૂપ રહેવાનુ પણ પસંદ ન કર્યું. આ તારીખી દસ્તાવેઝથી આપની અડગતાનો અંદાઝો લગાડી શકાય કે આપ અંગ્રેજોની વિરૂદ્ધ આઝાદીના જેહાદમાં કેટલા અડગ મુજાહિદ હતા અને કેટલી મુજાહિદાના હિંમતની સાથે અંગ્રેજોની વિરૂદ્ધ જેહાદનો ફત્વો આપ્યો હતો. પણ અફસોસ કે બદમઝહબીના પૂર્વગ્રહને લીધે દેવબંદીઓએ મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી અને સૈયદ અહમદશાહ રાય બરેલ્વી વગેરેને તો મુજાહિદ રૂપે ખૂબ ખૂબ ઉછાળ્યા, પણ અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદી رحمۃ اللہ علیہ ની કયારેય ભૂલથી પણ વાત નથી કરી. તેમ છતાં બનાવ એ છે કે મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી વગેરેએ જિંદગીભર કયારેય જેહાદ તો મોટી વાત છે, કદી અંગ્રેજોની હુકૂમતની વિરૂદ્ધ જીભથી પણ બોલવાની કોશિશ નથી કરી. પરંતુ ભરોસાપાત્ર ઈતિહાસ અને તારીખી દસ્તાવેજોથી એ સાબિત છે કે મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીની પાર્ટીને અંગ્રેજ અફસરો રકમો અને માલ આપ્યા કરતા હતા, અને કયારેક કયારેક એ લોકોની દા'વત કરતા હતા. જેથી અઝીઝ મોહતરમ મૌલાના અલ્લામા મુશ્તાક અહમદ નિઝામી ઈલાહાબાદી رحمۃ اللہ علیہ એ પોતાની કિતાબ 'ખૂન કે આંસૂ''માં ઘણી જ સારી રીતે આ હકીકત ઉપરથી પડદો ઉઠાવ્યો છે. મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીની પાર્ટીએ જે બાલાકોટ વગેરે સૂબા સરહદના વિસ્તારોમાં મુસલમાન ઉમરાવો અને શીખોથી જંગ કરી તે અંગ્રેજોના ઈશારા પર કરી અને એનો હેતુ અંગ્રેજી હુકૂમતના પાયાને મજબૂત કરવા સિવાય બીજુ કાંઈ ન હતું.

પણ હિટલરનો પ્રચાર–પ્રસારણ પ્રધાન ગોબેલઝ કહ્યા કરતો હતો કે, "મોટામાં મોટું જૂઠ કેમ ન હોય, પરંતુ એને વારંવાર કહેતો રહો તો થોડાક દિવસોમાં એ જૂઠ સાચુ બની જશે !" બિલકુલ એ જ વાત અહીં થઈ, કે મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીને જૂઠ મૂઠ અંગ્રેજોના મુકાબલામાં આઝાદીનો મુજાહિદ બનાવીને એ જૂઠને દેવબંદી પ્રેસે વર્ષો વર્ષ એટલા પ્રમાણમાં ઉછાળ્યું કે આજે લોકો એને આઝાદીનો મુજાહિદ સમજવા લાગ્યા ! બલ્કે આઝાદીની લડતના શહીદના સંબોધનથી યાદ કરવામાં આવે છે ! તેમ છતાં હકીકત એ છે કે જે આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ એ પોતાના શેઅરમાં લખી દીધું છે કે :–

**વો જિસે વહાબિયહ્‌ને દિયા હૈ લકબ શહીદો ઝબીહકા**
**વો શહીદે લૈલા એ નજદ થા, વો ઝબીહે તેગે ખેયાર હૈ**

## ★ હક્કનો રુઆબ ! ★

હઝરત મૌલાના મુહમ્મદ નૂર સાહબ લખનવી (શાગિર્દ મલેકુલ ઉલમા બેહરૂલ ઉલૂમ) એક દિવસ કયાંક જઈ રહ્યા હતા. સામેથી ઓધના બાદશાહનો વઝીર અલી બક્ષ હાથી પર બેસીને આવતો હતો. તેણે હઝરતને જોઈને એટલી અદબ કરી કે હાથીને બેસાડીને જમીન પર ઉતરી પડયો અને નજીક આવીને સલામ અર્ઝ કરી પરંતુ તે છતાં એની દાઢી મુંડેલી હતી અને એ રાફજી પણ હતો, એટલા માટે આપે એના તરફથી ચેહરો ફેરવી લીધો. એ સમજયો કે કદાચ મને જોયો નથી, એટલા માટે બીજી બાજુ જઈને સલામ કરી તો આપે એ બાજુથી પણ ચેહરો ફેરવી લીધો, તેણે ત્રીજા વખત ફરી સલામ કરી પણ આપે જવાબ ન આપ્યો. તો એ ગુસ્સામાં આવીને હાથી પર ચઢીને એવું કહેતો ચાલ્યો ગયો કે મેં ફિરંગી મહેલના પુરૂષોની દાઢીઓ અને સ્ત્રીઓનાં માથાં ન મુડાવી નાખ્યાં તો અલી બખ્શ નામ નથી ! જયારે મકાન પર તશરીફ લઈ ગયા તો એક વિદ્યાર્થીએ અલી બખ્શનું એ વાકય કહ્યું. આપ એ સાંભળીને તરત જ બહાર તશરીફ લાવ્યા. એ





વખતે હઝરત મૌલાના સૈયદ આલે રસૂલ સાહબ મારહરવી અને હઝરત મૌલાના ફઝલે રસૂલ સાહબ બદાયૂની رضی اللہ تعالیٰ عنہما આપના બંને શાગિર્દ હાજર હતા તેમણે કહ્યું કે, હુઝૂર ! કયાં તશરીફ લઈ જઈ રહ્યા છો ?! આપે પૂર્વી ભાષામાં ફર્માવ્યું કે, "બેટાઓ ! 'નૂર'ની મૂર્ખાઈઓ તો છે ! અલી બખ્શ આવ્યો હતો ! સલામ કરી હતી તો જવાબ આપી દીધો હોત ! હવે એ કોઈની દાઢી મૂંડી લેશે, કોઈની મૂછ મૂંડશે, નૂરાની મૂર્ખાઈઓ તો છે !" એવું ફર્માવતા આપ સીધા શાહી મહેલે રવાના થઈ ગયા, જો કે આથી પહેલાં આપ કયારેય પણ શાહી મહેલમાં તશરીફ ન લઈ ગયા હતા. પાછળ પાછળ આપના આ બંનેવ શાગિર્દો પણ સાથે ચાલ્યા. એ દિવસે નવરોજનો દિવસ હતો અને શાહી મહેલમાં ઉત્સવ થઈ રહ્યો હતો. જયારે દરવાને આપને આવતા જોયા તો ગભરાઈને દોડતો દોડતો ગયો અને બાદશાહને આપના આગમનની ખબર આપી. બાદશાહ સાંભળીને ગભરાઈ ગયો અને હુકમ કર્યો કે ગાવા વગાડવાનું અને શરાબ તથા મોજ મજાનો બધો સામાન તરત જ ખસેડી લેવામાં આવે ! અને જાતે દરવાજા સુધી સ્વાગત કરીને અંદર લઈ આવ્યો, અને ઘણી જ અદબ તથા ઈજ્જતની સાથે આપને બેસાડયા. બાદશાહનો વઝીર અલી બખ્શ આ દ્રશ્ય જોઈને ધ્રુજવા લાગ્યો કે આ જરૂર મારી ફરિયાદ કરશે અને ખુદા જ જાણે બાદશાહ શું શું કરશે ! પણ હઝરત વઝીરની ફરિયાદ કરવા તો ગયા ન હતા પરંતુ વઝીરને પોતાની અઝમત દેખાડવાના માટે તશરીફ લઈ ગયા હતા, જેથી એ દુઃખ પહોંચાડવાના વિચારથી દૂર રહે. આપ થોડીક વાર ચુપ બેસી રહ્યા પછી બાદશાહને કહ્યું કે, હઝરત ! અત્યારે કેવી રીતે તશરીફ લાવ્યા ? ઈર્શાદ ફર્માવ્યો કે તારી જમીનમાં રહીએ છીએ, તો અમને થયું કે જરા જઈ આવીએ ! બાદશાહે નવરોઝની શીરીની પેશ કરી તો ફર્માવ્યું કે, અમારા બે બેટા પણ બહાર છે. છેવટે એ બંનેવ માણસોને પણ બોલાવી લેવામાં આવ્યા. થોડીક વાર તશરીફ રાખીને આપ પાછા તશરીફ લઈ ગયા. *(હયાતે આ'લા હઝરત, ભાગ–૧, પેજ–૨૪)*

# ★ ઈબાદતો ★

## ★ ઈમામ અબૂ હનીફાનું રાત્રી જાગરણ ★

હઝરત ઈમામ અબૂ હનીફા આખી રાત જાગતા હતા અને રાતની બે રકાતોમાં દરેક રાતે પૂરું કુર્આન મજીદ ખત્મ કરી દેતા હતા, અને દુઆમાં એટલા પ્રમાણમાં રડતા હતા કે એમની ગિર્યાઓ ઝારીને સાંભળીને પડોશીઓને એમના પર રહમ આવી જતી, દયા આવતી હતી. જેલખાનાની જે ઓરડીઓમાં વફાત કરી ત્યાં સાત હજાર કુર્આન મજીદ ખતમ પઢી ચૂકયા હતા.

પ્રખ્યાત મુહદ્દિષ મુસ્ઈર બિન કદામ ફર્માવે છે કે હું એક વખતે રાતે મસ્જિદમાં પ્રવેશ્યો તો કોઈકનો કુર્આન પઢવાનો અવાજ મારા કાન પર પડયો. એટલા પ્રમાણમાં કિરાઅતમાં મીઠાશ અને આકર્ષણ હતું કે હું ઊભો થઈને સાંભળતો રહ્યો, એટલે સુધી કે એક મંઝિલ પૂરી થઈ તો હું એમ સમજ્યો કે હવે રૂકૂઅ કરશે પણ તેઓ બરાબર પઢતા રહ્યા, એટલે સુધી કે પૂરું કુર્આન મજીદ એક રકાતમાં પૂરું થઈ ગયું ! જ્યારે મેં એમની નજીક જઈને ધ્યાનથી જોયું તો ઈમામ અબૂ હનીફા હતા.

એવી રીતે ઝાઈદહ મુહદ્દિષનું બયાન છે કે, એક રાતે મેં હઝરત ઈમામ અબૂ હનીફાની સાથે ઈશાની નમાઝ પઢી. મારે આપનાથી એકાંતમાં એક મસ્અલો પૂછવો હતો એટલા માટે રાહ જોઈને બેસી રહ્યો. જ્યારે બધા નમાઝીઓ મસ્જિદમાંથી જતા રહ્યા તો ઈમામ અબૂ હનીફાએ એવું સમજીને કે હવે મસ્જિદમાં કોઈ નથી આપે નફ્લ નમાઝ ચાલુ કરી દીધી અને એમાં મોટા અવાજથી કુર્આન મજીદ પઢવાનું ચાલુ કરી દીધું. જ્યારે **ફમન્નલ્લાહુ અલૈના વ વકાના અઝાબસ્સમૂમ**ની આયત પર પહોંચ્યન તો એ જ આયતને વારંવાર પઢતા રહ્યા ત્યાં સુધી કે ફજરની અઝાન થઈ ગઈ.

એવી રીતે ઉસ્તાઝુલ હદીષ કાસિમ ઈબ્ને મુઈન કહે છે કે એક





રાતે ઈમામ અબૂ હનીફાએ નફ્લ નમાઝમાં **બલિસ્સાઅતુ મવઈદુહુમ વસ્સાઅતુ અદ્હા વઅમર્રુ**ની આયતને વારંવાર પઢતા અને રડતાં રડતાં સવાર કરી દીધી.

એક બરગુઝીદા બુઝુર્ગ યઝીદ કુમીત ફર્માવે છે કે, એક વખત ઈશાની નમાઝમાં ઈમામે સૂરએ 'એઝાઝુલઝિલત' પઢી. હઝરત ઈમામ અબૂ હનીફા પણ જમાઅતમાં સામેલ હતા નમાઝ પૂરી થયા પછી મેં જોયું કે ઈમામ અબૂ હનીફા ફિકરમાં ડૂબીને બેઠેલા છે, અને રડી રહ્યા છે. ફાનસમાં તેલ ઘણુ ઓછુ હતું એટલા માટે હું ચૂપકીદીપૂર્વક ફાનસ સળગતી રાખીને ચાલ્યો આવ્યો પછી જ્યારે સુબ્હ સાદિક થઈ ત્યારે હું મસ્જિદમાં ગયો તો મેં એ જોયું કે ઈમામ અબૂ હનીફા પોતાની દાઢી પકડીને ઊભા છે અને આ રીતે દુઆ માંગી રહ્યા છે કે, અય થોડી સરખી નેકીનો સારો બદલો આપનાર ! અને અય થોડી સરખી બુરાઈનો બુરો બદલો આપનાર ! તું તારા બંદા નુઅમાન (અબૂ હનીફા)ને જહન્નમની આગ અને એના અઝાબથી બચાવી લે અને તારી રહમતમાં એને દાખલ કરી લે. મેં ફજરની અઝાન આપી. ઈમામ અબૂ હનીફાએ મને જોઈને ફર્માવ્યું કે જે કાંઈ તમે જોયું છે ખબરદાર ! કોઈને એની વાત ન કરશો. આમ કહીને ફજરની સુન્નત પઢવા માટે ઊભા થઈ ગયા. મેં તકબીર પઢી તો જમાઅતમાં સામેલ થયા અને અમારી સાથે ફજરની નમાઝ ઈશાના વુઝૂથી પઢી. *(તબસેરાએ તારીખે બગદાદ, પેજ—૩૬)*

**સારાંશ** : હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ની ઈબાદતોની થોડીક ઝલકો આપે જોઈ. એમાં શક નથી કે હઝરત ઈમામ સાહબની ઈબાદતને આપની કરામતની સિવાય કાંઈ પણ નથી કહી શકાતું. અમે અમારી કિતાબ ''ઔલિયાએ રિજાલુલ હદીષ''માં મુસ્તનદ હવાલાઓથી સાબિત કર્યું છે કે હઝરત ઈમામ અબૂ હનીફાએ ચાલીસ વર્ષ સુધી ઈશાના વુઝૂથી ફજરની નમાઝ અદા ફર્માવી.

હવે જરા હઝરત ઈમામ સાહબની પ્રવૃત્તિઓ પર ધ્યાન આપો. આપ રાત્રે જાગરણ કરી ઈબાદત કરતા રહેતા અને દિવસમાં આપ ફિકહ તથા હદીષનો દર્સ પણ દેતા હતા, જે દર્સમાં હઝરત કાઝી ઈમામ અબૂ યૂસુફ, ઈમામ મુહમ્મદ, ઈમામ ઝફર, ઈમામ મન્દલ, દાઊદ તાઈ વગેરે

જેવા સેંકડો ઈલ્મો અમલના પહાડ શાગિર્દ બનીને આપનાથી સબક પઢયા કરતા હતા. પછી આપ દિવસમાં થોડોક સમય કાઢીને કપડાંઓનો વેપાર પણ કરતા હતા ! અવામને મસાઈલ તથા ફત્વા પણ બતાવતા હતા, બીબી–બચ્ચાંઓનો હક્ક પણ અદા ફર્માવતા હતા. આટલી પ્રવૃત્તિઓ છતાં એકધારી ચાલીસ વર્ષ સુધી દરરોજ રાતમાં નફ્લ નમાઝની અંદર એક કુર્આન મજીદ ખત્મ કરી લેવું અને ઈશાના વુઝૂથી ફજરની નમાઝ અદા કરી લેવી શું આ કોઈ મહાન રૂહાની તાકત વગર કોઈ વ્યકિતના વશની વાત છે ?! હકીકત એ છે કે ખુદાવંદે કરીમે આ બુઝુર્ગોને ઈલ્મે નબુવ્વતની અતિશય મુજાહિદાના ખિદમતોની બરકતોથી આવી રૂહાની તાકતો અને મલકૂતી કરામતોનો પહાડ બનાવી દીધા હતા કે થાકવું, ઢીલુ પડી જવું, સુસ્ત થઈ જવું, કમઝોર થઈ જવું....આ શબ્દોનું જિંદગીની કિતાબના શબ્દકોષમાં કયાંય કોઈ અસ્તિત્વ જ ન હતું. પછી મૌલા عزوجل એ એમના સમયોમાં એટલી બરકત અતા ફર્માવી આપી હતી કે કલાકોનું કામ એ બુઝુર્ગાને દીન મિનિટોમાં કર્યા કરતા હતા. ખુદાગવાહ છે કે આ બુઝુર્ગોના પ્રસંગો અને એમની મુકદ્દસ જિંદગીના હાલાત પર એક નજર નાખવાથી કશાય ખચકાટ વગર એ હકીકતને માની લેવા પર મજબૂર થવું પડે છે કે ચોક્કસ ઉલ્માએ સાલેહીન, ફકીહો, મુહદ્દિષો, વિલાયત તથા કરામતના મર્તબાની એવી બુલંદતરીન મંઝિલ પર નિયુકત છે કે વર્તમાનકાળ ઉલમા તથા મશાઈખ એની બુલંદીનું તસવ્વુર પણ નથી કરી શકતા. વલ્લાહ ! આ ઉલ્માએ સલફની મુજાહિદાના ઈબાદતો તથા રિયાઝતો, મુજાહિદાના ઈલ્મી ખિદમતો (સેવાઓ), જુસ્સાની સાથે તબ્લીગી કારનામાઓ, જીભ તથા કલમના જેહાદોને જોઈને અનાયાસે એવું જણાય છે કે આ બુઝુર્ગોનો દીની જુસ્સો અને ઈશ્ક હદ્દે જુનૂન (દીવાનગી) સુધી પહોંચેલ હતો, એટલા માટે મારું જુસ્સાઓથી ભરેલ દિલ મને મજબૂર કરે છે કે હવે સવાર સાંજ આ રીતે દુઆ માંગ્યા કરું :–

અતા અસ્લાફકા જઝબા દરું કર,
શરીકે ઝુમરએ લાયહઝનૂન કર

ખિરદકી ગુથ્થિયાં સુલઝા ચુકા મૈં,
મેરે મૌલા ! મુઝે સાહિબે જુનૂન કર





## ★ બિશર બિન મુફઝિલની ઈબાદત ★

બિશર બિન મુફઝિલની જલાલતે શાનના માટે આટલું જ પૂરતુ છે કે હઝરત ઈમામ અહમદ બિન હંબલ વગેરે હજારો કમાલવાળા મુહદ્દિષોના ઉસ્તાદ છે. બસરાના રહેવાસી હતા, દરરોજ સતત ચારસો રકાત નફ્લ નમાઝો પઢયા કરતા હતા અને આખી જિંદગી સૂમે દાઊદી એટલે એક દિવસ રોઝો એક દિવસ ઈફતારના પાબંદ રહ્યા. સ.હિ. ૧૮૭ માં વિસાલ ફર્માવ્યો. *(તઝકેરતુલ હુફ્ફાઝ, ભાગ–૧, પેજ–૨૮૫)*

## ★ ઈબ્નુલ હદ્દાદની તિલાવત અને રોજનીશી ★

અલ્લામા ઈબ્ને હદ્દાદ મિસરી શાફઈના વિશે ઈબ્ને ઝદલાકનું બયાન છે કે તેઓ ઈલ્મે હદીષ, ઈલ્મે રિજાલ, ઈલ્મે મુનાઝેરા, ઈલ્મે નહ્વ, ઈલ્મે નઅત, ઈલ્મે તારીખ, અશ્આરે અરબ વગેરે અસંખ્ય ઈલ્મના માહિર હતા. કાઝીના હોદ્દા પર નિયુકત હતા, અને ઘણી જ શાનદાર જિંદગી પસાર કરતા હતા. સારામાં સારી સવારીઓના શોખિન અને ઘણો જ સારો પોશાક પહેરવાવાળા હતા. પણ કોઈએ જિંદગીભર એમની કોઈ વાત કે કામ પર અલોચના નથી કરી બલ્કે એમના ઊંચા કિરદાર અને વાતોની સફાઈ માટે નાના મોટા સૌ હમેશાં પ્રશંસક રહ્યા. ઘણા જ મોટા નમાઝી અને ઘણા જ આબિદો ઝાહિદ (ઈબાદત ગુજાર) હતા. પોતાનાં વિવિધ પ્રકારનાં ઘણા જ બધાં કામો છતાં દરરોજ એકધારું એક ખત્મે કુર્આન મજીદ પઢતા હતા અને એક દિવસ રોઝો, એક દિવસ ઈફતારની આદત રાખતા હતા. હજ્જથી પાછા ફરતાં સ.હિ. ૩૪૪ માં એંસી વર્ષની વયે વફાત પામ્યા. *(તઝકેરતુલ હુફ્ફાઝ, ભાગ–૩, પેજ–૧૦૮)*

## ★ ખુદાના રસૂલનો મોકલેલ તાલિબે ઈલ્મ ★

ઉસ્તાઝે હદીષ ઈમામ ફરાવીનું બયાન છે કે મારી પાસે એક વ્યકિત આવ્યો અને એણે કહ્યું કે હું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નો કાસિદ છું, મને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખ્વાબમાં એ બશારત આપી છે કે તમે જઈને

ઈમામ ફરાવીથી મારો આ સંદેશો કહી દો કે તમારી પાસે એક ઘઉં વર્ણ રંગનો તાલિબે ઈલ્મ (ઈબ્ને અસાકિર) મારી હદીષોની તલબમાં આવ્યો છે જેથી તમે એનાથી કદી ઉચાટ અનુભવશો નહીં. છેવટે એ બશારતની પ્રમાણે જ્યારે ઈબ્ને અસાકિર ઈમામ ફરાવીની દર્સગાહમાં આવ્યા તો ઈમામ ફરાવી એમની તાલીમમાં એટલા પ્રમાણમાં ધ્યાન ફર્માવતા હતા કે જ્યાં સુધી ઈબ્ને અસાકિર જાતે ન ઉઠી જતા હતા, ઈમામ ફરાવી દર્સથી ઊભા થતા ન હતા. છેવટે ઈબ્ને અસાકિર જુદા જુદા શહેરોમાં જઈને એક હજાર ત્રણસો શૈખોથી હદીષો સાંભળીને ઘણા જ નામવર અને બેમિષાલ મુહદ્દિષ થઈ ગયા અને મોટી મોટી દળદાર અને ઉપયોગી કિતાબોના લેખક બન્યા.

ઈબ્ને અસાકિર દર્સે હદીષ અને લેખનકાર્યની પ્રવૃત્તિઓમાં લાગેલા છતાં ઈબાદતનો શોખ અને નવાફિલની અધિકતામાં અજોડ હતા. જમાઅત અને તિલાવતના ઘણા જ પાબંદ હતા. દરેક રાતે એક ખત્મે કુર્આન મજીદ હતા અને રમઝાન શરીફમાં દરરોજ બે ખત્મ એક પૂરા દિવસમાં એને એક ખત્મ રાતમાં પઢયા કરતા હતા અને દરેક વર્ષે રમઝાન શરીફમાં મસ્જિદે અકસાના પશ્ચિમી મીનારામાં એતેકાફ કરતા હતા અને દરેક વખતે પોતાના નફસની દેખભાળ કરતા રહેતા હતા. શામ દેશના રહેવાસી હતા. સ.હિ. ૫૭૧માં આ ઈલ્મો અમલનો સૂર્ય હમેશાંના માટે ડૂબી ગયો. *(તઝકેરતુલ્ હુફ્ફાઝ, ભાગ-૪, પેજ-૧૨૩)*

## ★ એક વર્ષ હજ્જ એક વર્ષ જેહાદ ★

ઈલ્મે નહ્વ પઢવાવાળા શાગિર્દો ખલીલ ઈબ્ને અહમદ નહ્વીનીને ઈલ્મે નહ્વના ઈમામ હોવાની હેસિયતથી ઓળખે છે પણ એ ઘણા જ ઓછા લોકોને ખબર હશે કે એમની ઈલ્મી જલાલત અને આલિમાના ખ્યાતિની એવી પરિસ્થિતિ હતી કે મોટા મોટા બાદશાહ એમની મુલાકાતના માટે એમના દરવાજા પર હાજરી આપતા હતા અને લાખો દિરહમના નજરાનાં પેશ કરતા હતા પણ એ બેપરવાહી અને નફસની દૌલતમંદીનો સુલતાન હમેશાં બાદશાહોના નજરાનાંઓને ઠુકરાવતો રહ્યો





અને પોતાનો સૂકો રોટલો અને તૂટેલી (સાદગી) પર સંતોષ મેળવીને ઈલ્મો ફનની ખિદમત અને ખુદાની ઈબાદતમાં મશગૂલ રહ્યો. જિંદગીભર એ આદત રહી કે એક વર્ષ હજ્જના માટે જતા અને એક વર્ષ ઈસ્લામી લશ્કરોની સાથે કાફિરોથી જેહાદ કરવા માટે જતા. *(મુસ્તતરફ, ભાગ-૧, પેજ-૧૩૮)*

**સારાંશ** : ધ્યાન આપો કે આ ઉલ્માએ રબ્બાનીની વધારે પ્રમાણમાં ઈબાદતને કરામત સિવાય બીજુ શું કહી શકીએ છીએ ? અલ્લાહુ અકબર ! ઉલ્માએ સલફની આ ઈબાદતો જોઈને અમે અમારી નબળાઈઓ અને બુરા અમલોને જોતાં ખુદાની કસમ ! અમારો તો એ હાલ થાય છે કે જ્યારે લોકો અમને આલિમે દીન અથવા નાઈબે રસૂલ કહીને બોલાવે અને યાદ કરે છે તો શરમના કારણે માથુ નમી જાય છે કે ભલા અમે લોકો એના લાયક છીએ કે લોકો અમને આલિમ કહે ?!

ખુદાવંદે કરીમ એ કુદસી સિફત (ફરિશ્તાના ગુણોવાળા) બુઝુર્ગોના નકશે કદમ પર ચાલવાની તૌફીક બક્ષે અને એમના સદકામાં આપણી પણ મગફેરત ફર્માવે.

## ★ ઈમામ ઝયનુલ આબેદીન અને અસ્મઈ ★

ફન્ને લુગત (શબ્દકોષના વિષય) અને અદબ (સાહિત્ય)ના ઈમામ જનાબ અસ્મઈનું બયાન છે કે, હું એક વખત ચાંદની રાતમાં કા'બા મુકર્રમાનો તવાફ કરી રહ્યો હતો તો મેં એ જોયું કે એક ઘણો જ ખૂબસૂરત જવાન કા'બા મુકર્રમાના પડદાઓથી લપાઈને ઘણા જ દર્દનાક અવાજથી રડી રડીને દુઆઓ માંગી રહ્યો છે અને આમ કહી રહ્યો છે કે, ઈલાહી ! બધી આંખો સૂઈ રહી છે અને તારાઓ ડૂબી ગયા છે, પરંતુ અય મારા પરવર દિગાર ! તું હય્યુ કય્યૂમ છે, તું ઊંઘવાથી પાક છે. અય મારા મૌલા ! બધા બાદશાહોએ પોતાના દરવાજા બંધ કરી દીધા છે અને પોતાના દરવાજાઓ પર પહેરા બેસાડી દીધા છે પરંતુ તારો દરવાજો દરેક સાઈલ (માંગવાવાળા)ના માટે દરેક સમયે ખુલ્લો છે. અય મૌલા ! હું ગુનેહગાર છું, હું ફકીર છું, હું મિસ્કીન છું, હું કેદી છું, તારા દરવાજા પર તારી રહમતનો ઉમેદવાર બનીને ઊભો છું ! પછી એ જવાન રડી રડીને ઘણી જ નરમ

અવાજમાં આ અશ્આર પઢવા લાગ્યો કે :–

**અનુવાદ** : અય મારા રબ ! અય મારા મૌલા ! અય મને ઠેકાણુ આપવાવાળા ! હું તારાથી દુઆ માંગુ છું, તું મારા રૂદન પર રહમ ફર્માવ ! મારા વિલાપ પર રહમ ફર્માવ ! હું તને બયતુલ્લાહ અને હરમનો વાસ્તો આપુ છું, તું ઘણો જ વધારે ગુનાહ બખ્શવાવાળો છે, તું મારા માટે તારા તરફથી મગફેરતની સખાવત ફર્માવી દે કે મને માફ ફર્માવી દે ! અય બખ્શિશ તથા કરમવાળા ! જો ગુનેહગાર તારાથી માફીની ઉમ્મીદ ન રાખે તો પછી કોણ છે જે ગુનેહગારો પર કરમની સાથે બખ્શિશ ફર્માવશે !

આ અશ્આર પઢયા પછી પાછા એ જવાને આકાશની તરફ માથુ ઊંચુ કર્યું અને આમ કહેવા લાગ્યો કે, અય મારા મૌલા ! જો મેં તારી ફર્માંબરદારી કરી છે તો એ તારુ મહાન એહસાન છે અને જો મેં તારી નાફર્માની કરી છે તો એ મારી જહાલત છે, અભણતા છે, યા અલ્લાહ ! તું મારા પર રહમ ફર્માવ ! અને તું મને મારા જદ્દે કરીમ અને મારી આંખોની ઠંડક અને અમારા મહબૂબ અને અમારા નબી મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ના દીદારથી વંચિત ન ફર્માવતો !! પછી એ જવાને આ દુઆ શરૂ કરી દીધી :–

**અનુવાદ** : અય તે જાત કે દરેક મુસીબતમાં તારાથી જ આશા રાખવામાં આવે છે. હું તારા જ દરબારમાં મારી તકલીફ જણાવું છું જેથી તું મારી દુઆ પર, ઈલ્તેજા પર રહમ ફર્માવ ! તું જ મારી આશા છે, તું જ મારી બેચેનીને દૂર કરવાવાળો છે, જેથી તું મારા બધા ગુનાહોને માફ કરી દે અને મારી જરૂરિયાતને પૂરી ફર્માવી દે. હું ઘણા જ ખરાબ અને રદ્દી પ્રકારના અમલો લઈને આવ્યો છું અને બધી મખ્લૂકમાં મારાથી મોટો ગુનો કોઈએ નથી કર્યો !

એ જવાન ઉપરના અશ્આર પઢતાં પઢતાં અચાનક બેભાન થઈને જમીન પર પડી ગયો. અસ્મઈ કહે છે કે હું દોડીને એ જવાનની નજીક પહોંચ્યો તો જોયું કે એ હઝરત ઈમામ ઝયનુલ આબેદીન છે ! મેં તરત જ એમનું માથુ મારા ખોળામાં મૂકી દીધું અને મારા પર એવું દર્દ ચાલુ થયું કે હું ચોધાર આંસૂએ રડવા લાગ્યો, એટલે સુધી કે મારા આંસૂઓની ધારા એમના મુકદસ રુખસાર (ચહેરા) પર પડવા લાગી, તો એ ભાનમાં આવી





ગયા અને આંખો ખોલીને ફર્માવ્યું કે, આ કોણ વ્યકિત છે ? જેણે મારા મૌલાની યાદમાં અવરોધ નાખી દીધો ? તો મેં કહ્યું કે, અય મારા આકા ! હું આપનો ગુલામ અસ્મઈ છું ! હુઝૂરેવાલા ! આપ આટલા પ્રમાણમાં શા માટે રૂદન કાકલૂદી કરી રહ્યા છો ? આપ તો અહલે બયતે નબુવ્વતમાંથી છો ! અને ખુદાવંદે આલમે આપ લોકોના માટે કુર્આન મજીદમાં એવી બશારત ખુશખબરી આપી છે કે, "અલ્લાહ તઆલા એ જ ઈચ્છે છે કે અય અહલે બયત તમારાથી દરેક નાપાકીને દૂર રાખે અને તમને ખૂબ જ પાક અને ચોખ્ખા બનાવી આપે." મારી આ વાતચીત સાંભળીને ઈમામ ઝયનુલ આબેદીન સીધા બેસી ગયા અને ફર્માવ્યું કે, અય અસ્મઈ ! શું તમને ખબર નથી કે અલ્લાહ તઆલાએ જન્નત દરેક તે વ્યકિતના માટે બનાવી છે જે એની ફર્માંબરદારી કરે, ભલે એ હબશી ગુલામ પણ કેમ ન હોય ! અને જહન્નમ દરેક એ વ્યકિતના માટે બનાવી જે એની નાફર્માની કરે, ભલેને તે કુરયશી બાદશાહ પણ ન હોય ! શું તમે એ હાકિમે આદિલ (ઈન્સાફવાળા)નું આ ફર્માન નથી જોયું ? કે, "જે દિવસે સૂર ફૂંકવામાં આવશે તો ન કોઈ રિશ્તા તેઓમાં રહેશે, ન એક બીજાને પૂછશે. *(રૂહુલ બયાન, ભાગ–૬, પેજ–૧૦૭)*

**સારાંશ** : આ નૂરાની હિકાયતને વારંવાર વાંચો અને બોધ મેળવો કે અહલે બયતે નબુવ્વતના ચશ્મો ચિરાગ, જાનશીને ખાનદાને આલે અબા, નૂર ચશ્મે શહીદે કરબલા, હઝરત અલી ઈબ્ને હુસૈન ઝયનુલ આબેદીન رضی اللہ عنہ ની ઈબાદત તથા રિયાઝતની શું પરિસ્થિતિ હતી ? અને એમનો ખૌફે ખુદાનો મર્તબો કેટલી મંઝિલની ઊંચાઈ પર પહોંચેલ હતો ? જો કે આપ નબુવ્વતના ઈલ્મના વારિસ અને હિદાયતના મહાન નિશાન હતા, આપની ખાનદાની અઝમત તથા દબદબાની ઊંચાઈ પર આકાશોની ઊંચાઈ પણ કુર્બાન ! અને આપના ઈલ્મી તથા અમલી કમાલો અને મર્તબાની ઊંચાઈ પર એ સપ્તર્ષિ તારાઓના વૃંદની ઊંચાઈ પણ કુર્બાન ! આપ યકીનન ! સૈયદુસ્સાદાત અને વારિષે કમાલાતે મૌલાએ કાએનાત છે, તેમ છતાં આપની નમ્રતા અને વિવેકનો એ હાલ છે કે અસ્મઈ જેવા જલીલુલ કદર અને નઅત તથા અદબના (સાહિત્યના) ઈમામ જયારે

કુર્આન પઢીને એમના આ'લા મર્તબા એમને યાદ અપાવે છે, તો આપ એમને આ જવાબ આપે છે કે કયામતના દિવસે ન કોઈ સંબંધ હશે અને ન કોઈ કોઈને હાલ પૂછવાવાળો હશે ! અલ્લાહુ અકબર ! ઈમામ ઝયનુલ આબેદીનની છાતી ખુદાના ડરની એવી નૂરાની હોડી હતી કે જેમાં ફખ્ર, ઘમંડ, ઊંચી નસલ અને ખાનદાની મોટાઈ કયારેય પસાર પણ થતી ન હતી ! આપ આજીજી અને નમ્રતાના એવા અજોડ પ્રતિક અને આજીજી તથા નમ્રતાના એવા અજોડ નમૂના હતા કે આપને જોવાવાળા દંગ રહી જતા હતા.

આપની આ પધ્ધતિમાં આજકાલના સાદાતે કિરામના માટે ઘણો જ મોટો બોધ પાઠ છે જે પોતાની સાદાત તથા ખાનદાની શરાફત પર એકધારું ઘમંડ કરતા રહે છે ! બલ્કે આ ઘમંડ તથા ગુરૂરમાં ઈલ્મ તથા નેક અમલોથી પણ પોતાને જાણે બેનિયાઝ (મુકત) સમજતા હોય છે ! કાશ ! એ લોકો હઝરત ઈમામ ઝયનુલ આબેદીનની મુકદસ જિંદગીથી બોધ મેળવતા અને આજીજી અને નમ્રતાના પ્રતિક બનીને આજીજી અને નમ્રતાની સાથે પોતાના રબ્બે કરીમની ઈબાદત કરતા અને પોતાના ઈલ્મો તથા નેક આમાલોના સબબે ઉમ્મતે રસૂલના માટે હિદાયતનો ઝરીયો બનતા. પણ અફસોસ ! કે આજકાલના અમુક સયાદતના દાવેદારોનો તો એ હાલ છે કે ન ઈલ્મ, ન અમલ બસ ખાનકાહમાં લઈ દઈને એમની કુલ માયાપૂંજી એ જ છે :–

**લબોં પે હૈ પિદરમ બાદશાહ બુવદકા શોર**
**તફાખુરે મનો તૂ કે સિવા કુછ ઔર નહીં**

હઝરત ઈમામ ઝયનુલ આબેદીન رضی اللہ عنہ ની ઈબાદત તથા રિયાઝત અને ખૌફે ઈલાહીથી એમની ગિર્યાઓ ઝારીનું એક દ્રશ્ય તો આપે જોઈ લીધું. હવે જરા એ પણ સાંભળી લેશો કે સફર અને મંઝિલમાં કદી આપની નમાઝે તહજ્જુદ કઝા નથી થઈ ! અને આપ દરરોજ સતત એક હજાર રકાત નફ્લ નમાઝ પઢયા કરતા હતા અને પોતાની જિંદગીમાં બે વખત પોતાનો સઘળો સામાન ખુદાની રાહમાં ખૈરાત કર્યો અને આપની સખાવતની એ પરિસ્થિતિ હતી કે આપ ઘણા જ મદીનાવાળા ગરીબોના





ઘરોમાં એવી છુપી રીતે રકમ મોકલ્યા કરતા હતા કે એ ગરીબોને ખબર જ ન પડતી હતી કે આ રકમ કયાંથી આવી ?! પણ જ્યારે આપનો વિસાલ થઈ ગયો તો ગરીબોને ખબર પડી કે આ હઝરત ઝયનુલ આબેદીનની સખાવત હતી ! આપની તહજ્જુદ અને નફ્લોની અધિકતા અને રાતોમાં આપની આહો ઝારી અને ગિર્યાઓ બેચૈનીના જ કારણે બધી ઉમ્મતે આપને 'ઝયનુલ આબેદીન'ના લકબથી પુકારવાનુ શરૂ કરી દીધું, અને આપ નિઃશંક ! આ અઝીમુશ્શાન લકબના લાયક છે. અલ્લાહુ અકબર ! સાચું છે :–

**અત્તાર હો, રૂમી હો, રાઝી હો, ગઝ્ઝાલી હો**
**કુછ હાથ નહીં આતા, બેઆહે સહરગાહી**

## ★ મેં બગદાદ શા માટે છોડયું ? ★

હાફિઝ અબૂ અબ્બાસ સિરાજ ખુરાસાની મહાન શાનના મુહદ્દિષ હતા. એમને હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم થી ખૂબ જ આશિકાના મહોબ્બત હતી, જેથી બાર હજાર ખત્મે કુર્આન મજીદ પઢીને એમણે બારગાહે રિસાલતમાં ઈસાલે સવાબ કર્યો અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના નામથી બાર હજાર કુર્બાનીઓ કરી. એમણે એક ખ્વાબ જોયો હતો કે આકાશમાં એક દાદર (સીડી) લાગેલો છે અને હું નવ્વાણું (૯૯) દાદર પર ચઢી ગયો હતો. બધા તાબીર કરનારાઓએ આ ખ્વાબની એવી તાબીર આપી કે તમારી ઉમ્ર ૯૯ વર્ષની હશે, છેવટે હકીકતમાં જ એમણે ૯૯ વર્ષની ઉમ્ર મેળવી.

અબુલ વલીદ હસ્સાન ફકીહનું બયાન છે કે એક દિવસ મેં એમને પૂછયું કે આપે બગદાદની રહેવાની જગા શા માટે છોડી દીધી ? તો એમણે ફર્માવ્યું કે, મારા ભાઈ બગદાદમાં પચાસ વર્ષ સુધી રહ્યા પણ જ્યારે એમનો ઈન્તેકાલ થયો અને જનાઝો નીકળ્યો તો મહોલ્લામાં કોઈએ પૂછયું કે આ કોની મૈયત છે ? તો એક વ્યક્તિએ કહ્યું કે, એક પરદેશી મરી ગયો છે ! આ સાંભળીને મેં ઈન્નાલિલ્લાહ.... પઢયું કે, અફસોસ ! પચાસ વર્ષ બગદાદ રહેવાની જગા અને ઈલ્મ તથા વેપારમાં ખ્યાતિ છતાં પણ એમ કહેવામાં આવે છે કે એક પરદેશી મરી ગયો છે ! આ વાકય સાંભળીને મને બગદાદવાળાઓથી એવી નફરત પૈદા થઈ ગઈ કે મેં હમેશાંના માટે

બગદાદને અલવિદા કહીને ત્યાંની રહેવાની જગા છોડી દીધી. રબીઉલ આખર, સ.હિ. ૩૧૩ માં આપે દુનિયાથી પડદો ફર્માવ્યો. *(તઝકેરતુલ હુફ્ફાઝ, ભાગ–૨, પેજ–૨૭૦)*

## ★ અબૂ નવાસની મગફેરત ★

મુહમ્મદ ઈબ્ને નાફેઅ ફર્માવે છે કે હું ઊંઘ જાગની હાલતમાં હતો કે મેં અબૂ નવાસ શાયરને એના મૌત પછી જોયો જે ઘણો જે બદઅમલ અને ઘણો જ બુરી આદતોવાળો શાયર હતો. મેં અબૂ નવાસને પૂછયું કે તમારો શું અંજામ થયો ? તો એણે જવાબ આપ્યો કે, મારી પાસે બીજો તો કોઈ નેક અમલોનો સંગ્રહ હતો જ નહીં, પરંતુ મારા ચાર અશ્આર જે તમારા તકિયાની નીચે છે એ જ મારી મગફેરતનો સામાન બની ગયા અને અર્હમુર્રાહિમીને પોતાની રહમતથી મને માફ કરી દીધો. મુહમ્મદ ઈબ્ને સાલેહનું બયાન છે કે, મેં ખ્વાબથી જાગીને જલ્દી જલ્દી પોતાનો તકિયો ઉઠાવ્યો તો એની નીચે એક પરચા પર ચાર શેઅર લખેલા હતા :–

**અનુવાદ** : **(૧)** અય મારા પરવર દિગાર ! જો કે અધિકતાના પ્રમાણમાં મારા ગુનાહ ઘણા જ મોટા અને વધારે છે, પરંતુ મને એ વાતનું યકીન છે કે તારી રહમો કરમ મારા ગુનાહોથી કેટલીય વધારે મહાન છે.

**(૨)** જો માત્ર નેકોકાર જ તારાથી ઉમ્મીદવાર હોય તો પછી ગુનેહગાર કોની પનાહ શોધે અને કોની બારગાહે અમ્નમાં પોતાનું ઠેકાણું મેળવે ?

**(૩)** અય મારા રબ ! હું તારા હુકમના પ્રમાણે તારાથી કરગરીને દુઆ માંગું છું, હવે જો તું જ મારા સવાલને માટે ઉઠાવેલા હાથોને ઠુકરાવી દઈશ તો પછી કોણ છે જે મારા પર રહમ ફર્માવશે ?

**(૪)** તારા દરબારમાં મારો એના સિવાય બીજો કોઈ વસીલો નથી કે મને તારાથી ઉમ્મેદવારી છે, અને તારી બખ્શિશ તથા કરમ ઘણી જ સારી છે. પછી એના પછી એટલો વસીલો બીજો છે કે હું મુસલમાન છું. *(શરહુસ્સુદૂર, પેજ–૧૨૨)*

**સારાંશ** : એમાં શક નથી કે અબૂ નવાસ શાઈર ઘણો જ બદ્અમલ હતો અને લોકો એને એના બુરા અમલોના કારણે ઘણી જ





નફરતની નજરથી જોયા કરતા હતા. પણ વિચારો કે માત્ર ચાર અશ્આર ખુદાવંદે ગફ્ફારો સત્તારના દરબારમાં મકબૂલ થઈ ગયા તો એ જ એની મગફેરતનો ઝરીયો બની ગયો અને અર્હમુર્રાહિમીને એને પોતાની મગફેરતથી નવાજયો.

હકીકત એ છે કે મગફેરતનો દારોમદાર ખુદાવંદે કુદુસના દરબારમાં અમલોની મકબૂલિયત અને એના ફઝલો કરમ પર છે. કોઈ બુઝુર્ગે કેટલું સારુ ફર્માવ્યું કે :–

**રહમતે હક્ક બહાના મી જોયદ**
**રહમતે હક્ક બહા ન મી જોયદ**

**(અર્થ)** : "ખુદાની રહમત મગફેરતના માટે બહાનું શોધે છે, ખુદાની રહમત મગફેરતની કિંમત નથી માંગતી. અમુક અમલો જોવામાં ઘણા જ હકીર અને મામૂલી જોવામાં આવે છે પણ બંદો જ્યારે લિલ્લાહિયત અને નિખાલસ નિયતની સાથે એના પર અમલ કરે છે, અને ખુદાવંદે કરીમને એ અમલ પસંદ પડી જાય છે, અને એ પોતાના ફઝ્લો કરમથી એ અમલને કબૂલ પણ ફર્માવી લે છે, તો એ હકીર અને મામૂલી સરખો અમલ જ એ બંદાના માટે નજાતનો ઝરીયો નજાત અને મગફેરતનું કારણ બની જાય છે.

અહાદીષે કરીમામાં એના ઘણા જ દાખલા હાજર છે. એક હદીષમાં આવ્યું કે, એક આદમીએ રસ્તામાં ચાલતાં ચાલતાં એ જોયું કે એક કાંટાવાળા ઝાડની ડાળી રસ્તા પર પડેલી છે. એણે કોઈ મો'મિનને કાંટો ન વાગી જાય એ વિચારથી એ કાંટાદાર ડાળીને રસ્તા પરથી ખસેડી લીધી. એનો એટલો જ નેક અમલ ખુદાવંદે કરીમને પસંદ આવી ગયો અને મૌલા કરીમે એ બંદાની મગફેરત ફર્માવી આપી. *(બુખારી, ભાગ–૧, પેજ–૯૦)*

દરેક રીતે મો'મિને જોઈએ કે કોઈ નેક અમલને હકીર સમજીને છોડી ન આપે પરંતુ દરેક ભલા અમલને કરતો જ રહે. શું ખબર બંદાનો કયો અમલ અર્હમુર્રાહિમીનને પસંદ આવી જાય અને મગફેરતનો ઝરીયો બની જાય.

## ★ રડતાં રડતાં આંધળા થઈ ગયા ★

હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફાના એક ઘણા જ જલીલુલ કદ્ર શાગિર્દ "યઝીદ ઈબ્ને હારૂન વાસેતી" છે. એમના વિશે અલી ઈબ્ને મદીની ફર્માવ્યા કરતા હતા કે મેં યઝીદ ઈબ્ને હારૂનથી વધીને કોઈને હદીષોનો હાફિઝ નથી જોયો. યઝીદ ઈબ્ને હારૂન પોતાની ઈલ્મી જલાલત સાથે સાથે ઈબાદતના શોખમાં પણ પોતાના સમયના અજોડ (બેનઝીર) જ હતા. એમની આંખો ઘણી જ ખૂબસૂરત હતી, પણ ખૌફે ખુદાવંદીથી દિવસ રાત એટલા પ્રમાણમાં રડયા કરતા હતા કે કાયમ રીતે એમની આંખોમાં દુ:ખવાની ફરિયાદ રહેવા લાગી, એટલે સુધી કે આંખોની ખૂબસૂરતી અને રોશની બંનેવ જતી રહી. એમની ઈબાદતની અધિકતાના વિશે અલી ઈબ્ને આસિમ મુહદ્દિષનું બયાન છે કે, આપ આખી રાત હમેશાં જાગતા અને નવાફિલ પઢતા રહેતા હતા. અને પોતાના ઉસ્તાદ હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફાની જેમ લગભગ ચાલીસ વર્ષ સુધી ઈશાના વુઝૂથી ફજરની નમાઝ પઢતા રહ્યા. એક મુદ્દત સુધી બગદાદમાં હદીષનો દર્સ આપતા રહ્યા, પછી છેલ્લી ઉમ્રમાં પોતાના વતન વાસ્તે ચાલ્યા ગયા અને સ.હિ. ૨૦૬ કે સ.હિ. ૨૧૭ માં વિસાલ ફર્માવ્યો. *(તઝકેરતુલ હુફ્ફાઝ વગેરે)*

**સારાંશ** : ફકીહો કે મુહદ્દિષો હોય કે સૂફીઓ તથા આબિદો બધા ખુદાના ખાસ બંદાઓની એ જ રીત રહી છે કે, તેઓ ખૌફે ઈલાહીથી ખૂબ પ્રમાણમાં રડયા કરતા હતા. રાતોમાં જાગીને ખુદાની ઈબાદત કરવી અને ખૌફે ખુદાવંદીથી એકાંતમાં કરગરીને રડવું એની ફઝીલત કોઈ હુઝૂર સૈયદુલ મુરસલીન, ઈમામુલ અંબિયા صلی اللہ تعالیٰ علیہ وسلم ને પૂછે ! કેમ કે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم આખી રાત નફિલ નમાઝોમાં ઊભા રહેતા એટલે સુધી કે પગ મુબારકમાં સોજો આવી જતો, ફુલી જતા હતા, અને ખૌફો ખશિય્યતે રબ્બાની (ખૌફે ખુદા)થી વારંવાર રડયા કરતા હતા. હદીષ શરીફમાં છે, જે વ્યકિત એકાંતમાં અલ્લાહને યાદ કરે અને એની આંખોથી આંસૂઓ વહી જાય તો અલ્લાહ તઆલા એને પોતાના અર્શના રહમતના સાયાની નીચે સાયો આપશે, જે દિવસે કે એની રહમતના સાયાના સિવાય બીજો કોઈ પણ કયાંય સાયો નહીં હોય.





એ હકીકત છે કે ખૌફે ખુદાવંદીથી રડવાવાળાનું એક ટીપુ આંસૂ જોવામાં તો એ આંસૂનું એક ટીપું છે પણ હકીકતમાં એ રહમતે ઈલાહીનો એક સમંદર છે, જે ગુનાહોનાં લાખો દફતરને ધોવાના માટે પૂરતુ છે. ઘણા જ નસીબવંત છે એ મુસલમાન જે ખુદાના ડરથી વારંવાર અને ઝારો કતાર બેફાક (ચોધાર આંસૂએ) રડતા રહે છે. કાશ ! ખુદાવંદે કરીમ આપણને ગુનહગારોને પણ એની તૌફીક અતા ફર્માવે. *–આમીન*

અલ્લાહ ! અલ્લાહ ! યઝીદ ઈબ્ને હારૂન વાસેતી કેટલા મોટા કિસ્મતના સિકંદર હતા કે એમણે ખૌફે ખુદાવંદીથી રડતાં રડતાં પોતાની આંખોની ખૂબસૂરતી અને રોશનીને કુર્બાન કરી દીધી ! તો ખુદાવંદે આલમે એમને નવી રોશની અતા ફર્માવી દીધી કે પોતાની મઅરેફતની દૌલતથી એમને માલામાલ કરી દીધા અને આકાશથી જમીન સુધી આખી કાએનાતે આલમને એમની નજરની સામે કરી દીધી. કેટલું સરસ ફર્માવ્યું હઝરત મૌલાના રૂમી رحمۃ اللہ علیہ એ પોતાની 'મષ્નવી શરીફ'માં કે;

**લોહે મહફૂઝ અસ્ત પેશે ઔલિયા**
**અઝચે મહફૂઝ અસ્ત મહફૂઝ અઝ ખતા**

એટલે લોહે મેહફૂઝ ઔલિયા અલ્લાહના સામે થઈ જાય છે જેમાં લખેલા ઈલ્મો તથા મઆરિફ દરેક પ્રકારની ભૂલથી સુરક્ષિત છે. સુબ્હાનલ્લાહ ! લોહે મેહફૂઝ જેમાં દરેક નાની મોટી વાત અને પસાર થયેલ સમય તથા વર્તમાન તથા ભવિષ્યના બધા બનાવો અલ્લાહ તરફથી લખેલ છે. તે જેની નજરોની સામે હોય તો પછી તેમના ઈલ્મો તથા મઆરિફનો શો હાલ હશે ? અને પછી એમના ઈખ્તિયારો તથા કરામતોની બાદશાહી અને શહેનશાહીની શું શાન હશે ? કેમ ન હોય કે :–

**વિલાયત, પાદશાહી ઈલ્મે અશ્યાકી જહાંગીરી**
**યે સબ કયા હૈં ? ફકત ઈક નુકતાએ ઈમાંકી તફસીરેં**

## ★ નમાઝી પર મધમાખીનું ઘર ★

કાઝી ઈમામ અબૂ યૂસુફ તથા ઈમામ મુહમ્મદ (અબૂ હનીફાના

શાગિર્દો)ના એક ફખ્ર તથા ગર્વના લાયક શાગિર્દ મુઅલ્લા બિન મનસૂર રાઝી ઘણા જ સચ્ચાઈના તરીકાવાળા અને પરહેઝગાર બુઝુર્ગ અને આ'લા દરજ્જાના નમાઝી હતા. નમાઝોમાં એમની આજીજી તથા નમ્રતા અને અલ્લાહ તરફ ધ્યાનની એ હાલત હતી કે એક વખત નમાઝની જ હાલતમાં એમના માથા પર મધમાખીઓનો પૂડો પડયો અને ગઝબનાક માખીઓએ એમને ડંખ મારવાનું શરૂ કરી દીધું પણ આપ ઘણા જ ખુદાની યાદમાં ડૂબેલ હતા જેથી નિયમ મુજબ નમાઝમાં મશગૂલ રહ્યા. છેવટે એ જ હાલતમાં નમાઝ પૂરી કરી. જ્યારે એ નમાઝથી પરવાર્યા તો લોકોએ જોયું કે માખીઓના ડંખથી એમના આખા માથામાં વરમ (સોજો) આવી ગયો છે. અસલી વતન રે હતું પણ આપ બગદાદ આવ્યા તો ત્યાંના જ થઈને રહી ગયા અને સ.હિ. ૨૧૧ માં બગદાદની જ અંદર વફાત પામીને દફન થયા. *(તહઝીબુત્તહઝીબ વગેરે)*

## ★ નમાઝમાં પેશાની પર ભમરો ★

અહમદ બિન ઈસ્હાક મુહદ્દિષનું બયાન છે કે મેં હાફિઝુલ હદીષ મુહમ્મદ બિન નસ્ર મરોઝી ફકીહથી વધારે સારી નમાઝ પઢવાવાળો કોઈને નથી જાયો. એક વખતે નમાઝની હાલતમાં આપની પેશાની પર એક ભમરો બેસી ગયો અને તેણે એટલા જોરથી ડંખ માર્યો કે આપની પેશાની પર લોહી વહી નીકળ્યું. પણ શું મજાલ કે આપના ખુઝૂઓ ખુશૂઅ (આજીજી અને નમ્રતા સાથે તલ્લીનતા)માં બાલ બરાબર ફર્ક પૈદા થયો હોય ! આ હાલતમાં પણ પૂરા સુકૂન તથા શાંતિની સાથે નમાઝમાં મશગૂલ રહ્યા અને જરા પણ હલનચલન ન કર્યું. સ.હિ. ૨૯૪ માં વિસાલ ફર્માવ્યો. *(તહઝીબુત્ તહઝીબ)*

**સારાંશ** : આ બંનેવ બનાવોને વાંચીને શરીરના રુવાંટાં ઊભાં થઈ જાય છે અને આશ્ચર્યના લીધે માથુ ધુણવાનું મન થાય છે કે, વલ્લાહ ! આ ઉલ્માએ સલફની નમાઝોમાં ભાવિકતા અને હુઝૂરીની કૈફિયતનો એ હાલ હતો કે આજકાલના આપણા જેવાઓ માટે એની કલ્પના પણ મુશ્કેલ છે. હકીકત તો એ છે કે નમાઝ તો સાચા હક્કમાં એ જ બુઝુર્ગોની નમાઝ હતી. હુઝૂરે અકદસ صلی اللہ تعالٰی علیہ وسلم ના આ મુકદસ ઈર્શાદના મુતાબિક હતી કે,





"તમે પોતાના રબની ઈબાદત એ રીતે કરો જેવા કે તમે પોતાના રબને જોઈ રહ્યા છે. અને જો તમને એટલી હદે હુઝૂરી ન થાય તો કમસે કમ એટલું જ ધ્યાનમાં રાખો કે એ રબ તમને જોઈ રહ્યો છે." *(મિશ્કાત, પેજ-૧૧)*

એમાં કોઈ શક નથી કે સાચે જ એ જ નમાઝ સચમુચ નમાઝ કહેવડાવવાના લાયક છે જેમાં નમાઝીની આજીજી અને નમ્રતા ભરી તલ્લીનતાના કમાલથી એ હાલત થઈ જાય કે મધમાખીનો ડંખ તો શું ચીજ છે ! તલ્વારના મારનો પણ એહસાસ (અસર) ન થાય ! કોઈ શાઈરે આ હકીકતને સ્પષ્ટ કરતાં સારું ફર્માવ્યું છે કે :-

**નમાઝ વો હૈ જો સીનોંમેં બિજલીયાં ભર દે**
**ન વો કે સિર્ફ રુકૂઓ કિયામ બનકે રહે**

પણ આજકાલના આપણા ભાઈઓની એ નમાઝ કે "માથુ સજદામાં દિલ દગાબાઝીમાં" એટલા માટે તો એના સિવાય બીજુ શું કહી શકાય છે કે :-

**વો સજદા તો સજદા હુવા હી નહીં**
**કે સર ઝુક ગયા દિલ ઝુકા હી નહીં**

ખાલિકે કાએનાત આપણા પર પોતાનો ફઝલો કરમ ફર્માવે અને આપણી પેશાનીઓમાં સજદાની એવી લિજ્જત બખ્શી દે કે નમાઝના સમયે આપણા દિલો દિમાગના ખૂણે ખૂણામાં હૂઝૂર મૌલાની તજલ્લીઓમાંથી એવી વીજળીઓ પૈદા થઈ જાય કે આપણને નમાઝની કાયમી ખુશી હાંસલ થઈ જાય અને શરીરની બોટી બોટી બલ્કે શરીરનો વાળ વાળ ખુદાના જાહોજલાલના સોનેરી તસવ્વુરથી પૂરનૂર બલ્કે નૂરુન આ'લા નૂર થઈ જાય. નહીં તો આપણી એ નમાઝોને જોઈને તો કોઈ સાચુ કહેવાવાળા શાઈરે કહ્યું છે કે એક એવી હકીકતની જાહેરાત છે જે ધોળા દિવસની જેમ સ્પષ્ટ છે કે;

**નહીં હૈ જોશે બિલાલી વ હયદરી તુઝમેં**
**સિતમ હૈ અપની નમાઝોં પે ગર તૂ નાઝ કરે**

**ખૂદીકો છોળકે મહવે નમાઝ યૂં હો જા**
**કે ખૂદ નમાઝ હી તેરી અદા પે નાઝ કરે**

મશહૂર મુહદ્દિષ મનસૂર બિન મોઅમ્મતર કૂફીની ઈલ્મી અઝમતનો એ હાલ છે કે હઝરત ઈમામ અહમદ બિન હંબલે તથા અબ્દુર્રહમાન બિન મહદીએ તથા અલી મદીની વગેરે હદીષોના પહાડોએ એ ગવાહી આપી કે પોતાના સમયમાં કૂફાના બધાથી ભરોસાપાત્ર અને આ'લા મુહદ્દિષ મનસૂર બિન મોઅમ્મતર છે. એમની નમાઝના વિશે હઝરત સુફયાન ષૌરીનો કૌલ છે કે જો તમે મનસૂર બિન મોઅમ્મતરને નમાઝ પઢતા જોતા તો એવું સમજતા કે બસ ! અત્યારે એમનો ઈન્તેકાલ થઈ જશે. દાઢી છાતીથી લાગેલી, ઘણા જ ભાવવિભોર હાલતમાં રાતભર નમાઝમાં મશગૂલ રહેતા. જેમ કે નકલ થયેલ છે કે જ્યારે મનસૂર બિન મોઅમ્મ્તરનો ઈન્તેકાલ થઈ ગયો તો એમના પડોશીની એક નાની છોકરીએ પોતાના પિતાને પૂછયું કે, અબ્બાજાન ! અમારા પડોશીના છત પર જે એક થાંભલો હતો તે કયારે પડી ગયો ? બાળકીના આ સવાલનું કારણ એ હતું કે મનસૂર બિન મોઅમ્મતર દિવસમાં કયારેય છત પર ન ચડતા હતા માત્ર રાતમાં જ છત પર ઊભા રહીને આખી રાત નમાઝ પઢયા કરતા હતા. તો એ બાળકી જે રાતે પોતાની છત પર સૂતી હતી તો એ સમજતી હતી કે આ કોઈ થાંભલો છે ! આમ રાતભર જાગતા હતા પણ પોતાનું રાત્રે જાગવાનું છુપાવવાના માટે સવારે આંખોમાં સુરમો લગાવીને અને ચેહરા પર તેલની માલિશ કરીને એ શાનથી દર્સગાહમાં બેસતા કે જાણે આખી રાત આરામથી સૂઈ રહ્યા છે. નમાઝની સિવાય આપની બાકરામત ઈબાદતનું એક દ્રશ્ય એ પણ છે કે આપ સાઈઠ (૬૦) વર્ષ સુધી દરરોજ હમેશાં રોઝાદાર જ રહ્યા અને દરેક રાત તહજ્જુદ ગુઝારી અને ગિર્યાઓ ઝારીમાં પસાર કરી. *(તબકાતે શઅરાની વગેરે)*

**સારાંશ** : અલ્લાહુ અકબર ! એ નમાઝીઓ અને એમની નમાઝોની અઝમતે શાનનું શું કહેવું ?!

**વો સજદા રૂહે ઝમીં જિસસે કાંપ ઉઠતી થી**
**તરસતે હૈં ઉસી સજદે કો મિમ્બરો મેહરાબ**





## ★ દુરૂદ શરીફનો વઝીફો ★

હઝરત સુફયાન ષૌરી رحمۃ اللہ علیہ નું બયાન છે કે મેં કા'બાના તવાફ દરમ્યાન એક વ્યકિતને એવો જોયો કે એ દુરૂદ શરીફના સિવાય કોઈ પણ દુઆ ન પઢતો હતો અને એ દરેક કદમ પર એક વખત દુરૂદ શરીફ પઢીને બીજો કદમ ઉઠાવતો હતો. છેવટે મારાથી સબર ન થઈ તો મેં એને પૂછયું કે તમે તસ્બીહ, તહલીલ, તકબીર બધું છોડીને હમેશાં માત્ર દુરૂદ શરીફ જ કેમ પઢતા રહો છો ? મારો આ સવાલ સાંભળીને તે ચોંકયો અને મને પૂછયું કે તમે કોણ છો ? જ્યારે મેં એને જાણ કરી કે હું સુફયાન ષૌરી મુહદ્દિષ છું, તો એ વ્યકિત એકદમ બાઅદબ થઈ ગયો અને કહેવા લાગ્યો કે જો આપ પોતાના સમયના એક અઝીમુશ્શાન મુહદ્દિષે અઝીમ ન હોત તો હું મારું આ રાઝ (ભેદ) હરગિઝ હરગિઝ આપના પર જાહેર ન કરત.

બનાવ એ છે કે હું એક વખત મારા પિતાની સાથે હજ્જના માટે નીકળ્યો. અચાનક એક મંઝિલ પર મારા પિતા બિમાર થઈને મરણ પામ્યા અને એકદમ તેમનો ચેહરો બિલકુલ કાળો, આંખો લીલી અને પેટ ભરેલ મશકની જેમ ફૂલી ગયું. હું મારા પિતાની આ બગડેલ હાલત જોઈને રડવા લાગ્યો અને રડતો રડતો સૂઈ ગયો. મેં ખ્વાબમાં જોયું કે એક ઘણી જ નૂરાની સૂરતવાળા બુઝુર્ગ તશરીફ લાવ્યા અને મારા પિતાના ચેહરા અને પેટ પર હાથ ફેરવી દીધો. તેમનો ચેહરો ઘણો જ હસીનો જમીલ થઈને ચમકવા લાગ્યો અને પેટનો ફુલાવો બિલકુલ બેસીને પોતાની અસલી હાલત પર આવી ગયો. પછી હું ખ્વાબમાં જ તે બુઝુર્ગની ચાદર પકડીને ઝુમી ઉઠયો કે લિલ્લાહ ! મને આપ એ બતાવી દો કો આપ કોણ છો ? તો તેમણે ફર્માવ્યું કે હું મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم છું ! તમારા પિતા ઘણા જ બદકાર હતા પણ એ દુરૂદ શરીફ વધારે પ્રમાણમાં પઢયા કરતા હતા. એમની બદઆમાલીના કારણે મરતી વખતે એમનો ચેહરો કાળો થઈ ગયો અને સૂરત બગડી ગઈ પણ મરતી વખતે તેમણે મને ફરિયાદ કરી તો હું તેમની મદદના માટે આવી ગયો છું, અને હું એ દરેક મુસલમાનનો મદદગાર છું જે દુનિયામાં મારા પર દુરૂદ શરીફ પઢતો રહેશે. જ્યારે મારી આંખો ખુલી તો મેં જોયું કે મારા પિતાનો ચેહરો રોશન થઈને ચમકી રહ્યો છે અને

પેટનો ફુલાવો બિલકુલ બેસી ગયો છે. આ બનાવથી હું એટલા પ્રમાણમાં પ્રભાવિત થયો કે કોઈ હાલમાં પણ દુરૂદ શરીફ પઢવાનું બંધ નથી કરતો. અને એ જ કારણે તવાફમાં પણ મારો એ જ વઝીફો છે કે દુરૂદ શરીફ સિવાય કાંઈ પણ નથી પઢતો. *(રૂહુલ બયાન, ભાગ-૭, પેજ-૨૨૫)*

**સારાંશ** : દુરૂદ શરીફના વઝીફાના ફઝાઈલો બરકાતનું શું કહેવું ! ખુદાવંદે આલમે ઈર્શાદ ફર્માવ્યો કે, "બેશક ! અલ્લાહ અને તેના ફરિશ્તાઓનો એ વઝીફો છે કે તેઓ નબી ﷺ પર દુરૂદ મોકલે છે, અય ઈમાનવાળાઓ ! તમે લોકો એમના પર દુરૂદ પઢો અને સલામ મોકલો જેવો કે સલામ મોકલવાનો હક્ક છે."

હદીષ શરીફમાં હઝરત ઉબય બિન કઅબ رضی اللہ عنہ થી મરવી છે, તેમણે બયાન ફર્માવ્યું કે એક વખત બારગાહે રિસાલતમાં અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! ﷺ હું આપના પર વધારે પ્રમાણમાં દુરૂદ શરીફ પઢું છું તો હું દિવસ રાતનો કેટલો ભાગ દુરૂદ ખ્વાનીમાં પસાર કરું ? તો ઈર્શાદ ફર્માવ્યો કે જે પ્રમાણમાં ઈચ્છો ! મેં અર્ઝ કરી કે શું ચોથાઈ ભાગમાં દુરૂદ શરીફ પઢી લીધા કરું ? ઈર્શાદ ફર્માવ્યો કે તમે જેટલા પ્રમાણમાં ઈચ્છો ! પરંતુ જો એનાથી વધારે પઢશો તો તમારા માટે બેહતર જ હશે. પછી મેં અર્ઝ કરી કે શું અર્ધો ભાગ દુરૂદ ખ્વાનીમાં પસાર કરી દઉં ? તો ઈર્શાદ ફર્માવ્યો કે તમે જેટલા ભાગમાં ઈચ્છો, પરંતુ જો વધારે કરી આપો તો તમારા માટે બેહતર જ હશે. પછી મેં કહ્યું કે શું પોણા ભાગમાં દુરૂદ શરીફ પઢયા કરું ? તો ફર્માવ્યું કે તમે જેટલા ભાગમાં ઈચ્છો પઢતા રહો પણ જેટલા પ્રમાણમાં વધારે દુરૂદ શરીફ પઢશો, તમારા માટે બેહતર જ થશે. આ સાંભળીને મેં કહી દીધું કે યા રસૂલલ્લાહ ! હું મારા **બધા સમયોમાં દુરૂદ શરીફ** જ પઢતો રહીશ ! તો ઈર્શાદ ફર્માવ્યો કે, ત્યારે તો તમારું **દરેક કામ થઈ જશે** અને તમારા **ગુનાહોનો કફ્ફારો** પણ થઈ જશે. *(મિશ્કાત શરીફ, પેજ-૮૨)*

સુબ્હાનલ્લાહ ! વઝીફએ દુરૂદ શરીફની અહમિયત અને મકબૂલિયત એવી અજોડ છે કે હઝરત અમીરુલ મો'મિનીન ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ નો ઈર્શાદ છે કે, "દરેક દુઆ જમીન તથા આસમાનની વચમાં લટકતી રહે છે, અને ત્યાં સુધી કબૂલ નથી થતી જ્યાં સુધી કે તમે





તમારા નબી પર દુરૂદ શરીફ ન પઢી લો.

બિરાદરાને મિલ્લત ! એ જ કારણે બુઝુર્ગાને દીન તથા ઉલમાએ સાલેહીને જાત જાતના દુરૂદ શરીફ પર 'દલાઈલુલ ખૈરાત" વગેરે પ્રકારની કિતાબો લખી અને જુદા જુદા સંબોધનોથી નવાં નવાં દુરૂદ શરીફો તૈયાર કર્યા જેથી ઉમ્મતે રસૂલ આ વઝીફાએ કરીમાના ફયૂઝ તથા બરકતોથી કયામત સુધી ફય્ઝયાબ થતી રહે. પણ અફસોસ ! કે ઈસ્લામના ઈતિહાસનો આ કેટલો લોહીના આંસૂ રડાવે તેવો બનાવ છે કે, હિ.સ. ૧૯૫૯ માં હું (લેખક) જ્યારે મદીના તયબાહની હાજરીની સઆદતથી સરફરાઝ થયો તો એ જોયું કે નજદી સિપાહી મસ્જિદે નબવી શરીફમાં લોકોના હાથોમાંથી 'દલાઈલુલ ખૈરાત શરીફ" ખેંચી ખેંચીને ફાડી નાખતા હતા અને લોકો બીકના માર્યા 'દલાઈલુલ ખૈરાત શરીફ' લઈને મસ્જિદે નબવીમાં દાખલ થતા ન હતા. એ જાલિમોની રસૂલની બેઅદબી અને જંગલીપણુ જોઈને ગુસ્સાને લીધે મારું લોહી ગરમ થઈ ગયું અને છેવટે મિમ્બરે નબવી પર ઊભો થઈને તકરીર કરવાવાળા એક નજદી મૌલ્વીથી મારી ટક્કર થઈ જ ગઈ, પણ ખુદાવંદે આલમનો લાખ લાખ શુક્ર છે કે એ મારા સવાલોનો કોઈ જવાબ ન આપી શકયો અને એ કોઈ બુરાઈ પણ પેદા ન કરી શકયો. મારું ઈમાન એ છે કે હુઝૂર અકરમ ﷺ એ મને એમની મદદ તથા હિમાયતના દામનમાં પનાહ અતા ફર્માવી દીધી હતી, નહીં તો એ નજદી મૌલવીથી ઘણો જ મોટો બુરાઈનો ખતરો હતો. જ્યારે કે મેં ગુસ્સાના જોશમાં નજદી મૌલવીનો હાથ પકડીને એને મિમ્બરની નીચે ઉતારી દીધો હતો અને મસ્જિદે નબવીની પોલીસે આ દ્રશ્ય જોઈ પણ લીધુ હતું ! ખુદા ગવાહ છે કે બિલકુલ સાચુ ફર્માવ્યું હઝરત અલ્લામા બુસૈરી رحمۃ اللہ علیہ એ કે, "જે વ્યકિતને હુઝૂરે અકરમ ﷺ ની મદદ નસીબ થઈ જાય તો જો મોટી સંખ્યામાં સિંહો પોતાની ઝાડીમાં પણ એનો સામનો કરશે તો સિંહોનું ટોળુ એ વ્યક્તિની બીકથી ધ્રુજવા લાગીને બુઝદિલ તથા નાહિંમત થઈને ભાગી જશે. શું સરસ ફર્માવ્યું, આ'લા હઝરત કિબ્લાએ :-

**क्या दबे जिसपे हिमायतका हो पंजा तेरा**
**शेर को खतरेमें लाता नहीं कुत्ता तेरा**

## ★ "કુલહુવલ્લાહ"નો ષવાબ ★

હમ્માદ મક્કી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે, હું એક રાત મક્કા મુકર્રમાના કબ્રસ્તાનમાં ગયો અને એક કબ્ર પર પોતાનું માથુ રાખીને સૂઈ ગયો. તો મેં ખ્વાબમાં એ જોયું કે કબ્રસ્તાનવાળા ટોળાને ટોળા આમથી તેમ આવ જા કરી રહ્યા હતા. તો મેં પૂછયું કે શું કયામત કાયમ થઈ ગઈ ?! તો લોકોએ કહ્યું કે, ના ! પરંતુ અમારા જીવતા ભાઈઓમાંથી એક વ્યકિતએ કુલહુવલ્લાહ શરીફ પઢીને એનો ષવાબ કબ્રસ્તાનવાળાઓને બખ્શી આપ્યો છે, તો અમે લોકો આ ષવાબને એક વર્ષથી એક બીજામાં વહેંચી રહ્યા છીએ. *(શર્હુસ્સુદૂર, પેજ–૧૩૦)*

**સારાંશ** : સુબ્હાનલ્લાહ ! ખુદાવંદે કુદુસના મહાન ફઝ્લ પર કુર્બાન જઈએ કે કુલહુવલ્લાહની તિલાવત પર આટલો અધિક અને મહાન ષવાબ આપી દીધો કે આખા કબ્રસ્તાનવાળા એક વર્ષથી આ સવાબને વહેંચી રહ્યા છે ! પણ એ પૂરો થવાનુ નામ જ નથી લેતો. સાચુ ફર્માવ્યું ખુદાવંદે આલમ ﷻ એ કે, "આ અલ્લાહ તઆલાનો ફઝ્લ છે, એ જેને ઈચ્છે પોતાનો ફઝ્લ અતા ફર્માવે છે, અને અલ્લાહ તઆલાનો ફઝ્લ ઘણો જ મહાન છે." આ બનાવથી ખબર પડે છે કે જીવતાઓનો ઈસાલે ષવાબ કેવી શાનની સાથે કબ્રસ્તાનવાળાઓની પાસે પહોંચે છે. કાશ ! મુસલમાન એની જરૂરતને સમજતા અને કબ્રસ્તાનવાળાઓને તિલાવત કે ખાવા વગેરે પર ફાતેહા અપાવીને ઈસાલે સવાબ કરતા રહેતા. પણ ઉલમાએ દેવબંદની આ સિતમકારી પર કયાં સુધી માતમ કરવામાં આવે કે ત્રીજયું, દસમું, ચાલીસુ, વર્ષીના ઝરીયે જે કાંઈ પણ ઈસાલે સવાબનો સિલસિલો મુસલમાનોમાં ચાલુ હતો એના પર પણ હરામ તથા બિદઅતનો ફત્વો લગાડીને બંધ કરવામાં આવી રહ્યું છે ! કોઈ નથી જે એ લોકોને એવું પૂછે કે છેવટે ફાતેહાને બંધ કરવાનું પરિણામ એના સિવાય બીજુ શું હશે ? કે લોકો જે આ ઝરીયાને લીધે પૂર્વજ બુઝુર્ગોને યાદ કરી લીધા કરે છે, તેઓ એનાથી પણ અલગ થઈ જશે. ન મય્યતોને કોઈ સવાબ પહોંચતો રહશે, ન જીવતાઓને પોતાના વફાત પામેલ અસ્લાફથી કોઈ રૂહાની સંબંધ બાકી રહેશે. એટલા માટે લિલ્લાહ ! એ લોકોએ જોઈએ કે મુસલમાનો પર





રહમ કરે અને ફાતેહા વગેરે નેક કામોની વિરૂદ્ધ જબાની તથા કલમી ઝહેર ફેલાવીને મુસલમાનોમાં ઈખ્તેલાફ અને માથાં ફોડવાનો સામાન પણ પૈદા ન કરે, અને મુસલમાન જીવતા તથા મુર્દાના રૂહાની સંબંધો પર કૂહાડી ચલાવીને તેઓ વચ્ચેની મહોબ્બતના રૂહાની સંબંધોને કાપી ન કાઢે. જરૂરત તો એની છે કે મુસલમાન જે અન્ય બેશુમાર બિદઅતો તથા ખુરાફાતની લઅનતોમાં ગિરફતાર છે અને સિનેમા, થિયેટર, ટી.વી. જુગાર, સટ્ટાબાજી અને શાદી બિયાહના શિર્કમય રસ્મો રિવાજથી બરબાદ ન થાય તેની વિરૂદ્ધ જબાની તથા કલમી જેહાદ કરીને ઉમ્મતે રસૂલની સુધારણા તથા છૂટકારાનો ઈન્તેઝામ કરવામાં આવે.

## ★ સુલતાન આબિદ ★

ખુલફાએ બનૂ અબ્બાસમાં મુઅતસિમનો પૌત્ર મુહમ્મદ જે "મુહતદી બિલ્લાહ"ના લકબથી ગાદી નશીન થયો. ઝોહદો ઈબાદતમાં તમામ ખુલ્ફાએ બગદાદથી વિશિષ્ટ થયો. ખતીબ બગદાદીનું બયાન છે કે આ વ્યકિત ખિલાફતની ગાદી પર બેસવાના સમયથી શહાદતના સમય સુધી હમેશાં રોઝાદાર જ રહ્યો. એમની પાસે ઘેટાના વાળોનો એક ઝભ્ભો અને એક ચાદર હતી જેને પહેરી ઓઢીને એ બાદશાહ રાતે ખુદાની ઈબાદત કરતા અને નમાઝો પઢયા કરતા હતા. અને શાહી દસ્તરખ્વાનનો એ હાલ હતો કે હાશિમ બિન કાસિમ બયાન કરે છે કે હું રમઝાનની એક સાંજે ખલીફા 'મુહતદી બિલ્લાહ'ના દસ્તરખ્વાન પર હાજર થયો. એક પાત્રમાં થોડીક રોટલીઓ, ઝયતુનનું તેલ, મીઠુ, સિરકો ખલીફાની સામે ખાવાના માટે મૂકી દીધું. હું પણ ખાવામાં હાજર થઈ ગયો અને હું એવું સમજયો કે આ ઈફતારી છે હવે ખાવા આના પછી આવશે. છેવટે મેં ઘણી જ અનિચ્છાની સાથે ધીમે ધીમે અને થોડું ખાવાનું શરૂ કરી દીધું. ખલીફાએ કહ્યું ખૂબ જ સારી રીતે પેટ ભરીને ખાઈ લો અહીંયા આની સિવાય બીજુ કોઈ ખાવા નથી ! મેં આ સાંભળીને કહ્યું કે કેમ ? અય અમીરુલ મો'મિનીન ! આપને તો અલ્લાહ તઆલાએ તેની નેઅમતોમાં ડૂબાડી દીધા છે ! કે આપ શાહી ખજાનાના માલિક તથા મુખ્તાર છો. ખલીફાએ કહ્યું કે તમે ઠીક કહો

છો. પરંતુ મારો મામલો એ છે કે મેં એ વિચાર્યું કે ખાનદાન બનૂ ઉમય્યામાં જ્યારે સલ્તનત હતી તો એ ખાનદાનમાં હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝે જે ઝોહદ તથા પરહેઝગારી અને ઈબાદત તથા તકવા શિઆરીની હાલતમાં સલ્તનત કરી એ તમને ખબર પણ છે. તો મને ઘણી જ શરમ મેહસૂસ થવા લાગી કે મારા ખાનદાન બનૂ હાશિમમાં જ્યારે સલ્તનત આવી તો કોઈ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝની શાનનો ન થયો જેથી મેં એ તરીકાને અપનાવી લીધો છે. રજબ, હિ.સ. ૨૫૬ તુર્કોએ આદિલ ખલીફાને શહીદ કરી દીધા. *(તારીખુલ ખુલફા, પેજ–૨૫૧)*

**સારાંશ :** ઝોહદો પરહેઝગારી અને ઈબાદત તથા તકવા શિઆરી બેશક ! દરેક વ્યકિતના માટે પ્રસંશાને પાત્ર છે, પરંતુ ઉમરાવો તથા સુલ્તાનો જે એશઆરમના માહોલમાં ઉછેર પામ્યા અને તેમની પાસે દૌલત, તાકાત, સલ્તનત અને દરેક પ્રકારની ખેલકૂદ અને મોજ મજાનો સામાન હોવા છતાં જ્યારે તે ઝોહદ તથા તકવા અને ઈબાદત તથા રિયાઝતની ખુશનસીબીથી સરફરાઝ થઈ જાય અને દરેક પ્રકારની મોજ મજા અને આરામ પરસ્તીના સામાનને લાત મારીને ઝાહિદાના જિંદગી પસાર કરીને ખુદાની ઈબાદત કરે તો યકીનન ! એ ઘણી પ્રસંશાને પાત્ર વાત છે. શેખ સઅદી رحمۃ اللہ علیہ એ એ વિષયની પ્રતિ ઈશારો કરતાં ઈર્શાદ ફર્માવ્યો કે :–

"મહાન મર્તબો રાખવાવાળા લોકો જો આજીજી અને નમ્રતા કરે તો ઘણુ જ સારુ અને પ્રસંશાને લાયક વાત છે. એક ભીખ માગવાવાળો ફકીર જો આજીજી અને નમ્રતા કરે તો એ કંઈ પ્રસંશાની વાત છે ?! આજીજી અને નમ્રતા તો દરેક ભિખારીની આદત જ હોય છે."

ભૂતકાળના ઈસ્લામના ઈતિહાસથી જાણવા મળે છે કે ઈસ્લામી સલ્તનતોના ઘણા જ સુલતાનો અને ઉમરાવો એટલા પ્રમાણમાં ઈબાદત કરવાવાળા થઈ ગયા છે કે મોટા મોટા ખાનકાહનશીન પીરો અને દુરવેશોને એમની રિયાઝત તથા મુજાહેદા અને ઝોહદ તથા તકવા પર રશ્ક થતો હતો. પણ અફસોસ ! કે હવે મુસ્લિમ કૌમમાં એવો દર્દનાક અને અફસોસનાક ઈન્કિલાબ આવી ગયો કે જે મુસલમાનની પાસે માલદારીની





હવા પહોંચી એટલામાં તો એ દીનદારી અને પરેહઝગારીથી એટલા પ્રમાણમાં નાફર્માન થઈ જાય છે કે મઆઝલ્લાહ, એને ખુદા અને રસૂલથી જાણે કે કોઈ સંબંધ જ નથી રહેતો ! ડોકટર ઈકબાલે એ ફિત્નાએ દીન સોઝની તરફ ઈશારો કરતાં કહ્યું છે કે :–

**જા કે મસ્જિદમેં જો હોતે હૈં સફ આરા તો ગરીબ**
**ઝહમતે રોઝા જો કરતે હૈં ગવારા તો ગરીબ**
**નામ લેતા હૈ અગર કોઈ હમારા તો ગરીબ**
**પર્દા રખતા હૈ અગર કોઈ તુમ્હારા તો ગરીબ**
**ઉમરા નશાએ દૌલતમેં હૈ ગાફિલ હમસે**
**ઝિંદા હૈ મિલ્લતે બયઝા ગુરબા કે દમસે**

## ★ રાબિયા બસરીનો નમાઝનો શોખ ★

નકલ થયેલ છે કે હઝરત બીબી રાબિઆ બસરી દરરોજની હમેશાં એક હજાર રકાત નફ્લ નમાઝ પઢયા કરતાં હતાં અને એવું ફર્માવ્યા કરતાં હતાં કે હું આ નમાઝોથી સવાબની તલબગાર નથી, હું તો આ નમાઝોને માત્ર એ નિયતથી પઢું છું કે મારા મહબૂબ અને ખુદાના હબીબ હઝરત મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ખુશ થઈ જાય અને મારા આકા કિયામતમાં તમામ અંબિયા علیہم السلام ને એવું ફર્માવે કે જોઈ લો ! મારી ઉમ્મતની એક સ્ત્રીના એક દિવસ રાતમાં આટલા આટલા નેક અમલો છે. *(મુસ્તતરફ, ભાગ–૧, પેજ–૭)*

**સારાંશ :** સુબ્હાનલ્લાહ ! હઝરત બીબી રાબિઆ બસરી رضی اللہ عنہا નો ઈબાદતનો જુસ્સો કેટલો ઊંચો હતો અને મહબ્બતે રસૂલના કેટલા ઉચ્ચ હોદ્દા પર બિરાજમાન હતાં કે માત્ર પોતાના પ્યારા મહબૂબ હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ખુશ કરવાના માટે આપ દરરોજ એક હજાર રકાત નમાઝ પઢયા કરતાં હતાં. આપને એ હદીષ યાદ હતી કે હુઝૂર અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઈર્શાદ છે કે, "નમાઝોમાં મારી આંખની ઠંડક બનાવવામાં આવી છે." પછી એમના ઈમાન અફરોઝ ભરોસાનું શું કહેવું ? કે જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم

મારાથી ખુશ થઈ જશે તો યકીનન ! ખુદા પણ જરૂર મારાથી ખુશ થઈ જશે. કેમ કે ઈસ્લામના અકીદાનો આ ઘણો જ ચમકદાર વિષય છે કે :–

**ખુદાકી રઝા ચાહતે હૈં દો આલમ**
**ખુદા ચાહતા હૈ રઝાએ મુહમ્મદ** صلی اللہ تعالیٰ علیہ وسلم

મુસલમાનનું દરેકે દરેક બાળક જાણે છે કે ખુદાની રઝા અને નારાજગીનું માપદંડ અને એનો દારોમદાર જ એના પર છે કે જેનાથી રસૂલ ખુશ થઈ ગયા એનાથી ખુદા પણ ખુશ થઈ ગયો અને જેનાથી રસૂલ નારાજ થઈ ગયા એનાથી ખુદા પણ નારાજ થઈ ગયો. શું સરસ ફર્માવ્યું આ'લા હઝરત કિબ્લા કુદ્દેસિર્રહુલ અઝીઝે કે :–

**બખુદા ખુદાકા યહી હૈ દર, નહીં ઔર કોઈ મકર મફર**
**જો વહાંસે હો યહીં આકે હો, જો યહાં નહીં તો વહાં નહીં**

## ★ હું નમાઝ પઢું તમે વાતો કરો ★

મશહૂર આલિમે હદીષ હઝરત મુસ્લિમ બિન બશ્શાર પોતાના ઘરમાં નફલો પઢયા કરતા હતા અને ઘરવાળાંઓને ફર્માવ્યા કરતા હતા કે હું જયારે નમાઝ શરૂ કરું તો તમે લોકો ખૂબ વાતો કર્યા કરો, હું નમાઝની હાલતમાં કોઈ વાત સાંભળતો જ નથી ! જેથી જયારે મુસ્લિમ બિન બશ્શાર મકાનમાં પ્રવેશતા તો ઘરવાળાં બિલકુલ ચુપ રહેતાં હતાં, પરંતુ જયારે આપ નમાઝની નિયત બાંધી લેતા તો ઘરવાળાં ખૂબ જ આઝાદીથી વાતોચીતો કર્યા કરતાં હતાં. નમાઝમાં એમની (ખુશૂઅ તથા ખુઝૂઅ) આજીજી અને નમ્રતાનો અને ધ્યાનના કમાલની એ હાલત હતી કે તેઓ એક વખત નમાઝમાં મશગૂલ થઈ ગયા અને ઘરમાં આગ લાગી ગઈ, લોકો આગ ઓલવવાના માટે દોડી પડયા, ભાગદોડ, શોરબકોર બધું જ થયું પણ એમને જરા પણ ખબર ન થઈ અને તેઓ જેમ નમાઝમાં મશગૂલ રહ્યા અને લોકોએ આગ ઓલવી નાખી. *(મુસ્તતરફ, ભાગ–૧, પેજ–૭)*





## ★ માથા પર કબૂતર ★

હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબેર رضی اللہ عنہ જયારે મસ્જિદે હરામમાં નમાઝ પઢતા હતા તો એટલો લાંબો કયામ ફર્માવતા હતા કે કબૂતર તેમને થાંભલો સમજીને તેમના માથા પર બેસી જતાં હતાં. એવી રીતે ઈબ્રાહીમ બિન શરીક મુહદ્દિષ એટલો લાંબો સજદો કરતા હતા કે ચકલીઓ એમની પીઠ પર એવી રીતે બેસતી અને કૂદતી ફરતી હતી કે જેવી કે તેઓ કોઈ ટેકરા કે દીવાલ પર બેઠેલી હોય. *(મુસ્તતરફ, ભાગ–૧, પેજ–૭)*

## ★ ચેહરા પર માખીઓ ★

પ્રખ્યાત મુહદ્દિષ બિન ઐયૂબ رحمۃ اللہ علیہ જયારે નમાઝમાં ઊભા રહેતા તો એમના ચહેરા પર કેટલીય માખીઓ કેમ ન બેસી જાય પણ એ કદી પણ માખીઓને ઉડાવતા ન હતા. લોકોએ નવાઈ સાથે પૂછયું કે આપ કેવી રીતે સબર કરો છો ? કે આટલી માખીઓ આપના ચહેરા પર બેસેલી રહે છે અને આપ ઘણી જ શાંતિની સાથે નમાઝમાં મશગૂલ રહો છો અને કદી પણ માખીઓને નથી હટાવતા ?! આપે ફર્માવ્યું કે, જલ્લાદ ફાસિકો, ઝાનીઓ, શરાબીઓને કાઝીની સામે કોરડા મારે છે અને એ ફાસિકો એટલી સબર કરે છે કે ન હાથ પગ હલાવે છે ન એ લોકોની પરેશાની પર કરચલી આવે છે, તો શું હું ખુદાની સામે એટલી પણ સબર નથી કરી શકતો કે ચેહરા પર માખીઓના બેસી જવાથી અકળાઈને માખીઓ ઉડાવવાના માટે હાથ હલાવતો રહું ?! *(મુસ્તતરફ, ભાગ–૭, પેજ–૭)*

**સારાંશ** : ઉપરના ત્રણેવ બનાવોને વાંચીને અંદાજો લગાડીએ કે સલફે સાલેહીન અને બુઝુર્ગાને દીનની નમાઝોમાં અલ્લાહની તરફ ધ્યાનની શું હાલત હતી અને એ હઝરાત કેટલા હાજર દિલની સાથે ખુદાની ઈબાદત કરતા હતા, અને આપણો શું હાલ છે કે દુનિયાભરના ખતરાઓ અને વિચારો નમાઝોમાં આપણા માથાઓ પર ચાલુ રહે છે, ત્યાં સુધી કે આપણે પોતાના પ્રોગ્રામોનુ સેટીંગ અને વેપારોના મનસૂબા પણ નમાઝોમાં જ તૈયાર કરીએ છીએ ! અને તકબીરે તહરીમા પછી આપણને કદી એ ખ્યાલ પણ નથી રહેતો કે આપણે આ વખતે અહકમુલ હાકિમિન અને રબ્બુલ

આલમીનના દરબારમાં એની સામે એની ઈબાદતના માટે ઊભા થયા છીએ, અને એ આપણને અને આપણા વિચારોને જોઈ રહ્યો છે, અફસોસ ! :–

**કયા તૂને નમાઝી યે કભી ગૌર કિયા હૈ**
**કિસ વાસ્તે ઔર સામને કિસકે તૂ ખળા હૈ**

**આદાબે ખુદાવંદી ભી કુછ તુઝકો હૈ મલહૂઝ**
**યા મુંહસે ફકત કહતા હૈ અલ્લાહ બળા હૈ**

## ★ જમાઅત છૂટી જવાનો ગમ ★

મશહૂર બુઝુર્ગ હઝરત હાતિમ અસમ رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે, આહ ! મારી જમાઅત છૂટી ગઈ તો તઅઝીયત માટે મારી પાસે માત્ર અબૂ ઈસ્હાક બુખારી એકલા આવ્યા છે, અને જો મારો છોકરો મરી ગયો હોત તો દસ હજારથી વધારે આદમી મારી પાસે તઅઝીયત માટે આવ્યા હોત, અફસોસ ! કે મુસલમાનોની નજરમાં દીનની મુસીબત દુનિયાની મુસીબતથી ઓછી આંકવામાં આવી. જ્યારે કે સલફે સાલેહીનનો એ રિવાજ હતો કે જો તેમની તકબીરે ઉલા છૂટી જતી તો ત્રણ દિવસ સુધી લોકો એમની તઅઝીયતના માટે જતા હતા અને એમની જમાઅત છૂટી જતી તો લોકો સાત દિવસ સુધી એમની તઅઝીયતના માટે જતા હતા ! *(મુસ્તતરફ, ભાગ–૧, પેજ–૮)*

**સારાંશ** : હઝરત હાતિમ અસમની આ તકરીરને વાંચીને વિચારો કે ઉલમાએ સલફ અને પૂર્વજ બુઝુર્ગોની ઈમાની નજરોમાં નમાઝ તો નમાઝ જમાઅત તો જમાઅત પણ તકબીરે ઉલાની કેટલી કદર હતી ? અને દીન તેમની નજરોમાં કેટલો અઝીઝ અને પ્યારો હતો કે કોઈની મય્યત થવાને પણ આટલી કદરની સાથે તઅઝીયત ન કરવામાં આવતી હતી જેટલી જમાઅત અને તકબીરે ઉલાને છૂટી જવા પર તઅઝીયત તથા ગમપુર્સી કરવામાં આવતી હતી. અને જરા આપણા દૌરની કમજોર હાલત પર પણ એક નજર નાખી લો કે નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત બધું જ છૂટી જવાને મુસલમાન ન તો પોતાના માટે મુસીબત સમજે છે ન બીજા લોકો એને મુસીબત સમજીને એ મુસીબતવાળાઓની તઅઝીયત કરે છે. પરંતુ તૌબા





નઊઝુબિલ્લાહ, હવે તો એવો દૌર આવી ગયો છે કે કેટલાક મુસલમાન કહેવડાવનારા રોઝા, નમાઝ અને હજ્જ તથા ઝકાતને જ જાણે મુસીબત સમજવા લાગ્યા છે ! જો બીચારા દીનદાર ઓલમાએ હક્ક આ બેલગામોને કાંઈ નસીહત કરે છે, તો એ ગુસ્તાખ તથા બેલગામ ઘણા જ ગુસ્સામાં આવીને અને મોં બગાડીને ત્યાં સુધી કહે છે, તૌબા, મઆઝલ્લાહ ! તમે દાઢીવાળા નમાઝી મૌલવીઓથી અમે દાઢી મૂંડા બેનમાઝી સારા છીએ !

અને પછી ગરીબ મૌલવીઓને ફિરઔનિયત મઆબ માલદાર જાહિલો એવી એવી કડવી વાણી સંભળાવે છે કે ખુદા ખૈર કરે ! ગરીબ ઉલમાએ જાહિલો અને ફાસિકોની ગાળો સાંભળીને ભલા એના સિવાય બીજુ શું કહી શકે છે કે :–

**શીરાઝા હુવા મિલ્લતે મર્હૂમકા અબતર**
**અબ તૂ હી બતા તેરા મુસલમાન કિધર જાએ,**

**ઈસ રાઝકો અબ ફાશ કર, અય રૂહે મુહમ્મદ !**
**આયાતે ઈલાહીકા નિગેહબાન કિધર જાએ**

## ★ હઝરત ઈમામ હસન હજ્જમાં ★

હઝરત ઈમામ હસન رضی اللہ عنہ એ એક વખત ફર્માવ્યું કે, મને એ વિચારથી ઘણી શરમ આવે છે કે હું ખુદાવંદે તઆલાથી કેવી રીતે મુલાકાત કરીશ ? જ્યારે કે હું એના ઘર (કા'બા) સુધી કદી પગે ચાલીને નથી આવ્યો. ત્યાર પછી વીસ વખત આપ મદીના મુનવ્વરાથી મક્કા મુકર્રમા પગે ચાલીને હજ્જના માટે આવ્યા. નકલ થયેલ છે કે હરમે ઈલાહીમાં પહોંચીને આપે ખાનાએ કા'બાનો તવાફ કર્યો પછી મકામે ઈબ્રાહીમ પર બે રકાત નમાઝ તહિય્યતુત્ તવાફ પઢીને આપે પોતાના રુખસાર (ચહેરા) મુબારકને મુકામે ઈબ્રાહીમ પર મૂકી દીધું અને ચોધાર આંસૂંએ રડતાં રડતાં આપ આ રીતે દુઆ માંગવા લાગ્યા કે, અય મારા રબ ! તારો હકીર બંદો તારા દરવાજા પર છે, તારો ખાદિમ તારા દરવાજા પર છે, તારો ભિખારી તારા દર પર છે, તારો મિસ્કીન તારા દરવાજા પર છે, વારંવાર વધારેને વધારે આ જ શબ્દોને દોહરાવતા રહ્યા. પછી જ્યારે આમ હરમ શરીફથી બહાર

નીકળ્યા તો આપનો ગુઝર એવા થોડાક મિસ્કીનોની પાસેથી થયો જેમની પાસે રોટલીઓના ટુકડાઓ હતા અને એ લોકો એને ખાઈ રહ્યા હતા. તો આપે એ મિસ્કીનોને સલામ કરી અને જ્યારે એ મિસ્કીનોએ આપને ખાવાના માટે બોલાવ્યા તો આપ બેસી ગયા અને ફર્માવ્યું કે જો આ રોટલીઓના ટુકડા સદકાના ન હોત તો હું જરૂર તમારી સાથે બેસીને ખાઈ લેત પણ કેમ કે હું આ'લે રસૂલ છું, અને અમારા માટે સદકાનો માલ ખાવો હરામ છે એટલા માટે હું એને નથી ખાઈ શકતો. પછી આપ એ મિસ્કીનોને પોતાની સાથે પોતાની રહેવાની જગા પર લાવ્યા અને એ બધાને ખાવા ખવડાવ્યું અને બધાને થોડાક દિરહમ આપીને વિદાય કર્યા. *(મુસ્તતરફ, ભાગ–૧, પેજ–૧૨)*

**સારાંશ** : આ નૂરાની બનાવમાં હઝરત ઈમામ હસન મુજતબા رضی اللہ عنہ ના ઈબાદતના જુસ્સાને આયનામાં ખૌફો ખશિયતે ખુદાવંદી, ગિર્યાઓ ઝારી, મિસ્કીન નવાઝી, દયાળુ વર્તાવ, સખાવત, નમ્રતા વગેરેની એવી એવી ઈમાન અફરોઝ તજલ્લીઓ છે કે જેની રોશનીમાં ઈમામ સાહબને જોવાવાળો એના સિવાય કાંઈ પણ નથી કહી શકતો કે "હું એ વાતની શહાદત આપું છું કે અય ઈમામ હસન ! આપ બેશક ! આ'લે રસૂલ અને ફરઝંદે બતૂલ છે !"

અલ્લાહુ અકબર ! કોણ મુસલમાન નથી જાણતો કે હઝરત ઈમામ હસન અને હઝરત ઈમામ હુસૈનને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એ મહાન બશારત અતા ફર્માવી છે કે આ બંને જન્નતના જવાનોના સરદાર છે પણ પોતે એક આ'લા જન્નતી હોવા છતાં પણ તેમનો ઈબાદતનો જુસ્સો અને ખૌફ તથા શરમીંદગી યકીનન આખી ઉમ્મતના માટે બોધનો સબક છે. પણ અફસોસ કે :–

**ક્યા તમાશા હૈ કે અબ નાકહ સવારાને અરબ**
**પૈરવી કરતે હૈં યૂરપ કે હૂદી ખ્વાનોં કી**

## ★ સિત્તેર વર્ષથી ઈબાદત અને એક રોટલી ★

નકલ થયેલ છે કે એક આબિદ સિત્તેર વર્ષથી પોતાની ખાનકાહમાં





ઈબાદત કરતો હતો. અચાનક એક રાત સખત ઠંડીમાં એક ખૂબસરત સ્ત્રીએ આબિદનો દરવાજો ખટખટાવ્યો. આબિદે દરવાજો ખોલ્યો અને સ્ત્રીને જોતાં જ એની ખૂબસૂરતી પર કુર્બાન થઈ ગયો અને એને પોતાની ખાનકાહમાં પનાહ આપી. પરંતુ નફ્સે અમ્મારાને કાબૂમાં ન રાખી શકયો અને સતત સાત રાત સુધી એની સાથે ગુનાહમાં લાગેલો રહ્યો. પછી એ આબિદને એવો એહસાસ થયો કે હાય અફસોસ ! મેં સિત્તેર વર્ષની ઈબાદતને સાત રાતોના ગુનાહથી બરબાદ કરી દીધી ! એ વિચાર આવતાં જ એ એટલા પ્રમાણમાં ધ્રુસ્કે ધ્રુસ્કે રડયો કે રડતાં રડતાં બેહોશ થઈ ગયો અને જ્યારે હોશમાં આવ્યો તો સ્ત્રીએ કહ્યું કે, હે શખ્સ ! ખુદાની કસમ ! મેં તારા સિવાય બીજા કોઈની સાથે આ ગુનોહ નથી કર્યો અને હું તારા ચેહરા પર સાલેહીનની નિશાની જોઈ રહી છું જેથી મારી તારાથી એટલી ઈચ્છા છે કે જ્યારે ફરી તારા પર તારા મૌલાનો ફઝલ્ કરમ થઈ જાય અને તું ઈબાદતમાં મશગૂલ થઈ જાય તો મુઝ ગુનેહગાર સ્ત્રીને પણ દુઆમાં યાદ કરી લે જે. આબિદ પોતાના ગુનાહ પર ઘણો જ પસ્તાવો કરતો કરતો તૌબા કરીને ખાનકાહને છોડીને જંગલની તરફ નીકળી ગયો અને રાતે એક વેરાન જગા પર રોકાયો જ્યાં દસ આંધળી વ્યકિતઓ રહેતી હતી અને એક રાહિબ દરરોજ આંધળાઓને એક એક રોટલી આપ્યા કરતો હતો. આદત મુજબ રાહિબનો ગુલામ દસ રોટલીઓ લઈને આવ્યો આબિદે પણ એની સામે હાથ ફેલાવી દીધો અને એક રોટલી લઈ લીધી જેથી એક આંધળાને રોટલી ન મળી. તેણે ગુલામથી તકાઝો કર્યો કે મારી રોટલી મને તમે આજે કેમ ન આપી ? ગુલામે કહ્યું કે હું દસ રોટલીઓ તમારા લોકોમાં વહેંચી ચૂકયો છું. આંધળાઓને એ ખબર ન પડી શકી કે એક અન્ય વ્યકિત પણ આપણા લોકોમાં સામેલ થઈ ગઈ છે અને તેણે એક આંધળાની રોટલી લઈ લીધી છે. આંધળો ગરીબ ભૂખ્યો રહી ગયો. પછી આબિદના ઝમીરે તેને ઝંઝોળ્યો કે અફસોસ ! એક આંધળો જે ખુદાનો નેક બંદો છે એ ભૂખ્યો રહે, અને હું ગુનાહનું પૂતળુ હોવા છતાં પેટ ભરીને ખાઉં ? આબિદે એવું વિચારીને પોતાની રોટલી આંધળાને આપી દીધી અને પોતે ભૂખ્યો પડી રહ્યો, ત્યાં સુધી કે ભૂખથી તડપી તડપીને મરી ગયો. એના મરણ પામતાં જ રહમત અને અઝાબના ફરિશ્તાઓ ઉતરી પડયા અને જીદ કરવા લાગ્યા. રહમતના

ફરિશ્તાઓએ કહ્યું આ વ્યકિત તૌબા કરી ચૂકયો છે જેથી અમે એને અરહમુર્રાહિમીનના રહમતના સમંદરમાં લઈ જઈશું. અને અઝાબના ફરિશ્તાઓએ કહ્યું કે આ ગુનેહગાર છે જેથી અમે એને જબ્બારો કહ્હારના દરબારમાં એક મુજરિમની હેસિયતથી પેશ કરીશું. આ જીદ ચાલુ હતી તેવામાં અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓને ફર્માવ્યું કે તમે એની સિત્તેર વર્ષની ઈબાદતને સાત રાતના ગુનાહોથી તોલીને જુઓ કે કયું પલ્લુ વજનદાર રહે છે ? જ્યારે ફરિશ્તાઓએ વજન કર્યું તો સાત રાતના ગુનાહોનું પલ્લુ સિત્તેર વર્ષની નેકીઓથી વજનદાર નીકળ્યું. પછી અર્હમુર્રાહિમીને ફર્માવ્યું કે, સારું ! હવે તમે લોકો એના સાત રાતોના ગુનાહોને એની એક રોટલીથી વજન કરો જે એણે પોતે ભૂખ્યો રહીને આંધળાને આપી દીધી હતી. જ્યારે ફરિશ્તાઓએ વજન કર્યું તો એક રોટલીનું પલ્લુ સાત રાતના ગુનાહોથી વજનદાર નીકળ્યું ! અને આ વ્યકિત રહમતના ફરિશ્તાઓના હવાલે કરી દેવામાં આવ્યો અને અર્હમુર્રાહિમીને એની તૌબા કબૂલ ફર્માવીને એને પોતાના રહમતના સમંદરમાં જગા આપી દીધી હતી. *(મુસ્તતરફ, ભાગ-૧, પેજ-૧૦)*

**સારાંશ** : આ હિકાયતથી એ જાણવા મળે છે કે આબિદ કેટલોય ઈબાદત ગુઝાર કેમ ન હોય પણ તેણે દરેક સમયે ખુદાવંદીના ખૌફથી ડરવું અને ધ્રુજતા રહેવું જોઈએ કે શું ખબર ! મારો અંજામ અને ખાતમો કેવો હશે ? શું ખબર શૈતાન કયારે હુમ્લો કરી દેશે ? અને શું ખબર કે નફસે અમ્મારાના હાથોથી હું કયા કયા ગુનાહોમાં લાગી જઈશ ? દરેક વખતે ખુદાથી ડરીને સારા અંજામની દુઆ કરવી જોઈએ અને હરગિઝ કદી પોતાની ઈબાદત અને નેકીઓ પર ઘમંડ ન કરવો જોઈએ. હઝરત ખ્વાજા મિર્ઝા મઝહર જાનેજાં નકશબંદી દહેલ્વી رحمۃ اللہ علیہ એ શું સરસ ઈર્શાદ ફર્માવ્યો કે : (અર્થ) : પોતાના રોઝા તથા નમાઝ અને પોતાના સોઝોસાઝ (ઈબાદત) પર હરગિઝ નાઝ ન કર, ખુદા બેપરવા છે જેથી તું પોતાની ન્યાઝમંદી પર નાઝ ન કર, ગુનાહ પર શરમિંદા થવું નેકીના ઘમંડથી ઘણુ સારુ છે. અય મઝહર ! જે હકીકતથી દૂર છે, તું પોતાની નમાઝ પર નાઝ ન કર." આ હિકાયતથી એક બીજો બોધ પણ મળે છે કે આદમી પોતે ભૂખ્યો રહીને કોઈ ભૂખ્યા લાચાર મુસલમાનને ખાવા ખવડાવી આપે એનો





ઘણો જ મોટો અજર તથા સવાબ છે. વિચારો કે સાત રાતોના ગુનાહથી જેનું પલ્લુ સત્તર વર્ષની ઈબાદત કરતાંય વજનદાર હતું, તો એક રોટલીના મુકાબલામાં હલકુ પડી ગયું, અને આજ એક રોટલી આબિદના માટે છૂટકારાનો વસીલો બની ગઈ. કેમ ન હોય કે આ બંને આલમના મુખ્તાર મહબૂબે પરવર દિગાર અને એમના અહલે બયતે અતહારનો મુબારક તરીકો છે. આપે કેટલીયે વાર સાંભળ્યું હશે :-

**ભૂકે રહતે થે ખૂદ ઔરોંકો ખિલા દેતે થે**
**કયસે સાબિર થે મુહમ્મદ કે ઘરાનેવાલે** صلی اللہ تعالیٰ علیہ وسلم

## ★ જઅફર બિન નસ્રની એક દુઆ ★

સૈયદ જઅફર બિન નસ્ર ખુલ્દી બગદાદી ઘણા જ કમાલવાળા આલિમ અને ઘણા જ કરામતવાળા વલી હતા. દિવસ રાતની ઈબાદત તથા રિયાઝતમાં અજોડ હતા. સાઈઠ (૬૦) વખત હજ્જના માટે ગયા. એમની પાસે એક ઘણો જ કિંમતી નગીનો હતો જે દજલાના દરિયામાં પડી ગયો. ખોવાયેલ ચીજ પાછી મળી જવાની એમની પાસે એક દુઆ હતી એમણે એ દુઆને પઢી લીધી તો એ નગીનો જે દજલાના દરિયામાં પડયો હતો કિતાબોના રદ્દી પાનાંઓમાંથી મળ્યો.

એ દુઆ આ છે કે જ્યારે કોઈ ચીજ ગુમ થઈ જાય તો પહેલાં ત્રણ વખત સૂરએ વદુહા બિસ્મિલ્લાહ સાથે પઢે. પછી એક વખત આ દુઆ પઢી લે :-

**યા જામિઅન્નાસિ લિયૌમિલ્ લારૈબ ફીહિ ઈજમઅ્ અલૈય દાલ્લતી.**

એ જ મશહૂર મુહદ્દિષ અબૂબક્ર ખતીબે પોતાના ઈતિહાસમાં લખ્યું છે કે, મેં એક હજ્જમાં સૂફી "મુઝય્યન કબીર"ને વિદાય કરતી વખતે કહ્યું કે હઝરત ! આપ મને કોઈ તોશો આપી દો. તો તેમણે મને આ દુઆ શીખવાડી કે, જો તમારી કોઈ ચીજ કે આદમી ગુમ થઈ જાય તો આ દુઆ પઢી લેશો, ઈન્શાઅલ્લાહ તઆલા એ ચીજ કે આદમી જરૂર મળી જશે. તે દુઆ આ છે :-

**યા જામિઅન્નાસિ લિયૌમિલ્ લારૈબ ફીહિ ઈજમઅ બૈની વબૈન કઝા.**

"કઝા" શબદની જગાએ ગુમ થયેલ ચીજ કે વ્યકિતનુ નામ લે.

**સારાંશ** : બુઝુર્ગાને દીન, ઉલમાએ કિરામ અને ઔલિયાએ એઝામથી જે દુઆઓ નકલ કરેલ છે, બેશક ! તેની અસરો હક્ક છે. પરંતુ અવામ જે કયારેક કયારેક આ દુઆઓને પઢવાથી ફયૂઝ નથી મેળવતા અને પોતાના મકસદોમાં સફળ નથી થતા તો એ દુઆઓનો વાંક નથી, પરંતુ દુઆઓ પઢવાવાળાઓના ઈખ્લાસની કમી, ગુનાહોની નહૂસત અને જીભોની ગંદકીનો વાંક છે. દુઆઓની મકબૂલિયતના માટે થોડીક શર્તો તથા નિયમો છે. જો એ શર્તો તથા નિયમોની પાબંદી નહીં થશે તો જાહેર છે કે દુઆઓ મકબૂલ નહીં થાય. દુઆના મકબૂલ થવા માટે તકવો અને દીનદારી, ઈખ્લાસે કલ્બ, હલાલ રોજી, સાચી વાણી વગેરે ઘણી જ જરૂરી શર્તો છે. હદીષ શરીફમાં હુઝૂર સરવરે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે, "એક વ્યકિત હરામ ખાય છે અને હરામ પીએ છે અને "અલ્લાહ ! અલ્લાહ !" કરીને દુઆઓ માંગે છે ! ભલા એવા વ્યકિતની દુઆઓ કયાંથી અને કેવી રીતે મકબૂલ થશે ?! વિચારો કે, હરામ ખાવા ખાઈને પીને જે વ્યકિતના લોહીનું ટીપુ ટીપુ અને ગોશ્તની બોટી બોટી હરામ માલની નાપાકીથી ખરડાયેલ હોય અને જૂઠ, ગીબત, તોહમત, ગાળો, ફુહશકલામી (ગંદી વાણી) વગેરેથી જેની જીભ દરેક સમયે ગંદી રહેતી હોય ભલા એ વ્યકિતની જીભેથી નીકળેલ દુઆ કયારે એના લાયક છે કે ખુદાવંદે સુબ્બુહો કુદુસની બારગાહે અઝમતમાં મકબૂલિયત પામે. એટલા માટે જરૂરત છે કે વ્યકિત પહેલાં તકવો તથા પરહેઝગારીના નૂરથી પોતાના ઝાહિર તથા બાતિનને રોશન કરે અને હલાલ કોળિયો ખાય અને પોતાની જીભને જૂઠ, ગીબત, તોહમત, ખરાબ વાતો વગેરેની લાનતોથી પાક કરે અને પાક રાખે અને પછી ઘણા જ ઈખ્લાસે કલ્બ (નિખાલસ દિલે) અને ગિર્યાઓ ઝારીની સાથે (રડી કકડીને) જનાબે બારીમાં પોતાની દુઆઓ આજીજી અને નમ્રતા સાથે પેશ કરે તો અર્હમુર્રાહિમીન એવો કરીમ અને નુકતા નવાઝ છે કે એ પોતાના બંદાઓનાં તૂટેલાં દિલોની સદાઓને પોતાના રહમતના દામનમાં





જગા આપીને મકબૂલિયતના શરફથી નવાઝી આપે છે. કોઈએ કેટલું સરસ કહ્યું છે કે :–

**જો માંગનેકા તરીકા હૈ ઉસ તરહ માંગો**
**દરે કરીમસે બંદેકો કયા નહીં મિલતા !**

આ ચેતવણીની જરૂરત એટલા માટે પડી કે મોટા ભાગે જોવામાં આવે છે કે અમુક જાહિલો કોઈ વઝીફો કે બુઝુર્ગોની બતાવેલી દુઆઓનો વિર્દ કરે છે અને એમને એનાથી કોઈ ફાયદો ન થાય તો તેઓ શોર મચાવવા લાગે છે કે આ દુઆઓના જે ફાયદાઓ બુઝુર્ગોએ બતાવ્યા છે એ મઆઝલ્લાહ ખોટા છે ! પોતે પોતાની ઉણપો પર નઝર નથી નાખતા અને એટલું પણ નથી વિચારતા કે કેટલીયે અસરકારક દવા કેમ ન હોય પણ જ્યારે એની વાપરવાની રીતનો ખ્યાલ ન રાખવામાં આવે તો કદી હરગિઝ હરગિઝ એ દવાની અસર જાહેર થશે નહીં. વળી વાપરવાની રીતની સાથે દવાની અસરને બરબાદ કરનારી ચીજોથી પણ પરહેઝ કરવી જરૂરી હોય છે. કેટલીયે ફાયદાકારક દવા કેમ ન હોય પરંતુ જો દવાની સાથે બદ્પરહેઝી થતી રહેશે તો જાહેર છે કે દવાનો ફાયદો બરબાદ થતો રહેશે. જો હવે કોઈ વ્યકિત કોઈ દવાને ખોટી રીતે ઉપયોગ કરે કે બદ્પરહેઝી કરે એવી રીતે દવાની અસર જાહેર ન થાય તો શું એ વ્યકિતને માટે યોગ્ય છે કે એ કહી દે કે આ દવા બિલકુલ બોગસ અને બેઅસર છે ?! નહીં, હરગિઝ નહીં. પરંતુ એક અક્કલવાળો એ જ કહેશે કે દવાનું ફાયદાકારક અને અસરકારક હોવું બિલકુલ સાચું જ છે; પરંતુ વાપરવાની રીતની ભૂલ અને બદ્પરહેઝીએ આ દવાના અસરને જાહેર થવા ન દીધી. એ જ રીતે આ જ હાલત વઝીફાઓની અને દુઆઓના વિર્દોની પણ છે કે કયારેક એમની શર્તો અને આદાબ પૂરા ન થવાના કારણે ખોટી રીતે પઢવામાં આવે છે, અને કયારેક આવી બદ્પરેઝીઓ થઈ જાય છે જેની નહૂસતોથી દુઆઓની અસર બેકાર થઈ જાય છે. જેથી હરગિઝ હરગિઝ કોઈ દુઆઓ અને વઝીફાઓ અને એના ફાયદા તથા ફળોનો ઈન્કાર ન કરવો જોઈએ. પરંતુ એ કોશિશ કરવી જોઈએ કે દરેક દુઆઓ એની શરતો તથા આદાબની સાથે પઢવી જોઈએ. અને એ ગુનાહોથી પરહેઝ

કરવામાં આવે જેની ઝુલ્મત દુઆઓના નૂરને બરબાદ તથા ગારત કરી દે છે પછી ઈન્શાઅલ્લાહુ તઆલા ઉમ્મીદ છે કે જરૂર મૌલા તઆલા કરમ ફર્માવશે અને દુઆઓને કબૂલ ફર્માવીને દુઆ માંગવાવાળાની ખાલી જોળીઓને ગૌહરે મુરાદથી ભરી દેશે. ખુદાવંદે આલમના ખઝાનામાં કોઈ કમી નથી, જો આપણી દુઆ મકબૂલ નથી થતી અને આપણી મુરાદ પૂરી નથી થતો તો યકીનન એમાં આપણી જ ઉણપની દખલ છે, નહીં તો કોણ નથી જાણતું કે :–

**ઉસ્મે અલ્તાફ તો હૈં આમ શહીદી સબ પર**
**તુઝસે કયા ઝિદ થી ? અગર તૂ કિસી કાબિલ હોતા**

## ★ ઝાકિર તથા સાબિર ★

હઝરત ઉરવહ બિન ઝુબૈર ઘણા જ જલીલુલ કદર તાબઈ આલિમે દીન છે. ઈમામ ઝોહરીએ એમના ઈલ્મના કમાલને જોઈને ફર્માવ્યું, એ ઈલ્મના એવા સમંદર છે જે કદી પણ નહીં સૂકાશે. મદીના મુનવ્વરાના સાત મશહૂર ફુકહા (ફકીહો)માં એમની ગણત્રી છે. તેઓ જન્નતી સહાબી હઝરત ઝુબૈર બિન અવ્વામના પુત્ર છે. એમની માતાનું નામ અસ્મા છે જે અમીરુલ મો'મિનીન હઝરત અબૂબક્ર સિદ્દીક رَضِیَ اللّٰہُ عَنہ ની પુત્રી છે. પોતાના પિતા, પોતાની માતા બીબી અસ્મા અને પોતાની માસી ઉમ્મુલ મો'મિનીન હઝરત બીબી આઈશા અને મોટા મોટા સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن ના ખાસ શાર્ગિદ હઝરત ઉરવહ બિન ઝુબૈરમાં સેંકડો ઈલ્મી તથા અમલી કમાલાતની સાથે ઝિક્રે ઈલાહી અને સબ્રનો કમાલ પણ ઉત્તમ કક્ષાનો હતો.

એક વખત આપને વલીદ બિન યઝીદે દમિશ્કમાં આમંત્રિત કર્યા. આપ તશરીફ લઈ ગયા અને રસ્તામાં એક હાડકુ આપના પગમાં વાગી ગયું અને એ ઘા એટલા પ્રમાણમાં બગડી ગયો કે આપનો પગ સડવા લાગ્યો. વલીદે તમામ તબીબોને ભેગા કર્યા પણ બધા તબીબોએ એક જ ફેંસલો કરી દીધો કે પગ કાપી નાખવા સિવાય બીજો કોઈ ઈલાજ નથી. જેથી તબીબોએ આપને બેહોશીની દવા પીવડાવીને ઓપરેશન કરવાનુ ઈચ્છયું તો આપે બિલકુલ ચોખ્ખુ ના ફર્માવી દીધું અને એવું ફર્માવ્યું કે હું





એક મિનિટના માટે પણ ઝિક્રે ઈલાહીથી ગાફિલ થઈ જાઉં એ મને હરગિઝ હરગિઝ પસંદ નથી ! જેથી ડોકટરે કરવતી ગરમ કરીને આપનો પગ કાપી નાખ્યો પણ ન આપના મોંથી ઉફ નીકળી ! ન આપની પેશાની પર કોઈ કરચલી પડી કે ચેહરા પર કોઈ ફેરફાર પૈદા થયો ! જ્યારે પગ કાપીને આપની સામે મૂકવામાં આવ્યો તો ફર્માવ્યું કે અલ્હમ્દુલિલ્લાહ ! જો મારું એક અંગ કપાઈ ગયું તો કોઈ વાંધો નથી, ખુદાવંદે કરીમનો શુક્ર છે કે હજુ મારા ઘણા જ અંગો સલામત છે, હજુ આપ આટલું દર્દનાક અને તકલીફવાળુ ઓપરેશન કરાવીને બેઠા જ હતા કે એટલામાં એક વ્યકિત એવી હોશ ઉડી જાય તેવી ગમનાક ખબર લઈને આવ્યો કે આપનું એક બાળક છત પરથી પડીને મરણ પામ્યું. આપે આ દર્દનાક ખબર સાંભળીને ફર્માવ્યું કે, **અલહમ્દુદિલ્લાહિ અલા કુલ્લિ હાલિન યા અલ્લાહ !** તારો શુક્ર છે કે જો તેં મારા એક બાળકને મૌત આપી દીધું તો હજુ તેં મારા કેટલાંય બાળકોને જીવતાં રાખ્યાં છે. *(ષમરાતુલ્ અવરાક, ભાગ–૨, પેજ–૨૮૮)*

**સારાંશ** : ''સુબ્હાનલ્લાહ ! આ સબ્રે જમીલ અને ઈબાદતો અને ઝિક્રે ઈલાહીના જુસ્સાનું શું કહેવું ? કે માત્ર આ વિચારથી કે બેહોશીની હાલતમાં થોડાક કલાકો ઝિક્રે ઈલાહી નહીં શકશે ! આપે બેહોશીની દવાનો ઉપયોગ ન કર્યો અને શાંતિથી બેસીને દિલ અને જીભથી ઝિક્રે ઈલાહી કરતા રહ્યા અને પગ કરવટીથી કપાટો રહ્યો અને આટલી મોટી મોટી મુસીબત પર પણ સબ્ર તથા શુક્રની સાથે એક પલના માટે પણ ઝિક્રે ખુદાવંદીથી ગાફિલ ન થયા. અલ્લાહુ અકબર ! બેશક ! હકીકતમાં આ તે ઝિક્રે ખુદાવંદીના ઊંચા મિનારા અને સબ્ર અને અડગતાના મહાન પહાડ છે જેના માટે કુર્આન મજીદમાં ખુદાવંદે કુદુસે બશારતે ઉઝમા (મહાન બશારત)ની ખુશી સંભળાવીને એમની તારીફ અને પ્રશંસાનું બયાન ઈર્શાદ ફર્માવ્યું, અને આ આયત નાઝિલ ફર્માવી, **(અર્થ)** : ''(ઈમાનવાળા) એ જ લોકો છે જેઓ ઊભા રહીને, બેઠા રહીને અને પોતાના પડખા પર સૂતા રહીને દરેક સ્થિતિમાં અલ્લાહનો ઝિક્ર કરતા રહે છે.'' અને કોઈ જગાએ એ ઈર્શાદ ફર્માવ્યો કે : '' (અય મહબૂબ !) આપ મારા સબ્ર કરવાવાળા બંદાઓને ખુશ ખબરી સંભળાવી દો !''

દરેક સમયે ઝિક્રે ઈલાહીમાં મશગૂલ રહેવું અફઝલ તરીન ઈબાદત છે.

## ★ થોડીક મુબારક હદીષો ★

**(૧)** હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ રાવી છે કે કેટલાક લોકોએ હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને પૂછયું કે કયા બંદાઓ કયામતના દિવસે અલ્લાહ તઆલાના દરબારમાં બધાથી વધારે અફઝલ તથા આ'લા દરજ્જા પર નિમણુંક પામશે ? તો ઈર્શાદ ફર્માવ્યો કે, ''ઘણા જ વધારે પ્રમાણમાં અલ્લાહનો ઝિક્ર કરવાવાળા પુરૂષ અને ઘણા જ વધારે પ્રમાણમાં અલ્લાહનો ઝિક્ર કરવાવાળી સ્ત્રીઓ.'' તો લોકોએ કહ્યું કે, શું આ લોકો એ મુજાહિદોથી પણ વધારે ઊંચો મકામ મેળવશે જે અલ્લાહની રાહમાં જેહાદ કરે છે ? તો ફર્માવ્યું કે, ''જો કોઈ મુજાહિદ એ શાનથી જેહાદ કરે કે કાફિરો અને મુશ્રિકો સાથે લડતાં લડતાં એની તલ્વાર તૂટી જાય અને એ લોહીથી રંગાઈ જાય, એવા મુજાહિદથી પણ ઝિક્રે ઈલાહી કરવાવાળાનો મકામ અફઝલ છે.'' *(મિશ્કાત શરીફ, પેજ-૧૯૮)*

**(૨)** હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ રાવી છે કે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે દરેક ચીજનું પોલિશ હોય છે અને દિલોની પોલિશ અલ્લાહનો ઝિક્ર છે. અને બધાથી વધારે અલ્લાહના અઝાબથી છૂટકારો આપવાવાળી ચીજ અલ્લાહનો ઝિક્ર છે. લોકોએ પૂછયું કે, શું અલ્લાહની રાહમાં જેહાદ પણ એનાથી વધીને નથી ! તો ઈર્શાદ ફર્માવ્યો કે, જો તલ્વાર મારતાં મારતાં તૂટી જાય એવી શાનનો જેહાદ પણ ખુદાના ઝિક્રથી વધીને નથી.'' *(મિશ્કાત શરીફ, પેજ-૧૯૯)*

**(૩)** હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ રિવાયત કરે છે કે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે જે કૌમ કોઈ મજલિસમાં બેઠી અને અલ્લાહ તઆલાનો ઝિક્ર કર્યા વગર મજલિસમાંથી ઉઠી ગઈ તો એ કૌમનું ઉદાહરણ મુરદાર ગધેડાની જેવું છે અને એ કૌમ પર અફસોસ છે. *(મિશ્કાત શરીફ, પેજ-૧૯૮)*

**સારાંશ** : ઝિક્રે ખુદાવંદી એક ઘણી જ અફઝલતરીન ઈબાદત છે. એ જ કારણ છે કે ઔલિયા અલ્લાહ દરેક સમયે ઝિક્રે કલ્બી અને ઝિક્રે





લિસાનીમાં મશગૂલ રહે છે અને એક પળના માટે પણ ઝિક્રે ખુદાવંદીથી ગાફિલ નથી રહેતા. કોઈ બુઝુર્ગે કેટલું સરસ ફર્માવ્યું છે :-

**(અર્થ)** : ''અય દિલ ! એક પળના માટે પણ તું ખુદાની યાદથી ગાફિલ ન રહ્યા કર, કયાંક એવું ન થાય કે એ તારા પર કોઈ સમયે નિગાહે કરમ ફર્માવે અને તું પોતાની ભૂલના કારણે તે સમયે સજાગ ન રહે ! શું ખબર કયા સમયે તેની નઝરે કરમ તારી તરફ ધ્યાનિષ્ઠ થાય ! જેથી દરેક સમયે એનો ઝિક્ર કરતો રહે અને એનું ધ્યાન રાખ !''

## ★ માથા પર હુદ હુદ ★

શેખ તકીઉદ્દીન મિસરી કિરાઅત અને તજવીદના ફન (વિદ્યા)ના ઘણા જ ઊંચા પાયાના ઈમામ હતા અને ઘણા જ સારા અવાજવાળા પણ હતા અને નમાઝોમાં એટલા પ્રમાણમાં શાંતિ અને નમ્રતા અને આજીજીની સાથે ઊભા રહેતા હતા કે જેવો કે કોઈ થાંભલો ઊભો છે ! એમનો એક અજબ બનાવ નકલ થયેલ છે જેને એમની કરામતની સિવાય બીજુ શું કહી શકાય ? તે એ કે એક દિવસ તેઓ ફજરની નમાઝમાં સૂરએ નમલ પઢવા લાગ્યા જ્યારે આ આયત પર પહોંચ્યા કે : **''વતફક્કદત્તૈર ફકાલ માલિય લા અરલ હુદ હુદ અમ કાન મિનલ ગાઈબીન.''** તો કેટલીય વખત આ આયતને તિલાવત કરી અને લોકોએ જોયું કે એક પક્ષી આવીને આપના માથા પર બેસી ગયું અને કિરાઅત સાંભળવા લાગ્યું, ત્યાં સુધી કે આપ નમાઝથી પરવાર્યા ત્યારે લોકોએ ધ્યાનથી જોયું તો એ પક્ષી હુદ હુદ હતું. *(રૂહુલ બયાન, ભાગ-૭, પેજ-૬૯)*

## ★ જીવનભર રોઝાદાર ★

જલીલુલ કદ્ર મુહદ્દિષ 'ઈબ્ને ઝઈબ رضی اللہ عنہ પોતાની ઈલ્મી જલાલત અને સચ્ચાઈ પર અડગતાના જૌહરની સાથે ઈબાદત તથા રિયાઝતમાં પણ એટલા પ્રમાણમાં મશહૂર અને વિશિષ્ટ હતા કે તેમની ઈબાદતોને તેમની કરામતો સિવાય કાંઈ પણ નથી કહી શકાતી. હદીષના દર્સની સિવાય દિવસ રાતના બધા સમયો જુદા જુદા પ્રકારની ઈબાદતોમાં

પસાર કરતા હતા, ત્યાં સુધી કે જો તેમને કહી દેવામાં આવે કે કાલે જ કયામત આવવાની છે તો જેટલી ઈબાદત કરતા હતા એનાથી વધારે ન કરી શકતા હતા. જિંદગીભર રોઝાદાર રહ્યા અને એટલા પ્રમાણમાં ફકરો ફાકા અને ગરીબીની જિંદગી પસાર કરતા હતા કે એમનો હાલ વાંચીને દિલ ભરાઈ આવે છે ! જવની રોટલી ઝયતૂનનું તેલ એમનો ખોરાક હતો, અને એક કુર્તો, એક ચાદર સિવાય કોઈ પોશાક ન રાખતા હતા. એમાં જ શિયાળો, ઉનાળો પસાર કરી દેતા હતા. લાખો મુહદ્દિષોના ઉસ્તાદ હતા. અને જિંદગીભર હદીષનો દર્સ આપતા રહ્યા. સ.હિ. ૮૦ માં પૈદા થયા અને હિ.સ. ૧૫૯ માં ૭૯ વર્ષની ઉંમરે વિસાલ પામ્યા. *(તબસેરાએ તારીખે બગદાદ, પેજ-૩૧)*

**સારાંશ** : અલ્લાહુ અકબર ! જવની રોટલી અને ઝયતૂનનું તેલ ખોરાક અને એક કુર્તો, એક ચાદર પોશાક, ફકો ફાકાની જિંદગી, એના પર દિલ તથા દિમાગની તાકતનો એ હાલ કે લાખો હદીષો મોઢે યાદ રાખતા હતા. અને જિંદગીભર આખી રાત તહજ્જુદ ગુઝાર અને આખો દિવસ રોઝાદાર રહેતા હતા. આ મહાન રૂહાની તાકતને જોઈને એ રહસ્યનો પડદો ઉઠી જાય છે કે જે મુકદ્દસ ઉલમાએ કિરામ ઈખ્લાસના જુસ્સાની સાથે દીનના ઈલ્મની ખિદમત કરે છે અનેતકવો તથા પાકીઝગીની જિંદગી પસાર કરતા રહે છે અને ઈબાદત તથા રિયાઝતમાં પણ જદ્દો જેહાદ એટલે ખૂબ કોશિશ કરતા રહે છે, તો મૌલા તઆલા عزوجل ખોરાકની ઉણપ છતાં અને ગરીબી તથા ફકો ફાકાની જિંદગીમાં એમને એવી ઊંચા પાયાની રૂહાની તાકાત આપી દે છે કે તે પોતાના અજોડ કારનામાંઓથી મોટા મોટા પહેલવાનો અને તાકત તથા હિંમતના પહાડોને અચંબાના દરિયામાં ડૂબાડી દે છે. ઝિક્રે ઈલાહી અને ઈબાદતો રિયાઝતથી જે રૂહાની તાકાત મળે છે એ દવાઓ અને ખોરાકની શરીરની તાકાતોથી લાખો પ્રમાણમાં વધીને હોય છે, અને રૂહાની તાકાતોથી અઝીમુશ્શાન કારનામાઓ પરિણમે છે. શારીરિક તાકાતોને એનું તસવ્વુર પણ નથી થઈ શકતું. આ બાબતને ડોકટર ઈકબાલે આ પ્રમાણે દર્શાવ્યું છે કે :-





**તેરી ખાકમેં હો અગર શરર તો ખયાલે ફક્રો ગના ન કર,**
**કે જહાંમે નાને શઈર પર હૈ મદારે કુવ્વતે હૈદરી**

## ★ મૌલાના જલાલુદ્દીન માંકપૂરી ★

આ મશહૂર બુઝુર્ગ શેખ હિસામુદ્દીન માંકપૂરીના દાદા છે. ઘણા જ જય્યદ આલિમે દીન મર્દે બુઝુર્ગ, ઘણા જ સાબિર અને ઘણા જ મુત્તકી અને આબિદ હતા. એમની આદત હતી કે ઈશાની નમાઝ પછી જ્યાં સુધી લોકો જાગતા રહેતા ત્યારે પોતે સૂઈ જતા હતા. અને જ્યારે લોકો સૂઈ જતા તો તેઓ ઉઠતા અને આખી રાત સવાર સુધી નમાઝ પઢતા રહેતા. દરરોજ એકતાલીસ (૪૧) વખત સૂરએ યાસીન પઢયા કરતા હતા અને ચાશતની નમાઝ પછી તલ્બાને દીની કિતાબોનો દર્સ આપ્યા કરતા હતા. ઘણા જ સારા અક્ષરવાળા હતા કિતાબતના કામની આવકથી ગુજરાન ચલાવતા હતા. કુર્આન શરીફ લખીને દિલ્હી મોકલતા હતા અને પાંચસો ટંકા (એક જાતનું ચલણ) હદીયો મળી જતો હતો. સાવચેતીની એ હાલત હતી કે કદી પણ વુઝૂ વગર કલમને હાથ ન લગાડતા હતા અને જ્યારે દેશમાં લૂંટમાર થયા કરતી હતી તો ગોશ્ત ખાવાનું છોડી દેતા હતા કદાચ ગોશ્ત લૂંટના જાનવરનો હોય ! *(અખબારુલ અખ્યાર, પેજ-૧૮૪)*

**સારાંશ** : સુબ્હાનલ્લાહ ! કેટલી ફાયદાકારક જિંદગી હતી એ કુદસી સિફત બુઝુર્ગોની કે લિવજહિલ્લાહ દીની કિતાબોનો દર્સ આપતા હતા અને કુર્આન મજીદની કિતાબની આવકથી પોતાના બાલબચ્ચાંનો ખર્ચ ચલાવતા હતા. આખો દિવસ તો હદીષ અને ફિકહની તાલીમ અને કુર્આન મજીદની કિતાબમાં લાગેલા રહેતા હતા અને આખી રાત નફલો અને સૂરએ યાસીન શરીફની તિલાવતમાં મશગૂલ રહેતા. આ બુઝુર્ગોની મુબારક જિંદગી અને એમના સમયોની ખૈરો બરકતોનું શું કહેવું ? બેશક આ નુફુસે કુદસિયા ઘણી જ પાકીઝા અને નૂરાની જિંદગી દુનિયામાંથી પસાર કરીને દુનિયાથી તશરીફ લઈ ગયા. યકીનન ! આ મર્દાને ખુદાની એકલી જાત અસંખ્ય સિફાતે કુદસિયા (ફરિશ્તા જેવી ખૂબીઓ)નો એક જોવા જેવો સમુહ હતા. ઘણુ સરસ કહ્યું છે કોઈ સાચી પ્રશંસા કરવાવાળાઓ :-

**તરસતી હૈ નિગાહે નારસા જિસ્કે નઝારે કો**
**વો રોનક અંજુમન કી હૈ ઉન્હીં ખલ્વત ગઝીનોંમેં**

## ★ ચાલીસ હજ્જ ★

મશહૂર અને પ્રખ્યાત મુહદ્દિષ હઝરત દકીઅ બિન અલ જર્રાહ જે હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہ ના ઘણા જ દીવાનગીભરી અકીદત રાખવાવાળા શાગિર્દ હતા જેમનો ઉલ્લેખ મેં મારી કિતાબ "ઔલિયાએ રિજાલુલ હદીષ"માં પણ લખેલ છે. તેઓ પોતાના ઈલ્મો ફઝ્લના સાથે સાથે ઈબાદતો રિયાઝતમાં પણ પોતાના સમયના ફર્દે ફરીદ (અજોડ) હતા. આપે ચાલીસ હજ્જ કર્યા અને આબાદાનના જેહાદમાં ચાલીસ દિવસ સુધી મુજાહિદાના શાનની સાથે રોકાયા અને જેહાદના આ ચાલીસ દિવસોમાં દરરોજ એક ખત્મે કુર્આન મજીદની તિલાવત કરતા રહ્યા, ત્યાં સુધી કે ચાલીસ દિવસોમાં ચાલીસ ખતમ પૂરા થઈ ગયા. પોતાની જિંદગીમાં ચાલીસ હજાર દિરહમ ખયરાત કર્યા અને ચાલીસ હજાર હદીષોની રિવાયત ફર્માવતા રહ્યા, અને જિંદગીભર કદી પણ પીઠ લગાવીને ન સૂતા, હજ્જના સફરથી પાછા ફરતાં હિ.સ. ૧૯૯ માં ઈરાકના રસ્તામાં વિસાલ ફર્માવ્યો. *(મુસ્તતરફ, ભાગ-૧, પેજ-૧૩૮, અને તબકાતે શઅ્રાની)*

**સારાંશ** : એક આલિમેદીનના દર્સની મશગૂલિયત સાથે સાથે આટલા પ્રમાણમાં જાત જાતની ઈબાદતોમાં દિવસ-રાત મશગૂલ રહેવું, વળી હજ્જની સફર અને જેહાદ પણ કરતા રહેવું, યકીનન ! આ આજ કાલના કમ હિંમત લોકોની સમજમાં આવનારી વાત નથી. અને એમાં શક નથી કે આ કરામતી જિંદગી અલ્લાહની તૌફીક સિવાય મળતી નથી. જે નુફૂસે કુદસિયા પર ખુદાવંદે આલમનો ફઝલે અઝીમ થઈ જાય છે એ જ આ ખુશનસીબીઓથી સરફરાઝ થાય છે. આ મુહદ્દિષે કિરામ અને ઉલમાએ સલફ યકીનન ફઝ્લે ખુદાવંદીના મઝહર છે કે મૌલા તઆલાએ પોતાની તૌફીકથી એમને એવી રીતે નવાઝયા કે એમનાં ઈસ્લામી કારનામાંઓ અને એમની ઈબાદતો અને રિયાઝતોને જોઈને ઈન્સાનની અક્કલ દંગ રહી જાય છે. આવા ઘણા જ મુહદ્દિષીને કિરામ, ફુકહાએ એઝામ થઈ ગયા છે જેમની ઈબાદતો અને





રિયાઝતોની વિપુલતાને કરામત સિવાય કાંઈ પણ નથી કહી શકાતું.

પણ અફસોસ કે આજકાલ એ નુફૂસે કુદસિયાનું અસ્તિત્વ દુનિયાથી લગભગ અદ્રશ્ય થઈ ગયું છે. આજકાલ આપણે ઉલમાએ કિરામ કહેવાડવાવાળાઓનો તો એ હાલ છે કે પાંચ વખતની નમાઝ જમાઅતની સાથે પઢવાની પણ પાબંદી નથી કરતા તો પછી નફલોનું પૂછવાનું જ શું છે ? મૌલા عزوجل પોતાનો ફઝલ ફર્માવે અને આપણને પોતાના એ મહબૂબ બંદાઓના સદકામાં તૌફીકે ખૈર રફીકની કરામતોથી સરફરાઝ ફર્માવે કે આપણે આપણા સલફે સાલેહીનની પેરવી કરીને દૌલતે દારૈન અને નેઅમતે કૌનેનની ખુશનસીબીઓથી સરફરાઝ થઈએ. નહીં તો આ દૌરમાં તો ઉલમા તથા સૂફીઓના હાલોને જોતાં જ ડોકટર ઈકબાલની વાતોનું સમર્થન કરવું જ ઘટે છે જેને એમણે ઘણી જ ચોખ્ખી ભાષામાં કહી દીધું કે :–

**સૂફી કી તરીકતમેં મસ્તીએ અહવાલ**
**મુલ્લાકી શરીઅતમેં ફકત મસ્તીએ ગુફ્તાર**

**શાઈરકી નવા મુર્દા-વ-અફ્સુર્દા-વ-બેઝૌક**
**ઈફકારમેં સરમસ્ત ન ખ્વાબિદા ન બેદાર**

**વો મર્દે મુજાહિદ નઝર આતા નહીં મુઝકો**
**હો જિસ્કી રગો પૈમેં ફકત મસ્તીએ કિરદાર**

## ☆ કરામતો ☆

**કતરેકો કરેં દરયા ઝર્રોંકો મહો અંજુમ**
**અલ્લાહ રે ! મસ્તોંકી કરામાતકા આલમ**

### ★ કબૂતરોની તસ્બીહ ★

શૈખ અબૂ અમ્ર જે હઝરત ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ના મુરીદોમાં ઘણા જ કમાલવાળા બુઝુર્ગ થઈ ગયા છે. તેમની અલ્લાહ તરફની તવજ્જોહ અને બયઅતનો બનાવ એ છે કે તેમણે એક રાતે બિસ્તર પર સૂતાં સૂતાં

પાંચ કબૂતરોની તસ્બીહ સાંભળી. એક કબૂતરે પઢ્યું કે, **'સુબ્હાન મન ઈન્દહુ ખઝાઈનુ કુલ્લિ શૈઈન વમા યુનઝ્ ઝિલુહૂ ઈલ્લ બેકદરીમ્ મઅ્લમ.'** એટલે પાક છે તે જાત જેની પાસે દરેક ચીજના ખજાના છે અને તે તેને એક ચોક્કસ પ્રમાણની સાથે નાઝિલ ફર્માવે છે. બીજા કબૂતરે આ તસ્બીહ પઢી કે, **'સુબ્હાન મન અઅ્તા કુલ્લ શૈઈન ખલ્કહૂ ષુમ્મ હદા'** એટલે કે પાક છે તે જાત જેણે દરેક ચીજને પૈદા ફર્માવી પછી તેને હિદાયત આપી. ત્રીજાએ પઢ્યું કે, **'સુબ્હાન મન બઅષલ્ અંબિયાઅ હુજ્જતન્ અલા ખલ્કિહી વફદ્દલ મુહમ્મદન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.'** એટલે પાક છે એ જાત જેણે અંબિયા عَلَيْهِمُ السَّلَام ને પોતાની મખ્લૂક પર દલીલ બનાવીને મોકલ્યા અને હઝરત મુહમ્મદ صلى الله تعالى عليه وسلم ને બધાથી શ્રેષ્ઠ બનાવ્યા. ચોથાએ આવી તસ્બીહ કહી કે, **'કુલ્લુ માફીદુન્યા બાતિલુન્ ઈલ્લા માકાન લિલ્લાહિ વલિ રસૂલિહિ.'** એટલે દુનિયાની દરેક ચીજ જૂઠી છે સિવાય એ ચીજની જે અલ્લાહ અને એના રસૂલ માટે હોય. પાંચમાએ સદા સંભળાવી કે, **'યા અહ્લલ્ ગફલતિ કૂમૂ ઈલા રબ્બિકુમ યુઅ્તિલ જઝીલ વયગ્ફિરુઝ્ ઝન્બલ્ અઝીમ.'** હે ગાફિલો ! તમારા રબના માટે કિયામ કરો ! એ મોટી મોટી નેઅમતો આપે છે અને મોટા મોટા ગુનાહોને બખ્શી આપે છે.

શૈખ અબૂ અમ્ર એ કબૂતરોની તસ્બીહોને સાંભળીને એટલા પ્રમાણમાં પ્રભાવિત થયા કે બેહોશ થઈ ગયા. પછી જ્યારે એમના હોશ હવાશ ઠેકાણે થયા તો એકદમ એમના દિલની દુનિયામાં મોટો ફેરફાર પૈદા થઈ ગયો, દુનિયાથી નફરત પૈદા થઈ ગઈ અને એ જ સમયે એમણે એ નક્કી કરી લીધું કે હું હવે પોતાને કોઈ શૈખે વકતને સોંપી દઈશ અને ઝિક્ર તથા ફિક્ર અને યાદે ઈલાહીમાં પોતાની બાકીની જિંદગી પસાર કરી દઈશ. જેથી તરત જ એમની પાસે એક ઘણા જ પ્રભાવશાળી શૈખ તશરીફ લાવ્યા અને એમણે જણાવ્યું કે હું ખિઝર છું અને હું અત્યારે જ હઝરત ગૌષે આ'ઝમની મજસિલમાં બેઠો હતો તો હઝરતે મને ફર્માવ્યું કે, અય ખ્વાજા ખિઝર ! આ સમયે એક ખુદાના બંદાને જઝ્બએ ઈલાહીમાં પોતાની તરફ ધ્યાનિત કરી લીધો છે, જેથી આપ તશરીફ લઈ જઈને એને મારી





પાસે લાવો જેથી એને હું ખુદા સુધી પહોંચવાનો રસ્તો બતાવું. હઝરત ખ્વાજા ખિઝરની વાતચીત સાંભળીને શૈખ અબૂ અમ્રનો જઝબએ શૌક ઈશ્કની હદ સુધી પહોંચી ગયો અને તેઓ બગદાદની સફરના માટે તૈયાર થઈ ગયા. જેથી હઝરત ખિઝર عليه السلام એ પોતાની કરામતથી થોડી જ વારમા એમને બગદાદ હઝરત ગૌષે આ'ઝમની દરગાહે મુઅલ્લામાં પહોંચાડી દીધા. જે સમયે અબૂ અમ્ર બારગાહે ગૌષિયતમાં હાજર થયા તો તેમને જોતાં જ હઝરત ગૌષે આ'ઝમે ફર્માવ્યું કે, ખુશ આમદેદ ! અય તે વ્યક્તિ કે જેને એના મૌલાએ પક્ષીઓની જીભથી નગમાએ હક્ક સંભળાવીને પોતાની તરફ ખેંચી લીધો અને એના માટે ખૈરે કષીર (પુષ્કળ ભલાઈ) જમા ફર્માવી દીધી. (સુબ્હાનલ્લાહ !) *(રૂહુલ બયાન, ભાગ-૫, પેજ-૧૬૪)*

**સારાંશ :** આ બોધદાયક હિકાયતના દામનમાં મોટા મોટા હીરા માણેક જેવાં ફળો અને મોટી મોટી બોધદાયક કિંમતી હકીકતો ભરેલી પડી છે એમાંથી કેટલાંક મોતીઓને તમે પણ જોઈ લો ! :-

**(૧)** શૈખ અબૂ અમ્રને મોટા મોટા મુહદ્દિષોની દર્સગાહ અને મોટા મોટા શોલા બયાં મુકર્રિરો તથા વાઈઝોથી પેહચાન અને મઅરેફતે ઈલાહીનો એ જુસ્સો પૈદા ન થયો જે પાંચ કબૂતરોની તસ્બીહોથી પૈદા થઈ ગયો ! કે એકદમ તેમના દિલની દુનિયા જ બદલાઈ ગઈ અને તેમના ઝાહિર તથા બાતિનમાં એવો મહાન ફેરફાર થઈ ગયો કે પળવારમાં જઝબએ ઈલાહીયાએ એમને પોતાની તરફ ખેંચી લીધા અને એમના દિલો દિમાગના દરેક દરેક ખૂણામાં રબ્બાની કશિશ (ખુદા પ્રતિ આકર્ષણ)નો એવો વીજળીક કરંટ પૈદા થઈ ગયો અને ખુદાવંદે કુદુસની મહોબ્બત તથા મઅરેફતની વીજળીઓ એવી રીતે તેમના શરીરમાં દોડવા લાગી કે તેમના શરીરનો બાલ બાલ જાણે બોલી ઉઠયો કે :-

**દિલ હૈ ખયાલે યારકા મેહશર લિએ હૂએ**
**કતરા હૈ બેકરાર સમંદર લિએ હૂએ**

**મૈં કયા કહૂં કહાં હૈ મહબ્બત કહાં નહીં**
**રગ રગમેં દૌડી ફિરતી હૈ ખંજર લિએ હૂએ**

આ હકીકતમાં અલ્લાહ તઆલાની તૌફીકનો એક ઘણો જ રોશન જલ્વો છે. તે રહીમો કરીમ મૌલા તઆલાના લુત્ફો કરમનો એ જ કમાલ છે કે, જ્યારે તે ઈચ્છે છે તો ગૈબથી કોઈ એવો સામાન પૈદા ફર્માવી દે છે કે, પળ ઝપકમાં મુફલિસ બંદો બધી દુનિયાની મુસીબતો અને દુનિયા ભરની ઝંઝટોથી આઝાદ થઈને પલભરમાં તેના વિસાલની લાજવાલ દૌલતથી માલામાલ અને એની સખાવતથી ન્યાલ થઈ જાય છે અને ખુદાની એ શાને કરીમી અને એની ઝર્રાનવાઝીને જોઈને નવાઈના કારણે એની કુદરતને યાદ કરતાં બેઈખ્તિયાર આ રીતે એની અઝમત તથા કિબ્રીયાઈનો ખુત્બો પઢવા લાગે છે કે :–

**તૂ અગર ચાહે તો ઝર્રેકો ભી સહરા કર દે,**<br>
**ઔર ઈક કતરાઓ બેમાયાકો દરયા કર દે**

**અદના સા કરિશ્મા હૈ યે કુદરતકા તેરી**<br>
**'કુન' કહકે તૂ કૌનૈનકો પૈદા કર દે**

વર્ષોની ઈબાદતો રિયાઝત, શબ બેદારી, રૂદન કાકલૂદી કોઈ ચીજ પણ એની તૌફીક અને એના કરમ વગર એની મહોબ્બતના જામના આબેહયાતના માટે ખિઝરે રાહ નથી બની શકતી. ઘણા જ મર્દાને ઈબાદત ગુઝાર અને ઝાહિદાને શબ ઝિંદાદાર એ તમન્નામાં વર્ષો સુધી માથુ રગદોળી રગદોળી મરી ગયા કે યારે હકીકીના જલ્વાની એક ઝલક નજર આવી જાય, પણ તૌફીકે રબ્બાનીએ જ્યારે તેમની દસ્તગીરી (મદદ) ન ફર્માવી તો તેમને વિસાલે યારની શરાબે તહૂરના છલકતા જામમાંથી એક ટીપુ પણ ન મળ્યું અને તેઓ "અલ અતશ ! અલ અતશ !" (તરસ ! તરસ !) બૂમો પાડતા તરસ્યા જ દુનિયાથી ચાલ્યા ગયા. એટલા માટે એક સાબિત થઈ ચૂકેલ હકીકત છે કે ઈબાદતો તથા રિયાઝતો, મુજાહિદાઓ તથા મુરાકબાઓ જો કે ખુદાવંદે ઝુલજલાલના વિસાલના માટે વસીલાઓ તથા ઝરીયાઓ જરૂર છે, પણ વિસાલે યારનો હકીકી દારોમદાર તૌફીકે પરવરદિગાર પર અને એના ફઝ્લો કરમના અસીમ દરિયા પર જ નિર્ભર છે. ખુદાની કસમ ! એની તૌફીક વગર અને એના ફઝ્લ તથા કરમ વગર





કોઈ વ્યકિત હરગિઝ કદી ખુદા સુધી નથી પહોંચી શકતી. દરેક વ્યકિતએ એ હક્કાની હકીકતનો સ્વીકાર કરવો જ પડશે.

નકલ થયેલ છે કે બગદાદનો બાદશાહ વર્ષોથી એ તમન્ના રાખતો હતો કે હઝરત બહલૂલ દાના عَلَیْہِ رَحْمَۃُ الرَّحْمٰن થી મુલાકાત કરે પણ એ મસ્ત અલસ્તની બેપરવાહીની ઠોકરથી હમેશાં બાદશાહની અઝમતે શહનશાહી પાયમાલ જ થતી રહી અને કદી પણ આપે દરબારે શાહીમાં કદમ રાખવાનું પસંદ ન ફર્માવ્યું. છેવટે એક દિવસે એવો સંજોગ ઊભો થયો કે આપ શાહી મહેલવાળા રોડ પરથી પસાર થઈ રહયા હતા. બાદશાહે મહેલની છત પરથી આપને જોઈ લીધા. તરત જ ફંદો નાંખીને આપને એકદમ મહેલની છત પર ખેંચી લીધા. બાદશાહે આપને પૂછયું કે, બહલૂલ બાબા ! એ બતાવો કે આપ ખુદા સુધી કેવી રીતે પહોંચ્યા ? આપે ફરમાવ્યું કે જેવી રીતે આપની પાસે પહોંચી ગયો ! બાદશાહે પૂછયું કે મારી પાસે આપ કેવી રીતે પહોંચ્યા ? તો આપે જવાબ આપ્યો કે જેવી રીતે ખુદા સુધી પહોંચ્યો ! બાદશાહે આ જવાબથી હેરાન થઈને પૂછયું કે હુઝૂર ! હું કાંઈ પણ સમજી ન શકયો. આપે ફરમાવ્યું કે અય બાદશાહ ! મારો મતલબ એ છે કે જો હું ખૂદ આપની પાસે પહોંચવાનું ઈચ્છતો તો હું નાહી ધોઈને ફખ્રવાળો પોશાક પહેરીને દરવાનને કાલાવાલા કરત કે તે મને બાદશાહથી મુલાકાત કરાવે. પછી કલાકો બલ્કે પહોરો સુધી રાહ જોતો, પછી પણ જરૂરી નથી કે હું આપની પાસે પહોંચી જ જાઉં. બની શકે છે કે આપ મારી દરખાસ્તને ઠુરાવી દેતા. પરંતુ જ્યારે આપે મને બોલાવવાનું ઈચ્છયું તો એક મિનિટમાં ફંદો નાખીને મને તમારા દરબારમાં બોલાવી લીધો. બસ, આજ હાલ ખુદા સુધી પહોંચવાનો છે કે બંદો વર્ષો સુધી સજદામાં માથુ રગદોળી રગદોળીને વિસાલે ખુદાવંદનો તલબગાર થાય છે. હજારો મુજાહેદાઓ કરી નાખે છે પણ ખુદા સુધી નથી પહોંચી શકતો. પરંતુ ખુદાવંદે કરીમ જ્યારે ખૂદ કોઈ બંદાને પોતાના કુર્બ તથા વિસાલની દૌલતથી નવાઝવાનું ઈચ્છે છે તો બસ એક પલવારમાં તેના દિલની અંદર એક જઝબએ હક પૈદા ફર્માવીને બંદાને ખૂદ પોતાની તરફ ખેંચી લે છે અને બંદો ખુદા સુધી પહોંચી જાય છે.

**(૨)** આ હિકાયતથી એ હકીકત પર પણ રોશની પડે છે કે પશુ પક્ષીઓની સદાઓ બિલકુલ અર્થહિન્ અવાજો નથી, પરંતુ દરેક પશુપક્ષી પોત પોતાની ભાષાઓમાં ખુદાવંદે સુબ્બુહો કુદુસની તસ્બીહાતનો વિર્દ કરતાં રહે છે. એ જુદી વાત છે કે ઈન્સાન તેમની સદાઓની તસ્બીહો અને તેમના વિર્દો વઝાઈફને નથી સમજી શકતા. પણ એ ઈમાન રાખવું જરૂરી છે કે પશુપક્ષીઓની બોલીઓ માત્ર એક બેકાર શોરો ગુલ નથી, પરંતુ એ તસ્બીહાતે ખુદાવંદીના પુરકૈફ નગમાઓ (ગીત) છે જે આ મહોબ્બતની શરાબના મસ્તાનાંઓની જીભોએથી નીકળી રહ્યાં છે. હરગિઝ હરગિઝ કદી આ પશુપક્ષીઓની અવાજોને તિરસ્કારની સાથે ન જોવું જોઈએ, પરંતુ હઝરત શૈખ સઅદી عليه الرحمة والرضوان ની આ નસીહતને નજર સામે રાખીને બોધ મેળવવો જોઈએ કે, (અર્થ) : આદમીની આદમિયતના માટે કોઈ રીતે શોભાસ્પદ નથી કે પક્ષી તો ખુદાની તસ્બીહ પઢે અને હું ચૂપ રહું.

અને ખુદાવંદે કુદુસના આ ફર્માન પર હમેશાં ઈમાન રાખવું જોઈએ કે (અર્થ) : દરેક ચીજ ખુદાના હમ્દની સાથે એની તસ્બીહ પઢે છે પરંતુ તમે ઈન્સાનો એમની તસ્બીહોને સમજી નથી શકતા.''

પરંતુ જો કોઈ બંદા પર મૌલા તઆલાનો ફઝ્લો કરમ થઈ જાય છે તો એ બંદાને એ પક્ષીઓની તસ્બીહાત સમજાવી દે છે અને એ ન માત્ર એમને સાંભળી લે છે પરંતુ એને સમજીને એટલા પ્રમાણમાં પ્રભાવિત પણ થઈ જાય છે કે પહેલાં તો દુન્યાએ હોશો હિર્સમાં બેપરવાહ થઈને મદહોશ અને બેહોશ થઈ જાય છે પછી એવો હોશમાં આવે છે કે એને ખુદાની સિવાય કોઈનો હોશ નથી રહેતો. એને માત્ર ખુદા ખુદા યાદ રહે છે અને બધુ ભૂલાઈ જાય છે. જેવું કે આ હિકાયતમાં શૈખ અમ્રનો હાલ થયો. આ એ જ ઉદાહરણ છે જેને હઝરત સઅદીએ એક અર્થવાળા શેઅરમાં કેટલા સારા સ્વરૂપમાં પ્રગટ કર્યો છે :– (અર્થ) : જે લોકો વહદતે ઈલાહીના પરસ્તાર (દીવાના) થઈ જાય છે તેઓ ચરખીની ચીખચુ, ચીખચુના અવાજ પર પણ મસ્ત થઈ જાય છે. કેમ કે એ અવાજમાં પણ એમને કોઈ ઈબ્રતખેઝ તસ્બીહે રબ્બાનીના કૈફમય નગમા (ગીત)ની મસ્ત કરવાવાળી ધૂન સંભળાય છે. જેના કૈફો સુરૂરથી એમના દિલની દુનિયા





બદલાઈ જતી હોય છે અને એ જઝબએ હક્કથી સરશાર થઈને ખુદાથી વાસિલ અને અલ્લાહ સિવાય બધાથી ગાફિલ થઈ જાય છે. અને એમનો એક જ નારો હોય છે જેની હયબત (પ્રભાવ) તથા જલાલતથી આખી દુનિયા ધ્રુજવા લાગે છે કે (અર્થ) : બસ એક જ જાતને જાણો, એક જ જાતને જુઓ, એક જ જાતની વાત કરો, એક જ જાતને ચાહો, એક જ જાતને પઢતા રહો : હઝરત આસી رحمة الله عليه પર આજ હાલત છવાઈ ગઈ હતી તો તેમણે ડંકાની ચોટ પર પોતાના હાલને એવા શબ્દોમાં રજુ કર્યો કે,

**ઈન આંખોંકો જબસે બસારત મિલી હૈ,**
**સિવા તેરે કુછ મૈંને દેખા નહીં હૈ.**

અને અસગર ગોંડવી મર્હૂમે એ જ ખુદાવાળા બુઝુર્ગોની હાલતનું ચિત્ર દોરતાં આ હકીકતને પોતાના એક શેઅરમાં સજાવેલ છે કે :–

**રદાએ લાલાઓ ગુલ પર્દાએ મહો અન્જુમ**
**જહાં જહાં વો છુપે હૈં અજીબ આલમ હૈ**

**(૩)** આ હિકાયતથી એ હકીકત પણ સ્પષ્ટ થઈ ગઈ કે સેંકડો માઈલ દૂર અબૂ અમ્રના દિલમાં ખુદા શનાસી (ખુદાની ઓળખ પામવાનો) જઝબો પૈદા થયો અને એમણે પોતાને હજુ કોઈ શૈખે કામિલને સોંપવાનો માત્ર વિચાર જ કર્યો હતો કે એમના દિલના બધા વિચારો અને એમના પર છવાઈ ગયેલી બધી હાલતો બગદાદમાં હુઝૂર ગૌષે આઝમ رضي الله عنه પર જાહેર થઈ ગઈ અને આપે હઝરત ખ્વાજા ખિઝરને એમની પાસે મોકલીને એમને દરબારે ગૌષિયતમાં બોલાવીને મંઝિલે મકસૂદ પર પહોંચાડી દીધા. એનાથી જાણવા મળે છે કે ઔલિયા અલ્લાહની દ્રષ્ટિ શકિતની પહોંચ કેટલી વિશાળતા ધરાવતી હોય છે ? લાંબા રણો, ગાઢ જંગલો, ઊંડા સમંદરો, ઊંચા પહાડો, ઘોર અંધકારના કોઈ પડદા પણ ઔલિયા અલ્લાહની હકશનાસ અને હકીકત જોનાર નિગાહોની સામે રુકાવટ બનીને આડ નથી બની શકતા. તમામ દુનિયા અને દુનિયાભરની હાલતો દરેક સમયે તેમની નજરની સામે રહે છે અને એઓ પોતાની જગા પર બેઠેલા રહીને કાએનાતે મલકો મલકૂતનો મુશાહેદા ફર્માવતા રહે છે. જેમ કે એ ખૂદ હઝરત ગૌષે

આઝમે પોતાના કસીદા ગૌષિયહ્‌માં ઈર્શાદ ફરમાવ્યો કે,

**(અર્થ)** : મેં અલ્લાહ તઆલાના તમામ શહેરોને એવી રીતે જોઈ લીધાં જેવી રીતે કોઈ રાઈના દાણાને જોઈ લે અને આ મુશાહિદો માત્ર કદી કદી નથી થતો પરંતુ હું હમેશાં અને સતત આ રીતે જોતો રહું છું.

સુબ્હાનલ્લાહ ! અલ્લાહવાળાઓની નિગાહે મઅરેફત અને ચશ્મે બસીરત (દ્રષ્ટિ શકિત)નું શું કહેવું ? જુએ તો બધા છે પણ કયાં અમારું જોવાનું ? અને કયાં અલ્લાહવાળાઓનું જોવાનું ? વલ્લાહ ! ઘણો જ ફર્ક છે, બખુદા ઘણો જ તફાવત છે ! કેમ ન હોય ? આ એક ઘણી સાચી હકીકત છે કે,

**દિલ ઝિંદાઓ બેદાર અગર હો તો બતદરીજ**
**બંદેકો અતા કરતે હૈં ચશ્મે નિગરાં ઔર**

**અહવાલો મકામાત પે મૌકૂફ હૈ સબકુછ**
**હર લેહઝા હૈ સાલિકકા ઝમાં ઔર મકાં ઔર**

**અલ્ફાઝો મઆનીમેં તફાવત નહીં લેકિન**
**''મુલ્લાં''કી અઝાં ઔર ''મુજાહિદ''કી અઝાં ઔર**

**પરવાઝ હૈ દોનોંકી ઈસી એક ફિઝાંમેં**
**''કરગસ''કા જહાં ઔર હે ''શાહીન''કા જહાં ઔર**

## ★ હલાલ મરઘી હરામ મરઘી ★

નકલ થયેલ છે કે હઝરત મખદૂમ જહાંગીર સિમનાની رحمۃ اللہ علیہ જેમનો મઝાર શરીફ કિછોછા શરીફ, જિલ્લા ફૈઝાબાદમાં ઝિયારતગાહે ખલાઈક છે. આપ ફરતાં ફરતાં ચીનની સરહદના નજીક એક કસ્બામાં કોઈ માલદારના મેહમાન થયા. માલદારે પરીક્ષાના હેતુથી બે મરઘીઓ બનાવડાવી, એક હલાલ કમાઈની અને બીજી હરામ કમાઈની. બધા ખાવાની સાથે બંને મરઘીઓ પણ દસ્તરખ્વાન પર રાખવામાં આવી. આપ બધા ખાવામાંથી ખાતા રહ્યા પણ મરઘી તરફ આંખ ઉઠાવીને પણ ન જોયું. માલદારે જ્યારે વારંવાર આગ્રહ કર્યો કે, હુઝૂરેવાલા ! મરઘી પણ જરૂર





ખાઓ ! તો આપે હલાલ કમાઈની મરઘી ઉઠાવીને પોતાની સામે મૂકી દીધી અને હરામ કમાઈવાળી મરઘી માલદારો અને એના સાથીઓની તરફ મોકલી આપી અને ફરમાવ્યું, કે દુરવેશ માત્ર હલાલ કોળિયો જ ખાય છે ! આ બનાવથી માલદાર પોતાના દિલમાં ઘણો જ શરમિંદા થયો અને આ હકીકત સૂર્ય બનીને એના દિલમાં ચમકી ઊઠી કે અલ્લાહવાળાઓની હક જોનારી નિગાહોથી કોઈ ચીજ છુપી નથી રહેતી. તેઓ ઈન્સાનોના દિલમાં છુપાયેલા ખયાલો તથા વસવસાઓને પણ એવી રીતે જોઈ લીધા કરે છે કે જેવી રીતે આમ લોકો ચૌદવી રાતના ચાંદને જોયા કરે છે. (તઝકેરએ મખદૂમ, પેજ–૩૩)

## ★ અમે લોકો શોર મચાવવાવાળા છીએ ★

એક વખત હઝરત મખદૂમ જહાંગીર અશરફી સિમનાની رحمۃ اللہ علیہ કસ્બા જાઈસ, જિલ્લા રાયબરેલીમાં રોકાયેલ હતા. આપના પર ચિશ્તી નિસ્બતનો પ્રભાવ હતો. એટલા માટે આપના દોસ્તો ઝિક્રે જહરી (અવાજ સાથે) કરતા. કસ્બાના એક ફકીહ આલિમ મૌલાના ગુલામુદ્દીને ઝિક્રનો શોર સાંભળીને ફર્માવ્યું કે, આ શોર મચાવવાવાળા લોકો કયાંથી આવી ગયા ? એના પછી એ મૌલાના સાહબ એક બુઝુર્ગની ઝિયારતના માટે તશરીફ લઈ ગયા. સંજોગવસાત આ મજલિસમાં હઝરત મખદૂમ સિમનાની કુદ્દેસસિર્રહૂ પણ પોતાના દોસ્ત તથા મુરીદોની સાથે હાજર હતા. મૌલાના સાહબે સાહિબે મજલિસ બુઝુર્ગથી હાજરજનોની ઓળખની પૂછપરછ કરી તો બુઝુર્ગ સાહબ કોઈ જવાબ આપે એ પહેલાં હઝરત મખદૂમે ફર્માવ્યું કે અમે લોકો શોર મચાવવાવાળા છીએ ! મૌલાના સાહબ એક છુપી વાત જે મકાનના રૂમમાં જીભથી નીકળી ગઈ હતી તે હઝરત મખદૂમની જીભથી સાંભળીને શરમિંદગીના કારણે શરમથી પાણી પાણી થઈ ગયા અને હાથ બાંધીને મઅઝેરત કરવા (માફી ચાહવા) લાગ્યા. (તઝકેરએ મખદૂમ, પેજ–૩૪)

**સારાંશ :** આ બંને બનાવોમાં કેટલી ચોખ્ખી એ હકીકતની રોશની છે કે ઔલિયા અલ્લાહની બસીરત અને કલ્બી બીનાઈની રોશનીથી ન વર્તન છુપાં રહે છે ન વાણી. જેની નિગાહમાં લોહે મહફૂઝનાં રહસ્યો સુધી

પહોંચ રહેતી હતી એમના દિલોની જોવાની શકિતથી ભલા આલમે શહાદતની કઈ ચીજ છુપી રહી શકે છે ?

સાચે જ અલ્લાહવાળાઓના સાંભળવા જોવાની શકિત, ઈલ્મ તથા પહોંચ બસારતો બસીરત સામાન્ય ઈન્સાની હવાસ અને એમના ઈલ્મો તથા મઆરિફથી ઘણા જ ઉચ્ચ છે. એ જ ખુદાવાળા બંદાઓના હાલ અને મકામાત (મર્તબાઓ)ની તરફ ધ્યાનિત કરવાના માટે એક કામિલ મોમિનને ખિતાબ કરતાં ડૉક્ટર ઈકબાલે કેટલું સરસ કહ્યું છે :–

**તેરા જૌહર હૈ નૂરી પાક હૈ તૂ, ફરોગે દીદાએ અફલાક હૈ તૂ**
**તેરે સય્દે નઝર ફરિશ્તા વ હૂર કે શાહીને શહે લૌલાક હૈ તૂ**

## ★ ખલીફા મેહદી અને ઈમામ મૂસા કાઝિમ ★

હઝરત ઈમામ જાફર رضی اللہ عنہ ના નૂરે નઝર હઝરત ઈમામ મૂસા કાઝિમ رضی اللہ عنہ ને બગદાદના બાદશાહ ખલીફા મેહદીએ બગાવતનો ઈલ્ઝામ લગાડીને કેદ કરી દીધા. આપ સબર તથા શાંતિની સાથે જેલખાનાની અંદર ઈબાદતો રિયાઝતમાં મશગૂલ રહ્યા. ઓચિંતો એક રાતે ખલીફા મેહદીએ એવો ખ્વાબ જોયો કે હઝરત મૌલાએ કાએનાત અમીરુલ મોમિનીન અલી મુર્તઝા رضی اللہ عنہ આ આયત તિલાવત ફર્માવી રહ્યા છે, **ફહલ અસૈતુમ ઈન્તવલ્લૈતુમ અન્તુફસિદૂ ફિલ્અર્દિ વતુકત્તિઊ અર્હામકુમ** "એટલે શું તમારી આ આદત જોવામાં આવે છે કે જો તમને હુકૂમત મળે તો જમીનમાં ફિત્નો ફેલાવો અને પોતાના સંબંધો કાપી નાખો !

ખલીફા મેહદી હઝરત શેરે ખુદા رضی اللہ عنہ ની ઝબાને ફયઝે તર્જુમાનથી આ આયત સાંભળીને તડપી ઉઠયો અને પોતાના આ ખ્વાબથી ચમકીને તેણે રાતમાં જ પોતાના દરવાન રબીઅને બોલાવ્યો. રબીઅ ગભરાયેલ હાલતમાં આવ્યો તો જોયું કે ખલીફા મેહદી ઘણા જ સારા અવાજની સાથે એ જ આયત તિલાવત કરી રહ્યો છે. રબીઅના આવતાં જ ખલીફા મેહદીએ તેને પોતાના ખ્વાબનું બયાન કર્યું અને હુકમ આપ્યો કે અત્યારે ને અત્યારે જ આ જ સમયે તમે હઝરત ઈમામ મૂસા કાઝિમને કેદખાનામાંથી છોડીને મારા સૂવાના રૂમમાં લાવો ! છેવટે તરત જ રબીઅ





રવાના થઈ ગયો અને હઝરત ઈમામ મૂસા કાઝિમને ખલીફા મેહદીના સૂવાના રૂમમાં પહોંચાડી દીધા. ખલીફાએ હઝરત ઈમામનું સ્વાગત કર્યું અને ઘણા જ શોખની સાથે ગળે મળીને પોતાની બાજુમાં બેસાડયા અને કહ્યું કે મેં હજુ અત્યારે જ ખ્વાબમાં હઝરત અસદુલ્લાહ رضی اللہ عنہ ને આ આયત તિલાવત ફર્માવતાં જોયા છે અને ખરેખર હઝરત મૌલાએ કાએનાતે મને ચેતવણી ફર્માવી છે કે મેં તમને કેમ કેદ કરી રાખ્યા છે ?! જેથી આપ મારાથી એ વાયદો કરો કે આપ મારા વિરૂધ્ધ કે મારી ઔલાદની વિરૂધ્ધ બદમાશી નહીં કરો તો હું અત્યારે ને અત્યારે જ આપને છોડી મૂકું છું. હઝરત ઈમામે ફર્માવ્યું કે અમીરુલ મોમિનીન ! બદમાશી મારું કામ નથી અને હું બિલકુલ બેગુનાહ છું. આ સાંભળતાં જ ખલીફા મેહદીએ હુકમ કર્યો કે અય રબીઅ ! ત્રણ હજાર દીનાર હઝરત ઈમામની ખિદમતમાં નઝરાના તરીકે આપો અને એમને પૂરી ઈજ્જત અને અદબની સાથે મદીના મુનવ્વરા એમનાં બીવી બચ્ચાંની પાસે મોકલી આપો. છેવટે રબીઅએ જલ્દી જલ્દી રાતમાં જ પૂરી વ્યવસ્થા કરી દીધી અને આપ સવાર થતાં સુધીમાં મદીના મુનવ્વરા રવાના થઈ ગયા. *(મુસ્તતરફ, ભાગ–૨, પેજ–૭૦)*

**સારાંશ** : આ ઐતિહાસિક હિકાયતમાં હઝરત શેરે ખુદા અને હઝરત ઈમામ મૂસા કાઝિમ رضی اللہ عنہما ની કરામત અને ખુદાદાદ તસર્રુફાતના જલ્વાઓ નજર આવી રહ્યા છે એ કોઈ અક્કલવાળાથી છુપા નથી. કેમ ન હોય કે મૌલાએ કાએનાતની ઝાતેવાલા સિફાત સરચશ્મએ વિલાયત અને મમ્બએ તસર્રુફાત છે અને બેશક ! આપ સૈયદુલ વાસિલીન છે અને આપની આલે અમજાદ યકીનન આપના કમાલાતની સાચી વારિસ અને આપના જાનશીન છે. અલ્લાહુ અકબર ! બિલકુલ સાચું કહ્યું કોઈ સચ્ચાઈના પ્રશંસક શાયરે કે :–

**અલીકા ઘર ભી વો ઘર હૈ કે જિસ ઘરકા**
**હર એક બચ્ચા જહાં પૈદા હૂવા, શેરે ખુદા મા'લૂમ હોતા હૈ**

## ★ એક બોધદાયક ખ્વાબ ★

હાફિઝે હદીષ અબ્દુર્રહ્માન બિન મનદાની એ ઉલમાએ

હક્કમાં ગણત્રી થાય છે જે બદમઝહબો અને બાતિલ ફિર્કાઓના માટે આંખોને આંજી દેનારી વીજળીની ચમક હતા અને બીક વગર સાચી વાતો કહેતા રહેતા હતા, ત્યાં સુધી કે અબુલ કાસિમ ઝુન્જાની કા'બા મુકર્રમાની પાસે જાહેરમાં કહ્યા કરતા હતા કે ફિત્નાથી ભરપૂર દૌરમાં અલ્લાહ તઆલાએ બે વ્યકિતઓના વસીલાથી ઈસ્લામની હિફાઝત ફર્માવી, એક અબ્દુર્રહમાન બિન મનદા, બીજા અબ્દુલ્લાહ બિન મુહમ્મદ અન્સારી કે આ બંને ગુમરાહીઓના દર્દનાક તોફાનોમાં પણ અડગતાના પહાડ બનીને અટલ રહ્યા અને ગુમરાહ ફિર્કાઓનાં ટોળે ટોળાં લશ્કરોથી એકલા હાથે જીભ તથા કલમ વડે જેહાદ ફર્માવતા રહ્યા !

'અબૂ તાલિબ બિન તબા તબા'નું બયાન છે કે હું અબ્દુર્રહ્માન બિન મનદાથી છુપી રીતે હસદ રાખતો હતો અને તેમને હમેશાં ગાળો આપ્યા કરતો હતો. એક દિવસ મેં એકાએક ખ્વાબમાં અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہ ને જોયા કે એમના હાથમાં એક વ્યકિતનો હાથ છે જેણે લીલા રંગનો ઝભ્ભો પહેરેલ છે અને કોઈ જોર જોરથી એવું કહી રહ્યું છે કે અય અબૂ તાલિબ ! જોઈ લો ! આ અમીરુલ મો'મિનીન હઝરત ઉમર છે જેમણે અબ્દુર્રહમાન બિન મનદાનો હાથ પકડેલ છે. અબૂ તાલિબ કહે છે કે મેં આગળ વધીને હઝરત અમીરુલ મો'મિનીનને સલામ કરી તો તેમણે મારા સલામનો જવાબ ન આપ્યો અને ઘણી જ નાપસંદીની સાથે પોતાના પૂરજલાલ અવાજથી ફર્માવ્યું કે, તમે તેમને ગાળો કેમ આપ્યા કરો છો ? અબૂ તાલિબ કહે છે કે હું આ ખ્વાબથી ચમકીને અને બીકથી ધ્રુજવા લાગ્યો અને ઉઠયો અને તરત જ અબ્દુર્રહ્માન બિન મનદાની ઝિયારતના માટે અસ્ફહાન રવાના થઈ ગયો. ત્યાં જઈને જોયું કે અબ્દુર્રહમાન બિન મનદા લીલો ઝભ્ભો પહેરેલ હૂબહૂ એ જ વ્યકિત છે જેનો હાથ મેં ખ્વાબમાં હઝરત અમીરુલ મો'મિનીનના હાથમાં જોયો હતો. મેં જેવા જતાંની સાથે એમને સલામ કરી તો તેમણે વઅલૈકુમુસ્સલામ ! યા અબા તાલિબ ! કહીને જવાબ આપ્યો. હું દંગ રહી ગયો કે છેવટે તેમને મારું નામ કેવી રીતે ખબર પડી ગયું ? હજુ હું કશું બોલવા પણ ન પામ્યો હતો કે તેમણે એવું ફર્માવ્યું કે અય અબૂ તાલિબ ! જે ચીજને અલ્લાહ તઆલા અને એના રસૂલ





صلی اللہ تعالیٰ علیہ وسلم એ હરામ ફર્માવી દીધું છે શું અમારામાં કોઈની હિંમત છે કે કોઈ એને હલાલ કરી શકે છે ? મેં તેમને ખુદાની કસમ આપતાં રડમશ થઈને કરગરીને તેમનાથી માફી માંગી અને તેમની બંને આંખોની વચમાં બોસો આપ્યો. તો તેમણે એવું ફર્માવ્યું કે જ્યાં સુધી મારી જાતનો સંબંધ છે મેં તમારી બધી બેઅદબીઓને માફ કરી દીધી. (તઝકેરતુલ હુફ્ફાઝ, ભાગ–૩, પેજ–૩૪૦)

**સારાંશ** : આ ધ્રુજાવી દેનાર અને બોધદાયક હિકાયતમાં જેવી રીતે અમીરુલ મો'મિનીન હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ અને હાફિઝ અબ્દુર્રહ્માન બિન મનદાના તસર્રુફાત અને કરામતોનું નૂર નજર આવે છે, તેવી જ રીતે આ બનાવથી એક બાબત પર પણ રોશની પડે છે કે જે ઉલમાએ હક્ક દીનના સાથ સહકારમાં ગુમરાહ ફિર્કાઓનો સામનો કરતા રહે છે એમના પર બુઝુર્ગાને દીન અને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین નો દામને ઈમદાદો ઈઆનત દરેક સમયે એમનો સાયો થઈને રહે છે અને આ ઉલમાએ મુજાહેદીન એટલા પ્રમાણમાં સલ્ફે સાલેહીનના મહબૂબ અને પ્યારા હોય છે કે તેમનાથી હસદ અને અદાવત રાખવાવાળો મુસલમાન જ કેમ ન હોય, બુઝુર્ગોની નજરમાં એ લાયક નથી રહેતો કે એની સલામ પણ એમના દરબારમાં મકબૂલ હોય. છેવટે આપે કહ્યું કે અબૂ તાલિબ બિન તબા તબાની સલામ હઝરત ફારૂકે આઝમ رضی اللہ عنہ એ એ કારણે કબૂલ ન ફર્માવી કે તેઓ અબ્દુર્રહ્માન બિન મનદા જેવા હક્ક પરસ્ત અને હક્કાની આલિમને ગાળો આપ્યા કરતા હતા અને એમનાથી હસદ તથા અદાવત રાખતા હતા.

આ બનાવોમાં એ જાહિલ અને બેઅદબ મુસલમાનોના માટે ઘણો જ મોટો બોધનો સામાન છે જે વગર કારણે ઉલમાએ હક્કની વિરૂધ્ધમાં મેણાં તાણા અને લાંબી જીભો કરતા રહે છે. તેમણે હોશમાં આવી જવું જોઈએ કે એ બુઝુર્ગાને સલફની મુકદ્દસ નિગાહોમાં કયાંક એટલા બેઈજ્જત અને નફરતના લાયક ન થઈ જાય કે એમની સલામ પણ એમના માટે કબૂલ કરવાના લાયક ન રહે અને યાદ રાખો કે જે અલ્લાહવાળાઓની નજરમાંથી પડી ગયો, ખુદાની કસમ ! યકીન જાણો ! તે અલ્લાહ તઆલાની નઝરે રહમતથી વંચિત થઈ ગયો. હદીષ શરીફનું વાકય છે કે, મૌલા عزوجل

ઈર્શાદ ફર્માવે છે કે, "જે વ્યકિત મારા કોઈ વલીથી દુશ્મની રાખે એના માટે મારા તરફથી જંગનું એલાન છે." તૌબા ! નઊઝુબિલ્લાહ ! ખુદાવંદે કરીમ બુઝુર્ગાને દીનની નિગાહે કહેરો ગઝબથી પોતાની પનાહમાં રાખે, બખુદા આ એ ઝહેર છે જેનુ કોઈ મારણ નથી. વલ્લાહ ! આ તે તલ્વાર છે જેની કોઈ ઢાલ નથી. શું આપે એ નથી સાંભળ્યું કે :–

**નિગાહે મર્દે મો'મિન બર્કે આલમ સોઝ હોતી હૈ**
**અગર ગિર જાએ યે બિજલી તો દુન્યા ખાક હોતી હૈ**

## ★ છુપા દુરવેશ ★

હઝરત અબૂ સઈદ ખર્રાઝનું બયાન છે કે એક વખત મેં હરમે કા'બામાં એક એવા વ્યકિતને જોયો જેના શરીર પર બસ એટલું જ કપડું હતું કે દૂંટીથી ગુથણ સુધી શરીર છુપાયેલ હતું. તેને જોઈને મારા દિલમાં થોડી નફરત અને ધૃણા પેદા થઈ. મેં તેને નફરતની નજરથી જોયો તો તેણે તરત જ મારી તરફ જોઈને આ આયત પઢી, (અર્થ) : "અલ્લાહ તઆલા તમારા દિલોની છુપાયેલ વાતોને જાણે છે, જેથી એનાથી ડરો !" અબૂ સઈદ કહે છે કે આ આયત તેની જીભથી સાંભળીને હું ઘણો જ શરમિંદો થયો અને દિલમાં ને દિલમાં તૌબા તથા ઈસ્તિગફાર કરવા લાગ્યો. તેણે મારી તરફ જોઈને આ આયત તિલાવત કરી દીધી, (અર્થ) :– "અલ્લાહ તઆલા પોતાના બંદાઓની તૌબા કબૂલ ફર્માવે છે." *(મુસ્તતરફ, ભાગ–૨, પેજ–૮૬)*

**સારાંશ** : આ નગ્ન દુરવેશ યકીનન કોઈ સાહિબે કશ્ફ બુઝુર્ગ હતા જેમણે પોતાના હાલ અને કમાલને છુપાવવાના માટે આ દેખાવ કર્યો હતો. આવા ઘણા જ બધા ખાસાને ખુદા છે કે તેમના જાહેરી દેખાવથી તેમનો ઉચ્ચ મકામ અને આ'લા કમાલનો અંદાજો કરી શકાતો નથી. આ જ લોકો છુપા દુરવેશ કહેવાય છે અને એમનો હાલ ગોડદીમાં લાલ જેવો છે.

હદીષ શરીફમાં આવ્યું છે કે, "ઘણા બધા એવા ખુદાના બંદા છે જેમના વાળ વિખરાયેલ અને તેમનાં શરીર પર ધૂળ લાગેલી હોય





છે, જેને લોકો તુચ્છ સમજીને પોતાના દરવાજા પરથી ધક્કો મારીને તગેડી મૂકે છે. પરંતુ ખુદાવંદે ઝુલજલાલના દરબારમાં તેમની મકબૂલિયતનો એ હાલ હોય છે કે જો કોઈ મોટામાં મોટી વાતની કસમ ખાઈ લે તો ખુદાવંદે કરીમ જરૂર તેમની કસમને પૂરી ફર્માવી દે છે !" જાહેરી આંખોથી એ બુઝુર્ગોના મકામ તથા હાલનો કમાલ નથી જોઈ શકાતો અને છુપી આંખો દરેક વ્યકિતની પાસે હાજર નથી. એટલા માટે એ લોકો ઓળખી શકાતા નથી અને એ લોકો ખૂદ પણ પોતાના પોશાક તથા ખોરાક અને પોતાની જિંદગીની સાદગી અને જાહેરમાં બેઢંગાપણુ જાહેર કરીને પોતાના હાલને છુપાવી રાખે છે. પણ એ લોકો એટલા પ્રમાણમાં મજબૂત જુસ્સો અને રૂહાની તાકાતના માલિક હોય છે કે જો જલાલમાં આવી જાય તો એક નજર નાખીને દુનિયાના મુલ્કમાં મહાન ફેરફાર પૈદા કરી દે અને એ લોકો પર ખુદાવંદે કરીમનો એટલો પ્યાર હોય છે અને એ લોકો મકબૂલિયતની એવી ઊંચી મંઝિલ પર પહોંચેલ હોય છે કે જો એ લોકો કોઈ પહાડના હટી જવાની કે કોઈ દરિયાને સૂકાઈ જવાની પણ દુઆ માંગી લે તો મૌલા عزوجل જરૂર પોતાના કરમથી તેમની દુઆઓને કબૂલ ફર્માવીને તેમની તમન્નાઓ અને મુરાદોને પૂરી ફર્માવી દે છે. હઝરત હાફિઝ શીરાઝીએ તેમને ચાદર પહેરેલ ખાક નશીનોના તસર્રુફાતો કરામાત અને તેમની રૂહાની તાકાતની તરફ ઈશારો કરતાં ઈર્શાદ ફર્માવ્યો છે કે, (અર્થ) :– હું આમ તો તમારા જોવામાં મયકદાનો એક ફકીર છું, પરંતુ જયારે મારા પર શરાબે વહદતનો નશો અને જઝબાતે ઈલાહિયહ્‌ની મસ્તી સવાર થઈ જાય છે તો એ સમયે મને જુઓ કે આસ્માન મારો નાઝ ઉઠાવે છે અને તારાઓ પર મારો હુકમ ચાલે છે. અને હદીષ શરીફના ફર્માનની સાથે સાથે વર્ષોને વર્ષોનો આ અનુભવ પણ છે કે આ મેલા ઘેલા વિખરાયેલ વાળ અને શિકસ્તા હાલ (ચીંથરેહાલ) ફકીરો જયારે જલાલમાં આવી જાય છે તો એવા એવા કમાલ દેખાડી દેતા હોય છે કે ઈન્સાનની અક્કલ અચંબાના દરિયામાં ડૂબી જાય છે અને એ હકીકત બિલકુલ બેપર્દા થઈને નજરોની સામે આવી જાય છે કે :–

**બશર ખૂદ અપની તાકતસે હિલા સકતા નહીં ઝર્રા**
**જો હો જઝબે યકીં પૈદા તો પથ્થર મોમ હો જાયે**

જેથી જરૂરી છે કે કોઈ વિખરાયેલ વાળ અને ખસ્તાહાલ દુરવેશને હરગિઝ હરગિઝ કદી નફરત તથા તુચ્છતાની નજરથી ન જુએ, પરંતુ એ ખાક નશીન ફકીરોની જો થઈ શકે તો થોડીક ખિદમત કરો, નહીં તો ઓછામાં ઓછું એટલો ખાસ ખ્યાલ રાખો કે તેમની કોઈ બેઅદબી ન થવા પામે ! તમને શું ખબર કે આ કમલીની અંદર કયો શહનશાહ અને એ ગોડદીની અંદર કેવો લાલ અને એ ધૂળમાં કેવો શાહસવાર છુપાયેલ છે ?! એટલા માટે કહેવામાં આવ્યું છે કે :–

**ન પૂછ ઉન ખિર્કા પોશોંકો ઈરાદત હો તો દેખ ઉનકો**
**યદે બયઝા લિએ બૈઠે હૈં અપની આસ્તીનોમેં**

## ★ કશ્ફુલ કુલૂબ ★

શૈખુલ હરમ સઅદ બિન ઝિન્જાની ઘણા જ મુલ્કોના મુહદ્દિષોથી ઈલ્મ મેળવ્યા પછી મક્કા મુકર્રમામાં રોકાઈ ગયા હતા. આપ ઘણા જ પરહેઝગાર અને ઈબાદત કરવાવાળા હદીષના આલિમ હતા અને તેમની મકબૂલિયત અને ખલ્કે ખુદાની અકીદતની એ હાલત હતી કે તેઓ જ્યારે હરમ શરીફમાં પ્રવેશ કરતા હતા તો લોકો કા'બા મુઅઝ્ઝમાનો તવાફ છોડીને તેમના તરફ દોડી જતા હતા અને હજરે અસ્વદથી વધારે લોકો એમના હાથોને બોસો દેતા હતા. જ્યારે મક્કા મુકર્રમા પર રાફઝીઓનો કબ્જો થઈ ગયો, તો તેઓ પોતાના મકાનની અંદર છુપાઈને હદીષોનો દર્સ આપ્યા કરતા હતા અને મકાનની અંદર જ ઈબાદતમાં મશગૂલ રહ્યા કરતા હતા. તેમને ખુદાવંદે આલમે 'કશ્ફુલ કુલૂબ'ની કરામતથી નવાઝયા હતા. જેથી તેઓ મજલિસમાં હાજર રહેલાઓના દિલમાં વસવસાઓ અને દિલના વિચારોને પોતાના કશ્ફથી જાણી લેતા હતા. મરવનો રહેવાસી એક વ્યકિત જેનુ નામ અબૂ મુઝફ્ફર હતું, તેને આપનાથી ઘણી જ મહોબ્બત થઈ ગઈ અને તેણે એવું નક્કી કરી લીધું કે, હું કદી મારા વતન નહીં જાઉં અને આખી





જિંદગી સઅદ બિન અલીની ખિદમત તથા ખાસ પ્રકારનો ગુલામ બનીને પસાર કરી દઈશ, પરંતુ એ જ રાતમાં એવો ખ્વાબ જોયો કે એની માં માથુ ખુલ્લુ કરેલ વિખરાયેલ વાળ અને પરેશાનીની હાલતમાં ઊભી છે અને એવું કહી રહી છે કે, અય બેટા ! હું તારી જુદાઈને હરગિઝ હરગિઝ સહન નથી કરી શકતી ! અબૂ મુઝફ્ફર કહે છે કે હું ખ્વાબમાંથી જાગીને સખત ઉલ્ઝન અને ચિંતામય વિચારોમાં લાગી ગયો અને સઅદ બિન અલીની ખિદમતમાં સલાહના માટે ચાલ્યો ગયો. પરંતુ હરમમાં તેમની આજુબાજુ એટલા પ્રમાણમાં ઈન્સાનોની ભીડ હતી કે ઘણી જ કોશિશ કરવા છતાં પણ મુલાકાતનો મોકો ન મળી શકયો. જ્યારે તેઓ હરમમાંથી નીકળ્યા તો હું તેમની પાછળ ચાલવા લાગ્યો. જ્યારે તેઓ તેમના મકાનની નજીક પહોંચ્યા તો એકદમ ફરીને મને ફર્માવ્યું કે, અય અબુલ મુઝફ્ફર ! તારી ઘરડી માતા ઘણી જ બેચેની અને બેકરારીની સાથે તારી રાહ જોઈ રહી છે ! આવું ફર્માવ્યું અને પોતાના મકાનમાં ચાલ્યા ગયા. જેથી અબુલ મુઝફ્ફર પોતાનો ઈરાદો રદ કરીને પોતાના વતન ચાલ્યા ગયા. *(તઝકેરતુલ હુફ્ફાઝ, ભાગ–૩, પેજ–૩૪૭)*

**સારાંશ :** શૈખુલ હરમ સઅદ બિન અલી ઝન્જાની કોઈ ખાનકાહના પીર કે પીરઝાદા કે કોઈ દરગાહના સજ્જાદાનશીન કે કોઈ કબ્રસ્તાનના ફકીર બાબા ન હતા, પરંતુ એક કમાલવાળા મુહદ્દિષ અને હદીષના ઈલ્મના મુદર્રિસ અને શરીઅતના પાબંદ આલિમે દીન હતા. પરંતુ હદીષની ખિદમત અને ઈલ્મેદીનના અન્વારથી ખુદાવંદે કુદ્દુસે તેમના નૂરાની સીનાને એટલુ સાફ કરવાવાળુ અને એમના મુનવ્વર દિલને એટલા પ્રમાણમાં ચમકાવી દીધું કે તેઓ કશ્ફુલ કુલૂબની કરામાતથી સરફરાઝ થઈ ગયા, ત્યાં સુધી કે લોકોના દિલોના છુપા વસવસાઓ તથા વિચારો અને દૂરોદરાઝના સ્થળોની હાલતો તેમની નજરોની સામે એવી રીતે રહેતી હતી કે જેવું કે તેઓ પોતાના હાથની હથેળીને જોઈ રહ્યા છે ! આ નૂરાની બનાવ એ ફકીરો અને બાબાઓની બંધ આંખો ખોલી દેવાના માટે એક બોધદાયક તાઝિયાનાએ હિદાયતથી ઓછો નથી, જેઓ મોટા ભાગે રાગ આલાપતા રહે છે કે સાહેબાને કશ્ફુલ હાલ તો માત્ર ફકીરો અને દુરવેશોમાં જ હોય છે અને થયા કરે છે ! આલિમો સાહિબાને કાલ હોય છે અને તેઓ હમેશાં કાલો અકવાલની બહષોમાં ઉલઝેલા રહે છે, તેમને વિલાયતની હાલતો તથા મઆરિફ તથા કશ્ફો કરામતથી શું સંબંધ ?!

અને મજાની વાત એ છે કે આ કથનો તેમનાં છે જેઓ ગાંજા ભાંગના રસિયા, નમાઝ રોઝાને છોડવાવાળા અને શરીઅતની તમામ હદો તથા કેદોથી આઝાદ બનીને દરગાહોમાં સજ્જાદાનશીન બનીને બેઠેલા છે અને એ બુઝુર્ગોને સલફના નામો પર મફતની રોટલીઓ ખાઈ રહ્યા છે ! જેના તકવા તથા પાકીઝગી અને ઈલ્મો તથા અમલે ઉમ્મતે મુસ્લિમાને બેહદ ફયઝો તથા બરકાતની દોલતોથી માલામાલ કર્યા હતા. **પણ આજે એ નૂરાની મસ્નદો (સ્થાનો) પર એવા લોકો બિરાજમાન છે કે જે સરાસર ઈલ્હાદી ઝુલ્મતોના પયકર અને જાત જાતની બિદઅતો અને ખોટી માન્યતાઓની** તસ્વીર અને તરહ તરહની બદઅમલીઓનાં પૂતળાં છે. જેના વિશે ડૉકટર ઈકબાલે કેટલું સરસ કહ્યું અને કેટલી બેહતરીન સરખામણી કરી આપી છે કે :–

**હાથ આઈ વરાષતમેં ઉન્હેં પીરકી ગદ્દી**
**ઝાગોંકે તસર્રુફમેં અકાબોંકે નશેમન**

કાશ ! જાહિલ મુસલમાનો ઘઉંના નામે જવ વેચતા બેશરઅ બાબાઓના ધોકાથી છૂટકારો પામી જાય જેઓ એવી ગલતફહેમીના મહાન તથા ઊંડા દલદલમાં ફસાયેલા છે કે આપણે સજ્જાદાનશીનના અમલો તથા કર્મોથી શું મતલબ ?! આપણે તો ગાદીને માનવાવાળા છીએ ! આ ગાદી પર જે પણ બેસે એ અમારો મુર્શિદ ! એ અમારો પેશવા ! એ અમારો બુઝુર્ગ ! કોઈ એવો નથી જે આ નાદાનોને જાહિલોને એ સમજાવી આપે કે ગદ્દીથી ગદ્દીનશીનને બુઝુર્ગી નથી મળતી, પરંતુ ગદ્દીનશીનની બુઝુર્ગીથી ગદ્દીને બુઝુર્ગી મળ્યા કરે છે ! જો કોઈ મોટાથી મોટા બુઝુર્ગની ગદ્દી પર પણ જો કોઈ ગેરલાયક બેસી જાય તો એ હરગિઝ હરગિઝ બુઝુર્ગ થઈ જશે નહીં ! અને કોઈ બુઝુર્ગ જો કોઈ મસ્નદ પર પણ ન બેઠેલો હોય પરંતુ એ કોઈ જંગલ કે વેરાન જગામાં જો તૂટેલી સાદડી કે ધૂળની જમીન પર પણ બેસી જાય તો બેશક ! એ તૂટેલી સાદડી ફરિશ્તાઓની બોસાગાહ અને એ જમીનની ધૂળ રશ્કે આલેમપાક બની જશે. કેમ કે મસ્નદ નશીન (ગાદી પર બેસનાર)ની અઝમત તથા બુઝુર્ગીથી મસ્નદને અઝમત તથા બુઝુર્ગી મળ્યા કરે છે, કેમ ન હોય ? સાચુ ફર્માવ્યું, કોઈ આરિફે હાલ બુઝુર્ગે કે :–





**મસ્ત જો ઝર્ફ ઉઠા લે વહી પૈમાના બને**
**જિસ જગહ બૈઠ જાએ વહી મૈખાના બને**

પછી આ હિકાયતમાં આ વાકય પણ ઘણું જ બોધદાયક છે કે, ''જ્યારે સઅદ બિન અલી હરમ શરીફમાં આવતા હતા તો હરમે ઈલાહીમાં હાજર રહેલા હજરે અસ્વદથી વધારે તેમના મુકદ્દસ હાથોને બોસો આપવા માટે બેચેન જોવામાં આવતા હતા !'' આનાથી જાણવા મળે છે કે પહેલાંના જમાનાના દીનદાર મુસલમાનોને પોતાના આલિમોની સાથે કેટલી આશિકાના મહોબ્બતનો જુસ્સો હતો અને ઉલમાએ હક્કથી તેમની મહોબ્બતનો શો હાલ હતો ?! કેમ ન હોય ? કુરૂને ઊલાના (પહેલાંના યુગ) મુસલમાન પોતાની દીનદારીમાં આજકાલના મુસલમાનોથી હજારો દરજા વધેલા હતા અને જેમને દીનથી સંબંધ અને મહોબ્બત હશે એ અનિવાર્યપણે ઉલમાએ દીનના અકીદતમંદ અને મહોબ્બત કરવાવાળા હશે અને આજકાલના મુસલમાનના દિલોની દુનિયામાં દીનદારીનો ચિરાગ લગભગ ઓલવાઈ ગયો છે જેથી તેમના દિલોથી ઉલમાએ દીનના પ્રભાવ તથા ઈજ્જત અને તેમની મહોબ્બત તથા અકીદતનો પણ જનાઝો નીકળી ગયો છે. હાય ! અફસોસ ! આજ કાલના નામના મુસલમાનના વિશે એના સિવાય બીજુ શું કહેવામાં આવે કે :–

**હાથ બેઝોર હૈં ઈલ્હાદસે દિલ ખૂગર હૈ**
**ઉમ્મતી બાઈષે રુસ્વાઈએ પયગંબર હૈ**

## ★ સાહિબે હિદાયહ્‌ની કરામત ★

શયખ બુરહાનુદ્દીન મહમૂદ છ સાત વર્ષના બાળક હતા અને પોતાના વાલિદે મુહતરમની સાથે કયાંક જઈ રહ્યા હતા કે એકાએક રસ્તામાં સાહિબે હિદાયહ્ (કિતાબ હિદાયહ્‌ના લેખક) હઝરત મૌલાના બુરહાનુદ્દીન મરગીનાનીના આગમનનો શોર સાંભળ્યો. શયખ બુરહાનુદ્દીન મહમૂદના વાલિદ તેમને રસ્તાની વચમાં ઊભા રાખીને ખૂદ કોઈ ગલીમાં ચાલ્યા ગયા. જ્યારે સાહિબે હિદાયહ્‌ની સવારી નજીક પહોંચી તો શયખ બુરહાનુદ્દીન મહમૂદે આગળ વધીને સલામ કરી. સાહિબે હિદાયહ્‌એ ઘણી જ તેજ

નજરોથી એ છ સાત વર્ષના બાળકને જોયો કે એક બાળક રસ્તાની વચમાં ઊભો થઈને ઘણી જ અદબની સાથે સલામ કરી રહ્યો છે. સાહિબે હિદાયહ્એ સવારી રોકીને હાજરજનોને ફર્માવ્યું કે ખુદા મારાથી એ વાત કહેવડાવી રહ્યો છે કે આ બાળક પોતાના જમાનાનો "અલ્લામહ્" થશે ! શયખ બુરહાનુદ્દીન મહમૂદ આ બશારત સાંભળીને થોડાક પગલાં સાહિબે હિદાયહ્ની સાથે ચાલ્યા પછી સાહિબે હિદાયહ્એ એવું ફર્માવ્યું કે, ખુદા મારાથી કહેવડાવી રહ્યો છે કે આ બાળક એવા ઊંચા મકામ પર બિરાજમાન થશે કે બાદશાહ એના દરવાજા પર હાજરી દેશે !

જેથી સાહિબે હિદાયહ્ની એ પેશનગોઈ (આગાહી) એવી રીતે જાહેર થઈ કે શયખ બુરહાનુદ્દીન મહમૂદ પોતાના સમયના મહાન આલિમોમાં અજોડ અને શરીઅત તથા તરીકતના સંગમ બન્યા અને સુલતાન ગ્યાષુદ્દીન બલબન આપનો ચાહવાવાળો અને આપની મજલિસમાં હાજર રહેવાવાળો થયો અને આપ એટલા પ્રમાણમાં સાહિબે કરામત થયા અને કબૂલે ખલાઈક (લોક પ્રિયતા)ની એવી ઊંચી મંઝિલ પર પહોંચ્યા કે આપની કબ્ર શરીફ કે હૌઝે શમ્સી દિલ્હીની પૂર્વ બાજુ છે તેની લોકો વધારે પ્રમાણમાં ઝિયારત કરતા રહે છે અને બરકત મેળવે છે અને અકીદતના કારણે લોકો આપની કબ્રે અન્વરને 'તખ્તાએ નૂર' કહે છે અને આપની કબ્રની માટી લોકો પોતાના બાળકોને એટલા માટે ખવડાવે છે કે એમના પર ઈલ્મના દરવાજા ખુલી જાય, આ જ કારણ છે કે આપની કબ્ર પગ તરફથી કેટલીય વાર તૂટી જતી અને વારંવાર ફરીથી નવી બંધાતી રહી. *(અખબારુલ્ અખ્યાર, પેજ–૫૩)*

**સારાંશ** : મૌલાના બુરહાનુદ્દીન સાહિબે હિદાયહ્ મરગીનાનીને કોણ નથી ઓળખતું ! આપની કિતાબ 'હિદાયહ્ શરીફ' ફિકહે હનફીની એ નાઝ કરવા જેવી કિતાબ છે કે આખી દુનિયામાં એની મિષાલ (જોડ) નથી મળી શકતી અને આખી દુનિયાના મદ્રસાઓમાં આ કિતાબ દર્સમાં દાખલ છે. આ હિકાયતથી અંદાજો લગાડો કે સાહિબે હિદાયહ્ને ઈલ્મે શરીઅતના કમાલની સાથે સાથે ખુદાવંદે આલમે કેટલા પ્રમાણમાં કશ્ફો કરામતની ઊંચી મંઝિલ પર પણ બિરાજમાન કર્યા હતા કે આપે એક સાત





વર્ષના બાળકની સૂરત જોઈને તેના શાનદાર (ભવ્ય) તકદીરને જાહેરમાં બયાન ફર્માવી દીધું, જે સો ટકા સાચુ સાબિત થયું ! હવે કોણ બદનસીબ એવો છે જે એમ કહી શકે છે કે ઉલમાઓના તબકામાં કોઈ શાહે વિલાયત અને સાહિબે કરામત થયો જ નથી ! સાહિબે હિદાયહ્ આલિમે દીન ન હતા તો શું કોઈ તકીયામાં ભાંગ પીસવાવાળા ફકીર કે કોઈ કલંદરની ગાદી પર ગાંજા પીવાવાળા બાબા હતા ?

બિરાદરાને મિલ્લત ! હકીકત એ છે કે વિલાયત ખુદાવંદીની નજીકતાની એક ખાસ મંઝિલનું નામ છે અને ખુદાવંદીની નજીકતાને બધાથી વધારે લાયક એ જ લોકો છે જેમના સીનાઓમાં ખુદાના મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم ના નબુવ્વતના ઈલ્મનું નૂર હોય છે. ખુદાવંદે તઆલા પોતાની ખાસ નિકટતા પોતાના મહબૂબના ઈલ્મો અમલના ખાદિમોને નહીં આપશે તો શું એ જાહિલ ગાંજા ભાંગ પીવાવાળાઓને આપશે જે મહબૂબે ખુદાના નબુવ્વતના ઈલ્મથી એટલા વંચિત અને કોરા છે કે તેમને એટલી પણ ખબર નથી કે ઈસ્તિંજા કરવાનો સુન્નત તરીકો શું છે ? આ જ કારણ છે કે હઝરત હક્ક તઆલા عزوجل જેને પણ વિલાયતના શરફથી સરફરાઝ ફર્માવે છે નબુવ્વતના ઈલ્મની રોશનીથી પણ જરૂર તેની છાતીને મુનવ્વર ફર્માવી દે છે. જો એ કોઈ મદ્રસામાં લખી વાંચીને શરીઅતનો ઈલ્મ નથી જાણતો તો મૌલા તઆલા ઈલ્મે લદુન્નીના રીતે એને **શરીઅતનો ઈલ્મ** શીખવાડી દે છે.

જેથી ઐતિહાસિક અનુભવ સાક્ષી છે કે ઘણા જ એવા ખુદાના ખાસ બંદાઓ જે વિલાયતથી પહેલાં દીનના ઈલ્મથી બિલકુલ જ કોરા હતા પણ વિલાયતના મન્સબ પર સરફરાઝ થયા પછી ખુદાવંદે કુદ્દુસે તેમને દીનના ઈલ્મની એટલી મહાન અને કષીર (વિપુલ પ્રમાણમાં) દોલતોથી માલામાલ ફર્માવી દીધા કે મોટા મોટા આલિમો જ્યારે મુશ્કેલથી મુશ્કેલ મસાઈલ લઈને તેમની ખિદમતોમાં હાજર થયા તો એ બુઝુર્ગોએ થોડાક ઈશારાઓમાં એ મસાઈલને એવી રીતે હલ કરી આપ્યા કે ઉલમા તેમના ઈલ્મોની ગહરાઈયોને જોઈને આશ્ચર્યના દરિયામાં ડૂબી ગયા અને એના સિવાય કાંઈ પણ ન કહી શકયા કે "આ ખુદાનો ફઝ્લ છે અને ખુદા જેને ચાહે છે પોતાના ફઝ્લથી નવાઝી આપે છે, અને અલ્લાહનો ફઝ્લ ઘણો જ મોટો છે."

જેથી હઝરત શયબાન રાઈ જે એક ઉમ્મી વલી હતા, (જે કોઈ મદ્રસામાં પઢયા ન હતા) તેમની ખિદમતમાં હઝરત ઈમામ શાફઈ હાજર થઈને એવી રીતે બાઅદબ બેસ્યા કરતા હતા જેવી રીતે મકતબમાં એક બાળક પોતાના ઉસ્તાદની સામે બેસ્યા કરે છે અને 'શયબાન રાઈ'થી તેઓ એવા મુશ્કેલ મસાઈલને હલ કરાવતા હતા જે એમની મુજતહિદાના નિગાહોથી પણ ઓજલ રહ્યા કરતા હતા. એવી રીતે પ્રખ્યાત છે કે શાહ અબ્દુર્રઝ્ઝાક બાંસ્વી رضی اللہ عنہ જે કોઈ મદ્રસામાં પઢયા ન હતા પણ ફિરંગી મહલ લખનૌના ઉલમા જ્યારે તેમનાથી મુશ્કેલ મસાઈલ પૂછતા હતા તો તેમનો જવાબ સાંભળીને દંગ રહી જતા હતા અને આમ કહીને પાછા ફળ્યા કરતા હતા કે, બેશક ! એને 'ઈલ્મે લદુન્ની'ના સિવાય કાંઈ પણ નથી કહી શકાતું ! સાચુ છે કે જે બરગુઝીદા હસ્તીઓને ઈશ્કે ઈલાહીનો જુસ્સો મળી ગયો તમામ ઈલ્મો તથા મઆરિફ ખૂદ બ ખૂદ ખેંચાઈને આવીને એમના હાથોમાં પનાહ લે છે, બલ્કે એમનાં કદમો પર ન્યોછાવર થતાં રહે છે. કેટલું સરસ કહ્યું શાઈરે મશરિકે કે :–

**ઈશ્ક સરાપા યકીં ઔર યકીં ફતહયાબ**
**ઈલ્મ હૈ 'ઈબ્નુલ કિતાબ' ઈશ્ક હૈ 'ઉમ્મુલ કિતાબ'**

## ★ મુશ્કિલ કુશાનો રોઝો ★

શયખ મુહમ્મદ તુર્ક નાર્નોલી رضی اللہ عنہ નું મૂળ વતન તુર્કસ્તાન છે. આપ હિન્દુસ્તાન તશરીફ લાવ્યા અને નાર્નોલમાં રોકાણ કર્યું. મશહૂર છે કે આપ ખ્વાજા ઉષ્માન હારૂનીના મુરીદ છે. કસ્બા નાર્નોલીના લોકો આપને પીર તુર્ક કે તુર્ક સુલતાનના લકબથી યાદ કરે છે. આપે કાફિરોના હાથોથી શહાદતનો જામ પીધો અને આપનો મઝાર શરીફ લોકોની ઝિયારત ગાહ છે.

નકલ થયેલ છે કે એક વખત હઝરત શયખ નસીરુદ્દીન ચિરાગ દહેલવીને બાદશાહે જબરદસ્તી દિલ્હીથી કાઢી મૂકાવ્યા અને ઠઠની તરફ નીકળી જવાનો હુકમ આપ્યો. આપ નાર્નોલના રસ્તા પરથી ઠઠ જઈ રહ્યા હતા. જ્યારે નાર્નોલ નજીક આવી ગયું તો આપ સવારી પરથી ઉતરી પડયા અને શયખ મુહમ્મદ તુર્કના મકબરાની તરફ ધ્યાનિષ્ઠ થયા અને મુરાકબામાં





ચાલ્યા ગયા. જ્યારે મુરાકબાથી માથું ઉઠાવ્યું તો ઈર્શાદ ફર્માવ્યો કે, "જે વ્યકિતને કોઈ મુશ્કેલી આવી પડે અને તે એમના રોઝાની તરફ ધ્યાનિષ્ઠ થાય તો ઉમ્મીદ છે કે મુશ્કેલી આસાન થઈ જશે." આ સાંભળીને એક બેબાકે કહ્યું કે હઝરત ! આપ તો ખૂદ આ સમયે એક ઘણી જ મોટી મુશ્કેલીમાં ફસાયેલા છો ! હઝરતે ફર્માવ્યું કે, હા ! એટલા માટે તો હું કહુ છું કે ખુદાવંદે તઆલા આ મઝારની બરકતથી મારી મુશ્કેલી આસાન ફર્માવી દેશે. જેથી આપ નાર્નોલથી બે ત્રણ મંઝિલ આગળ ન ગયા હતા કે બાદશાહના મોતની ખબર મળી અને આપ પાછા દિલ્હી આવી ગયા. *(અખ્બારુલ અખ્યાર, પેજ–૫૪)*

**સારાંશ :** શયખ નસીરુદ્દીન ચિરાગ દહેલ્વી કેટલા ઊંચા પાયાના આલિમે દીન અને ઝહદો તકવાના ઈમામ હતા, એને કોણ નથી જાણતું ?! આપ શયખ નિઝામુદ્દીન ઔલિયા મહબૂબે ઈલાહીના ખલીફા અને જાનશીન હતા અને આપના તકવાનો એ હાલ હતો કે દિલ્હીનો બાદશાહ મુહમ્મદ તઘલખ જ્યારે આપનો દુશ્મન બની ગયો તો આપને જાત જાતની તકલીફો પહોંચાડવા લાગ્યો. એક વખત મુહમ્મદ તઘલખ બાદશાહે આપને ત્યાં ચાંદી સોનાના વાસણોમાં એ નિયતથી ખાવા મોકલ્યું કે જો આપ આ સુલતાની દા'વતના ખાવાથી ઈન્કાર કરશે તો આપને સજા આપવાનું એક બહાનુ મળી જશે ! અને જો આપ આ સોના ચાંદીના વાસણોમાં ખાવા ખાઈ લીધું તો તેઓ એક હરામ કામના કરવાવાળા થઈ જશે ! પછી બીજાઓને હરામ કામોથી રોકવા અને મના કરવાના લાયક નહીં રહેશે. હઝરતે દસ્તરખ્વાન પરથી એ પ્યાલો ઉઠાવ્યો અને એમાંથી કાઢીને પોતાના હાથ પર મૂકીને ખાધું. આ રીતે બાદશાહ મુહમ્મદ તઘલખનો આખો પ્લાન જ વેરવિખેર થઈ ગયો અને તે નાઉમ્મીદ થઈ ગયો. મુહમ્મદ તઘલખ ઘણો જ જાલિમ અને ઉલ્માએ હક્કનો ઘણો જ દુશ્મન હતો અને એ જ જાલિમે આપને દિલ્હીથી તડીપાર કર્યા હતા. ખૈર એ કહેવાનું છે કે હઝરત ખ્વાજા નસીરુદ્દીન ચિરાગ દહેલ્વી رحمۃ اللہ علیہ એ પોતાના ઈલ્મ તથા અમલ અને ઝુહદ્ તથા તકવાના કમાલ હોવા છતાં એવું ફર્માવ્યું કે જે વ્યકિત કોઈ મુશ્કેલીના સમયે શયખ મુહમ્મદ તુર્કના રોઝાના તરફ ધ્યાનિષ્ઠ થશે તો ઉમ્મીદ છે કે એની મુશ્કેલી હલ થઈ જશે. આ રીતે આપે એક બુઝુર્ગના

રોઝાને મુશ્કિલ કુશા કહ્યા અને એ અકીદો રાખ્યો કે આ મઝારવાળાની બરકતથી મારી મુશ્કેલી પણ હલ (આસાન) થઈ જશે, જેથી હલ થઈ ગઈ, કે જલ્દીથી જાલિમ બાદશાહ બરબાદ થઈ ગયો અને આમ વતનને છોડવાની મુસીબતોથી છૂટકારો મેળવ્યો. બાખુદા તઆલા અહલે સુન્નત વ જમાઅતનો પણ આ જ અકીદો તથા અમલ છે કે બુઝુર્ગાને દીનનાં મઝારતે પાકની બરકતોથી ખુદાવંદે કરીમ મુશ્કેલીઓ હલ (આસાન) ફર્માવી દે છે અને બલાઓ તાળી દે છે. દેવબંદી કિતાબોના વિચારના લોકો જે અમારા સુન્નીઓને કબ્રપરસ્ત, બિદઅતી અને મુશ્રિક કહ્યા કરે છે તેમણે વિચારવું જોઈએ કે એમના તીરોથી કયા કયા બુઝુર્ગોના તકવાઓ તથા તકદુસ ઘાયલ થઈ રહ્યા છે ! અને એમના અંધાધુંધ ફતવાઓની તીરંદાઝીથી કેવા કેવા બુઝુર્ગાને દીન ઘાયલ થઈ રહ્યા છે ? અમે એ અનાડીઓને એના સિવાય બીજુ શું કહી શકીએ છીએ ? કે :–

**તિરછી નજરોંસે ન દેખો આશિકે દિલગીર કો**
**કૈસે તીરંદાઝ હો ? સીધા તો ફૈંકો તીર કો !**

## ★ છુપી નજર ★

હઝરત ખ્વાજા હસન અફઘાન رحمۃ اللہ علیہ શયખ બહાઉદ્દીન ઝકરિયા મુલ્તાની رحمۃ اللہ علیہ ના ખાસ મુરીદ હતા અને હઝરત શયખ નિઝામુદ્દીન ઔલિયા ફર્માવ્યા કરતા હતા કે ખ્વાજા હસન સાહબ વિલાયતવાળા અને ઘણા જ મોટા બુઝુર્ગ હતા. આજ ખ્વાજા હસન અફઘાન એક વખત કોઈ ગલીમાંથી પસાર થતા એક મસ્જિદમાં પહોંચ્યા. મોઅઝ્ઝિને તકબીર કીધી અને જમાઅત થવા લાગી અને આપ પણ જમાઅતમાં સામેલ થઈ ગયા. જ્યારે નમાઝ પૂરી થઈ ગઈ અને બધા મસ્જિદમાંથી ચાલ્યા ગયા તો આપે ઈમામ સાહબથી ફર્માવ્યું કે અય ખ્વાજા ! તમે નમાઝ શરૂ કરી અને હું તમારી સાથે નમાઝમાં સામેલ થઈ ગયો. મેં જોયું કે તમે અહીંયાથી દિલ્હી ગયા અને ત્યાંથી ગુલામ ખરીદીને પાછા આવ્યા, પછી એ ગુલામોને ખુરાસાન લઈ ગયા અને ત્યાંથી ચાલીને મુલતાન આવ્યા અને હું તમારી પાછળ પાછળ પરેશાન હાલમાં ફરતો





રહ્યો. છેવટે આ કેવી નમાઝ છે ?! *(અખબારુલ અખ્યાર, પેજ–૮૨)*

**સારાંશ :** હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم નો આ પણ એક મો'જિઝો હતો કે નમાઝની હાલતમાં આપ તમામ મુકતદીઓની હિલચાલ અને તેમની નમ્રતા તથા આજીજીની હાલતોને જોયા કરતા હતા. જેથી બુખારી શરીફની રિવાયત છે કે એક વખત પાછલી સફોમાં કોઈ નમાઝીથી કોઈ અયોગ્ય વાત થઈ ગઈ તો નમાઝથી પરવારીને હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે, ખબરદાર ! ખુદાની કસમ ! તમારા લોકોના રુકૂઅ તથા સજદાઓ મારી નજરોથી છુપા નથી રહેતા. અને એક રિવાયતમાં એવું પણ આવ્યું છે કે તમારા રુકૂઅ તથા સજદાઓ નહીં પરંતુ તમારા દિલોના અંદર છુપાયેલ તમારી નમ્રતા અને આજીજી (ખુશૂઅ તથા ખુઝૂઅ) મારી નજરોથી છુપાયેલ નથી રહેતી ! અલ્લાહ તબારક વ તઆલા પોતાના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઉમ્મતીઓને જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઈત્તેબામાં ફનાફિર્રસૂલનો દરજો રાખતા હતા, પોતાના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સદકામાં કયારેક કયારેક આ કરામતથી પણ સરફરાઝ ફર્માવે છે કે એમના પર પણ નમાઝની હાલતમાં એવી રબ્બાની તજલ્લી થાય છે કે તેઓ સરાપા (સંપૂર્ણ) નૂર બની જાય છે અને તમામ પડદાઓ તેમના સામેથી એવી રીતે ઉઠી જાય છે કે તેઓ નમાઝની હાલતમાં ઈમામ તથા મુકતદીઓના દિલ ખતરાઓ, વસવસાઓ અને દિલી વિચારોને પોતાની નિગાહોની શકિતથી જોઈ લે છે, જેથી ખ્વાજા હસન અફઘાન رحمۃ اللہ علیہ પણ એ જ બુઝુર્ગોમાંથી હતા જે ફનાફિર્રસૂલ થઈને એ કરામતની ઊંચી મંઝિલ પર બિરાજમાન થયા હતા. પહેલાંના જમાનામાં એવા ઘણાયે બુઝુર્ગાને દીન પસાર થઈ ગયા છે જેમનાથી આવી કરામતો જાહેર થઈ. પણ અફસોસ ! કે આ દૌરમાં એવી હસ્તીઓ કયાં જોવા મળે છે ?! આ દૌરનો મુસલમાન તો સુન્નતની ઈત્તેબા (અનુસરણ) અને શરીઅતની પૈરવીથી જ વિરૂધ્ધ થઈ ગયો છે ! પછી ભલા એમને છુપી નજર (રૂહાની શકિત), રૂહાની બસીરત અને રોશન ઝમીરીની કરામત કયાંથી નસીબ થઈ શકે છે ? આ દૌરના મુસલમાનોને તો જોઈને આપોઆપ જબાન પર આ શેઅર આવી જાય છે કે :–

**બાકી ન રહી તેરી વો આયના ઝમીરી,**
**અય કુશ્તએ સુલતાનીઓ મુલ્લાઈઓ પીરી**

## ★ નજીબુદ્દીન મુતવક્કિલ ★

શયખ નજીબુદ્દીન મુતવક્કિલ હઝરત બાબા શયખ ફરીદુદ્દીન ગંજશકર رحمۃ اللہ علیہ ના ભાઈ અને ખલીફા છે. એમનો લકબ મુતવક્કિલ છે. તેઓ સત્તર વર્ષ શહેરમાં રહ્યા પણ કોઈ જાહેરી આવકનું સાધન ન હોવા છતાં પણ એમના બીબી બચ્ચાં ઘણા જ એશ તથા ખુશીની જિંદગી પસાર કરતાં રહ્યાં અને આપ પોતાના મૌલાની યાદમાં એટલા પ્રમાણમાં ડૂબેલા રહેતા હતા કે એ પણ ન જાણતા હતા કે આજે કયો દિવસ છે ? અને આ કયો મહીનો છે ? અને આ દિરહમ કેટલાનો છે ?! એકવાર ઈદના દિવસે આપના ઘરમાં ઘણા બધા દુરવેશો ભેગા થઈ ગયા, એ જ સમયે એ દિવસે આપના ઘરમાં ખાવા પીવાનો કોઈ સામાન ન હતો. આપ મકાનના ઉપરના ઓરડામાં જઈને યાદે ઈલાહીમાં મશગૂલ થઈ ગયા અને પોતાના દિલમાં આમ કહેતા હતા કે, ખુદાવંદ ! આજે ઈદનો દિવસ છે અને મારા બાળકો અને મેહમાનો ભૂખ્યાં છે. આપ એ વિચારમાં હતા ને અચાનક વૃધ્ધ પુરૂષ છત પર ચાલીને આવી રહ્યો છે. તેણે જુદા જુદા ખાણાઓથી ભરેલો એક થાળ આપ્યો અને કહ્યું કે, અય નજીબુદ્દીન ! તમારા તવક્કુલની ધૂમ આલમે મલકૂતમાં મચેલી છે અને તમારો એ હાલ છે કે તમે આ વિચારમાં મશગૂલ છો ?! આપે ફર્માવ્યું કે, હક્ક તઆલા ખૂબ જાણે છે કે મેં મારા જાતના માટે આ વિચાર નથી કર્યો પરંતુ પોતાના યારોના માટે આ વિચારની તરફ ધ્યાનિષ્ઠ થઈ ગયો. લગભગ એ મર્દે બુઝુર્ગ હઝરત ખિઝર હતા.

હઝરત નજીબ મુતવક્કિલ પોતાની આ કરામત તથા બુઝુર્ગી હોવા છતાં ઘણા જ નમ્રતાવાળા હતા. આપની આજીજી અને નમ્રતાનો એ હાલ હતો કે એક દિવસ એક ફકીર ઘણા દૂરથી આપની મુલાકાતના માટે આવ્યો અને આપને પૂછ્યું કે, શું નજીબુદ્દીન મુતવક્કિલ (તવક્કુલ કરવાવાળા) આપ જ છો ? તો આપે ફર્માવ્યું કે, જી હાં ! હું જ છું નજીબુદ્દીન 'મુતઉક્કક' ! (એટલે ઘણું જ વધારે ખાવાવાળો) (અખ્બારુલ્ અખ્યાર, પેજ-૬૬)

**સારાંશ** : જરૂરતના સમયે બિલકુલ ઓચિંતા ખાવા પાણી વગેરે જિંદગીની જરૂરિયાતનું હાજર થઈ જવું એ ઘણા જ બુઝુર્ગોથી કરામતની





રીતે અસ્તિત્વમાં આવ્યું છે. જેથી શરહુલ અકાઈદ નસફિયામાં જ્યાં કરામતના થોડાક દાખલાઓનું બયાન છે ત્યાં એ પણ લખેલ છે કે જરૂરતના સમયે ખાવાપાણીનું હાજર થઈ જવું એ પણ કરામતનો જ એક ભાગ છે. બુઝુર્ગાને દીનના ખુદાદાદ તસર્રુફાત તથા કરામતોનું શું કહેવું ? તેઓ ખુદાવંદે તઆલાની બારગાહના એવા મકબૂલ બંદાઓ હોય છે કે એમની જીભથી નીકળેલી વાત અને દિલમાં વિચારેલ ખયાલ પૂરો થઈને રહે છે અને આ એક એટલી સાચી હકીકત છે કે જેનો ઈન્કાર નથી કરી શકાતો, કે :-

**જો જઝ્બકે આલમમેં નિકલે લબે મોમિનસે**
**વો બાત હકીકતમેં તકદીરે ઈલાહી હે**

## ★ દરેક જુમેરાતે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઝિયારત ★

હઝરત અલ્લામા સૈયદ યૂસુફ બિન સૈયદ જમાલુલ હુસૈની ઘણા જ જલીલુલ કદર આલિમ હતા. આપે કાઝી નસીરુદ્દીન બયઝાવીની કિતાબ 'લુબ્બુલ અલ્બાબ'ની એક ઘણી જ લાંબી અને વિશાળ શરહ (ખુલાસો) લખી જે યૂસુફીના નામથી પ્રખ્યાત છે. એવી રીતે આપે 'મિનાર'ની પણ શરહ ફર્માવી છે જેનું નામ 'તવજીહુલ ઈફ્કાર' છે. તત્વજ્ઞાન અને ફિલોસોફીમાં મૌલાના જલાલુદ્દીન રૂમીના શાગિર્દ છે. 'શમસીયા' અને 'મતાલિઅ'ના શારેહ મૌલાના કુતબુદ્દીન રાઝીના શાગિર્દોમાંથી છે.

આપના બુઝુર્ગ મશહદથી આવીને મુલતાનમાં વતની થઈ ગયા હતા અને આપ સુલતાન ફીરોઝશાહના જમાનામાં મુલતાનથી દિલ્હી આવ્યા અને સુલતાન ફીરોઝશાહે આપની ઈલ્મી કાબેલિયતથી ખૂશ થઈને પોતાના શાહી મદ્રસામાં આપને મુદર્રિસ નક્કી કર્યા અને આપ વર્ષો સુધી દર્સ આપવાની ગાદી પર રોનક અફરોઝ રહ્યા. આપની એક મોટી ખાસ કરામત એ છે કે આપ દરેક જુમેરાતે ખ્વાબમાં હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઝિયારતથી મુશર્રફ થયા કરતા હતા. આપનો મઝાર પૂર અન્વાર દિલ્હીમાં હૌઝે ખાસ પર છે. *(અખ્બારુલ્ અખ્યાર, પેજ-૧૫૬)*

**સારાંશ** : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું પોતાના કોઈ ઉમ્મતી પર આટલો મહાન કરમ ફર્માવવો કે આઠમા દિવસે પોતાની ઝિયારતથી મુશર્રફ ફર્માવી

દેવું, આ એક ઉમ્મતીની એટલી મહાન સદનસીબી છે કે કરોડો નેઅમતો એના પર કુર્બાન છે. આનાથી જાણવા મળે છે કે ઉલ્માએ હક્ક સાથે હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને કેટલી મહોબ્બત છે !

**બિરાદરાને મિલ્લત** ! આ બનાવમાં કે ઉલમાએ હક્ક હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના પ્યારા હોય છે, હું જિંદગીભર એક મજઝૂબની વાતને ભૂલી શકતો નથી જેને સાંભળીને મારા શરીર પર એવી ઝણઝણાટી પૈદા થઈ ગઈ કે મારા શરીરનો એકે એક વાળ રુંવે રુંવો ઊભો થઈ ગયો હતો.

હિ.સ. ૧૩૭૨નો બનાવ છે જ્યારે કે, **દારૂલ ઉલૂમ શાહેઆલમ** અમદાવાદની મુલાઝિમતના દરમિયાન મદ્રસાની ઈમારત ન હોવાના કારણે મહોલ્લા છીપાવાડની મદ્રસાવાળી મસ્જિદની અંદરના ભાગમાં ઉત્તરની દીવાલ પર ટેકો આપીને બુખારી શરીફનો દર્સ આપી રહ્યો હતો. દર્સ આપતો હતો એ સમયે જ હઝરત શાહેઆલમ સાહબ رحمۃ اللہ علیہ ની દરગાહમાં ચક્કર લગાડવાવાળો એક માંદો તથા થાકેલ ફકીર ખૂબ જ મેલવાળા પોશાકમાં અચાનક મારી દર્સગાહમાં આવી ગયો અને મારી સામે બેસીને મને ખૂબ જ ધ્યાનથી અને ખૂબ જ તેજ નજરોથી ધારી ધારીને તાકી તાકીને જોવા લાગ્યો. એની આંખોમાં રતાશ હતી અને ઘણી કઢંગી રીતે આંખોમાં કાજલ લગાડેલ હતું. મને એની આ ગજબનાક હરકત પર ઘણી જ નવાઈ લાગી અને હસવું પણ આવી ગયું. જેથી હસતાં હસતાં મેં પૂછયું કે, શાહ સાહબ ! શું જોઈ રહ્યા છો ? ખૈરિયત તો છે ? અહીંયા આપ કેવી રીતે આવ્યા ? તેણે જવાબ આપ્યો કે તમારા હસીનોના દીદારના માટી આવી ગયો છું ! મેં હસીને કહ્યું કે શાહ સાહબ ! હું તો કાંઈ હસીન નથી, એક કાળો કલોટો માણસ છું ! આ સાંભળીને એ ફકીર ઘણા જુસ્સામાં તડપીને બોલ્યા કે મારી નજરોને પૂછો કે તમે કેટલા હસીન અને પ્યારા છો ? તમે તો રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના પ્યારા છો ! તમે તો એટલા હસીન છો કે ખુદાની કસમ ! મારા પ્યારા રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم તમારાથી પ્યાર કરે છે ! એટલા માટે તો હું તમારા દીદારના માટે આવ્યો છું. મજઝૂબ ફકીરના આ વાકયોને સાંભળીને મારું હસવાનું એકદમ ગાયબ થઈ ગયું અને આ વાકયોની મારી દિલ પર એટલી અસર પડી કે મારું શરીર ધ્રુજી ઉઠયું અને





રુંવાડાં ઊભા થઈ ગયાં અને મારા પર એવી નરમી પૈદા થઈ ગઈ કે મારી આંખોથી આંસુ છલકાઈ ગયાં. પછી મેં એ વ્યકિતને ડરતાં ડરતાં એવું પૂછયું કે આપના માટે ચા મંગાવું ? તો તેણે કહ્યું, ના ! હું માત્ર તમારા હાથથી પાણી પીવાનું ઈચ્છું છું. મેં મસ્જિદના માટલામાંથી એક ગ્લાસ પાણી મંગાવીને આપી દીધું અને તેઓ એ પાણી પીને ઉઠીને ઊભા થયા અને ચાલ્યા ગયા. પણ મારા પર કલાકો સુધી એક એવી હાલત ચાલુ રહી કે હું તેની તઅબીરના માટે કોઈ શબ્દ નથી કહી શકતો. મને યકીન થઈ ગયું કે જરૂર આ કોઈ મજઝૂબ છે કે જેની વાણીમાં એ પ્રકારની અસર છે કે એના એક વાકયથી મારું શરીર કાંપી ઉઠયું અને મેં નક્કી કરી લીધું કે હઝરત શાહેઆલમ رحمۃ اللہ علیہ ની દરગાહમાં શાંતિની સાથે એ વ્યકિતથી મુલાકાત કરીશ. પરંતુ આ બનાવ પછી કેટલીય વખત મેં દરગાહ શરીફમાં એ વ્યકિતને શોધ્યો પણ જોવામાં ન આવ્યો અને આજ સુધી ન મળ્યો. મેં મારા મગજમાં એ ધારણા કાયમ કરી લીધી કે કદાચ મારા હદીષના દર્સથી હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને કાંઈ ખુશી થઈ હશે અને આ મજઝૂબ પર એ જાહેર થયું હશે એટલા માટે તે મને આ સંભળાવવાના માટે તશરીફ લાવ્યા હતા. જેથી એના પછીથી કાયમ મારી એ તમન્ના રહી કે મૌલા عَزَّوَجَلَّ તમામ ઉમ્ર મને હદીષના દર્સની ખિદમતનો શર્ફ અતા ફર્માવતો રહે અને કાશ ! મારા આકા હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم મારાથી ખુશ થઈ જાય તો પછી હું યકીનન કૌનેન (બંને દુનિયાની) ખુશનસીબીઓથી પાવન થઈને બારગાહે ઈલાહીમાં મકબૂલ થઈ જઈશ અને જો તેઓ એક વાર મને પોતાના દીદારે પુરનૂરની અજોડ નેઅમતથી નવાઝે તો વલ્લાહ ! મારી ખુશનસીબીની મેઅરાજ થઈ જાય અને જો આ કહેતાં કહેતાં કે,

**કરું તેરે નામ પે જાં ફિદા ન બસ એક જાં દો જહાં ફિદા**
**દો જહાં સે ભી નહીં જી ભરા કરું કયા કરોળોં જહાં નહીં**

હું એમના પર નિછાવર થઈ જાઉં અને મારી ખુશીની સીમા બાકી ન રહે. કેટલું સરસ ફર્માવ્યું, મૌલાના હસન બરેલ્વી رضی اللہ عنہ એ :–

**જો સર પર રખને કો મિલ જાએ નઅલે પાકે હુઝૂર**
**તો ફિર કહેંગે કે હાં ! તાજદાર હમ ભી હૈં !**

## ★ એક કરામતી તસ્બીહ ★

શાહ અહમદ શરઈ ઘણા જ વિશાળ ઈલ્મવાળા આલિમ અને તમામ ઈલ્મે અકલિયહ્ તથા નકલિયહ્થી સમૃધ્ધ હતા. કિતાબ કશ્શાફના લેખકે અહલે સુન્નત વ જમાઅત પર ટીકા કરતા જે શેઅરો કહ્યા હતા તેનો આપે જવાબ લખ્યો છે. ઘણા જ કમાલાતવાળા હતા. એમના ખાસ શાગિર્દ શયખ અબ્દુલ ગની સનપતીનું બયાન છે કે જયારે હું એમની ખિદમતમાં પઢતો હતો એ સમયે તેમની ઉમ્ર ચોરાણુ (૯૪) વર્ષની હતી. પણ તેઓ તીરંદાજીમાં એવા નિશાનબાઝ હતા કે એક દિવસ તીરંદાજી કરી રહ્યા હતા તો એક તીર નિશાના પર લાગ્યું. કહેવા લાગ્યા, જો તમે લોકો કહો તો જે તીરને છોડો એને પહેલા તીરના મોમાં બંધ કરી દઉં ! જેથી બે–ત્રણ તીરોને એ રીતે છોડીને બતાવી દીધાં. પછી કહેવા લાગ્યા કે તીર બેકાર થાય છે અને ખર્ચ થાય છે, નહીં તો હું બધા તીરોને એક બીજામાં મિલાવી આપતે.

આપ ઈલ્મે દા'વતમાં પણ સમયના એક અજોડ હતા. દરેક જુમ્આએ એ ઈલ્મની તાકાતના તસર્રુફથી બાદશાહને પોતાની પાસે બોલાવતા હતા અને મુસલમાનોની હાજત રવાઈ કરાવતા હતા. આપની પાસે એક તસ્બીહ હતી જેનો પહેલો દાણો હલવાથી બાદશાહને આપની મુલાકાતનો જુસ્સો પેદા થતો હતો અને બીજા દાણાને હલાવવાથી બાદશાહ રવાના થવાનો નિશ્ચય લેતો હતો, પછી સવાર થઈ જતો હતો ત્યાં સુધી કે નક્કી કરેલ સંખ્યા પૂરા થવા પર બાદશાહ આપની ખિદમતમાં આવીને હાજર થઈ જતો હતો. એક દિવસ આપ વુઝૂના માટે ગયા કે ગુલામે એ તસ્બીહના દાણાઓને ફેરવવા શરૂ કરી દીધા. જેથી દાણાઓની નક્કી સંખ્યા પૂરી થતાં જ બાદશાહ એકાએક આપના દરવાજા પર પહોંચી ગયો. આપ એ સમયે તહારતખાના (બાથરૂમ)માં હતા. આપ દંગ થઈ ગયા ! શું કારણ છે કે આજે બાદશાહ આદતની વિરૂધ્ધ ચાલ્યો આવ્યો ? પછી જાણ થઈ કે ગુલામે તસ્બીહના દાણાઓને આકસ્મિક રીતે જ ફેરવી દીધા હતા





અને બાદશાહને આવવાનું એ જ કારણ બન્યું.

ચંદીરી આપનું વતન હતું અને હિ.સ. ૭૨૮માં આપનો વિસાલ થયો. (અખ્બારુલ અખ્યાર, પેજ–૨૨૬)

**સારાંશ :–** પૂર્વજ ઉલ્માનો એ શોખ હતો કે તેઓ જુદા જુદા ઈલ્મોમાં માહિર હોવાની સાથે સાથે કોઈ ન કોઈ વિષયમાં પણ કમાલ મેળવતા હતા. જેથી ઘણા જ મોટા આલિમોના જીવનચરિત્રના અભ્યાસથી ખબર પડે છે કે કોઈ ઘોડેસવારીના જમાનામાં અજોડ હતા, તો કોઈ તીરંદાજી તથા નિશાનાબાઝીના સમયમાં અજોડ હતા. અમુક તલવારબાજી અને સિપાહી વિદ્યામાં કમાલની કક્ષાએ પહોંચેલા હતા તો કેટલાક લોકો ઊંચી કક્ષાના તરવૈયા હતા. એવી રીતે અમુક લેખન કાર્ય તથા સુંદર અક્ષરોવાળા લખાણ (કિતાબત)ના માહિર હતા અને અમુકે લુહારીના વિષયમાં કમાલ હાંસલ કર્યો. જેથી પહેલાંના દૌરના ઉલમા ગણિતશાસ્ત્ર અને ફૌજી કાર્યવાહી અને જુદી જુદી કારીગરીઓમાં પણ મહારત ધરાવતા હતા. એટલા માટે એ બુઝુર્ગોની તંદુરસ્તી અને શરીરની તાકાત રશ્ક કરવાના લાયક (એક પ્રકારની ઈર્ષા ઉપજાવે તેવી) થયા કરતી હતી અને કોઈ ન કોઈ કારીગરીઓમાં કમાલ મેળવવાને લીધે હુનરવાળા હોવાને લીધે આ નુફૂસે કુદસિયહ્ ન કોઈ નોકરીના મોહતાજ થતા હતા, ન કોઈ અમીર તથા માલદારના મોહતાજ થયા કરતા હતા. પણ આજકાલ તો ઉલ્મા અને અવામ બંનેનો શોખ એટલા પ્રમાણમાં બદલાઈ ગયો બલ્કે બગડી ગયો કે ફૌજી વિષય સિપાહીગીરીની કળા વગેરે અને કારીગરીને ઉલ્માએ કિરામના માટે એક ઘણી જ મોટી અયબ સમજવામાં આવે છે. જેથી આ જમાનામાં એ જ મૌલવી ઘણા જ ઈજ્જતદાર સમજવામાં આવે છે જે કદી એક કદમ પણ પગથી ન ચાલે અને દિવસ રાત ગાદી પર માથુ ઝુકાવી અને નજરો નીચી કરીને બેઠેલ રહે અને થોડીક કિતાબો વાંચી લીધા પછી કોઈ મસ્જિદ કે મદ્રસાની નોકરી કે વઅઝગોઈ કે પીરી, મુરીદીના સિવાય બીજુ કોઈ કામ ન કરે.

પણ હું કાયમ એ બુરાઈની વિરુધ્ધ બૂમો પાડતો રહ્યો છું અને જ્યાં સુધી શ્વાસમાં શ્વાસ છે અને હાથમાં કલમ છે એના વિરુધ્ધ બોલતો લખતો રહીશ કે ફૌજી વિષય, તલ્વારબાજી, બંદૂક ચલાવવી, કસરત કરવી,

લાકડી ફેરવવી અને સિપાઈગીરીની પ્રવૃત્તિ કરવી હરગિઝ હરગિઝ ઉલ્માના તબકાના શાનની વિરૂધ્ધ નથી. બૌદ્ધિક રીતે, શરીઅતની રૂએ અને અખ્લાકની રીતે ઉલ્માને માટે આ કાંઈ તેમની શાન વિરૂધ્ધની વાત નથી. એવી રીતે કોઈ કારીગરી શીખીને હલાલ રોજી મેળવવાના માટે કોઈ કારીગરીને પોતાનો ધંધો બનાવી લેવો હરગિઝ હરગિઝ ઈલ્મવાળાઓના માટે એબની વસ્તુ નથી. જેથી નવયુવાન ઉલ્માઓને હું એ વસિયત કરું છું કે તેઓ કસરત અને સિપાઈગીરીનો વિષય જરૂર શીખે અને મહેનત મજૂરીના આદતવાળા બનીને સિપાઈગીરીવાળી જિંદગી પસાર કરે અને દીનના ઈલ્મની સાથે સાથે કોઈ ન કોઈ કારીગરી પણ જરૂર શીખી લે જેથી તંદુરસ્તી પણ કાયમ રહે અને કારીગરીના ધંધામાં કોઈની નોકરી કે ભીખ માંગવાના મોહતાજ ન રહે. અને આ બાબતમાં હરગિઝ હરગિઝ જાહિલોના મેણા તાણાની પરવા ન કરે પરંતુ પોતાની મહેનત અને પોતાના પર ભરોસાનું કૌશલ્ય દેખાડો કે અભણ લોકોની નજરોમાં ઉલ્માનો પ્રભાવ તથા ભરોસો ઘણો જ ઊંચામાં ઊંચો થઈ જાય અને આલિમોના અમલ તથા કિરદાર અનુસરણને પાત્ર તથા વિ□ાસપાત્ર કારનામુ ગણવામાં આવે. શાઈરે મશ્રિક ડો. ઈકબાલે યુવાનોને ઝંઝોળતાં કેટલો સરસ અમલનો સંદેશ આપ્યો કે :–

**ઉસ કૌમકો શમશીરકી હાજત નહીં રહતી**
**હો જિસકે જવાનોંકી ખૂદી સૂરતે ફૌલાદ**

**નાચીઝ જહાને મહો પરવીં તેરે આગે**
**વો આલમે મજબૂર હૈ, તૂ આલમે આઝાદ**

**શાહેં કભી પરવાઝ થે થક કર નહીં ગિરતા**
**પુરદમ હૈ અગર 'તૂ' તો નહીં ખતરાએ અફરાદ**

## ★ કાપડ આપમેળે જ ગૂંથાતુ રહ્યું ★

શયખ અહમદ નહરવાની رحمۃ اللہ علیہ કાજી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہના મુરીદ હતા, ઘણા જ કમાલવાળા અને હાલવાળા બુઝુર્ગ હતા. શયખ બહાઉદ્દીન ઝકરિયા મુલતાની કુદ્દેસ સિર્રહૂ ઘણા જ ઓછા કોઈને





પસંદ ફર્માવતા હતા, પરંતુ શયખ અહમદ નહરવાનીના વિશે ફર્માવ્યા કરતા હતા કે, જો શયખ અહમદની પોતાના રબની સાથે મશગૂલિયતને વજન કરવામાં આવે તો દસ (૧૦) સૂફીઓની મશગૂલીની બરાબર થશે. આપનો ધંધો કાપડ ગુંથવાનો હતો. શયખ નસીરુદ્દીન મહમૂદ ફર્માવે છે કે, શયખ અહમદ નહરવાની જ્યારે ઘરમાં કાપડ ગુંથણ કરતા હતા તો કયારેક કયારેક એમના પર એવો હાલ ચાલુ થઈ જતો હતો કે તેઓ પોતાની જાતથી ગુમ થઈ જતા હતા અને કામ કરવાનું બંધ કરી દેતા હતા, પણ કપડુ આપમેળે ગુંથાતુ જતુ હતુ. એક દિવસ આપના પીર કાજી હમીદુદ્દીન નાગોરી આપની મુલાકાતના માટે આવ્યા. પાછા જતી વેળા ફર્માવવા લાગ્યા કે અય શયખ ! આ કામ કયાં સુધી કરતા રહેશો ? આમ કહીને તેઓ તો ચાલ્યા ગયા પણ શયખ અહમદ એ જ સમયે ખૂંટી બાંધવાના માટે ઉઠયા. આપનો હાથ ખૂંટી પર લાગ્યો અને તૂટી ગયો. શયખ અહમદ તરત જ બોલી ઉઠયા કે પેલા ઘરડા એટલે કાજી હમીદુદ્દીને મારો હાથ તોડી નાખ્યો ! આ બનાવના પછી શયખ અહમદે ગૂંથણનો ધંધો બિલકુલ છોડી દીધો અને દરેક વખતે અલ્લાહથી લૌ લગાડી. આપની કબ્ર શરીફ બદાયૂંમાં છે. (અખબારુલ્ અખ્યાર, પેજ–૫૩)

**સારાંશ** :– કાપડનુ ગુંથણ કરવાવાળા તબકામાં મોટા મોટા ઊંચા પાયાના ઉલમાઓ અને મહાન ઔલિયા અલ્લાહ થયા છે. મુહદ્દિષીન, ફુકહા, સૂફીયા વગેરે કમાલવાળાઓનો કોઈ તબકો પણ એવો નથી જેમાં કપડા ગૂંથણવાળા ન રહ્યા હોય. કપડા ગૂંથણ કરવાવાળાઓને અરબીમાં 'નિસ્સાજ' કહે છે. ઉમ્મતના મહાન આલિમોના ઈતિહાસનો અભ્યાસ કરવાવાળાઓ પર આ હકીકત છુપી નથી કે સેંકડો મહાન બુઝુર્ગો 'નિસ્સાજી' એટલે કપડાં વણવાનો ધંધો કરતા રહ્યા. તબકાએ ઔલિયામાં સર્વમાન્ય કરામતવાળા બુઝુર્ગ હઝરત ખ્વાજા અઝીઝાન અલી રામયત્ની કુદ્દેસ સિર્રહૂની પણ 'નસ્સાજી' એટલે કપડાં વણવાનુ કામ કર્યા કરતા હતા. જેથી મૌલાના રૂમીએ આપના જ વિશે આ શે'ર લખ્યો છે કે :–

**ગર ન ઈલ્મે હાલ ફૂકે કાલ બૂદેકે શુદે**
**બંદા અઅ્યાને બુખારા ખ્વાજા 'નસ્સાજ'રા**

એટલે જો ઈલ્મેહાલ ઈલ્મેકાલથી વધીને ન હોત તો ભલા બુખારાના મોટા મોટા શરીફ લોકો એક કપડુ વણવાવાળા ખ્વાજા (અઝીઝાને અલી રામયત્ની)ના ગુલામ કેમ કરીને બની શકતા હતા !

મતલબ કે **ઉલ્મા અને ઔલિયા દરેક જાતી અને દરેક ધંધો કરવાવાળાઓમાં થતા રહ્યા અને કયામત સુધી થતા રહેશે.** ઈલ્મે નબુવ્વત અને વિલાયતની કરામત આ ખુદાવંદ કરીમનો ફઝલે અઝીમ છે અને ફઝલે ખુદાવંદી કોઈ ખાસ નસલ કે કૌમની સાથે ખાસ નથી પરંતુ અલ્લાહ عزوجل જેને ચાહે છે પોતાના ફઝ્લથી નવાઝી દે છે.

હિન્દુસ્તાનમાં મુસલમાન જ્યાં ઘણા જ બધા હિન્દુ જેવા રીત રિવાજના વબાલમાં (બલામાં) સપડાઈમાં ગયા અને હિન્દુના રીત રિવાજ, સંસ્કૃતિમાં મુશ્રિકો જેવા રંગમાં રંગાઈ ગયા. મુશ્રિકોના ખરાબ રીત રિવાજમાંથી આ વિચાર પણ છે કે મુસલમાનોમાં ઊંચ નીચના વર્ગો સ્થાપીને મુસલમાનોએ ઈસ્લામી સમાનતાના ખૂબસૂરત મહેલના કુરિવાજના બોમ્બ વડે ફુરચા બોલાવી દીધા અને અમુક જાઈઝ ધંધાઓને પોતાની ધારણાથી નીચ ધંધા ગણાવીને એ ધંધાવાળાઓને બેઈજ્જત અને તુચ્છ સમજવા લાગ્યા અને દરેક જગાએ તુચ્છતાની સાથે એમની ઠઠ્ઠા મશ્કરી ઉડાવવા લાગ્યા. જેમ કે કપડાં ગુંથણ કરવાવાળાઓની આખી કૌમને કહેવાતા શરીફ લોકો તુચ્છ ગણાવીને હમેશાં એમની મજાક ઉડાવતા રહ્યા અને એમને તુચ્છ તથા બેઈજ્જત સમજતા રહ્યા અને જાત જાતની મનઘડત વાતો અને બેઈજ્જતીવાળા લકબો ઘડી ઘડીને એ કૌમની સાથે ઠઠ્ઠા મશ્કરી કરતા રહ્યા. ઐતિહાસિક ગવાહો અને હદીષો તથા કુર્આનની આયતો એમને હમેશાં ઝંઝોળીને ચેતવતી રહી કે, ખબરદાર ! તમે કોઈ કૌમની મજાક ન ઉડાડો અને એમને બુરા લકબોથી યાદ ન કરો ! કુર્આન મજીદમાં હક તઆલાનું ફર્માન કેટલું જાહેર અને કેટલા પ્રમાણમાં બોધદાયક છે કે;

**અનુવાદ** : અય ઈમાનવાળાઓ ! કોઈ કૌમ બીજી કૌમની હસી મજાક ન ઉડાવે, નવાઈ પામવા જેવું નથી કે તેઓ એ હસી મજાક ઉડાડવાવાળાઓથી શ્રેષ્ઠ હોય, અને ન સ્ત્રીઓ સ્ત્રીઓની હસી મજાક ઉડાવે, કાંઈ દૂર નથી કે તેઓ હસી મજાક ઉડાડવાવાળાઓથી શ્રેષ્ઠ હોય,





અને અંદર અંદર એકબીજા પર મેણાટોણાં ન મારો ન એકબીજાનાં બુરાં નામો રાખો. કેટલું બુરું નામ છે મુસલમાન થઈને ફાસિક કહેવડાવવું ! અને જે લોકો તૌબા ન કરે તો એ જ લોકો જાલિમ છે !

બિરાદરાને મિલ્લત ! ધ્યાન આપો કે આ આયતોના બયાનોમાં અલ્લાહ તઆલાએ કોઈ કૌમની હસી મજાક ઉડાવવાને હરામ ઠરાવ્યું અને કોઈ કૌમ કે કોઈ વ્યકિતના માટે બુરા લકબો અને ખરાબ નામ રાખવા અને તાણા મારવાને નાજાઈઝ ગણાવ્યું, અને એવું કરવાવાળાઓને **ફાસિક** કહ્યા અને જે લોકો પોતાનાં એ બુરાં કામોથી તૌબા ન કરે તેમને **જાલિમ** ફર્માવી તેમની બુરાઈ ફર્માવી. જેથી આ સમયના ઉલમાએ કિરામની ફરજ છે કે તેઓ પોતાની તકરીરો અને લખાણોના દ્વારા એ મુશ્રિકો જેવા વિચારોની ખૂબ જ રદ કરીને મુસલમાનોની સુધારણા કરે કે તેઓ હરગિઝ હરગિઝ કોઈ મુસલમાનની જાતિની હૈસિયતથી હરગિઝ હરગિઝ ન હસી મજાક ઉડાવે ન એમને બેઈજ્જત તથા તુચ્છ સમજે, નહીં તો તેઓ (એવું કરનારા) કશાય શક વગર **ફાસિક** તથા **જાલિમ ગણાશે.** દરેક મુસલમાન પર જરૂરી છે કે તેઓ કુર્આન મજીદની આ આયત મુબારકને દરેક સમયે પોતાની નજરની સામે રાખીને ઈસ્લામી સમાનતા અને ઈમાની ભાઈચારાના પરચમને ઈજ્જત આપતા રહે અને દરેક મોમિનની ઈજ્જત તથા એહતેરામ કરીને આ નૂરાની તસવ્વુફથી દુનિયાને જાણકાર કરે કે ઈસ્લામમાં ઈજ્જત તથા અદબ કોઈ ખાસ નસલ કે કૌમ કે રંગ તથા વતનની સાથે ખાસ નથી. પરવરદિગારે આલમનો ઈર્શાદ છે કે,

**અનુવાદ** : "અય લોકો ! અમે તમને એક પુરૂષ અને એક સ્ત્રી (આદમ તથા હવ્વા)થી પયદા કર્યા અને તમારી થોડીક શાખો અને કબીલાઓ બનાવી આપ્યા જેથી તમે એકબીજાને ઓળખી શકો. બેશક ! અલ્લાહની નજીક તમારામાં વધારે ઈજ્જતવાળો એ જ છે કે જે તમારામાંથી વધારે પરહેઝગાર છે. યકીનન ! અલ્લાહ ઘણો જ વધારે જાણવાવાળો ખબરદાર છે."

મુસલમાનો ! જોઈ લો ! આ આયતે સૂર્યથી વધારે એ હકીકતને પ્રકાશિત કરી આપી કે મુસલમાનોની કોઈ જાતિ એ જાતિના હિસાબે

બેઈજ્જત છે, ન એવા હિસાબે ઈજ્જતદાર છે. પરંતુ ઈસ્લામમાં ઈજ્જત તથા અદબનું મહત્વ **તકવા** અને **પરહેઝગારી** પર છે. જે જેટલા પ્રમાણમાં મુત્તકી તથા પરહેઝગાર હશે, બેશક ! તે એટલા પ્રમાણમાં ઈજ્જત તથા અદબના લાયક થશે. પણ અફસોસ કે જાહિલો તો જાહિલો અમુક આલિમો તથા સૂફીઓ પણ આ કાળા ભમ્મર અને ખતરનાક કીચડમાં ફસાયેલા છે. જેમને મોટા ભાગે આ કહેતાં સાંભળવામાં આવે છે કે ફલાણો વ્યકિત ફલાણી જાત અને ફલાણી કૌમથી સંબંધ ધરાવે છે જેથી તે બદમાશ તથા બેઈજ્જત છે અને ફલાણો વ્યકિત ફલાણી જાત અને ફલાણી કૌમથી સંબંધ ધરાવે છે જેથી તે શરીફ, નેક અને ઈજ્જતદાર છે ! એવી રીતે મુસલમાન કૌમને ઊંચ નીચ એમ બે તબક્કાઓમાં વહેંચીને એ લોકોએ ઈસ્લામના ભાઈચારાના મજબૂત કિલ્લા પર એવો દર્દનાક બોંબમારો કર્યો છે કે ઈસ્લામી મહેલના પાયાને હચમચાવી નાખ્યો છે અને ગૈરકૌમની જેમ મુસલમાનોમાં પણ નીચી અને ઊંચી જાતો પૈદા કરીને તે લોકોએ મુસલમાનોમાં વિભાગ તથા મતભેદ અને વિવાદ તથા ઝઘડાનું એવું બીજ વાવી દીધું છે કે કયામત સુધી એનાં કાંટાદાર જંગલોનો સફાયો કરવો કઠિન જણાય છે અને આ જંગ તથા લડાઈના અંતનો કોઈ સંજોગ ઉપસ્થિત થતો નથી જણાતો. અફસોસ ! હજારો વખત અફસોસ ! સાચું કહ્યું ડૉકટર ઈકબાલે કે :–

**મુનફઅત એક હૈ ઈસ કૌમકી નુકસાન ભી એક**
**એક હી સબકા નબી દીન ભી ઈમાન ભી એક**

**હરમે પાક ભી, અલ્લાહ ભી, કુર્આન ભી એક**
**કુછ બળી બાત થી ? હોતે જો મુસલમાન ભી એક !**

**ફિર્કા બંદી હૈ કહીં ઔર કહીં ઝાતેં હૈં**
**કયા ઝમાનેમેં પનપ્ને કી યહી બાતેં હૈં ?!**

## ★ સુરક્ષિત કલમ ★

શયખ મુહક્કિક મૌલાના શાહ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી કુદ્દેસ સિર્રહુલ્ અઝીઝને હિન્દુસ્તાનમાં જો મિલ્લતની ઈમારતનો મજબૂત સ્તંભ





અને સુન્નિયતના મહેલનો મહાન સ્તંભ કહી દેવામાં આવે તો આ એક એવી હકીકતની જાહેરાત થશે જે મધ્યાહ્નના સૂર્યની જેમ પ્રકાશિત અને જગજાહેર છે. આપના બુઝુર્ગ દાદા 'મુહમ્મદ તુર્ક બુખારી رحمۃ اللہ علیہ સુલતાન મુહમ્મદ અલાઉદ્દીન ખિલજીના જમાનામાં બુખારાથી દિલ્હી તશરીફ લાવ્યા અને આપની નસલમાં બેહદ બરકત થઈ. મૌલાના શાહ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી હિ.સ. ૯૫૮માં પયદા થયા.'શયખે ઔલિયા' આપની જન્મ તારીખના અદદોથી નીકળે છે. વીસ (૨૦) વર્ષની ઉમ્રથી પહેલાં જ આપ તમામ ઈલ્મો અકલી તથા નકલીમાં માહિર થઈ ગયા અને એના પછી કુર્આન મજીદ પણ મોઢે યાદ કરી લીધું, પછી હરમૈન શરીફૈનની ઝિયારતથી સરફરાઝ થયા અને હરમૈન શરીફૈનના ઈલ્મી ફયૂઝો તથા બરકતો અને હુઝૂર સરવરે કાએનાત صلی اللہ تعالیٰ علیہ وسلمની બેશુમાર બશારતોથી નસીબવંત થઈને હિન્દુસ્તાન તશરીફ લાવ્યા અને બાવન (૫૨) વર્ષ સુધી પોતાના ફરઝંદો અને બીજા તલબાઓની તાલીમ તથા તર્બિયત અને કિતાબોના લેખન કાર્યમાં લાગેલા રહ્યા. આપની નાની મોટી કિતાબોની સંખ્યા એકસો (૧૦૦) છે. ખાસ કરીને હદીષના વિષયમાં મિશ્કાત શરીફની બે શરહો **'લમ્આત'** અને **'અશ્અતુલ લમ્આત'** અને સીરતમાં આપની કિતાબ 'મદારિજુન્નબુવ્વત' આ એવી અણમોલ ઈલ્મી કૃતિઓ છે કે તમામ દુનિયામાં એનો દાખલો નથી મળી શકતો. શાઈરીના વિષયમાં પણ આપનો ઘણો જ ઊંચા પાયાનો મકામ છે. હજારો શેઅરો આપની શેઅર કહેવાની વિચાર શૈલીનુ પરિણામ છે. કાદરી તરીકાવાળા હતા અને હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہ થી ખૂબ જ મહોબ્બત રાખતા હતા. આપની તમામ કિતાબોથી રસૂલની મહોબ્બતનો મુકદ્દસ જુસ્સો એવી રીતે પ્રદર્શિત થાય છે કે આપની કિતાબોના અભ્યાસથી ઈમાનની રૂહમાં એક પૂરકૈફ ઉચ્ચતા અને એક ખાસ પ્રકારનુ ઈમાની નૂર પૈદા થાય છે જે ઉલમાએ અહલે સુન્નતની રૂહાની શાંતિ અને દિલના ચૈનનો ઘણો જ અણમોલ સામાન છે. હિ.સ. ૧૦૫૨માં આપનો વિસાલ થયો અને "ફખરુલ્ ઉલમા"થી આપના વિસાલની તારીખ નીકળે છે. મઝારે પાક જૂની દિલ્હીમાં હૌઝે શમ્સીથી એક ફરલાંગ પશ્ચિમ તરફ છે. શાનદાર ગુંબદ બનેલો છે.

ઈ.સ. ૧૯૪૮ના તોફાનમાં પંજાબી શરનારથૂને આપના ગુંબદનો દરવાજો તોડી નાખ્યો હતો. ફકીર (લેખક) કેટલીયેવાર મઝારે મુકદ્દસની ઝિયારતથી નસીબવંત થયો છે અને એકવાર મુરાકિબા દરમિયાનમાં એક બશારત પણ દિલ પર જાહેર થઈ હતી જે બિહમ્દિહી તઆલા શબ્દે શબ્દ પૂરી થઈ. *(મુકદમા અખબારુલ અખયાર વગેરે)*

**સારાંશ** : એકવાર દારૂલ ઉલૂમ અશરફિય્યહ્, મુબારકપૂરમાં હઝરત મુહદ્દિષે આ'ઝમ મૌલાના સૈયદ મુહમ્મદ સાહબ કિબ્લા કિછૌછવી رحمۃ اللہ علیہ ની સામે મૌલાના શયખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી કુદ્દેસ સિર્રહુલ્ અઝીઝની ચર્ચા શરૂ થઈ તો હઝરત મુહદ્દિષે આ'ઝમ મૌલાના સૈયદ મુહમ્મદ સાહબ કિબ્લા કિછૌછવી رحمۃ اللہ علیہ એ આપના ફઝાઈલ બયાન ફર્માવતાં આપના વિશે આ'લા હઝરત ઈમામ અહલે સુન્નત મૌલાના અહમદ રઝાખાં સાહબ કિબ્લા બરેલ્વી رحمۃ اللہ علیہ ની એક વાત નકલ ફર્માવી જેની ઈમાન અફરોઝ હાલત અને રૂહાની લિઝ્ઝતને હું આખી જિંદગી ભૂલી શકતો નથી.

હઝરત મુહદ્દિષે આ'ઝમે ઈર્શાદ ફર્માવ્યો કે એકવાર આ'લા હઝરત કુદ્દેસ સિર્રહુલ્ અઝીઝની મજલિસમાં મૌલાના શય્ખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલવી કુદ્દેસ સિર્રહુલ્ અઝીઝની બરકતવાળી કિતાબોની વાત આવી તો આ'લા હઝરત કિબ્લાએ ઈર્શાદ ફર્માવ્યો કે, **"હઝરત શૈખ મુહક્કિકની કરામતોમાંથી એક મોટી ખાસ કરામત એ છે કે મૌલા તઆલાએ આપને 'કલમે મહફૂઝ' આપી હતી કે આપની કિતાબોમાં જિંદગીભર આપનાથી કદી કલમી ભૂલ નથી થઈ અને આપની આખી કિતાબમાં કયાંય આપની કલમથી કોઈ એવી ભૂલ નથી ઉદ્ભવી જે પકડના લાયક હોય. આ મૌલા તઆલાનો આપના પર ઘણો જ મોટો ફઝલ છે !"**

સુબ્હાનલ્લાહ ! આ'લા હઝરત કિબ્લા કુદ્દેસ સિર્રહૂલ્ અઝીઝ જેવા ઈલ્મો ફનોના અડગ પહાડ અને નકદ તથા તન્કીદની સલ્તનતના મહાન સુલતાન જેમની કિતાબોના એહસાનોના પ્રશંસક અને તેમના કલમની હિફાઝતના ગવાહ હોય એના ઈલ્મો ફઝ્લની વિશાળતા અને





એના કલમે મહફૂઝની અઝમતનું શું કહેવું ? અલ્લાહુ અકબર ! કેટલું સરસ કહયું કે,

**જિસ બંદએ હક્કબીં કી ખૂદી હોગી બેદાર**
**શમ્શીરકે માનિંદ હે બુર્રેનદા વ બર્રાક**

**ઉસકી નિગાહે શૌક પે હોતી હે નમૂદાર**
**હર ઝર્રમેં પોશીદા હે જો કુવ્વતે ઈશરાક**

**ઉસ મર્દે ખુદાસે કોઈ નિસ્બત નહીં તુઝકો**
**તૂ બંદએ આફાક હે વો સાહિબે આફાક**

**તુઝમેં અભી પૈદા નહીં સાહિલકી તલબ ભી**
**વો પાકીએ ફિતરતસે હુવા મહરમે અઅ્માક**

## ★ કબ્રે કિબ્લએ હાજાત ★

હઝરત માલિક બિન દીનાર رحمۃ اللہ علیہ નું બયાન છે કે એક વર્ષ બસરામાં બિલકુલ વરસાદ ન થયો અને સખત દુષ્કાળ પડી ગયો. કેટલીયવાર લોકો નમાઝે ઈસ્તિસ્કા પણ પઢી ચૂકયા પરંતુ દુઆની મકબૂલિયતની કોઈ અસર જણાઈ નહીં. પછી હું અને અતાઈ સુલમી અને ષાબિત બુનાની અને યહ્યા બક્કાઅ અને મુહમ્મદ બિન વાસિઅ અને અબૂ મુહમ્મદ સખતીયાની વગેરે ઘણા જ બધા નેક લોકો અને મદ્રસાઓના બાળકો નમાઝે ઈસ્તિસ્કા અને દુઆખ્વાનીના માટે ઈદગાહમાં નીકળ્યા પણ બપોર સુધી કાંઈ પણ દુઆની અસર જાહેર ન થઈ ત્યાં સુધી કે તમામ લોકો પોત પોતાને ઘરે ચાલ્યા ગયા. માત્ર હું અને ષાબિત બુનાની ઈદગાહમાં રહી ગયા અને રાતનુ અંધારુ થઈ ગયું. એટલામાં એક હબશી ગુલામ ઊનનો ઝભ્ભો પહેરીને ઈદગાહમાં પ્રવેશ્યો અને બે રકાત નમાઝ પઢીને એણે એવી રીતે દુઆ માંગી કે;

"ઈલાહી ! તું કયાં સુધી તારા બંદાઓને તારા દરથી નામુરાદ પાછો કરતો રહીશ ? શું તારા ખજાનાઓમાં કાંઈ કમી આવી ગઈ છે ? યા અલ્લાહ ! હું તને એ મહોબ્બતની કસમ દેવડાવું છું જે તને મારી જાતથી છે

કે તું અત્યારે ને અત્યારે તરત જ વરસાદ મોકલી આપ !"

હઝરત માલિક બિન દીનાર ફર્માવે છે કે એના મોંથી આ શબ્દો નીકળતાં જ એવો મુશળધાર વરસાદ શરૂ થઈ ગયો કે જેવું કે આકાશે પોતાની મશકોના મોઢા ખોલી નાખ્યાં હોય ! હું તરત જ એ ગુલામની પાસે પહોંચ્યો અને મેં એને કહયું કે તને આ વાકયો કહેવાથી શરમ નથી આવતી ? તને શું ખબર કે ખુદાવંદે તઆલાને તારી જાતથી મહોબ્બત છે ? એ ગુલામે કહયું કે જી ! તમે મારી સામેથી હટી જાઓ ! જો એને મારાથી મહોબ્બત ન હોત તો એણે મને પૈદા શા માટે ફર્માવ્યો ? બેશક ! એને મારાથી મહોબ્બત છે અને મને એનાથી મહોબ્બત છે પરંતુ મારી મહોબ્બત એવી છે જે મારી શાનમાં લાયક છે અને એની મહોબ્બત એવી છે જે એની શાનમાં લાયક છે.

માલિક બિન દીનાર કહે છે કે મેં એનાં આ વાકયો તથા કરામતથી પ્રભાવિત થઈને એના માલિકથી એને વીસ દિરહમમાં ખરીદી લીધો અને મારા ઘેર લાવ્યો. જ્યારે મેં એનું નામ પૂછયું તો એણે જણાવ્યું કે મારું નામ 'મયમૂન' છે. પછી એ ગુલામ મને કહેવા લાગ્યો કે અય મારા મૌલા ! આપે શા માટે મને ખરીદ્યો છે ? હું તો કોઈ મખ્લૂકની ખિદમતના લાયક જ નથી. મેં કહયું કે અય મારા આકા ! મેં તમને એટલા માટે નથી ખરીદ્યા કે આપ મારી ખિદમત કરો. એણે કહયું, આ શા માટે ? મેં કહયું કે શું આપનાથી કાલે મારી ઈદગાહમાં મુલાકાત ન થઈ હતી ? ગુલામે ઝબકીને કહયું કે શું આપે મને નમાઝ પઢતાં અને દુઆ માંગતાં જોઈ લીધો હતો ? મેં કહયું, જી હાં ! મેં જ તો આપનાથી થોડાક સવાલ જવાબ પણ કર્યા હતા. આ સાંભળીને ગુલામ એકદમ મસ્જિદની તરફ ચાલી નીકળ્યો અને બે રકાત નમાઝ પઢીને એણે આકાશની તરફ જોયું અને આમ કહેવા લાગ્યો કે ઈલાહી ! તારા અને મારી વચમાં એક ભેદ હતો જેને તેં પારકા પર જાહેર ફર્માવી દીધો તો હું તને કસમ અપાવું છું કે હવે જિંદગીમાં મારા માટે કોઈ મજા નથી જેથી તું અત્યારે ને અત્યારે જ તરત જ મને વફાત આપી દે ! આમ કહીને તે સજદામાં પડી ગયો અને પછી માથુ ન ઉઠાવ્યું ! જ્યારે મેં એના શરીરને હલાવવાનું ઈચ્છયું તો એ મુર્દા થઈને બિલકુલ જ





ઠંડો થઈ ગયો હતો અને એનો કાળો ચેહરો એટલો ચમકદાર અને પ્રકાશિત થઈ ગયો હતો કે ચાંદની જેમ ચમકી રહયો હતો. પછી અચાનક એક જવાન દરવાજામાં કફન લઈને આવ્યો, સલામ કરી અને પૂછપરછના શબ્દો કહીને કફન આપ્યું. પછી અમે લોકોએ એ ગુલામને ગુસ્લ આપીને એ જ કફનમાં લપેટીને દફન કરી આપ્યો. જિંદગીભરમાં કદી મેં આટલું સારું કફન ન જોયું હતું. માલિક બિન દીનાર ફર્માવે છે કે, એટલે આજ સુધી અમે લોકો એની કબ્ર મુબારકને વસીલો બનાવીને ખુદાવંદે તઆલાથી વરસાદની દુઆઓ માંગતા અને અમારી હાજતો મેળવતા રહીએ છીએ.

*(મુસ્તતરફ, ભાગ–૧, પેજ–૧૪૬)*

**સારાંશ :** ઉપરની હિકાયતથી ચોખ્ખે ચોખ્ખું જાહેર છે કે હઝરત માલિક બિન દીનાર જેવા ઈલ્મો અમલના આફતાબ (સૂર્ય) આલિમે તાબનો એ જ અકીદો હતો કે અલ્લાહવાળાઓની કબ્રો દુઆની મકબૂલિયતના માટે ઘણી જ ખાસ જગા છે જેથી તેઓ ફર્માવે છે કે, "અમે લોકો તે અલ્લાહવાળા હબશી ગુલામની કબ્રની પાસે ખુદાવંદે તઆલાથી વરસાદ અને બીજી હાજતોની દુઆઓ માંગતા રહીએ છીએ." આ વિષયમાં અમે ભાગ–૧માં પણ થોડીક હિકાયતો લખી છે. એમાં શક નથી કે અલ્લાહવાળા એટલા પ્રમાણમાં ખુદાના પ્યારા હોય છે કે એમની દરેકે દરેક વસ્તુ અલ્લાહને પ્યારી હોય છે અને એમની દરેક અદા પર રહમતે ખુદાવંદીને પ્યાર આવી જાય છે અને જે એમના મોઢાથી નીકળી જાય છે ખુદાવંદ તઆલા એમની દરેક વાતને પૂરી ફર્માવી આપે છે. બુખારી શરીફની હદીષ છે કે, "ઘણા બધા એવા ખુદાના બંદાઓ છે જેમના વાળ વિખરાયેલ અને ધૂળથી ભરેલ છે અને લોકો એમને તુચ્છ સમજીને પોતાના દરવાજાઓમાંથી ધક્કા મારીને કાઢી મૂકે છે. પરંતુ બારગાહે ખુદાવંદીમાં એમની મહબૂબિયત તથા મકબૂલિયતનો એ હાલ છે કે જો તેઓ કોઈ વાતની કસમ ખાઈ લે તો અલ્લાહ તઆલા જરૂર જરૂર એમની કસમોને પૂરી ફર્માવી આપે છે." જેમ કે હઝરત મયમૂને ખુદાને એની મહોબ્બતની કસમ અપાવીને વરસાદની દુઆ માંગી તો તરત જ ખુદાવંદે આલમે વરસાદ મોકલી આપ્યો. એમાં કોઈ શંકા નથી કે આ લોકો અલ્લાહની તરફ એવા

તલવાર જબાન હોય છે કે જો એ લોકો માટીને સોનુ કહી આપે તો મિનિટો બલ્કે સેકન્ડોમાં માટી સોનુ બની જાય છે ! અને જો તેઓ આગને પાણી અને પાણીને આગ કહી આપે તો ખૂબ જ જલ્દી આગ પાણી અને પાણી આગ થઈ જાય ! અલ્લાહવાળાઓની ખુદાદાદ રૂહાની તાકાતનું શું કહેવું ? સુબ્હાનલ્લાહ !

**જલા સકતી હૈ શમ્એ કશ્તાકો મૌજે નફ્સ ઉનકી**
**ઈલાહી ! કયા છુપા હોતા હૈ અહલે દિલકે સીનોમેં ?**

## ★ ખુદાવંદ તઆલાના નામ પર પત્ર ★

હુઝૈફા મરઅશી رحمۃ اللہ علیہ એક મુદ્દત સુધી હઝરત ઈબ્રાહીમ ખવ્વાસ رحمۃ اللہ علیہ ની ખિદમતમાં રહી ચૂકયા હતા. એકવાર લોકોએ એમને પૂછયું કે હઝરત ઈબ્રાહીમ ખવ્વાસની ખિદમતમાં બધાથી વધારે અજીબો ગરીબ ચીજ જે આપે જોઈ હોય એને બયાન કરો. હુઝૈફા મરઅશી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે, અમે થોડાક દિવસો સુધી મક્કા મુકર્રમાના રસ્તામાં પાણી અને અનાજ વગર ભૂખ્યા તરસ્યા રહી ગયા. પછી અમે કૂફા શહેરમાં પ્રવેશ કરીને એક વેરાન મસ્જિદમાં પહોંચ્યા તો હઝરત ઈબ્રાહીમ ખવ્વાસે મારા તરફ જોઈને ફર્માવ્યું કે અય હુઝૈફા ! હું તમારા ચહેરા પર ભૂખની નિશાનીઓ જોઉં છું. મેં કહ્યું, જી હુઝૂર ! સાચે જ મને ઘણી સખત ભૂખ લાગી છે. આ સાંભળીને હઝરત ઈબ્રાહીમ ખવ્વાસે ફર્માવ્યું કે સારું તમે કલમ અને ખડિયો અને કાગળ લાવો. મેં તરત જ બધો સામાન હાજર કરી આપ્યો તો હઝરત ઈબ્રાહીમ ખવ્વાસે કાગળ પર આ લખાણ લખ્યું,

**બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ અન્તલ મકસૂદલકલ હાલુ વલ્ મશારુલયહ બિકુલ્લિ મઅ્ની.**

પછી આપે આ શેઅરોને પઢયા કે :–

**અનુવાદ** : (૧) હું હમ્દ કરવાવાળો, હું શુક્ર કરવાવાળો, હું ઝિક્ર કરવાવાળો, હું ભૂખ્યો, હું બરબાદ, હું નગ્ન છું !

(૨) મારી આ છ સ્થિતિઓ છે એમાંથી એટલે પ્રથમ ત્રણનો તો





હું માલિક છું બાકીની ત્રણનો તો તું માલિક બની જા !

(૩) હું તારા ગૈરના વખાણ કરું એ એવું જ છે કે હું આગના અંગારામાં દાખલ થઈ જાઉં, જેથી તું તારા તુચ્છ બંદાને આગના અંગારાથી છૂટકારો આપ !

હુઝૈફા મરઅશીનું બયાન છે કે હઝરત ઈબ્રાહીમ ખવ્વાસે આ પરચો લખીને મને આપ્યો, અને ફર્માવ્યું કે તમે આ પત્ર લઈને જાવ, અને રસ્તામાં ખુદાની સિવાય કોઈ બીજાનો વિચાર તમારા દિલમાં ન આવે અને બધાથી પહેલાં જે વ્યકિત તમને મળે એને આ પત્ર આપી દેજો. જેથી હું આ પત્ર લઈને ચાલ્યો અને પહેલો વ્યકિત જે મને મળ્યો એ એક મર્દ હતો જે ખચ્ચર પર સવાર હતો એને મેં પરચો આપી દીધો. તો એ પત્ર વાંચીને રડી પડયો અને બોલ્યો, આ પરચાનો લખવાવાળો કયા હાલમાં અને કયાં છે ? મેં કહ્યું, એ બુર્ઝુગ ફલાણી મસ્જિદમાં રોકાયેલ છે. આ સાંભળીને એણે મને છસો (૬૦૦) દિરહમની એક થેલી આપી અને ચાલ્યો ગયો. હું થેલી લઈને થોડાક જ કદમ ચાલ્યો હતો કે એક વ્યકિત મળ્યો, મેં એને એ ખચ્ચર સવારના વિશે પૂછયું તો એણે જણાવ્યું કે આ એક નસરાની છે. હું થેલી લઈને હઝરત ઈબ્રાહીમની ખિદમતમાં હાજર થઈ ગયો અને આખો બનાવ સંભળાવી દીધો. તો હઝરતે ફર્માવ્યું કે અત્યારે તમે આ દિરહમોને હાથ ન લગાડો, આ થેલી આપવાવાળો અત્યારે અહીંયા આવશે. જેથી એક કલાક પછી સાચે જ તે નસરાની પોતાના ખચ્ચર પર સવાર થઈને આવી ગયો અને મસ્જિદના દરવાજા પર પોતાના ચંપલ ઉતારીને મસ્જિદમાં પ્રવેશ્યો અને હઝરત ઈબ્રાહીમ ખવ્વાસના હાથોને બોસો આપ્યો. અને **'અશહદુ અલ્લા ઈલાહ ઈલ્લલ્લાહુ વ અશહદુ અન્ન મુહમ્મદન અબદુહૂ વરસૂલુહ'** પઢવા લાગ્યો. નસરાનીની જીભથી ઈસ્લામનો કલમો સાંભળીને હઝરત ઈબ્રાહીમ ખવ્વાસને એટલી ખૂશી થઈ કે એમની આંખોથી હર્ષનાં આંસૂ નીકળી પડયાં અને એમણે ફર્માવ્યું કે અલ્લાહ તઆલાના માટે હમ્દ છે અને એનો શુક્ર છે કે તને ઈસ્લામ અને હઝરત મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ تعالٰی علیہ وسلم ની શરીઅતની હિદાયત ફર્માવી. *(મુસ્તતરફ, ભાગ–૧, પેજ–૧૪૭)*

## ★ નાચવાવાળો વલી બની ગયો ! ★

નીલ દરિયામાં હોડી ચલાવાવાળા એક નાવિકનું બયાન છે કે એક દિવસ એક ઘણા જ નૂરાની ચહેરાવાળા બુઝુર્ગ મારી પાસે આવ્યા અને ફર્માવ્યું કે, શું તમે મને અલ્લાહના નામ પર દરિયાની પાર ઉતારી દેશો ? મેં કહ્યું કે જી હા ! એ બુઝુર્ગ મારી હોડી પર સવાર થઈ ગયા, અને મેં એમને દરિયાની પાર ઉતારી દીધા. જ્યારે તેઓ હોડીમાંથી ઉતરવા લાગ્યા તો એમણે મને ફર્માવ્યું કે, હું તમને એક અમાનત સોંપુ છું, શું તમે એને કબૂલ કરશો ? મેં કહ્યું કે, જી હુઝૂર ! હું જરૂર કબૂલ કરીશ. તો એમણે ફર્માવ્યું, કાલે તમે ફલાણા ઝાડની પાસે ઝોહરના સમયે આવશો તો તમને ત્યાં મારી લાશ મળશે. તમે મને ગુસ્લ આપજો અને મારા માથા પાસે જે કફન તમને મળે એનું મને કફન પહેરાવીને એ ઝાડની નીચે મને દફન કરી દેશો અને મારી ગોદડી અને અસા (લાકડી) અને મુશ્કને તમારી પાસે રાખજો. અને જે વ્યકિત આ ચીજોને મેળવવાના માટે તમારી પાસે આવે એને આ બધો સામાન આપી દે જો. નાવિકનું બયાન છે કે હું એ બુઝુર્ગની વસિયતને ભૂલી ગયો અને ઝોહરના બદલે અસરના સમયે મને ખ્યાલ આવ્યો તો હું એ ઝાડની પાસે હાજર થયો તો સાચે જ એ બુઝુર્ગને મુર્દા હાલતમાં જોયા. મેં વસિયતના પ્રમાણે એમને જે કફન પહેરાવ્યું એમાંથી મુશ્કની ખૂશ્બુ આવી રહી હતી. મેં જેવો જ એમનો જનાઝો તૈયાર કર્યો તો એકદમ અચાનક એક બાજુથી ઈન્સાનોની એક ઘણી જ મોટી જમાઅત આવી ગઈ અને મેં એ લોકોની સાથે નમાઝે જનાઝા અદા કરીને એ ઝાડની નીચે એમને દફન કરી દીધા. અને મારા ઘરે આવીને રાતમાં સૂઈ રહ્યો. સવાર સવારમાં જ એક જવાન જે નાચવા ગાવાવાળો ભાંડનો છોકરો હતો તે મારી પાસે આવ્યો. ઘણા જ બારીક કપડાં પહેરલ, હાથોમાં મેહંદી લગાડેલ અને બગલમાં સિતાર દબાવેલ મારી સામે ઊભો થઈ ગયો અને મેં એના સલામનો જવાબ આપ્યો. પછી એણે મને પૂછયું કે શું ફલાણા બિન ફલાણા તમે જ છો ? મેં જવાબ આપ્યો કે હા ! હું જ છું. એણે કહ્યું કે તો જે અમાનત તમારી પાસે છે તે મને આપી દો. મેં નવાઈ પામીને પૂછયું કે તમને એની ખબર કેવી રીતે થઈ ગઈ ? એણે કહ્યું કે એ ન પૂછો ? મેં કહ્યું



રૂહાની હિકાયતો-૨

કે આ તો તમારે બતાવવું જ પડશે મારી કબૂલાત સાંભળીને એણે કહ્યું કે ભાઈ ! હું એના સિવાય બીજું કાંઈ નથી જાણતો કે હું ગઈ રાત્રે એક શાદીમાં આખી રાત નાચતો ગાતો રહ્યો, જ્યારે નાચ પૂરો કરીને સૂઈ ગયો તો અચાનક એક વ્યકિત મારી પાસે આવ્યો અને મને ઝંઝોળીને જગાડયો અને એવું કહ્યું કે અલ્લાહ તઆલાએ ફલાણા વલીને વફાત આપી દીધી છે અને તને એનો કાયમ મકામ બનાવી દીધો છે, જેથી તું ફલાણા નાવિકને ત્યાં જઈને એ વફાત પામવાવાળા વલીના તર્બરુકાત વસૂલ કરી લે ! જેને તે બુઝુર્ગ તારા માટે અમાનતના રૂપે નાવિકની પાસે રાખીને દુનિયાથી તશરીફ લઈ ગયા છે. નાવિકે બયાન કર્યું કે મેં એ બુઝુર્ગના ત્રણે સામાન વસિયતના પ્રમાણે ભાંડના છોકરાને આપી દીધા. છોકરા પર હાથમાં સામાન લેતાં જ એક ફેરફારની હાલત પૈદા થઈ ગઈ, એણે પોતાનાં બારીક કપડાંઓને કાઢીને મારી હોડીમાં ફેંકી દીધાં અને કહ્યું કે, તમે મારાં આ કપડાઓને જેવી રીતે ઈચ્છો સદકાના રૂપે આપી દેજો અને ખૂદ તે બુઝુર્ગની ગોદડી પહેરીને અને અસા તથા મુશ્ક લઈને ચાલ્યો ગયો. નાવિકનું બયાન છે કે હું એ ભાંડના છોકરાની ખૂશનસીબી અને મારી મહરૂમીનો વિચાર કરીને રડવા લાગ્યો ત્યાં સુધી કે રાત આવી ગઈ અને હું રડતો રડતો સૂઈ ગયો. તો મને એ રાત્રે ખ્વાબમાં અલ્લાહ عزوجل નો દીદાર થયો અને મારાથી રબ્બ عزوجل એ ઈર્શાદ ફર્માવ્યો કે શું તમને આ નાપસંદ આવ્યું કે મેં મારા એક ગુનેહગાર બંદા પર એહસાન ફર્માવીને એને મારા દરબારની તરફ રુજૂઅ કરવાની તૌફીક અતા ફર્માવી ! અય નાવિક ! આ મારો ફઝલ છે અને હું મારો ફઝલ જેને ઈચ્છું છું અતા ફર્માવી આપું છું. *(મુસ્તતરફ, ભાગ-૧, પેજ-૧૪૭)*

## ★ બે વિસ્મયજનક મુડદાંઓ ★

શયખ અબૂ અલી મિસરી ફર્માવે છે કે, મારી પડોશમાં એક મુર્દાને ગુસ્લ આપવાવાળો રહેતો હતો. મેં એને કહ્યું કે તમે બધાથી નવાઈજનક જે મુર્દાઓ જોયાં હોય એનો હાલ સંભળાવો. આ સાંભળીને ગુસ્લ આપવાવાળાએ બયાન કર્યું કે એક દિવસ એક ઘણો જ ખૂબસૂરત

અને સારા પોશાકવાળો જવાન મારી પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે શું તમે અમારા એક મુર્દાને ગુસ્લ આપી દેશો ? મેં કહ્યું કે જી હા ! જેથી હું એ જવાનની પાછળ પાછળ ચાલવા લાગ્યો. તે એક મકાનના દરવાજા પર મને ઊભો કરીને અંદર ચાલ્યો ગયો અને થોડી વારમાં એક છોકરી મકાનની અંદરથી નીકળી જેની સૂરત હૂબહૂ એ જવાનથી મળતી જુલતી હતી એણે મને તેની આંખોથી આસું લૂછતાં લૂછતાં અંદર બોલાવ્યો. મેં અંદર જઈને જોયું તો એ જવાન તખ્ત પર મુર્દા પડેલ છે જે થોડીક મિનિટ પહેલાં મને મકાનમાંથી બોલાવીને લાવ્યો હતો ! જેથી મેં એને ગુસ્લ આપી દીધું અને કફન પહેરાવીને ખૂશ્બુ લગાડીને તરત જ એનો જનાઝો તૈયાર કરી દીધો. જનાઝો તૈયાર થઈ ગયા પછી એ જ છોકરી જે મને મકાનની અંદર બોલાવીને લઈ ગઈ હતી જનાઝાની પાસે આવી અને એ મૈયતની પેશાની ચૂમીને એવું કહ્યું કે ખબરદાર ! નજીકમાં જ હું પણ તમને મળવાની છું. જ્યારે પાછો ફરવા લાગ્યો તો છોકરીએ મારો આભાર વ્યકત કર્યો અને એવું કહ્યું કે જો તમારી પત્ની સારી રીતે મુર્દાને ગુસ્લ આપવાનું જાણતી હોય તો એને અત્યારને અત્યારે જ અમારી પાસે મોકલી આપો. ગુસ્લ કરવાવાળાનું બયાન છે કે, હું તે છોકરીની વાત સાંભળીને કાંપી ઉઠયો અને મને યકીન થઈ ગયું કે, જવાનની જેમ આ પણ અત્યારે ને અત્યારે જ વફાત પામવાવાળી છે. જેથી હું મકાન પર આવ્યો અને પત્નીને આખો બનાવ સંભળાવીને એને સાથે લઈને તે છોકરીના મકાન પર ગયો અને દરવાજા પર અવાજ કર્યો તો એ છોકરી અંદરથી બોલી કે બિસ્મિલ્લાહ ! તમારી પત્ની મકાનની અંદર આવી જાય ! જ્યારે મારી પત્ની મકાનની અંદર દાખલ થઈ તો એ જોયું કે એ જ છોકરી કિબ્લા તરફ ચહેરો કરીને સૂતેલી મુર્દા પડેલી છે ! જેથી મારી પત્નીએ એને ગુસ્લ આપીને કફન પહેરાવ્યું અને એ બંને ભાઈ બહેનનો જનાઝો એક સાથે ઉઠાવવામાં આવ્યો. *(મુસ્તતરફ, ભાગ–૧, પેજ–૧૪૯)*

**સારાંશ :–** આ બંને હિકાયતોથી એ પરિણામ નીકળે છે કે અમુક ઔલિયાને ખુદાવંદે કરીમ એ મહાન કરામતથી પણ સરફરાઝ ફર્માવે છે કે એમને પોતાની વફાતનો સમય, વફાતની જગ્યા, દફનનું સ્થળ બધું જ





પહેલેથી ખબર પડી જાય છે. કુર્આન મજીદમાં સૂરએ લુકમાનના છેલ્લે ખુદાવંદે કુદુસે ફર્માવ્યું છે કે નીચેના પાંચ ચીજોનો ઈલ્મ ખુદાની સિવાય કોઈને નથી : **(૧)** કયામત કયારે આવશે ? **(૨)** વરસાદ કયારે પડશે ? **(૩)** માતાઓના પેટમાં શું છે ? **(૪)** આદમી કાલે શું કમાશે ? **(૫)** આદમી કયાં મરશે ?

તેમ છતાં ઘણા જ બધા અંબિયા તથા ઔલિયા અને ફરિશ્તાઓએ આ વાતોની ખબર આપી છે. જેમ કે નાવિકની હિકાયતમાં આપે સાંભળ્યું કે એ બુઝુર્ગે એવું જણાવ્યું કે હું કાલે ઝોહરના સમયે મરણ પામીશ અને ફલાણા ઝાડની પાસે મરીશ. એવી રીતે વરસાદનો સમય અને હમલમાં શું છે અને આદમી કાલે શું કરશે ? અને કયાં મરશે ? આ બાબતોની ખબરો વધારે પ્રમાણમાં અંબિયા તથા ઔલિયાએ આપી છે. જેનું બયાન કુર્આન તથા હદીષ અને ઈતિહાસની ભરોસાપાત્ર કિતાબોમાં હાજર છે. જેથી એ સૂરએ લુકમાનની આયતનો એ અર્થ મતલબ તો થઈ શકતો નથી કે આ પાંચ ચીજોનો ઈલ્મ કોઈ રીતે પણ ખુદા સિવાય બીજાને મળી શકતો નથી. કેમ કે જો આયતનો એ મતલબ લઈશું તો આ બનાવોથી કુર્આને કરીમનું જૂઠ હોવું સાબિત થશે ! જેથી જરૂરી છે કે **સૂરએ લુકમાનની આયતનો મતલબ એ લેવામાં આવે કે એ પાંચ ચીજોનો ઈલ્મ ખુદાના બતાવ્યા વગર બીજા કે કોઈને મળી શકતો નથી. અને જો ખુદાવંદે તઆલા પોતાના અંબિયાને મોઅજિઝાના રૂપે અને પોતાના ઔલિયાને કરામતના રૂપે એ ચીજોનો ઈલ્મ અતા ફર્માવી આપે તો બેશક ! યકીનન ! અંબિયા અને ઔલિયાને પણ આ ચીજોનો ઈલ્મ શઈ શકે છે.** જેમ કે પાંચ ચીજોના ઈલ્મોના વિશે ખુદાવંદે કુદુસે સૂરએ 'જિન'માં ઈર્શાદ ફર્માવ્યો કે, **એટલે અલ્લાહ ગૈબનો જાણવાવાળો છે. તો એ પોતાના ગૈબ પર કોઈને માહિતગાર નથી કરતો સિવાય પોતાના પસંદ કરેલ રસૂલોને.** મતલબ કે સૂરએ લુકમાનની આયતનો આ જ મતલબ નક્કી છે કે **અલ્લાહ તઆલાના બતાવ્યા વગર આ પાંચ ઈલ્મ કોઈને નથી.** અને અલ્લાહ તઆલા પોતાના મહબૂબોમાંથી જેને ઈચ્છે જણાવે. જેથી સૂરએ લુકમાનની

આયતનો છેલ્લો ટુકડો કે **''ઈન્નલાહ અલીમુન ખબીરુન''** આ મતલબ પર ખૂબ જ સ્પષ્ટ નિર્દેશ મળે છે કે અલ્લાહ તઆલા જાણવાવાળો અને જણાવવાવાળો છે !

દેવબંદીઓની જેમ આ આયતનો એ અર્થ લેવો કે અલ્લાહ તઆલાના જણાવ્યાથી પણ આ પાંચ ચીજોનો ઈલ્મ કોઈ નથી જાણતું. આ તદ્દન જૂઠુ તથા ખોટુ અને સેંકડો આયતો અને હદીષોની વિરુધ્ધ છે. **વલ્લાહુ તઆલા અઅ્લમ.**

## ★ પહાડ ધ્રુજવા માંડયો ! ★

મશહૂર બુર્ઝુગ અબ્દુલ્લાહ હરવી ફર્માવે છે કે અમે લોકો હઝરત ફુઝૈલ બિન અયાઝ رحمۃ اللہ علیہ ની સાથે અબૂ કુબૈસ પહાડ પર હતા. વાતચીત દરમિયાનમાં હઝરત ફુઝૈલે એ ઈર્શાદ ફર્માવ્યો કે જો કોઈ આદમી પોતાના તવક્કુલમાં સાચો હોય તો એની એ શાન હશે કે એ આ પહાડથી કહી આપે કે 'તું હલી જા !' તો એનો હુકમ આપતાં જ આ પહાડ કાંપી ઉઠીને હલવા લાગશે. અબ્દુલ્લાહ હિરવી કહે છે કે ખુદાની કસમ ! હઝરત ફુઝૈલના મોંથી આ શબ્દ કે 'તું હલી જા !' નીકળતાં જ અમે જોયું કે કોહે અબૂ કુબૈસ એકદમ હલવા લાગ્યો ! એ સમયે હઝરત ફુઝૈલે ફર્માવ્યું કે અય પહાડ ! ખુદા તારા પર રહમત નાઝિલ ફર્માવે ! મારો એ મતલબ ન હતો કે તું હરકતમાં આવીને કાંપવા લાગે ! મેં તો દાખલાના રૂપે તારી તરફ ઈશારો કરી આપ્યો હતો. આ સાંભળીને પહાડ બિલકુલ થંભી ગયો. *(મુસ્તતરફ, ભાગ-૨, પેજ-૨૬૩)*

**સારાંશ** :– આ પ્રકારની કરામતો ઘણા જ બુર્ઝુગાને દીનથી નકલ થયેલ છે કે જે કાંઈ એમની જીભથી નીકળી ગયું એ તરત જ દુનિયાના અસ્તિત્વમાં આવી ગયું ! મીઠા (નમક)ને આમ કહી દીધું કે આ ખાંડ છે ! તો મીઠુ (નમક) ખાંડ બની ગયું ! અને ખાંડને કહી દીધું કે આ મીઠુ (નમક) છે તો ખાંડ નમક બની ગયું. ખુદાવંદે તઆલાનો પોતાના એ નેક બંદોઓ પર એટલો પ્યાર હોય છે કે એના કરમને એ પસંદ નથી આવતું કે એના મહબૂબ બંદાઓની જીભથી નીકળેલી વાત ખોટી અને જૂઠી થઈ જાય.





એટલા માટે તેઓ જે કહી આપે છે તે બની જ જતું હોય છે. એટલા માટે બુર્ઝુગોએ ફર્માવ્યું છે કે :–

**જો જઝ્બકે આલમમેં નિકલે લબે મોમિનસે**
**વો બાત હકીકત મેં તકદીરે ઈલાહી હે**

હઝરત ફુઝૈલ બિન અયાઝની આખી હાલત પરસ્થિતિ અમે અમારી કિતાબ ઔલિયાઉર્રિજાલુલ હદીષમાં લખેલ છે જે અભ્યાસ કરવા લાયક છે. અલ્લાહવાળાઓના હાલોના બયાનો વાંચીને છાતીની પેટી અને દિલની તીજોરીમાં એ અણમોલ દૌલત મળે છે, જે એક મોમિનના બંને જહાનના છૂટકારાની ઘણી મોટી પૂંજી છે અને ખુદાના ખાસ બંદાઓ દુરવેશે બાસફાની ખિદમતથી શું મળે છે ? એ ન પૂછો, બસ આટલી વાત યાદ રાખો કે :–

**તમન્ના દર્દે દિલકી હો તો કર ખિદમત ફકીરોંકી**
**નહીં મિલતા યે ગૌહર બાદશાહોંકે ખઝીનોંમેં**

## ★ કુદરત અને બક્ષિસ ★

હઝરત ઈબ્રાહીમ બિન અદહમ رحمۃ اللہ علیہ એકવાર દરિયામાં હોડી પર સવાર હતા. અચાનક દર્દનાક તોફાન આવ્યું અને મોજાંઓના સપાટાઓથી હોડી ડૂબવા લાગી. હોડી પર સવાર થયેલા તમામ મુસાફરોને પોતાની બર્બાદીનું યકીન થઈ ગયું અને બધા ચોધાર આંસૂંઓએ રડવા લાગ્યા. હઝરત ઈબ્રાહીમ બિન અદહમ ઘણા જ શાંતિ અને ચૈનની સાથે પોતાની ચાદર ઓઢીને સૂઈ ગયા હતા. જ્યારે મુસાફરોની ચીચીયારીઓ અને બૂમોના અવાજ સાંભળીને જાગ્યા તો માત્ર એટલું જ કહ્યું કે, યા અલ્લાહ ! તેં તારી કુદરત તો અમોને દેખાડી આપી હવે પોતાની બખ્શિશ તો દેખાડી દે ? આપના મોંથી આ વાકય નીકળતાં જ એકદમ તોફાન પૂરું થઈ ગયું અને દરિયો બિલકુલ થીજી ગયો. *(મુસ્તતરફ, ભાગ-૨, પેજ-૨૫૧)*

**સારાંશ** : અલ્લાહના આશિકોના પોતાના સાચા મિત્રના કરમ પર નાઝ કરવાના આ દશ્ય જુઓ ! જરા ઈબ્રાહીમ બિન અદહમની દુઆનો

તરીકો તો જુઓ ? અહકમુલ હાકિમીનના દરબારમાં એવી અરજી પેશ કરે છે કે યા અલ્લાહ ! તેં તારી કુદરત તો અમારા લોકોને દેખાડી દીધી, હવે તારી બખ્શિશ પણ તું અમને લોકોને દેખાડી દે ? સુબ્હાનલ્લાહ ! સુબ્હાનલ્લાહ ! અલ્લાહવાળાઓના નાઝો ન્યાઝનું શું કહેવું ? એ ઊંચી મંઝિલની તો આપણે કલ્પના પણ નથી કરી શકતા. આ બાબતને કોઈ સાહિબે હાલે ઝબાને કાલથી આ રીતે અદા કર્યુ છે કે :–

**મૈં જો ચાહૂં તો બના ડાલૂં મુકદ્દર અપના**
**મુઝકો આતે હૈં વો અંદાઝ જબીં સાઈ કે**

## ★ કબ્રમાંથી કફન પાછું આપવું ★

હઝરત ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે એક સાઈલ જે જાહેરમાં ભીખ માંગવાવાળો ફકીર પણ હકીકતમાં ખુદારસીદા બુઝુર્ગ હતો. મસ્જિદમાં આવ્યો અને લોકોથી રોટલીના એક ટુકડાનો સવાલ કર્યો પણ કોઈએ એને રોટલીનો એક ટુકડો ન આપ્યો અને તે ગરીબ ભૂખથી તડપી તડપીને મરી ગયો. જ્યારે મોઅઝ્ઝિને મસ્જિદમાં એને મરેલો જોયો તો લોકોને એની ખબર આપી. દુરવેશની મોતનો હાલ સાંભળીને લોકો ભેગા થયા અને એકબીજા પાસેથી ચંદો કરીને દુરવેશના કફન દફનની વ્યવસ્થા કરી. દુરવેશને દફન કર્યા પછી જ્યારે મોઅઝ્ઝિન મસ્જિદમાં ગયો તો એ જોયું કે જે કફન દુરવેશને આપવામાં આવ્યું હતું એ મસ્જિદના મેહરાબમાં પડેલ છે અને એ કફન પર આ લીટીઓ લખેલ છે કે :–

તમારા લોકોનું આપેલ કફન તમારી પાસે પાછું મોકલવામાં આવે છે, કેમ કે તમે લોકો બદ્તરીન કૌમ છો. તમારાથી દુરવેશે રોટલીનો એક ટુકડો માંગ્યો હતો તે તમે લોકોએ ન આપ્યો, ત્યાં સુધી કે તે ભૂખ્યો મરણ પામ્યો. અમે અમારા દોસ્તોને પોતાના ગૈરને નથી સોંપતા. *(મુસ્તતરફ, ભાગ–૧, પેજ–૧૪૯)*

**સારાંશ** :– આ હિકાયત ઘણી જ હૃદયદ્રાવક અને બોધદાયક છે. આવા ઘણા જ ગોદડીમાં છુપાયેલા લાલ છે જે જાહેરમાં મેલા ઘેલા અને તુચ્છ નજરે પડે છે, પણ તેઓ બારગાહે ઈલાહીમાં મહબૂબિયતની





એવી ઊંચામાં ઊંચી મંઝિલ પર બિરાજમાન હોય છે કે મૌલા તઆલા એમને પોતાની ખાસ નઝદીકીની ઈજ્જત તથા અઝમતનો તાજદાર બનાવી આપે છે અને એમના સીનાઓને નૂરે બાતિનના સફીના બનાવીને એમને એવા અન્વારના ખજાના બનાવી આપે છે કે તેમની એક નજરથી રજકણો સૂર્ય તથા ચંદ્રની જેમ ચમકીલા બની જાય છે. એટલા માટે તબાહહાલ ફકીરોને હરગિઝ હરગિઝ તુચ્છતાની નજરોથી ન જોવા જોઈએ. પરંતુ જો બની શકે તો તેમની કોઈ ખિદમત કરી આપો, નહીં તો ઓછામાં ઓછો એટલો ખ્યાલ રાખો કે તે લોકોનું દિલ દુઃખવા ન પામે. બુઝુર્ગોએ સાચુ કહ્યું છે કે :–

**ગુબાર આલૂદા હૈં લેકિન હિકારતસે ન દેખ ઉનકો**
**કે ઉનકી ઠોકરોંસે સલ્તનત બનતી બિગળતી હૈ**

## ★ જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام એ પાણી પીવડાવ્યું ★

હાફિઝુલ હદીષ અબૂ મુહમ્મદ ખલ્લાલે પોતાની કિતાબ કરામાતુલ ઔલિયામાં નકલ ફર્માવ્યું છે કે હસન બિન સાલેહે ફર્માવ્યું કે મારા ભાઈ અલી બિન સાલેહ મુહદ્દિષે પોતાના વિસાલના સમયે રાતમાં બીમારીના બિસ્તર પર મારી પાસે પાણી માંગ્યું તો હું એ સમયે નમાઝમાં હતો અને મારી સિવાય કોઈ બીજી વ્યકિત મકાનમાં ન હતી. નમાઝ પૂરી કરીને ઉતાવળથી પાણી પેશ કર્યુ. તો એમણે ફર્માવ્યું કે મેં તો હજુ અત્યારે જ પાણી પી લીધું છે ! મેં પૂછયું કે કોણે આપને પાણી પીવડાવી દીધું ? મારા સિવાય તો કોઈ અહીંયા હાજર નથી ! તો એમણે ફર્માવ્યું કે હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام એ તશરીફ લાવીને મને પાણી પીવડાવ્યું છે અને આ ખુશ ખબરી આપી છે કે તમે અને તમારા ભાઈ અને તમારી માતા તે લોકોની સાથે છે જેના પર ખુદાવંદે કુદ્દુસે ઈનામ ફર્માવ્યું છે એટલે અંબિયાઓ, સિદ્દીકીન, શોહદા તથા સાલેહીનની સાથે. એટલું ફર્માવ્યું અને એમની રૂહ પરવાઝ કરી ગઈ. *(શરહુસ્સુદૂર, પેજ–૩૩)*

**સારાંશ** : ખુદાવંદે આલમનો પોતાના ખાસ બંદાઓ પર અગણિત ફઝ્લો કરમ હોય છે. ઘણા જ ખાસાને ખુદાની પાસે ફરિશ્તાઓને

પરવરદિગારે આલમે એમની મદદ અને ખુશ ખબરીના માટે મોકલ્યા છે. અને ફરિશ્તાઓએ ઔલિયા, ઉલમા અને મુજાહિદીનની બેશુમાર મોકાઓ પર જાત જાતની મદદ કરી આપી છે. અને એમાં શંકા નથી કે કામિલ મોમિન અને સાહિબે દિલનો મકામે અઝમત અને મર્તબાની ઊંચાઈ ઘણી જ ઊંચી છે પણ અફસોસ કે ખૂદ મોમિનથી મોમિનનો મકામ છુપો છે. નહીં તો કાએનાતે આલમની દરેક ચીજ મોમિનની ઈજ્જતના મન્સબની યાદ અપાવવાના માટે દરેક સમયે આ ગીત ગાતી રહે છે :–

**હર શય મુસાફિર હર ચીઝ રાહી,**
**કયા ચાંદ તારે કયા મુર્ગો માહી**

**તૂ મર્દે મયદાં તૂ મીરે લશ્કર,**
**નૂરી હુઝૂરી તેરે સિપાહી**

**કુછ કદર તૂને અપની ન જાની,**
**યે બે સવાદી યે કમ નિગાહી**

**દુન્યાએ દૂંકી કબ તક ગુલામી ?**
**યા રાહિબી કર, યા બાદશાહી**

## ★ કફન ચોરની મગફેરત ★

એક કફનચોર જે કબ્રો ખોદીને કફનની ચોરી કર્યા કરતો હતો. એક નેક સ્ત્રીની નમાઝે જનાઝામાં એટલા માટે શરીક થયો કે જેથી તે સ્ત્રીની કબ્ર જોઈ લે. જેથી રાતમાં જ્યારે એ કફનચોર એ સ્ત્રીની કબ્ર ખોદીને કફન ખેંચવા લાગ્યો તો એ નેક બીબીએ ફર્માવ્યું કે સુબ્હાનલ્લાહ ! એક બખ્શાએલ ઈન્સાન એક બખ્શાએલ ઈન્સાનનું કફન ખેંચી રહ્યો છે ! કફનચોરે કહ્યું કે, અય અલ્લાહવાળી ! એ તો હું માનું છું કે તારી બખ્શિશ થઈ ગઈ છે પણ એ તો જણાવ કે મારી બખ્શિશ કેમ કરીને થઈ ?! તો તે નેક ખાતૂને કહ્યું કે, જે લોકોએ મારા જનાઝાની નમાઝ પઢી છે બધાને ખુદાવંદે તઆલાએ બખ્શી દીધા છે અને તું પણ મારી નમાઝે જનાઝામાં સામેલ હતો એટલા માટે યકીનન ! તું પણ બખ્શાયેલ છે. આ સાંભળીને





ચોરના દિલ પર ઈબ્રતની એવી ચોટ લાગી કે એનું હૈયું ભરાઈ આવ્યું અને તે રડી પડયો પછી તેણે કબ્રને બંધ કરીને સાચી તૌબા કરી લીધી. *(શરહુસ્સુદૂર, પેજ–૮૯)*

**સારાંશ** :– ઉમ્મતે રસૂલના સાલેહીનો પર ખુદાવંદે કુદુસના ફઝ્લો કરમનો આ પણ એક મોટો તજલ્લી અફરોઝ જલ્વો છે કે જે મુસલમાન પણ તે મકબૂલાને બારગાહે ઈલાહીથી કોઈ પણ રીતે જોડાઈ જાય છે એ પણ અરહમુર્રરાહિમીનના રહમો કરમનો હક્કદાર થઈ જાય છે. મોટા મોટા ગુનહગારો અને પાપી કયામતના દિવસે માત્ર એટલા માટે બખ્શી દેવામાં આવશે કે તેઓ ઔલિયા અને શોહદા તથા સાલેહીનથી મહોબ્બત કરતા હતા, એમની કોઈ ખિદમત કર્યા કરતા હતા. ત્યાં સુધી કે હદીષ શરીફમાં આવેલ છે કે એક ગુનહગારની કયામતમાં માત્ર એટલી જ વાત પર બખ્શિશ થઈ જશે કે એણે એક વાર કોઈ નેક બંદાને પાણી પીવડાવી આપ્યું હતું ! આ તેજ બાબત છે કે જેને હઝરત શયખ સઅદી رحمۃ اللہ علیہ એ ઘણા જ મહોબ્બત ભર્યા અંદાજમાં બયાન ફર્માવ્યું છે કે;

**(અર્થ)** : મેં એ સાંભળી લીધું છે કે કયામતના દિવસે ઘણા બધા બદ્કારોને ખુદાવંદે કરીમ નેકોકારોના સદકામાં બખ્શી આપશે. સુબ્હાનલ્લાહ ! સુબ્હાનલ્લાહ ! નેક બંદાઓથી સંબંધ બેશક ! મોટી દૌલત છે જેથી દરેક મુસલમાન પર જરૂરી છે કે ખુદાના મહબૂબ બંદાઓથી દીવાનગીભરી મહોબ્બત રાખે અને જેટલા પ્રમાણમાં બની શકે એમની ખિદમત કરી બંને જહાનની ખુશનસીબી પ્રાપ્ત કરે.

## ★ દિલ નરમ કરવાવાળી વઅઝ ★

સુલૈમ બિન મનસૂર ફર્માવે છે કે મેં મારા વાલિદ મનસૂર બિન અમ્મારને ખ્વાબમાં જોઈને એ પૂછયું કે દરબારે ખુદાવંદીમાં આપનો મામલો કેવો રહ્યો ? તો તેમણે ફર્માવ્યું કે મારા રબે મને પોતાનો કુર્બ (નઝદીકી) અતા ફર્માવીને ઈર્શાદ ફર્માવ્યો કે અય બદ્અમલ બુઢ્ઢા ! તને ખબર છે કે મેં તને કેમ બખ્શી દીધો ? મેં કહ્યું કે ના ! અય મારા મઅબૂદ ! તો મારા રબે ઈર્શાદ ફર્માવ્યો કે તેં એક વઅઝની મજલિસમાં પોતાની દિલ

નરમ કરવાવાળી તકરીરથી હાજરજનોને રડાવી દીધા હતા, અને એ વઅઝમાં મારો એક એવો બંદો પણ હતો જે આખી જિંદગી કદી પણ ખૌફે ઈલાહીથી રડયો ન હતો પણ તારી વઅઝ સાંભળીને તે પણ રડવા લાગ્યો હતો. તો મેં તે બંદાની કાકલૂદી રૂદન પર રહમ ફર્માવીને તેને અને તમામ હાજરીને મજલિસને પણ બખ્શી દીધા, એટલા માટે તારી પણ બખ્શિશ થઈ ગઈ. *(શરહુસ્સુદૂર, પેજ-૧૧૮)*

**સારાંશ :-** એમાં કોઈ શંકા નથી કે તે વાએઝીનનો દરજો ઘણો જ ઊંચો અને મહાન અને અઝમતવાળો છે જે પોતાની દિલ નરમ કરવાવાળી અને સબક આપવાવાળી તકરીરોથી ખુદાના બંદાઓના દિલોમાં નરમી પૈદા કરે છે અને ખુદાની બારગાહે અઝમતથી વિખૂટા પડેલા બંદાઓને પોતાની વાએઝોના આકર્ષણથી ખેંચી ખેંચીને દરબારે ઈલાહીમાં લાવે છે. યકીનન ! તે લોકો તે ખુશનસીબ, નસીબવંત જમાઅત છે જેમના વિશે ખુદાવંદે કુદુસનો વાયદો છે કે **ઉલાઈક હુમુલ મુફલિહૂન** "જે લોકો સારી વાતોનો હુકમ આપે અને બુરી વાતોથી રોકે છે તેઓ ભલાઈપામનારા છે."

મૌલા તઆલા આવા નેક વાઈઝોની વાણીમાં એવું આકર્ષણ અને જુસ્સો પૈદા ફર્માવી આપે છે કે એમના મુખેથી નીકળેલ દરેક વાકય હક્ક સાંભળ વાવાળાના કાનોમાં શબ્દ બનીને પહોંચે છે પણ કારામાતી તાસીરનું તીર બનીને એમના દિલના ઊંડાણમાં પ્રવેશી જાય છે અને મોટા મોટા પથ્થર દિલ અને પાષણ હૃદયી ઈન્સાન જઝબાતે તાસીરથી તડપી તડપીને ઝબહ થતી મરઘી જેવા બની જાય છે જેને જોઈને મોટા મોટા નાસ્તિકો અને મુન્કિર પણ અનાયાસે એકાએક બોલી ઉઠે છે કે :-

**સુખનમેં સોઝે ઈલાહી કહાં સે આતા હૈ ?**
**યે ચીઝ વો હૈ કે પથ્થર કો ભી ગુદાઝ કરે**

## ★ ત્રણસો હૂરો ★

હુબૈશ બિન મુબશ્શિરે બયાન ફર્માવ્યું કે ઈમામુલ હદીષ યહયા બિન મઅયનનો મને ખ્વાબમાં દીદાર થયો તો મેં એમને સવાલ કર્યો કે





ખુદાવંદે તઆલાના દરબારમાં એમની હુઝૂરીનો શું અંજામ આવ્યો ? તો તેમણે ફર્માવ્યું કે મારા રબે મને પોતાના ખાસ કુર્બથી નવાઝયો અને મને વારંવાર પોતાની બેશુમાર નેઅમતોથી સરફરાઝ ફર્માવ્યો અને બે વાર પોતાના દીદારથી નસીબવંત કરવાના માટે પોતાના દરબારમાં બોલાવ્યો અને ત્રણસો હૂરો મારા નિકાહમાં આવી. હુબયશ બિન મુબશ્શિર કહે છે કે મેં પૂછયું કે આ બધાં ઈનામો અને ઈજ્જત આપને કઈ ઈબાદતના બદલામાં આપવામાં આવ્યાં ? તો એમણે પોતાની બાંયમાંથી હદીષોના થોડાક પાનાંઓ કાઢીને ફર્માવ્યું કે, આ હદીષોના કારણે. *(શરહુસ્સદૂર, પેજ-૧૨૦) (યહયા બિન મઅયનની વાતચીતનો અમારી કિતાબ ઔલિયાએ રિજાલુલ્હદીષમાં અભ્યાસ કરો.)*

**સારાંશ :-** સુબ્હાનલ્લાહ ! મુહદ્દિષીને કિરામ જેમનો સીનો અહાદીષે નબવિય્યહ્નો સમુદ્ર અને જેમનું દિલ ઉલૂમે નબુવ્વતનો ખજાનો છે એમના મર્તબાઓ બુઝુર્ગી અને મહાન ફઝાઈલોનું શું કહેવું ? બેશક ! આ લોકો અંબિયાઓના વારિષ અને મકબૂલાને બારગાહે મુસ્તફા છે. અને યકીનન આ એ અરબાબે સુફફા છે જઓ દરબારે ખુદામાં મુઝફફરો મન્સૂર અને બંને દુનિયામાં અરહમુર્રરાહિમીન અને ખૈરુલ ગાફિરીનના મરહૂમ તથા મગફૂર છે. હકીકતમાં જે ખૂશનસીબોની છાતીઓમાં ઉલૂમે નબુવ્વતની તજલ્લીઓ ઝગારા મારતી થઈ જાય અને નબુવ્વતની ફાનૂસના રોશન ચિરાગોથી જેનું દિલ પુરનૂર બલ્કે નૂરુન અલા નૂર થઈ જાય એ હકીકતમાં જો ઝબાને કાલથી નહીં તો ઝબાને હાલથી જરૂર વજદની હાલતમાં આવું કહેતા ફરશે કે :-

**અર્શકા હૈ કભી કા'બાકા હૈ ધોકા ઉસ પર**
**કિસકી મંઝિલ હૈ ઈલાહી મેરા કાશાનાએ દિલ ?**

## ★ કફનમાં પક્ષી ★

મશહૂર તાબઈ મુહદ્દિષ મયમૂન બિન મહરાનનું બયાન છે કે હું તાઈફમાં હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہ ના જનાઝામાં હાજર હતો. જ્યારે જનાઝાની નમાઝના માટે લોકો ઊભા થઈ ગયા તો અચાનક એક સફેદ પક્ષી આવ્યું અને એમના કફનની અંદર દાખલ થઈ ગયું.

નમાઝના પછી અમે લોકોએ એમના કફનમાં ઘણું જ શોધ્યું પણ કાંઈ પણ ન મળ્યું. પછી જ્યારે અમે એમને દફન કરી દીધા તો એક એવો અવાજ તમામ હાજરજનોએ સાંભળ્યો કે કોઈ આ આયત પઢી રહ્યું છે **યા ઐયૂહન્નફ્સુલ મુત્મઈન્નતુ ઈર્જિઈ ઈલા રબ્બિક રાદિયતમ્ મર્દિય્યહ્** (અર્થ) :– અય શાંતિ મેળવવાવાળી જાન ! તું પોતાના રબના દરબારમાં એવી રીતે હાજર થઈ જા કે તું ખુદાથી ખુશ છે અને ખુદા તારાથી ખુશ છે. (મુસ્તતરફ, ભાગ–૨, પેજ–૨૮૧)

**સારાંશ :–** આ સફેદ પક્ષી કયાં તો એમના નેક આમાલોનું નૂર હતું જે એમની કબ્ર શરીફમાં ગયું અથવા રહમતે ઈલાહીનો એક સકીના હતો જે આલમે બાલાથી પક્ષીની શકલમાં ઉતરીને એમની મુનવ્વર આંખોમાં સમાઈ ગયું. ખુદાના ખાસ બંદાઓના માટેની આ પ્રકારની બશારતો જોવાવાળાઓના માટે બોધ અને સબકનો સામાન અને ખાસાને ખુદાના માટે ખુદાવંદે કુદુસની રઝામંદી તથા બખ્શિશની નિશાની છે. અને કુદરત તરફથી એ હકીકતનું એલાન છે કે નેક લોકોની હયાત તથા વફાત બંનેવ જ આમ ઈન્સાનોની જિંદગી અને મોતથી શ્રેષ્ઠ અને આ'લા તરીન છે. તેઓ દુનિયામાં રહ્યા તો ઈમાની ઈજ્જત તથા વકારના તાજદાર બનેલા રહ્યા અને જ્યારે દુનિયાથી ગયા તો રહમતે પરવરદિગાર જુદી જુદી રીતે એમના પર પોતાના ફઝ્લ તથા કરમના મોતીઓ નિછાવર કરતી રહી અને એમને પોતાના મહાન ફઝ્લથી નવાઝતી રહી ત્યાં સુધી કે મલાએ આ'લાના મુકદ્દસ ફરિશ્તાઓએ પણ એમના જનાઝાને જોઈને ઝબાને હાલથી પોતાના કુદ્સી (ફરિશ્તામય) લેહજામાં આ ગીત સંભળાવી દીધું કે :–

**યે વો મરહૂમ હૈ જિનકે લિયે ખૂદ રહમતે હક**
**લે કે ઉતરી હૈ હયાતે અબદી કા પૈગામ**

## ★ નજાતનો પરવાનો ★

જલીલુલ કદર મુહદ્દિષ હઝરત રિજાઅ બિન હયવહ્ બયાન ફર્માવે છે કે મશહૂર તાબઈ ખલીફા હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رحمۃ اللہ علیہ એ મૌતની તૈયારીની હાલતમાં મને ફર્માવ્યું કે અય રિજાઅ ! હું




આ સમયે મારી સામે એવા ચેહરાઓ જોઈ રહ્યો છું જે ન ઈન્સાનોના ચહેરાઓ છે ન જિન્નાતોના. પછી આપ જમણે ડાબે પાસુ બદલવા લાગ્યા અને એ દુઆ માંગવા લાગ્યા કે યા અલ્લાહ ! તું મારો રબ છે, તેં મને અમુક વાતોને કરવાનો હુકમ ફર્માવ્યો તો મારાથી એમાં આળસ થઈ અને તેં અમુક વાતોથી મને મના ફર્માવ્યું હતું તો મારાથી તારી નાફર્માની થઈ. હવે જો તું મને બખ્શી દે તો આ તારું એહસાન જ એહસાન છે અને જો તું અઝાબ આપે તો હરગિઝ હરગિઝ તું જાલિમ નથી. યા અલ્લાહ ! તું સાંભળી લે કે હું ગવાહી આપુ છું કે તારા સિવાય કોઈ મઅબૂદ નથી, તું એકલો અને એક છે, તારું કોઈ ભાગીદાર નથી અને હું ગવાહી આપું છું કે હઝરત મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم તારા બંદા અને તારા ફર્માબરદાર રસૂલ અને પસંદ કરેલા નબી છે. એમણે તારા પૈગામને પહોંચાડી દીધો અને અમાનતને અદા ફર્માવી દીધી અને ઉમ્મતની ભલાઈ ફર્માવી. એમના પર મારી તરફથી સલામ તથા રહમત હજો ! આ વાકયોને કહ્યા અને એના પછી તરત જ રૂહ પરવાઝ કરી ગઈ. હઝરત રિજાઅ કહે છે કે પોતાની હયાતમાં મારાથી હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رحمۃ اللہ علیہ ફર્માવ્યા કરતા હતા કે અય રિજાઅ ! તમે મને કબ્રમાં ઉતારીને મારા કફનને ખસેડીને મારો ચેહરો જો જો, જો મારા ચેહરા પર કોઈ ભલાઈનું નિશાન જુઓ તો ખુદાની હમ્દ કરજો અને એનો શુક્ર અદા કરજો. નહીં તો પછી એ સમજી લે જો કે અબ્દુલ અઝીઝનો પુત્ર બર્બાદ થઈ ગયો ! હઝરત રિજાઅ કહે છે કે મેં હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝને એમની કબ્રમાં સૂવડાવીને જ્યારે વસિયતના પ્રમાણે કફન હટાવીને એમનો ચેહરો જોયો તો મને એવું જોવામાં આવ્યું કે એમના ચેહરા પરથી નૂરાની કિરણો ચમકી રહ્યાં છે. અને જેવા અમે એમના દફનથી પરવાર્યા તો એકદમ વરસાદ ચાલુ થઈ ગયો પછી લોકોને એમની કબ્રની પાસેથી એક ચાદર મળી જેના પર નૂરાની લખાણે એ લખેલ હતું કે, (અર્થ) : ઉમર બિન અબ્દુલ અઝીઝના માટે જહન્નમથી અમાન છે. (મુસ્તતરફ, ભાગ–૨, પેજ–૨૮૦ થી પેજ–૨૮૨)

**સારાંશ :–** વિચારો કે ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ જે તાબઈ મુહદ્દિષ અને બની ઉમૈયાના ખલીફાઓમાં સૌથી વધારે આદિલ

(ઈન્સાફ કરવાવાળા) ખલીફા હતા. ખુદાવંદે આલમે એમને કેટલી ખુશખબરીઓથી નવાઝયા. આપનું બયાન મૈં મારી કિતાબ ઔલિયાએ રિજાલુલ હદીષમાં પણ લખલે છે જે અભ્યાસ કરવાને લાયક છે. કેમ ન હોય કે વલ્લાહ ! તે લોકો ઈલ્મો અમલ અને નેકી તથા તકવાના તે ઊંચા ઊંચા પહાડ છે જેની અઝમતોની ઊંચાઈને આસમાનોની ઊંચાઈઓ પણ નમી નમીને સલામ કરે છે. અને આ એ પાકબાઝ તથા પાકદામન મર્દાને ખુદા છે જેના પાક દામનને ફરિશ્તાઓ પોતાનો મુસલ્લો બનાવવાની તમન્નાઓ કરતા રહે છે. બેશક ! આ ખાસાને ખુદાની મૌત એવી વજૂદ આફરીન મૌત છે કે એમના વિશે જાહેરમાં આ ગીત ગાઈ શકો છો કે :-

**લહદમેં ઉનકી વો નૂરી હુઝૂર રહતા હૈ**
**કે વસ્લે હક્કકા અબદ તક સુરૂર રહતા હૈ**

**ફરિશ્તા મૌતકા છૂતા હૈ ગો બદન ઉનકા**
**મગર વજૂદ કે મરકઝસે દૂર રહતા હૈ**

## ★ રસૂલના દીદારનું એક દ્રશ્ય ★

હઝરત અસ્મા બિન્તે ઉમૈસ رضی اللہ عنہا ફર્માવે છે કે હઝરત અલી મુર્તુઝા શેરે ખુદા کرم اللہ تعالیٰ وجہہ الکریم જ્યારે ઈબ્ને મુલજિમ ખબીસની તલવારથી સખત ઝખ્મી થઈને સકરાતની હાલતમાં હતા તો એ સમયે હું ત્યાં હાજર હતી. ઘણી વાર સુધી બેહોશ તથા ગફલતના પછી અચાનક આપ ઝબકયા અને હોશમાં આવી ગયા અને ઊંચા અવાજથી ફર્માવ્યું કે **"મરહબા ! અલ્હમ્દુલિલ્લાહિલ્લઝી સદકના વઅ્દહૂ વ અવ્રષનલ્ અર્દ નતબવ્વઉ મિનલ્ જન્નતિ હૈષુ નશાઅ."** લોકોએ પૂછયું કે અય મૌલા ! આ સમયે આપ શું જોઈ રહ્યા છો ? અને મરહબા કહીને કોને ખૂશ આમદિદ કહી રહ્યા છો ? તો ફર્માવ્યું કે, ''આ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم છે અને આ મારા ભાઈ હઝરત જાફર અને આ મારા કાકા હઝરત હમ્ઝા છે. હું જોઈ રહ્યો છું કે આસમાનોના દરવાજાઓ ખુલેલા છે અને ફરિશ્તાઓની નૂરાની જમાઅત મારી પાસે જન્નતની બશારત લઈને ઉતરી રહી છે. અને આ





હઝરત બીબી ફાતેમહ્ છે અને એમની આજુબાજુ એમની ખિદમત કરવાવાળી હૂરો ઊભેલી છે. અને આ મારા જન્નતી મહેલો નજરોની સામે છે.'' આ બધું ફર્માવ્યું પછી આપની રૂહનું પક્ષી ફિરદૌસે આ'લાના ગુલશનની સૈરના માટે પરવાઝ કરી ગયું. *(મુસ્તતરફ, ભાગ-૨, પેજ-૨૮૨)*

**સારાંશ** :- અલ્લાહુ અકબર ! ફાતેહે ખૈબર હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ના ફઝાઈલ તથા ખૂબીઓના વિશે કઈ કલમમાં એ શકિત છે કે હક્ક પ્રમાણે આપની વિલાયતના કમાલો અને કરામતોના મકામોને લખાણના વર્તુળમાં સમાવી શકે ! હજાર કરામતો આપના કદમો પર નિષાર અને લાખો બશારતો આપના નકશે કદમ પર નિષાર છે. કેમ ન હોય કે આપ નિઃશંક સૈયદુલ ઔલિયાઓ સનદુલ અસ્ફિયા, તમામ ઉમ્મતના મૌલા અને મુશ્કિલ કુશા છે. અને આપના ફઝ્લો કમાલ તથા વિલાયતના વિશે તમામ ઉમ્મતના ઔલિયાનો આ ઈમાની નારો છે કે :-

**અલ્લાહ અલ્લાહ શહે હૈદરકે ફઝાઈલ કયા ખૂબ**
**ઉનકે અફઝાલો મનાકિબકા હૈ કુર્આન ગવાહ**

## ★ સિંહનો કાન પકડવાવાળા ★

સુવિખ્યાત મુહદ્દિષ હઝરત સુફયાન ષૌરી અને શયબાન રાઈ رضی اللہ تعالیٰ عنہما બંને એક સાથે હજજના માટે જઈ રહ્યા હતા. એક સાંકડા રસ્તામાં લોકોએ જોયું કે એક સિંહ રસ્તો રોકીને ઊભો છે. હઝરત સુફયાન ષૌરી એ હઝરત શયબાન રાઈથી ફર્માવ્યું કે હવે શું થશે ? શયબાન રાઈએ ફર્માવ્યું કે ડરવાની કોઈ વાત નથી. આમ કહીને બેધડક આપ આગળ વધ્યા અને સિંહને કાન પકડીને જોર જોરથી મારવાનું શરૂ કરી દીધું અને સિંહ માથું નમાવી ઊભો રહી પૂંછડી હલાવતો રહ્યો. જ્યારે ઘણી જ વાર સુધી આ નવાઈજનક તમાશો થતો રહ્યો તો હઝરત સુફયાને ફર્માવ્યું કે શયબાન રાઈ ! હવે બસ કરો ! આ શું ખ્યાતિનો ઢંઢેરો કરી રહ્યા છો ? શયબાન રાઈએ એ સાંભળીને ફર્માવ્યું કે અય સૂફયાન ! જો મને ખ્યાતિનો ડર ન હોત તો હું મારો માલ સામાન આ સિંહની પીઠ પર મૂકીને મક્કા મુકર્રમા સુધી લઈ જાત. *(રૂહુલ બયાન, ભાગ-૨, પેજ-૩૦)*

**સારાંશ :–** સુબ્હાનલ્લાહ ! ઔલિયા અલ્લાહના તસર્રુફાત તથા કરામાત અને એમની ખુદાદાદ રૂહાની તાકાતોનો કોણ અંદાજો કરી શકે છે ? તે નુફૂસે કુદસિયહ્ પોતાની જાતની અઝમતોની સાથે જ્યારે અહકમુલ હાકિમીનના દરબારે આલીમાં પૂરી આજીજી અને નમ્રતાની સાથે નમીને માથુ સજદામાં રાખી નમી ગયા તો ખાલિકે કાએનાતે એમનાં માથાંઓ પર હુકૂમતની સર બુલંદીનો એવો તાજ મૂકી દીધો કે માનવ, જિન, પથ્થર, વનસ્પતિ, પશુ, પક્ષીઓ, જાનવરો બધાં એમનાં ફર્માન હેઠળ થઈ ગયાં. બિલકુલ સાચુ ફર્માવ્યું બુલબુલે શીરાઝ જનાબ સઅદીએ :–

**(અર્થ)** : અય મોમિન ! તું ખુદાના હુકમથી ગરદન ન ફેરવ તો તારા હુકમથી દુનિયાની કોઈ ચીજ પણ ગરદન નહીં ફેરવે. હદીષ શરીફમાં છે કે જે ખુદાનો થઈ જાય છે ખુદા એનો થઈ જાય છે. સુબ્હાનલ્લાહ ! ખુદા જેનો થઈ ગયો ભલા પછી આખી ખુદાઈ કેમ ન એની થઈ જશે ?

મુસલમાનો ! આજ એ અલ્લાહવાળા હતા જે ખાનકાહોમાં જવની રોટલીનો એક ટુકડો ખાઈને કમ્બલોમાં લપેટાયેલ રહીને પોતાની ચટાઈઓ પર બેસીને કાએનાતે આલમના દિલો પર પોતાની હુકૂમત તથા બાદશાહીનો સિક્કો જમાવેલો રાખતા હતા અને પોતાની નિગાહોની ગરદિશથી દુનિયાથી વ્યવસ્થાને ખેદાન મેદાન કરી આપ્યા કરતા હતા. અને એમની રૂહાની તાકતોની ધાકથી મોટા મોટા દબદબાવાળા તખ્તનશીન બાદશાહ કાંપીને આ હકીકતનું જાહેરમાં એલાન કરવા પર મજબૂર થતા હતા :–

**ગૌ તાજ શહનશાહી મેં તાકત હૈ ખતર ભી**
**અલ્લાહકી તલવાર હૈ મોમિન કી નઝર ભી**

પણ અફસોસ ! કે આજે તે બુઝુર્ગોની ખાનકાહોમાં મોટા ભાગે એવા લોકો બેઠેલા છે જેઓ મારી મચડીને પોતાની કરામતો આકસ્મિક મામૂલી વાતોને ઠરાવી તેની પોતે જ જાહેરાત કરે છે અથવા મુરીદો પાસે કરાવે છે !? દુનિયાની ભોળી અવામને પ્રતિ પોતાના આકર્ષવા નર્યા ઢોંગના ડ્રામા રચાય છે ! જેને જોઈને ડોકટર ઈકબાલ એવું કહી આપવા પર મજબૂર થયા કે :–





**થા જહાં મદ્રસાએ શીરીં વ શાહનશાહી,**
**આજ ઉન ખાનકાહોંમેં હૈ ફકત રૂબાહી**
**નઝર આયી ન મુઝે કાફલા સાલારોંમેં**
**વો શબાની કે હૈ તમહીદ કલીમુલ્લાહી**

## ★ એક મુહદ્દિષનો જનાઝો ★

મુહદ્દિષ ઈબ્ને અસાકિર નકલ કરે છે કે હમ્સના એક શયખનું બયાન છે કે હું એવું વિચારીને કે સવાર થઈ ગઈ જેથી મસ્જિદમાં ચાલ્યો ગયો પરંતુ ત્યાં પહોંચીને મને ખબર પડી કે હજુ ઘણી બધી રાત બાકી છે. જ્યારે કુબ્બાની નીચે પહોંચ્યો તો મેં મસ્જિદની જમીન પર થોડાક સવારીઓને જોયા કે એક બીજાથી મુલાકાત અને વાતચીત કરી રહ્યા છે. વાતચીત દરમિયાન સવારીઓને લોકોએ પૂછયું કે તમે લોકો કયાંથી આવી રહ્યા છો ? તો થોડાક સવારીઓએ જવાબ આપ્યો કે શું તમે લોકો અમારી સાથે ન હતા ? શું તમને ખબર નથી ? કે ખાલિદ બિન મઅદાન મુહદ્દિષનો વિસાલ થઈ ગયો અને અમે લોકો એમના જનાઝેથી આવી રહ્યા છીએ. તો તે લોકોએ કહ્યું, અફસોસ ! શું ખાલિદ બિન મઅદાન વફાત પામ્યા ? અમને લોકોને તો એની જાણ જ નથી થઈ ! શયખ હમ્સ કહે છે કે હું તે સવારીઓની વાતચીત સાંભળતો રહ્યો ત્યાં સુધી કે સવારે મેં આ આખો બનાવ મારા મિત્રોને બયાન કર્યો તો તે લોકો દંગ રહી ગયા અને દરેકે દરેકને હઝરત ખાલિદ બિન મઅદાનની વફાતની ખબરથી ઘણી જ નવાઈ લાગી. કેમ કે આ શહેરમાં કોઈ ન જાણતું હતું પરંતુ જ્યારે બપોરે શાહી ટપાલ આવી તો હુકૂમતની તરફથી આ એલાન થવા લાગ્યું કે ખાલિદ બિન મઅદાન મુહદ્દિષનો વિસાલ થઈ ગયો. *(શરહુસ્સુદૂર, પેજ–૬૦)*

**સારાંશ :–** ખાલિદ બિન મઅદાનના જનાઝામાં જે ગયબી સવાર હાજર થઈને એમની નમાઝે જનાઝા અને દફનની ખુશનસીબીથી સરફરાઝ થયા હતા તે લોકો કયાં તો રિજાલુલ ગયબ (ગયબી લોકો) હતા અથવા જિન્નાતોની જમાઅત હતી અથવા સૈર કરનાર ફરિશ્તા હતા.

સારાંશ કે આ વાતથી આપણને જાણવા મળે છે કે ઉલમાએ

હક્કના જનાઝામાં કેવળ માણસોની જ ભીડ નથી હોતી બલ્કે જિન, રિજાલુલ ગૈબ, સાલેહ લોકોની રૂહો અને ફરિશ્તાઓ પણ તેમની જનાઝાની નમાઝમાં દૂર દૂરથી આવીને શરીક થવાને પોતાનું સદ્‌ભાગ્ય સમજે છે. કેમ ન સમજે ! જ્યારે કે એક આલિમે રબ્બાનીની શાન ઘણી જ ઉચ્ચતર છે. હદીષ શરીફમાં આવ્યું છે કે એક આલિમના માટે જિન તથા ઈન્સાન અને તમામ મખ્લૂક એટલે સુધી કે કીડીઓ તેમનાં દરોમાં અને માછલીઓ નદીઓના ઊંડાણોમાં મગફિરતની દુઆ કરતી રહે છે. જ્યારે ઉલમાએ હક્કના માટે આવી પૃથ્વીભરમાં મકબૂલિયતની બશારત આવી છે તો તેમના જનાઝાઓ પર જિન્નો તથા ફરિશ્તાઓનાં આગમનમાં આશ્ચર્ય શું છે ? ઉલમાએ હક્ક ઈલ્મે નબુવ્વતના મુદર્રિસ તથા મુબલ્લિગ છે. ખુદાવંદે કુદુસે તેમને ઈસ્લામી શરીઅતના અમીન પૈગંબરોના જાનશીન બનાવ્યા છે. તેમનું પાક પવિત્ર અસ્તિત્વ આલમે કાયનાતના માટે રહમતે ઈલાહીનો સામાન અને તેમનું દુનિયાથી ઉઠી જવું દુનિયાવાળાઓ માટે ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન અને કમનસીબીનો સબબ છે. પણ આ સર્વ બશારતો તે જ ઉલમાએ રબ્બાનીના માટે છે જેમનાં હૃદયો ઈલ્મે નબુવ્વતની રોશનીથી મુનવ્વર છે અને તે દરેક હાલમાં હક્કને ઓળખનાર, હક્કને કહેનાર અને હક્ક પરસ્ત છે અને પોતાના ઈલ્મો અમલના અન્વાર થકી ઉમ્મતે રસૂલનાં સીનાંઓને ઝગમગાવતા રહે છે. પણ અફસોસ ! સદ્ અફસોસ ! કે આજકાલ દુનિયા તે મઆરિફ તથા આમાલના હક્કનુમા રોશન મિનારાઓથી રોજ બરોજ ખાલી થતી જઈ રહી છે અને વર્તમાનકાળની ખાનકાહોની જેમ હાલના સમયના મદ્રસા તથા મકતબો પણ નબુવ્વતના ઈલ્મોની રૂહથી લગભગ તદ્દન જ ખાલી જોવા મળે છે. ટોળે ટોળાં વર્ષે દસ્તારબંદ થઈને મોલ્વીઓની જમાઅત ઈસ્લામી મદ્રસાઓએથી નીકળે છે, પણ તેમાં એક પણ એવો જોવા નથી મળતો જેના ઈલ્મો મઆરિફ અને અમલ તથા કિરદારમાં હસન બસરી, ઈમામ ગિઝાલી, આરિફ રૂમીની અદાઓની ઝલક જોવા મળે ! વારંવાર નજરો ચોતરફ ભટકતી રહે છે પણ એવા પાકબાઝ અને પાક બાતિન ઉલમાએ હક્કના દીદારથી વંચિત રહે છે, અને છેવટે નાકામ અને નામુરાદ થઈને અતિશય અફસોસ સાથે આવો શિકાયતભર્યો સવાલ કરતી રહે છે કે;





**ખાનકાહોંમેં કહીં લઝ્ઝતે અસ્રાર ભી હે ?**
**મંઝિલે રાહ રવાં દૂર ભી હે દુશ્વાર ભી હે,**
**કોઈ ઈસ કાફલામેં કાફલા સાલાર ભી હે ?**
**બળ્હકે ખૈબરસે હે યે મા'રકાએ દીનો વતન,**
**ઈસ ઝમાનેમેં કોઈ હૈદરે કર્રાર ભી હે ?**

## ★ તાખલામાં દિરહમ ★

મૈમૂન કુર્દી ફર્માવે છે કે, મેં ઉરવા ઈબ્ને બઝ્ઝાર رحمۃ اللہ علیہ ને તેમની વફાત પછી ખ્વાબમાં જોયા તો તેમણે મને કહ્યું, "અય મૈમૂન ! ફલાણા પખાલીનો મારા માથે એક દિરહમ બાકી છે, અને મારા મકાનના ફલાણા ફલાણા તાખલામાં એક દિરહમ રાખેલો છે, તો તમે તે દિરહમ તે પખાલીને આપી દો." મૈમૂન કુર્દીનું બયાન છે કે જ્યારે સવારે હું ઉઠયો તો મેં તે પખાલીને પૂછયું કે શું ઉરવા ઈબ્ને બઝ્ઝારનું કોઈ લેણુ નીકળે છે ? તો તેણે કહ્યું કે, જી હા ! એક દિરહમ તેમના માથે છે. પછી હું તેમના મકાનમાં ગયો અને તાખલામાં ખરેખર એક દિરહમ પડેલો જોયો તે મેં પખાલીને આપી દીધો. સુબ્હાનલ્લાહ ! *(શરહુસ્સુદૂર, પેજ-૧૧૮)*

**ઝિંદા જાવીદ હે અલ્લાહવાલોંકા ગિરોહ**
**ઉમ્મતે મર્હૂમા સો સકતી હે મર સકતી નહીં**

## ★ એક મુતવક્કિલની કરામત ★

હઝરત હાતિમ અસમ رحمۃ اللہ علیہ મહાન આબિદ તથા મુત્તકી આલિમે દીન હતા. બચરવાળ અને અતિશય મુફલિસ હતા પણ જે મળે તેમાં રાજી રહેવામાં (કનાઅત) અને તવક્કુલમાં અજોડ હતા. "અસમ"નો અર્થ "બહેરો" થાય છે પણ હકીકતમાં તે બહેરા ન હતા. પણ આ લકબ સાથે એટલા કારણે મશહૂર થયા કે એક દિવસે એક સ્ત્રી તેમને મસ્અલો પૂછવા માટે આવી. સંજોગોવસાત મસ્અલો પૂછતી વેળા સ્ત્રીની હવા જોરથી ખારિજ થઈ ગઈ, અને તે બીચારી શરમની માર્યી પાણી પાણી થઈ ગઈ

અને શરમનો માર્યો ચહેરો લાલ થઈ ગયો. આપે તેની શર્મિંદગી દૂર કરવાના માટે ફર્માવ્યું કે તમે કોણ છો ? ખૂબ જોરથી ચિલ્લાઈને મને પૂછો કેમ કે હું "અસમ" છું ! એટલે અન્ય લોકો કરતાં કાંઈ ઓછું સાંભળું છું. આ સાંભળતાં સ્ત્રીની શર્મિંદગી દૂર થઈ ગઈ. તે દિવસથી આપનો એ લકબ મશહૂર થઈ ગયો.

આપે એક દિવસે હજ્જનો ઈરાદો કર્યો તો બીવી બચ્ચાં તથા સૌ પડોશીઓએ મના કર્યું કે ઘરવાળાઓને ફાકાની હાલતમાં છોડીને હજ્જના માટે જવું મુનાસિબ નથી. પરંતું આપની નાની પુત્રીએ કહ્યું કે શા માટે તમે બધાં તેમને એક નેકીથી રોકો છો ? એ બાપ જ તો છે ! આપણો રઝ્ઝાક તો નથી ! રોજી આપનારો તો ખુદા છે. જેથી તે બાળકીની વાત સાંભળીને સૌએ આપને હજ્જમાં જવાની રજા આપી દીધી, અને આપ તુરત જ રવાના થઈ ગયા. આ ખબર આખા શહેરમાં ફેલાઈ ગઈ કે હાતિમ અસમ બીવી બચ્ચાંને ખર્ચ આપ્યા વિના તથા સફરનો ખર્ચ કે ભાથુ લીધા વિના હજ્જમાં જવા રવાના થઈ ગયા છે. પડોશીઓએ તેમનાં ઘરવાળાઓને, ખાસ તો તેમની નાની પુત્રીને ખૂબ જ ભલુ બુરું કહ્યું કે શા માટે આવી હાલતમાં તમે તેમને જવા દીધા ?

સંજોગોવસાત શહેરનો એક અમીર જે શિકારના માટે નીકળ્યો તે પોતાના લશ્કરથી છૂટો પડી જતાં પોતાના કેટલાક સાથીઓની સાથે તે ગામમાં હાતિમ અસમના દરવાજે આવી પહોંચ્યો અને દરવાજો ખટખટાવ્યો. અંદરથી હાતિમ અસમની પત્નીએ પૂછયું, તમે કોણ છો ? તો જવાબ આપ્યો કે, હું શહેરનો અમીર છું, તમે મને પાણી પીવડાવો ? હાતિમ અસમની બીવીએ આસ્માન પ્રતિ સર ઉઠાવ્યું અને બોલી, ઈલાહી ! તારી શાનનું શું કહેવું ? રાતભર તો અમે ભૂખ્યાં રહ્યાં અને દિવસે અમારા દરવાજા પર શહેરનો હાકિમ ઊભો રહીને પાણીનો સવાલ કરી રહ્યો છે ?! તેણીએ એક નવો માટીનો પ્યાલો ભરીને પેશ કર્યો, અને એ લાચારી દર્શાવી કે અમારી પાસે આથી વિશેષ સારું કોઈ વાસણ નથી ! શહેરના હાકિમને પાણી ખૂબ ભાવ્યું. તેણે કહ્યું કે શું આ કોઈ રઈસનું ઘર છે ? સાથીઓએ જણાવ્યું કે નહીં, આ એક આલિમે દીનનું મકાન છે જેમનું નામ હાતિમ





અસમ છે. શહેરના હાકિમે કહ્યું કે કદાચ આ તે જ હાતિમ અસમનું ઘર તો નથી જેમના બારામાં મશહૂર છે કે તે મુફલિસી હોવા છતાં હજ્જ માટે ચાલ્યા ગયા ? સાથીઓએ કહ્યું કે, જી હા ! આ સાંભળતાં શહેરના હાકિમે કહ્યું, એ જવાંમર્દીની વાત નથી કે મારા જેવો દૌલતમંદ એમના જેવા ગરીબો ઉપર બોજ બને. શહેરના હાકિમે તરત જ તેનો કમરપટ્ટો ખોલ્યો અને મકાનની અંદર ફેંકી દીધો, પછી તેના સાથીઓએ પણ એક પછી એક પોત પોતાનો પટ્ટો ખોલીને ઘરમાં નાખી દીધો અને કહ્યું કે, હે ઘરવાળાઓ ! આ સર્વ પટ્ટા તમને આપ્યા અને ઘણા જ જલ્દી અમે એની કિંમત તમને મોકલીને આ પટ્ટા તમારી પાસેથી ખરીદી લઈશું જેથી શહેરના હાકિમે પોતાના ગર્વનમેન્ટ હાઉસમાં પહોંચીને એક મોટી રકમ મોકલી અને તે પટ્ટાઓને ખરીદી લીધા. આ રીતે હાતિમ અસમના ઘરવાળાઓ દૌલતથી માલામાલ થઈ ગયા.

પેલી બાજુ હાતિમ અસમનો એ હાલ થયો કે આપ જે કાફલાની સાથે સફર કરી રહ્યા હતા તો સંજોગોવસાત તે કાફલાનો અમીર બીમાર થઈ ગયો. લોકોએ કોઈ તબીબની તલાશ કરી પણ કોઈ ઈલાજ કરવાવાળો મળ્યો નહીં. કાફલાના અમીરે હુકમ આપ્યો કે જો કાફલામાં કોઈ નેક માણસ હોય તો એને બોલાવો કદાચ ! એની દુઆથી મને સારું થઈ જાય. લોકોએ હાતિમ અસમને બોલાવ્યા અને આપે કાફલાના અમીર માટે દુઆ કરી તો તે તરત જ તંદુરસ્ત થઈ ગયો. કાફલાના અમીરે ખુશ થઈને હાતિમ અસમના માટે સવારી અને ખાવાપીવા તથા સફરના ખર્ચાનો સામાન કરી આપ્યો. હાતિમ અસમને તે રાત્રે બીબી બચ્ચાની ફિકર થવા લાગી કે, અલ્લાહ તઆલાએ મારા માટે તો ગૈબથી સઘળો સામાન કરી આપ્યો પણ મારા બાળકોનો શું હાલ હશે ? તે એ ફિકરમાં સૂઈ ગયા તો ખ્વાબમાં જોયું કે કોઈ કહી રહ્યું છે કે, **અય હાતિમ અસમ ! જે પોતાનો મામલો અમારી સાથે સારો રાખે છે અમે પણ અમારો મામલો એની સાથે સારો રાખીએ છીએ.** તમે બીબી બચ્ચાંઓની ફિકર ન કરો કેમ કે તમારાથી પહેલાં તેમની વ્યવસ્થા થઈ ચૂકી છે. હાતિમ અસમે ખુદાનો શુક્ર અદા કર્યો અને જ્યારે હજ્જથી પાછા આવ્યા તો પોતાની

નાની પુત્રીને ગળે લગાડીને કહ્યું કે અલ્લાહ તઆલા મોટી ઉંમર જોઈને ઈનાયતની નજર નથી કરતો બલ્કે જેની મઅરેફત મોટી હોય એના પર ઈનાયતની નજર ફર્માવે છે, ભલે તેની ઉંમર નાની કેમ ન હોય ! *(મુસ્તતરફ, ભાગ-૧, પેજ-૬૪)*

**સારાંશ :-** એમાં કોઈ શક નથી કે **મો'મિનની સૌથી કામયાબ તદબીર અને મોમિનનું સૌથી વિશેષ તાકતવર હથિયાર ખુદા પર તવક્કુલ છે.** મૌલા તઆલાનો ઈર્શાદ છે; **વમંય્ યતવક્કલ્ અલલ્લાહિ ફહુવ હસ્બુહુ,** એટલે "જે શખ્સ અલ્લાહ તઆલા પર તવક્કુલ કરે છે અલ્લાહ તઆલા તેના માટે કાફી છે." અને કુર્આન મજીદમાં વારંવાર પરવરદિગારે આલમે તવક્કુલ કરવાવાળા બંદાઓની પ્રશંસા પણ કરી છે. જેમ કે ઈર્શાદ છે : **ઈન્નલ્લાહ યુહિબ્બુલ્ મુતવક્કિલીન,** એટલે કે "અલ્લાહ તઆલા તવક્કુલ કરનારાઓને દોસ્ત રાખે છે." એ જ પ્રમાણે બીજી આયતો અને હદીષમાં પણ "મુતવક્કિલીન"ના ફઝાઈલ તથા મનાકિબ (પ્રશંસા)નું પુષ્કળ પ્રમાણમાં બયાન છે.

"તવક્કુલ" નો અર્થ છે ખુદા પર ભરોસો રાખવો એટલે કે રંજ તથા રાહત, નેઅમત તથા મુસીબત, ફકીરી તથા અમીરી, તંદુરસ્તી તથા બીમારી, ઈઝ્ઝત તથા ઝિલ્લત સારાંશ કે **દરેક હાલતમાં મોમિન એ ભરોસો તથા વિ□ાસ રાખે છે કે તે જ થઈને રહેશે જે કાંઈ ખુદાવંદે કુદ્દસ ચાહશે.** હું તથા આખી દુનિયા લાખ તદબીરો કરી કાઢે પણ મારા મૌલાની મરજી વિના એક રજકણ પણ નથી ખસી શકતું. અને સાથોસાથ એ પણ મજબૂત યકીન રાખે કે મારો રબ મારી સાથે જે કાંઈ પણ કરે છે અથવા કરશે યકીનન ! તેમાં બેહતરી અને ભલાઈ હશે.

જ્યારે તવક્કુલનો અર્થ એ છે કે "દરેક હાલતમાં અલ્લાહ પર ભરોસો રાખવો" તો યાદ રાખો કે જેવી રીતે તૂટેલી ચટાઈ પર બેસીને એક ફકીર ખુદા પર તવક્કુલની ફઝીલત હાંસલ કરી શકે છે. જાહેર છે, કે જો એક શહેનશાહ તમામ ઝરિયાઓ તથા સબબો અને દરેક પ્રકારની નેઅમત તથા દૌલતનો માલિક હોવા છતાં પોતાના દિલમાં એવો એતેકાદ રાખે કે આ સર્વ નેઅમતો, તમામ દૌલતો સર્વ તાકતો તે જ સમયે મારા કામ આવી





શકે છે જ્યારે મારો મૌલા ચાહશે, તે ચીજો પર રજ માત્ર વિ□ાસ તથા ભરોસો ન રાખે તો યકીનન તે શહેનશાહ હોવા છતાં "મુતવક્કિલ" છે. અને જો કોઈ ફકીર તંગદસ્ત જેની પાસે કાંઈપણ ન હોય પણ તેનો ભરોસો ખુદા પર નથી બલ્કે તે એવું યકીન તથા વિ□ાસ રાખે છે કે જ્યારે મને ભૂખ લાગશે તો હું દસ ઘરોમાં ચક્કર લગાડીને અને ભીખ માંગીને જરૂર હું મારું પેટ ભરી લઈશ. એનું યકીન તથા ધ્યાન એ તરફ નથી કે ભીખ માંગવા છતાં પણ મને રોટી તે જ વખતે મળશે જ્યારે ખુદા મને રોટી આપશે, તો યકીનન આ શખ્સ મિસ્કીન તથા ભિખારી હોવા છતાં "મુતવક્કિલ" નથી થઈ શકતો ! પરંતુ હા ! અહીં એક ઘણો મહત્વનો મુદ્દો ધ્યાનમાં રાખો કે આ જમાનામાં કેટલાક ફકીરી તથા દરવેશીનો દાવો કરનારા પીરોએ પોતાના અમલ તથા કિરદાર વડે તવક્કુલની એક એવી ગલત તસ્વીર દુનિયા સમક્ષ રજુ કરી દીધી છે કે જે "તવક્કુલ"ના અર્થની વિરુધ્ધ છે. **આ દૌરમાં અમુક લોકોએ તવક્કુલનો એ મતલબ સમજ્યો છે કે કોઈ કામ ધંધો અને કોઈ કમાઈ ન કરે અને દિવસ રાત હાથ પર હાથ રાખીને બેસી રહે અને મફતની રોટીઓ ખાતો રહે, એનું નામ તવક્કુલ !** જ્યારે કે આ તવક્કુલ વિશે એટલો ગલત ખયાલ છે જે કુર્આન તથા હદીષની તાલીમથી તદ્દન જ વિરુધ્ધ ખયાલ છે, કેમ કે ખુદાવંદે આલમ અને તેના પ્યારા હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم એ મોમિનોને હલાલ રોજીની તલબના માટે જદ્દોજેહદ અને હલાલ રોજી કમાવાની વારંવાર તાકીદ ફર્માવી છે, જેથી યાદ રાખો કે તવક્કુલના માટે એ જરૂરી છે કે અમલ, જદ્દોજેહદ, પોતાની શકિત મુજબ પૂરેપૂરી કોશિશ કરી લીધા પછી ખુદા પર તવક્કુલ રાખવો જોઈએ. હદીષ શરીફમાં આવ્યું છે કે એક સહાબીએ દરબારે રસૂલમાં અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم હું ઊંટના પગમાં રસ્સી રાખીને તવક્કુલ કરું કે ઊંટને છૂટ્ટુ મૂકીને તવક્કુલ કરું કે ખુદા તેની હિફાઝત ફર્માવશે ? તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું એને જરા ધ્યાનપૂર્વક વાંચો :-

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એ સવાલ કરવાવાળાને મોટા અવાજે કહ્યું, "પહેલાં તમે ઊંટના પગમાં રસ્સી બાંધી લો અને તમારી શકિત મુજબ તેની હિફાઝતની કોશિશ કરી લો. ત્યાર પછી ખુદા પર તવક્કુલ અને

ભરોસો કરો કે હિફાઝત કરનારો તો તે જ છે, અને તેની હિફાઝત વિના આપણી હિફાઝત કોઈ કામની નથી રહી શકતી.''

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો આ જવાબ સૂચવી રહ્યો છે કે **ખુદા પર ભરોસો તથા ''તવક્કુલ'' કરવાનો મૂળ મતલબ એ જ છે કે બંદો પોતે પૂરેપૂરી મહેનત કોશિશ કરે ત્યાર પછી ખુદા પર તવક્કુલ કરે.** આળસ તથા સુસ્તીની સાથે બેઅમલ (નિષ્ક્રિય) બનીને હાથ પર હાથ રાખીને બેસી રહે અને પછી એવું કહે કે મેં તો અલ્લાહ પર તવક્કુલ કરી લીધો છે ! એ તવક્કુલના મતલબની મઝાક ઉડાડવું છે અને કુર્આન તથા હદીષના ખરા ભાવાર્થને બગાડવા સમાન છે. તૌબા ! નઊઝુબિલ્લાહિ મિન્હૂ ! જેથી ખૂબ સારી પેઠે સમજી લો કે બંદો પોતાની પૂરેપૂરી કોશિશો, મહેનત પૂર્ણ કરી લે પછી ખુદા પર ભરોસો રાખે એ જ તવક્કુલનો ખરો ભાવાર્થ છે. જે નિઃશંક મુસલમાનના માટે ખૂબ જ મહાન ફતહ તથા કામયાબી તેમજ ભલાઈ તથા સફળતાનો સામાન છે. હઝરત મૌલાના રૂમી رحمۃ اللہ علیہ એ કેટલા સ્પષ્ટ અંદાજમાં આ બાબતે ઈર્શાદ ફર્માવ્યો કે;

**(અર્થ)** : જો તમે તવક્કુલ કરો છો તો બે કામ કરો, પ્રથમ કામ તો એ છે કે પોતાનું કામ પૂરું કરી લો. પછી બીજુ કામ એ છે કે પોતાનું કામ પૂર્ણ કર્યા બાદ ભરોસો હઝરત જબ્બાર પર રાખો જે આખા જગતનો પરવરદિગાર છે અને સૌનાં કામો બનાવનાર છે.

પણ અફસોસ ! કે આ દૌરના કેટલાક કહેવાતા મોલ્વીઓ અને સૂફીઓનો એ હાલ થઈ ગયો છે કે;

**ખૂદ બદલતે નહીં કુર્આંકો બદલ દેતે હૈં**
**હુએ કિસ દરજા ફકીહાને હરમ બેતૌફીક**

## ★ અમર જીવન ★

હઝરત અબૂબક્ર ઈબ્ને ખૈયાત رحمۃ اللہ علیہ થી નકલ થયેલ છે. તેમણે બયાન ફર્માવ્યું કે મેં એકવાર ખ્વાબમાં એ જોયું કે જાણે હું કબ્રસ્તાનમાં દાખલ થયેલો છું અને તમામ મુડદાં પોતપોતાની કબ્રો પર બેઠેલાં છે અને





તે લોકો સામે ફૂલ રાખવામાં આવેલાં છે. એટલામાં અચાનક મારી નજર ઉઠી તો મેં જોયું કે હઝરત મઅરૂફ કર્ખી رحمۃ اللہ علیہ પણ તે મુડદાંઓની વચ્ચે ટહેલી રહ્યા છે. મેં તેમને ઓળખીને તેમને પૂછયું કે, હે અબૂ મહફૂઝ ! અલ્લાહ તઆલાએ તમારી સાથે કેવો વહેવાર કર્યો ? તમારી તો વફાત થઈ ચૂકી છે ? તો આપે ફર્માવ્યું કે એમાં શું શક કે મારો ઈન્તેકાલ થઈ ચૂકયો છે, પરંતું શું તમે આ શેઅર નથી સાંભળ્યો ? પછી તેમણે આ શેઅર કહ્યો :–

(અર્થ) : ''મુત્તકી (ખુદાથી ડરનાર)ની મૌત એવી જિંદગી છે જે કદાપી ખત્મ થનાર નથી. એક કૌમ એવી છે કે મૃત્યુ બાદ પણ લોકોમાં જીવંત છે.''

હઝરત મઅરૂફ કર્ખી رحمۃ اللہ علیہ ઘણા જ મશહૂર બુઝર્ગ છે અને ઈલ્મ તથા અમલના લેહાઝથી પોતાના દૌરની અજોડ હસ્તી છે. ખૂબ જ મુસ્તજાબુદ્ દઅવાત અને કરામતવાળા બુઝુર્ગ છે અને ઝોહદ તથા ત્યાગમાં એમનો જોટો નથી જડતો. આપે આપની મૃત્યુ શૈયાએ એ વસીયત કરી હતી કે જ્યારે મારો ઈન્તેકાલ થઈ જાય તો તમે લોકો મારા કુર્તાને પણ સદકો કરી આપજો. હું ચાહું છું કે જેવી રીતે હું નગ્ન શરીરે દુનિયામાં આવ્યો હતો એવી જ રીતે નગ્ન શરીરે દુનિયાથી વિદાય લઉં. *(મુસ્તતરફ, ભાગ–૧, પેજ–૧૪૨)*

## ★ એક સખીની કબર ★

કેટલાક અરબ એક સખીની કબરની ઝિયારતના માટે ગયા અને કબરની પાસે જ રાત્રે સૂઈ ગયા. એક જણે રાત્રે એવો ખ્વાબ જોયો કે કબ્રવાળો તેમને કહી રહ્યો છે કે શું તમે તમારું ઊંટ મારી આ ઊંટણીના બદલામાં વેચશો ? તેણે કહી દીધું કે, જી હા ! જેથી સોદો નક્કી થઈ ગયો અને લેણ દેણ સંપૂર્ણ થઈ ગઈ. પછી કબ્રવાળાએ મારા ઊંટને ઝબહ કરી દીધું. આવો ખ્વાબ જોઈને તે શખ્સ ચોંકીને જાગી ઉઠયો તો જોયું કે ખરેખર તેનું ઊંટ ઝબહ કરેલું પડયું છે અને તાજુ લોહી વહી રહ્યું છે. જેથી તે શખ્સે ઉઠીને ઊંટનુ ચામડુ ઉતાર્યું, અને ગોશ્ત પકાવ્યો અને સર્વ સાથીઓએ પેટ

ભરીને ખાધુ. પછી જ્યારે બીજા દિવસે એ કાફલો રવાના થયો તો માર્ગમાં એક ઊંટ સવાર મળ્યો અને તેણે તે ખ્વાબ જોનારનું નામ લઈને બુમ પાડી કે તમારામાં ફલાણાનો પુત્ર ફલાણો કોણ છે ? તો ખ્વાબ જોનારે કહ્યું કે હું છું ! તો તેણે કહ્યું કે, ફલાણી વ્યકિતના હાથે તમે તમારું ઊંટ એક ઊંટણીના બદલામાં વેચ્યું છે ? એ સાંભળીને ખ્વાબ જોનારે પોતાનો પૂરે પૂરો ખ્વાબ વર્ણન કરી આપ્યો. તો ઊંટ સવારે કહ્યું કે, લો ભાઈ ! કબરવાળાની આ તે જ ઊંટણી છે જેના બદલે તેણે તમારાથી ઊંટ ખરીદયું છે, હું તે કબ્રવાળાનો પુત્ર છું. તેમણે મને ખ્વાબમાં એ ફર્માઈશ કરી છે કે મેં ફલાણાના પુત્ર ફલાણાના હાથે ઊંટણી તેના એક ઊંટના બદલામાં વેચી છે અને તે ઊંટને ઝબહ કરીને તેની તથા તેના સાથીઓની દા'વત કરી દીધી છે, જેથી તું જો મારો પુત્ર હોય તો તુરત જ મારી ઊંટણી તે શખ્સને આપી દે. જેથી હું આ ઊંટણી લઈને તમારી શોધમાં નીકળ્યો છું. *(મુસ્તતરફ, ભાગ–૧, પેજ–૧૬૭)*

**સારાંશ** :– ઉપરોકત બંને પ્રસંગો એ બાબતની રોશન દલીલ છે કે નેક લોકો વફાત પછી પણ પોતાની કબરોમાં પણ ખુદાદાદ કરામતી શકિતઓ, જાત જાતના તસર્રુફાત કે જિંદગીમાં અલ્લાહવાળાઓની જે પ્રિય પ્રવૃત્તિ હોય છે તેમાં વફાત પછી પણ મશ્ગૂલ રહેતા હોય છે. જેમ કે આ શખ્સ પોતાની દુનિયવી જિંદગીમાં ઘણો જ સખી તથા મેહમાનનવાઝ હતો જેથી વફાત પછી પણ પોતાની કબ્ર પર આવનારાઓની ખૂબ જ શાનદાર મેહમાન નવાઝી કરી. સાચુ છે કે માણસની પ્રાકૃતિક આદતો રંજ તથા રાહત, ફકીરી તથા અમીરી એટલે સુધી કે મૌત તથા જિંદગીની હાલતમાં પણ નથી બદલાતી. શફીક જોનપૂરી મર્હૂમે શું સરસ કહ્યું છે ?! :–

**ફકીરીમેં કભી અપની શાને સુલ્તાની નહીં જાતી**
**ગુલામી હૈ મગર ખૂએ જહાંબાની નહીં જાતી**

## ★ એક હાજીની દુઆ ★

કાસિમ ઈબ્ને ઉષ્માન જેઓ ઘણા જ ઈલ્મો અમલવાળા બુઝુર્ગ હતા. ફર્માવે છે કે મેં એક શખ્સને બૈતુલ્લાહ શરીફનો તવાફ કરતાં જોયો કે કેવળ એક જ દુઆ પઢતો હતો. હું વારંવાર એ જ દુઆ તેની જીભેથી સાંભળ





તો હતો કે : **અલ્લાહુમ્મ કદૈત હાજતલ્ મુહતાજીન વ હાજતી લમ્ તુક્દ.** એટલે "હે અલ્લાહ ! તેં સૌ મોહતાજોની હાજત પૂરી કરી દીધી અને મારી હાજત નથી પૂરી થઈ." કાસિમ ઈબ્ને ઉષ્માન કહે છે કે મેં તે શખ્સને એવું પૂછયું કે તમે આના સિવાય અન્ય કોઈ દુઆ દરબારે ઈલાહીમાં અર્ઝ નથી કરતા એનું શું કારણ ? તો તેણે જણાવ્યું કે અમે સાત માણસો એકી સાથે જેહાદમાં ગયા અને સૌ કાફિરોના હાથે ગિરફતાર થઈ ગયા. કાફિરોએ અમને સાતેવને મેદાનમાં લઈ જઈને કત્લ કરવાનો ઈરાદો કર્યો. મેં આસ્માનની તરફ નજર ઉઠાવીને જોયું તો મને એવું જોવા મળ્યું કે આસ્માનમાં સાત દરવાજા ખુલેલા છે અને દરેક દરવાજા પર હૂર ઉભેલી છે. જેથી જેવો અમારો એક સાથી કાફિરોની તલ્વારથી શહીદ થયો તેવી જ એક હૂર હાથમાં એક રૂમાલ લઈને શહીદની રૂહને લેવા માટે જમીન પર ઉતરી આવી. એ જ પ્રમાણે મારા છ સાથી શહીદ કરવામાં આવ્યા અને સૌની રૂહોને લેવા માટે એક એક હૂર ઉતરતી રહી. જ્યારે મારા કત્લની વારી આવી તો કાફિર બાદશાહના એક નિકટના દરબારીએ મને બાદશાહ પાસેથી પોતાની ખિદમતના માટે માંગી લીધો, અને હું કત્લથી બચી ગયો. તો મેં સાંભળ્યું કે એક હૂરે કહ્યું કે, હે મેહરૂમ ! શું વાત બની કે તું આ ફઝીલતથી મેહરૂમ રહ્યો ? પછી આસ્માનના સર્વે દરવાજા બંધ થઈ ગયા. તો હે ભાઈ ! હું આજ સુધી મારી આ મેહરૂમી પર દરેક સમયે અફસોસ કરતો રહુ છું અને મારી દુઆનો એ જ મતલબ છે કે હે અલ્લાહ ! સૌ મોહતાજોની હાજત તેં પૂરી કરી દીધી પણ મારી હાજત પૂરી નથી થઈ.

કાસિમ ઈબ્ને ઉષ્માને ફર્માવ્યું કે મારી નજીક એ સાતેવ ખુશનસીબોમાં સૌથી અફઝલ આ જ સાતમો છે જે કત્લથી બચી ગયો. કેમ કે તેણે એ દ્રશ્ય પોતાની આંખો વડે જોયું જે અન્યોએ ન જોયું, પછી તે જીવંત રહ્યો અને ખૂબ જ શોખભેર નેક અમલો કરતો રહ્યો. *(મુસ્તતરફ, ભાગ–૧, પેજ–૧૪૨)*

**સારાંશ** :– હૂરો, હૂરોના રૂમાલ અને જન્નતની અન્ય નેઅમતો એ આખેરતની દુનિયા સાથે સંબંધ ધરાવે છે અને હરગિઝ કોઈ માનવી નથી જોઈ શકતો. હા ! જો અલ્લાહ તઆલા ચાહે તો પોતાના અંબિયા

عليهم السلام ને મો'જિઝા રૂપે અથવા પોતાના મહબૂબ બંદાઓને કરામતરૂપે જન્નતી નેઅમતો બતાવી આપે છે. નિઃશંક આ તે મર્દે મુજાહિદની કરામત છે કે તેણે હૂરોને આ દુનિયામાં પોતાના માથાની આંખો વડે જોઈ. સુબ્હાનલ્લાહ ! અલ્લાહવાળા મો'મિને કામિલની દ્રષ્ટિ શકિત તથા નજરની મઅરેફતનું શું કહેવું ?! કાશ ! કે મો'મિનને પોતાની મહાનતા તથા ઉચ્ચતાનો એહસાસ થઈ જાય ! તો તેનો દરેક □ાસ ખુદાવંદે કુદુસના શુક્રિયાની દૌલતમાંથી માલામાલ તથા તમામ ઉંમરભર તેની પેશાની રબ તઆલાના શુક્રના માટે સજદામાં જ રહે. આ જ મો'મિનની ઉચ્ચતાનો એહસાસ અપાવતાં ડો. ઈકબાલ શું સરસ કહ્યું છે :–

**તેરા જૌહર હૈ નૂરી પાક હૈ તૂ**
**ફરોગે દીદાએ અફલાક હૈ તૂ**
**તેરે સૈદે નઝર ફરિશ્તાઓ હૂર**
**કે શાહીને શહે લૌલાક હૈ તૂ**

## ★ રસૂલના દરબારમાં ઈસ્લામ ★

ઈબ્ને અબી બિલાલ ખુઝાઈ જ્યારે મૃત્યુ શૈયા પર હતા, તો અબ્દુલ આ'લા મુહદ્દિષ તેમની ખબર કાઢવાના માટે તશરીફ લઈ ગયા. અને તેમણે એવું ફર્માવ્યું કે હે ઈબ્ને અબી બિલાલ ! જ્યારે તમે વફાત પછી હુઝૂરે અકરમ صلى الله تعالى عليه وسلم ના નૂરાની દીદારથી નસીબવંત બનો તો મારા સલામ હુઝૂર صلى الله تعالى عليه وسلم ની બારગાહમાં અર્ઝ કરી આપશો અને જો શકય થાય તો મને એની ખબર પણ જરૂર આપશો કે મારા સલામ બારગાહે રિસાલતમાં કબૂલ થયા કે નહીં ? ઈબ્ને અબી બિલાલનો વિસાલ થઈ ગયો તો વિસાલના ત્રીજા દિવસે તેમનાં પત્ની ઉમ્મે અબ્દુલ્લાહે તેમને ખ્વાબમાં જોયા તો તેમણે કહ્યું કે, હે પત્ની ! હું તો વફાત પામી જ ગયો છું પણ તમને બે વાતોની ખબર આપુ છું : એક તો એ કે આજથી ત્રીજા દિવસે મારી પુત્રીનો પણ ઈન્તેકાલ થઈ જશે અને બીજી વાત એ છે કે તમે અબ્દુલ આ'લા મુહદ્દિષની પાસે એ ખબર પહોંચાડશો કે મેં તમારાં સલામ હૂઝૂર





صلى الله تعالى عليه وسلم ના દરબારમાં અર્ઝ કરી દીધા તો આપના સલામ બારગાહે રિસાલતમાં કુબૂલિયતથી સરફરાઝ થયા. જેથી ઈબ્ને અબી બિલાલના પત્નીએ પોતાના ભાઈ અબૂઝ ઝાહિરયહ્‌ના થકી અબ્દુલ આ'લા મુહદ્દિષ પાસે એ પૈગામ પહોંચાડી આપ્યો. *(શરહુસ્સુદૂર, પેજ–૧૧૫)*

**સારાંશ :–** આ હિકાયત જાહેરમાં એલાન કરી રહી છે કે અબ્દુલ આ'લા જેવા માયનાઝ મોહદ્દિષો તથા દીનના આલિમોનો એ અકીદો હતો કે સાલેહ મો'મિનો વફાત પછી હુઝૂર રહ્‌મતુલ્‌લિલ્‌ આલમીન صلى الله تعالى عليه وسلم ના દીદારથી સરફરાઝ થાય છે. અને બારગાહે રિસાલતમાં સલામ તથા કલામ પણ અર્ઝ કરે છે અને તેમને ખુદાવંદે આલમ એ તાકાત પણ અતા ફર્માવે છે કે તેઓ દુનિયાવાળાઓને પોતાનો પૈગામ પણ પહોંચાડી શકે છે. નહીં તો જાહેર છે કે જો તેમનો એ એતેકાદ (માન્યતા) ન હોત તો તેઓ હુઝૂર صلى الله تعالى عليه وسلم ના દરબારમાં સલામનું નઝરાણુ શા માટે એક મૃત્યુ પામનાર સાથે મોકલતા ? અને વળી એ પણ કહેતા કે તમે મને ખબર કરી આપજો કે મારા સલામ બારગાહે રિસાલતમાં કબૂલ થયા કે નહીં ?! અને નિઃશંક ! આ માન્યતા હક્ક તથા આ અકીદો બરહક્ક છે, કેમ કે કુર્આન તથા હદીષની રોશનીમાં આ મસ્અલો સ્પષ્ટ થઈ ગયેલો છે કે અલ્લાહની બારગાહના મકબૂલ થયેલાની મૌત તથા હયાત સામાન્ય માનવોની મૌત તથા હયાતની જેમ નથી. બલ્કે તે પાક જીવોની મૌત હકીકતમાં તેમની અમર જિંદગીનો દરવાજો છે કે તે મૌતના દરવાજેથી દાખલ થઈને એક એવી જિંદગીના આલમના વાસી બની જાય છે કે જ્યાં મૌત થઈ જ નથી શકતી.

પણ અફસોસ કે ક્રમે ક્રમે તે નુફૂસે કુદસિયહ્‌ (પાક હસ્તીઓ)ના વજૂદથી મુલ્ક ખાલી થતો જઈ રહ્યો છે અને એવી પવિત્ર હસ્તીઓની શોધખોળ કરવા છતાં દૂર દૂર સુધી તેમની ભાળ નથી મળતી. એટલા માટે હવે તો વારંવાર જીભ પર આ દુઆ આવે છે કે :–

**લા ફિર એક બાર વહી બાદાઓ જામ ઐ સાકી,**
**હાથ આ જાએ મુઝે મેરા મકામ અય સાકી**

**કિત્ને હી સાલસે હૈ હિંદકે મયખાનેં બંદ**
**અબ મુનાસિબ હૈ તેરા ફૈઝ હો આમ અય સાકી**

**શેર મર્દોંસે હુવા બેશહા તેહકીક તેહી**
**રહ ગયે "સૂફી વ મુલ્લા" કે ગુલામ અય સાકી**

## ★ રોશન ઝમીરી ★

જનાબ સૈયદ ઐયૂબ અલી સાહબ રઝવીનું બયાન છે કે એકવાર લોકોએ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ ને પૂછયું કે **"ઈસ્મે આ'ઝમ"** શું છે ? તો આપે ઈર્શાદ ફર્માવ્યો કે દરેક વ્યકિતના માટે ઈસ્મે આ'ઝમ અલગ અલગ છે. દરેક નામનાં જે અક્ષરો છે અબજદના કાયદાનુસાર તે અક્ષરોના અદદોનો ટોટલ કાઢીને તે સંખ્યા પ્રમાણે ખુદાવંદે તઆલાના નામોમાંથી એક નામ અથવા બે નામ તે સંખ્યાની બમણી સંખ્યામાં પઢયા કરે. તો એ બારી તઆલાનું નામ પાક તે વ્યકિતના હકમાં "ઈસ્મે આ'ઝમ'નું કામ કરશે. દા.ત. મૌલાના "ઐયૂબ અલી"ના અદદો ૧૨૯ છે અને "લતીફ"ના અદદ ૧૨૯ છે, તો જો ઐયૂબ અલી દરરોજ ૨૫૮ વાર "યા લતીફ" પઢતા રહે તો એ તેમના માટે "ઈસ્મે આ'ઝમ છે. પછી તમામ હાજરજનોને એકદમ ફર્માવવા લાગ્યા કે અલ્લાહ તઆલાનું ફલાણું નામ તમારા માટે ઈસ્મે આ'ઝમ છે, ફલાણું નામ તમારા માટે ઈસ્મે આ'ઝમ છે. પણ કેવળ "કનાઅત અલી"નું ઈસ્મે આ'ઝમ બયાન કરવાનું બાકી હતું ને અસ્રની અઝાન થઈ ગઈ અને બેઠક બરખાસ્ત થઈ ગઈ. જનાબ બરકત અલી પોતાની મેહરૂમી પર દિલમાંને દિલમાં અફસોસ કરી રહ્યા હતા અને વારંવાર એ ઉમ્મીદ લગાડતા હતા કે કદાચ હમણા હુઝૂર ફર્માવશે ! એટલે સુધી કે મગરિબની અઝાન થઈ. અને હુઝૂર મસ્જિદની ઉત્તરી ફસીલ પર બિરાજમાન હતા. એ સમયે કનાઅત અલી એકદમ નિરાશ થઈ ગયા. અને એમના દિલમાં એ વસવસો આવી ગયો કે આજે પ્રથમ દ્રષ્ટાંત છે કે હું મેહરૂમ રહી જાઉં છું ! હુઝૂરે પોતાના નૂરે બસીરતથી તુરંત જ એ વસવસાને જાણી લીધો અને મુસલ્લા પર ઊભા રહીને તકબીરે તહરીમાથી પહેલાં કનાઅત અલી સાહબની તરફ મોઢું





કરીને ઈર્શાદ ફર્માવ્યો કે, સૈયદ સાહબ ! આપના માટે ઈસ્મે આ'ઝમ "યા ખાલિકુ યા અલ્લાહ !" છે. *(હયાતે આ'લા હઝરત, પેજ–૧૪૩)*

**સારાંશ** : સુબ્હાનલ્લાહ ! આ નૂરે ફરાસત અને રોશન ઝમીરીનું શું કહેવું ? કે આ બાજુ દિલમાં વસવસો આવ્યો અને બીજી બાજુ જાણ થઈ ગઈ. અને પળવારમાં તેમની ઉમ્મીદ પૂરી થઈ ગઈ. એમાં શંકા નથી કે ઉલમાએ હક્કને ખુદાવંદે આલમે મહાન મહાન કરામતોથી નવાઝયા છે. ઉલમાએ હક્ક અને સૂફીયાએ બર હક્કનું આ તે જ નૂરે ફરાસત છે જેના વિશે હુઝૂરે અકરમ صلی اللہ تعالٰی علیہ وسلم નો ઈર્શાદ છે કે :– **ઈત્તકૂ ફિરાસતલ્ મુઅ્મિનિ ફઈન્નહૂ યન્ઝુરુ બિનૂરિલ્લાહ** એટલે મો'મિનની ફરાસતથી ડરો ! કેમ કે તે અલ્લાહના નૂરથી જોઈ લે છે. પણ અફસોસ કે આજકાલના અમારા જેવા ઉલમા કહેડાવનારાના સીનાની સંદૂકો અને દિલોની તિજારીઓ એ અણમોલ દૌલતથી ખાલી થઈ, અને એવો મનહૂસ દૌર આવી ગયો કે ડો. ઈકબાલે સમયના માહોલ અને વર્તમાનકાળનો હાલ જોઈને એવું કહેવું પડયું કે :–

**ન મો'મિન હૈ ન મો'મિનકી અમીરી**
**રહા સૂફી, ગઈ રોશન ઝમીરી,**

**ખુદાસે ફિર વહી કલ્બો જિગર માંગ,**
**નહીં મુમ્કિન અમીરી બેફકીરી**

## ★ લાકડી સોનું બની ગઈ ★

શૈખુલ હદીષ મુહમ્મદ ઈબ્ને અસ્લમ તૂસી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૨૪૨) જેમનું વર્ણન મેં મારી કિતાબ "ઔલિયાએ રિજાલુલ હદીષ" માં લખ્યું છે. ઘણી જ ઉચ્ચ કક્ષાના આપ મુહદ્દિષ છે અને ખલ્કે કુર્આનના મસ્અલા પર બે વરસ સુધી જેલમાં કેદની સખ્તીઓ અને કોરડાઓની સજાઓ પણ વેઠતા રહ્યા છે. અતિશય સુન્નતના પાળનાર તથા શરીઅતના પાબંદ બુઝુર્ગ છે. સામાન્યતઃ લોકો તેમને અબદાલના તબકાના ઔલિયા ગણતા હતા, અને તેમની કરામતો જોતા રહેતા હતા. તેમની એક ઘણી

મશહૂર કરામત એ છે કે એકવાર એક યહૂદીના દેવાદાર થઈ ગયા. યહૂદીએ ખૂબ જ સખ્તીથી ઉઘરાણી કરી. આપે તે વખતે હદીષો લખવા માટે લાકડાની કલમો બનાવી રહ્યા હતા. આપે તેને ફર્માવ્યું કે અત્યારે તો મારી પાસે કલમના કટીંગ અને છાલકાં સિવાય કાંઈ જ નથી કે જેથી તમારું કરજ અદા કરી શકું. જો તમે ચાહો તો આ કટીંગ કરેલ છાલકાં લઈ લો. યહૂદી આ જવાબ સાંભળીને ગુસ્સાનો માર્યો ઉત્તેજીત થઈ ગયો. પણ જ્યારે તેણે એ છાલકાંને જોયાં તો તદ્દન સોનું બની ચૂકયાં હતાં ! યહૂદીએ તેને હાથમાં લઈને ઉલટા સુલટાવીને જોયું અને તેને યકીન થઈ ગયું કે સાચે જ આ કલમનાં છાલકાં સોનું બની ગયાં છે ! તો તે શર્મિંદો બનીને આપના કદમો પર પડી ગયો અને તે જ ઘડીએ કલ્મો પઢીને મુસલમાન થઈ ગયો. અને કહેવા લાગ્યો કે જે દીનમાં આવા આવા બાકમાલ બુઝુર્ગ હોય કે તેમની એક નજર થકી લાકડી સોનું બની જાય, તો યકીનન ! તે દીન હક્ક તથા સાચો છે. *(રિસાલા આસ્તાનામાંથી)*

## ★ હું ક્યારે મરીશ ? ★

હઝરત દાઊદ તાઈ رضی اللہ عنہ નો હાલ પણ મેં ''ઔલિયા રિજાલુલ હદીષ''માં વિગતવાર વર્ણન કર્યો છે. આપ હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ના ઘણા જ માનીતા શાર્ગિદ થઈ ગયા છે. હઝરત ઈમામ સાહબે પહેલાં જ એમના વિશે ફર્માવી દીધુ હતું કે, દાઊદ તાઈ ! તમે ઈબાદતના થઈને રહી જશો ! જેથી સાચે જ દાઊદ તાઈ ઈબાદત તથા રિયાઝતમાં અજોડ થયા અને આપનાથી મોટી મોટી કરામતો જાહેર થઈ. એકવાર બગદાદના ખલીફા હારૂન રશીદ પોતાના કાઝીઉલ કઝાહ હઝરત ઈમામ અબૂ યૂસુફને સાથે લઈને એમની મુલાકાતના માટે આવ્યા અને આપના હકીકતથી ભરપૂર શબ્દો અને આપની મુકદ્દસ જિંદગીથી ઘણા જ પ્રભાવિત થઈને અશરફીઓની એક થેલી ભેટ ધરીને અરજ કરી કે આ માલ હલાલ છે એને આપ કબૂલ ફર્માવી લો. હઝરત દાઊદે ઈર્શાદ ફર્માવ્યો કે હું આખી જિંદગી બાદશાહો અને અમીરોના નજરાનાંઓથી પરેજી કરતો રહ્યો છું ! અને હજુ મારી પાસે ખર્ચ માટે એટલી રકમ છે જે મારી





જિંદગીભર માટે પૂરતી છે. અને મેં ખુદાથી દુઆ માંગી છે કે યા અલ્લાહ ! મારી રકમ જે દિવસે પૂરી થઈ જાય એ જ દિવસે મને મોત આપી દે જે. એટલા માટે હું અમીરલ મો'મિનીન ભેટ કબૂલ કરવાથી મજબૂર છું ! આ સાંભળીને હારૂન રશીદને આશ્ચર્ય થયું. પછી હઝરત ઈમામ અબૂ યૂસુફે આપના ખાદિમને પૂછયું કે કુલ કેટલી રકમ એમની પાસે છે ? તો એણે જણાવ્યું કે દસ અશરફીઓ. પછી આપે પૂછયું કે એમનો દરરોજનો ખર્ચ કેટલો છે ? તો ખાદિમે જણાવ્યું કે અમુક રકમ જેટલો. હઝરત ઈમામ અબૂ યૂસુફ ખલીફા બગદાદની સાથે ચાલ્યા આવ્યા. અને થોડાક માસ પછી એક દિવસ ફર્માવવા લાગ્યા કે લગભગ આજે હઝરત દાઊદ તાઈનો વિસાલ થઈ ગયો. જેથી જ્યારે લોકોએ તેહકીક કરી તો ખબર પડી કે સાચે જ એ દિવસે આપનો ઈન્તેકાલ થયો હતો. જ્યારે લોકોએ હઝરત ઈમામ અબૂ યૂસફને પૂછયું કે આપને એમની વફાતનું જ્ઞાન કેવી રીતે થયું ? તો આપે ફર્માવ્યું કે મને હઝરત દાઊદ તાઈની દુઆ મકબૂલ હોવાનું યકીન હતું અને મેં એમની રકમ અને દૈનિક ખર્ચ વિશે એમના ખાદિમથી પૂછી લીધુ હતું અને બરાબર હિસાબ લગાવતો રહ્યો કે કયા દિવસે એમની બધી રકમ ખર્ચ થઈ જશે. જેથી જ્યારે મારા હિસાબથી એ સમજી લીધું કે આજે એમની રકમ ખતમ થઈ ગઈ હશે, તો મેં કહી દીધું કે આજે એમની વફાત થઈ ગઈ હશે. કેમ કે એમણે આજ દુઆ માંગી હતી કે ઈલાહી ! જે દિવસે મારો માલ પૂરો થઈ જાય એ દિવસે મને દુનિયાથી ઉઠાવી લે જે. જેથી મારો હિસાબ સાચો નીકળ્યો અને એ દિવસે એમની વફાત થઈ ગઈ. *(રિસાલા આસ્તાના)*

**સારાંશ** : ઉપરના બંનેવ બનાવોમાં ઔલિયા અલ્લાહની કરામતોના જે જલ્વાઓ નજરે આવે છે તે સૂર્યની જેમ પ્રકાશિત છે. ઉલમાએ હક્ક તથા ફુકહાની આ કરામતો જાહેર લોકો તો જાહેર લોકો ઘણા બધા ખાસ પણ એનાથી પરિચિત નથી જેથી ખાસ કરીને લોકો હઝરત ખ્વાજા દાઊદ તાઈને એક ખાનકાહી પીર કે સૂફી સમજે છે, પણ હકીકત એ છે કે આપ હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہ ના પ્રિય શાગિર્દ છે અને ઈલ્મે હદીષ તથા ફિકહમાં હઝરત ઈમામ અબૂ યૂસફ તથા હઝરત

ઈમામ મુહમ્મદ અને હઝરત ઈમામ ઝફરના સાથીઓમાંથી છે. અને જૈયદ મુહદ્દિષ અને ફકીહ અને હદીષ તથા ફિકહના ઘણા જ શ્રેષ્ઠત્તમ ઈમામ છે.

હવે ભલા આ હકીકત અફરોઝ અને હક જાહેર કરતા બનાવોની રોશનીમાં કોણ એવું કહી શકે છે ? કે કરામતવાળા ઔલિયા તો માત્ર ફકીરો અને દુરવેશોમાં જ થયા ! ઉલ્માની જમાઅતમાં કોઈ કરામતવાળા બુઝુર્ગ થયા જ નથી ! જોઈ લો કે આ બધા વિલાયતના આસમાનના રોશન સિતારાઓ ઉલ્માની જમાઅતના જ મુકદ્દસ લોકો છે જેમના સુંદર વર્ણનથી આપણા ઈમાનના બાગમાં બહાર આવી રહી છે. કેમ ન હોય કે જો મુસ્તફાના વારિસોના માથાઓ પર વિલાયત કરામતનો તાજ ન રાખવામાં આવશે તો પછી કોણ છે જે આ નવાઝિશથી નવાઝવામાં આવશે ! અલ્લાહુ અકબર ! આજના સમયના એ બેખબર લોકોને શું ખબર ? કે :–

**રસાઈ અહ્‌લે દિલકી હૈ જહાં તક**
**ખિરદવાલે ન પહોંચેંગે વહાં તક**

## ☆ હાસ્યમય પ્રસંગો ☆

**ચલા જાતા હૂં હંસતા ખેલતા મૌજે હવાદિષ સે**
**નહીં આતા કભી તૂફાને ગમ મેરે સફીનેમેં**

### ★ મોજીલો સ્વભાવ ★

વર્તમાનકાળના અમુક શુષ્ક સ્વભાવના મુલ્લાઓએ લોકોમાં પોતાની પાકીઝગીનો સિક્કો જમાવવા માટે પોતાના વાણી વર્તન થકી પબ્લિકમાં એવું ઠસાવી દીધું છે કે હળવાશ તથા રમૂજી સ્વભાવ હોવું ઉલમાની શાનની વિરૂધ્ધ છે, જેથી વર્તમાનકાળમાં સૌથી વિશેષ તે જ મોલ્વી લોકોનો માનીતો સમજવામાં આવે છે જે દરેક મજલિસમાં પોતાના ચહેરા પર શાંતપણુ તથા રુઆબ પ્રદર્શિત કરે, નીચી નજર કરીને ચુપચાપ "ગુડો" બનીને બેસી રહે, ન કદી હસે ન સ્મિત કરે, ન કાંઈ ગમ્મત કરે, ન





કદી કોઈની સાથે કોઈ હસાવનારી વાત કરે. પણ મેં આ કિતાબના ભાગ–૧ માં "હાસ્યજનક વાતો" ના વિષય હેઠળ ખૂબ જ સફાઈપૂર્વક લખી આપ્યું છે કે **એવી ગમ્મત જેમાં ન જૂઠાણુ હોય ન કોઈના દિલને રંજ પહોંચે તેમ હોય, ન બિભત્સ વાણી હોય, ન બેહયાઈ હોય તે હરગિઝ હરગિઝ ઉલમાની શાનની વિરૂધ્ધ નથી,** બલ્કે આ પ્રકારની ગમ્મત અને હંસીભરી વાતો ખૂદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી સાબિત છે. અને સહાબાએ કિરામ તથા તાબઈનની મુકદ્દસ જમાઅતોએ પણ આ પ્રકારની ગમ્મતોમાં ભાગ લીધો છે. મહાન મહાન મુહદ્દિષો તથા ફકીહો પણ કદી કદી ગમ્મત કરતા તથા હસતા હસાવતા રહેતા હતા. જેમ કે એનાં કેટલાક દ્રષ્ટાંતો તો મેં ભાગ–૧ માં રજુ કરેલાં છે, અહીં પણ વાત આવી ગઈ છે તો થોડાક દ્રષ્ટાંત રજુ કરું છું જેથી દ્રષ્ટાંતોના આધારે એ વાતને સ્પષ્ટ કરી શકાય કે આ પ્રકારની જાઈઝ તથા મુબાહ ગમ્મતો ન તો બુરી છે ન તો ઉલમાની શાનની વિરૂધ્ધ છે, ન તો એ તકવા તથા પાકીઝગીની વિરૂધ્ધ છે ન તો ઈલ્મવાળાઓ માટે ઐબ કે શરમની વાત છે.

જેમ કે હુઝૂર નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم થકી ઘણા સુંદર ટુચકા બનેલા છે, જેનાં અમુક દ્રષ્ટાંતો અમે ભાગ–૧માં રજુ કરી ચૂકયા છીએ. સરકારે રિસાલત صلی اللہ تعالیٰ علیہ وسلم નો એક ઓર ગમ્મતભર્યો પ્રસંગ જોઈ લો ! :–

એક અન્સારીની પત્ની બારગાહે રિસાલતમાં હાજર થઈ તો હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેણેને ફર્માવ્યું કે, તમે જાવ ! અને તમારા પતિને મળો ! તેની બંને આંખોમાં સફેદી છે. આ સાંભળતાં જ તે ઔરત ગભરાયેલી હાલતમાં દોડતી ભાગતી પોતાની પતિ સમક્ષ જઈને ઉભી થઈ ગઈ અને પોતાના પતિની આંખોને ધ્યાનપૂર્વક જોવા લાગી. પતિએ તેણીની ગભરાહટ તથા પરેશાની જોતાં કહ્યું કે, તબીયત તો ઠીક છે ?! આ ગભરાહટનું કારણ શું છે ? પત્નીએ કહ્યું કે મને હમણા હમણા હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એવું ફર્માવ્યું કે તમે તમારી પતિ પાસે તુરત જ જાવ ! તેની બંને આંખોમાં સફેદી છે. હું આ સાંભળીને ગભરાટની માર્યી તમને જોવા માટે આવી છું. આ અન્સારી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના સ્વભાવથી વાકેફ હતા જેથી સમજી ગયા કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم હંસી માટે ગમ્મત કરી છે. જેથી તેમણે

પોતાની પત્નીને કહ્યું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઈર્શાદ તદ્દન સાચો છે, જોઈ લો ! મારી આંખમાં સફેદી પણ છે અને કાળાશ પણ છે. આંખની કીકી કાળી છે અને ડોળો સફેદ છે. આ સાંભળીને તે ઔરતને સાંત્વન થયું.

હઝરત બીબી આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે એકવાર હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم હળવાશની પળોમાં મારી સાથે દોડયા તો હું દોડમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની આગળ નીકળી ગઈ. પછી અમુક વરસો બાદ મારો દોડમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે મુકાબલો થયો તો મારુ શરીર થોડુક ભારે થઈ ગયું હતું એટલા માટે દોડમાં આ વખતે હું પાછળ રહી ગઈ અને હુઝૂર મારાથી આગળ નીકળી ગયા. પછી મારા ખભા પર એક ટપલો મારતાં ગમ્મતના તૌર પર ફર્માવ્યું કે, "તમારી તે જીતનો બદલો વળી ગયો !"

મશહૂર અને ઉચ્ચ કક્ષાના તાબઈ મુહદ્દિષ હઝરત ઈબ્રાહીમ નખઈને લોકોએ પૂછયું કે શું સહાબાએ કિરામ પણ હંસી ગમ્મત કરતા હતા ? તો તેમણે ફર્માવ્યું કે હા ! તે સહાબાઓના દિલોમાં મજબૂત તથા ઊંચા પહાડો જેવું મજબૂત ઈમાન હતું તેમ છતાં પણ એ લોકો ખુશ મિજાઝીના ખાતર હંસી મઝાક પણ કર્યા કરતા હતા. જેમ કે સહાબીઓમાં હઝરત નુઐમાન رضی اللہ عنہ તો એટલા પ્રમાણમાં હસમુખા તથા ગમ્મત પસંદ સહાબી હતા કે તેમના બારામાં સામાન્યતઃ એવું મશહૂર હતું કે એઓ જન્નતમાં પણ હસતા હસતા દાખલ થશે. એ જ પ્રમાણે અતા બિન સાઈબનું બયાન છે કે ખૈરુત્તાબઈન અને સનદુલ મુહદ્દિષીન હઝરત સઈદ ઈબ્ને જુબૈર તાબઈ જયારે વાઅઝ બયાન કરતા હતા તો લોકો પર ખૌફે ઈલાહીથી એવી ગભરાહટ છવાઈ જતી કે હાજરજનો ધ્રુસ્કે ધ્રુસ્કે રડવા લાગતાં હતાં. પછી મોટા ભાગે એવં થતુ હતું કે આપ છેવટમાં એવો દિલચશ્પ લતીફો સંભાળવી દેતા હતા કે અમો સૌ શ્રોતાઓ હસવા લાગતા.

એ જ પ્રમાણે તાબઈનના યુગમાં એક આલિમ જે પોતાની અસરકારક તકરીરોને લીધે "તાજુલ વઅઝ" ના માનનીય લકબ વડે મશહૂર તથા મુમતાઝ હતા. એવી અસરકારક વઅઝ વર્ણન કરતા હતા કે મજલિસવાળા તેમની વઅઝ સાંભળીને વઅઝના પ્રભાવ હેઠળ રડતાં રડતાં સુસ્ત થઈ જતાં. પછી વઅઝના અંતે તે અમુક વિશિષ્ટ લતીફા સંભળાવી





દેતા હતા કે લોકો હસી હસીને વાંકા વળી જતા.

હઝરત અલ્લામા ઈબ્ને સીરીં رضی اللہ عنہ ની હદીષની જાણકારી તથા વાકેફિયત, તકવો તથા પવિત્રતા તમામ આલમમાં મશહૂર છે. તેમની ઈલ્મી મહાનતા તથા અમલની ઉચ્ચતાનો મુહદ્દિષો તથા ફકીહોની દુનિયામાં ચોતરફ ડંકો વાગી રહ્યો છે, તેમના વિશે નકલ થયેલ છે કે આમ મજમામાં કોઈ રમૂજી શાયરનો આ શેઅર પઢીને એટલા પ્રમાણમાં હસતા તથા હસાવતા હતા કે તેમના મોઢેથી થૂંક વહેવા માંડતુ હતું ! તે શેઅર આ છે.

**(અર્થ)** : લોકોએ મને એ ખબર આપી છે કે તે નવ યુવાન સ્ત્રી જેને મેં નિકાહનો પૈગામ આપ્યો હતો તેની એડી રમઝાનના મહીનાની જેમ લાંબી છે." *(મુસ્તતરફ, ભાગ-૨, પેજ-૨૩૨)*

જેમ કે અલ્લામા ઈબ્ને જવઝીએ પોતાની ઉચ્ચ કૃતિ **"કિતાબુઝ્ ઝકિય્યા"** માં દર્શાવ્યું છે કે મેં મારી કિતાબમાં અમુક મૂર્ખાઓના ટુચકા એટલા માટે લખી આપ્યા છે કે હમેશાં કેવળ ગંભીર ચર્ચા સાંભળતાં સાંભળ તાં કયારેક કયારેક ઈન્સાની નફ્સ અકળાઈ ઉઠે છે, તો એનો ઈલાજ એ જ છે કે થોડાક દિલચસ્પ લતીફા તથા હળવાં લખાણો પણ રજુ કરી દેવામાં આવે જેથી વાંચકોનું દિલ થોડીવાર માટે બહેલીને હળશવા અનુભવે, અને નફ્સની ઉદાસી તથા થકાન દૂર થઈને તબીયતમાં ખુશી પેદા થઈ જાય.

જેમ કે હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં જયારે હઝરત હન્ઝલા رضی اللہ عنہ એ એવું અર્ઝ કર્યુ કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم જયારે અમે આપના વાઅઝ તથા બયાનની મજલિસોમાં હાજર રહીએ છીએ તો અમારા પર ખુદાનો ખૌફ તથા ડરનો એવો પ્રભાવ રહે છે કે જાણે જન્નત તથા જહન્નમ અમારી નજરો સમક્ષ જ છે, પરંતુ જયારે અમે અમારી પત્નીઓ અને બાળકોની પાસે જઈએ છીએ અને દુનિયાદારીના મામલાઓમાં પડી જઈએ છીએ તો આ હાજરી વેળાની કૈફિયત જતી રહે છે. અને અમે હસવા હસાવવા પણ લાગી જઈએ છીએ. તો હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, જો તમે આ જ હુઝૂરીની કૈફિયત (પોઝીશન)માં હમેશાં રહેતા તો ફરિશ્તા તમારી સાથે તમારાં બિછાનાંઓ પર આવીને મુસાફો કરતા. પરંતુ હોવું એવું જ જોઈએ કે ઘડીભર એવા રહો અને

ઘડીભર આવા પણ રહો. એટલે કે દરેક સમયે ખુદાના ખૌફથી તમે લોકો ગંભીર તથા ગમગીન જ રહ્યા કરો એ જરૂરી નથી, બલ્કે કદી કદી હસમુખા સ્વભાવથી હંસી મજાક વડે પોતાના દિલને રાહત પણ પહોંચાડયા કરો. જેમ કે હઝરત અલી كرم الله وجهه الكريم એ પણ ફર્માવ્યું કે, "કદી કદી હિકમતપૂર્ણ દિલચસ્પ લતીફાઓ વડે પોતાના દિલોને રાહત પહોંચાડયા કરો."

એ જ પ્રમાણે સહાબાએ કિરામનો નિયમ હતો કો જ્યારે હદીષો બયાન કરતાં કરતાં થાક અનુભવતા અને દિલમાં કાંઈક અકળામણના અણસારો જાહેર થવા લાગતા તો થોડીવાર તબીઅતનો ટેસ્ટ બદલવા માટે શેઅર તથા શાઈરીમાં લાગી જતા અને અરબી શેઅરો વડે દિલ બેહલાવ્યા કરતા હતા. હઝરત અબૂ દરદા સહાબી દર્સ દરમ્યાન કદી કદી કાંઈક હંસી ફર્માવ્યા કરતા હતા. અને ઈર્શાદ ફર્માવી દેતા હતા કે હું આ બેકાર વાતો માટે મારા નફ્સને એટલા માટે તૈયાર કરું છું અને આ લતીફા એટલા માટે સંભળાવ્યા કરું છું કે જેથી તમે લોકો કલામે હકને સાંભળતાં સાંભળતાં કયાંક કંટાળી ન જાવ. એ જ પ્રમાણે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ તથા ઈમામ ઝહરી તથા ઈમામ માલિક ઈબ્ને દીનાર તથા ઈમામ શોઅબા વગેરેનો પણ તરીકો હતો ઘડી ભર હદીષો બયાન કરી લીધા બાદ ઈર્શાદ ફર્માવ્યા કરતા હતા કે **"હમ્મિદુના"** એટલે "હવે અમને તુર્શી ચખાડો." અને પછી અરબની દાસ્તાનો તથા અરબના શાયરોનાં કલામ સંભાળાવવાનું શરૂ કરી આપતા. *(ષમરાતુલ અવરાક, ભાગ-૧, પેજ-૧૫૯)*

**સારાંશ** : એ કે અવામ (સામાન્ય લોકો)ના દિમાગોમાં જે બેસી ગયેલું છે કે હંસી મજાક તથા ખુશ મિજાઝી તથા ગમ્મત કરવી એ આલિમો માટે ઘણી મહાન અયબ છે એ તદ્દન ગલત ખયાલ છે. અને અમુક મસ્જિદના મુલ્લા પ્રકારના મોલ્વી સાહેબો જેઓ પોતાનો ઝોહદો તકવા તથા બુઝુર્ગી તથા તકદુસનો ઢોંગ રચવાના માટે દરેક વખતે ભવાં ચઢાવીને એવી સૂરત બનાવીને બઠેલા રહે છે કે જાણે હમણાં હમણાં જ સૂઈને ઉઠયા છે અથવા બે ચાર લીબું એમના મોઢામાં નીચોવી દેવામાં આવ્યાં છે, દરેક સમયે ખામોશ બેઠેલા રહીને જમીનના ફર્શને તાકી તાકીને જોયા કરે છે ! ન કોઈની સાથે હસ્તે ચહેરે મળે છે, ન કદી હસે, ન કદી મુસ્કુરાય છે.





આમ પોતાની એ હરકતોને પોતાની પવિત્રતા (તકદુસ મઆબી)નું નિશાન સમજીને ખુશ મિજાઝ અને હસમુખ, આલિમોને તુચ્છકારની નજરે જુએ છે અને અવામની સમક્ષ એ આલિમોને "મજાકિયા" જાહેર કરીને પોતાની બુઝુર્ગીનો સિક્કો જમાવતા રહે છે. આવા શુષ્ક મિજાઝી મુલ્લાઓ હકીકતમાં પૂર્વજ આલિમોની જિંદગીના ઈતિહાસ તથા તેમનાં જીવન ચરિત્રોથી તદ્દન જ અજાણ છે. જેથી એ ખયાલ રાખશો કે કદી કદી ખુશ મિજાઝીની સાથે ગમ્મત કરી લેવી એ ઉલમાના માટે ન કોઈ બુરી બાબત છે ન તો એ ઝોહદો તકવાની વિરૂધ્ધ છે. અમે ઉલમાની ગમ્મતો રજુ કરતી અમુક હિકાયતો વર્ણવીએ છીએ જેનાથી અંદાઝો લગાડી શકાય છે કે પૂર્વજ આલિમો પોતાની ઈલ્મી મહાનતા તથા અમલી અઝમતના હોવા છતાં કેટલા ખુશ મિજાઝ તથા હસમુખા હતા ! અને તેમની ગમ્મતો તથા તેમની બાગો બહાર તબીઅતની ખુશ મિજાઝીઓ હોવા છતાં કોઈ ઈતિહાસકારે પણ તેમની પવિત્રતાના દામન પર કોઈ મામૂલી સરખો ધબ્બો પણ નથી લગાડયો.

## ★ સગીર કબીર કરતાં બહેતર છે ! ★

કાઝી હમીદુદ્દીન નાગોરી હિંદુસ્તાનના આગલા મશાઈખમાં ખૂબ જ મશહૂર તથા લોકપ્રિય હતા. હઝરત શયખ શહાબુદ્દીન સહુરવર્દીના મુરીદ તથા ખલીફા અને હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકીના સાથીઓમાંથી છે. શરીઅત તથા તરીકતના ઈલ્મોના સંગમ હતા અને ઘણી કિતાબોના લેખક આલિમે દીન હતા. આપની કૃતિઓમાં "તવાલિએ શમૂસ" ઘણી જ મશહૂર તથા કિતાબ છે. પરંતુ આપ આ મહાન શાનવાળા હોવા છતાં આપનો સ્વભાવ ખૂબ જ હસમુખો હતો, અન કદી કદી સાથીઓ સાથે હંસી મજાક કરી લીધા કરતા હતા. જેમ કે નકલ થયેલ છે કે એક દિવસે આપ તથા શૈખ બુરહાનુદ્દીન કાઝી તથા કાઝી કબીર જે પોતાના સમયમાં પ્રખ્યાત ઉલમામાંથી હતા, તેઓ ઘોડાઓ પર સવાર થઈને જઈ રહ્યા હતા. જે ઘોડા પર કાઝી હમીદુદ્દીન નાગોરી સવાર હતા તે ઘણો નાના હતો અને તેમના સાથીઓના ઘોડાઓની બરાબરી કરી શકતો ન હતો. કાઝી કબીરે કહ્યું કે તમારો ઘોડો ઘણો જ સગીર (નાનો) છે ! કાઝી હમીદુદ્દીન ગમ્મત

કરતાં તરત જ એકદમ જવાબ આપ્યો કે "પણ કબીર કરતાં બેહતર છે !" આ વાકયથી કાઝી કબીર અચંબામાં પડી ગયા. *(અખ્બારુલ અખ્યાર, પેજ-૪૩)*

## ★ કદાચ કોઈ રસ્સી તૂટી ગઈ છે ! ★

યઝીદ ઈબ્ને મઝીદ ઘણા જ ઈલ્મવાળા તથા ખૂબ જ સખી અમીર હતા. એક દિવસે તેમના દસ્તારખ્વાન પર એક બદવી (ગામડિયો) આવીને બેસી ગયો. યઝીદે દસ્તરખ્વાન પર હાજર રહેલાઓને જણાવ્યું કે તમે લોકો તમારા ભાઈના માટે જગા કરી આપો. બદવીએ કહ્યું કે કોઈ જરૂરત નથી ! અને પોતાના બંને હાથોની પ્રતિ ઈશારો કરીને કહ્યું કે મારા તંબુની રસ્સીઓ ખૂબ જ લાંબી છે ! હું દૂરથી જ લપકી લપકીને ખાતો રહીશ. જેથી જ્યારે ખાણુ દસ્તરખ્વાન પર રાખી દેવામાં આવ્યું અને બદવીએ હાથ લાંબો કરીને લુકમો ઉઠાવવા ચાહ્યું તો યોગાનુયોગ જોરથી તેની હવા સરી પડી ! તો યઝીદ ઈબ્ને મઝીદે તુરત જ કહ્યું કે હે અરબી ભાઈ ! જુઓ ! કદાચ તમારા તંબુની કોઈ રસ્સી તૂટી ગઈ લાગે છે ! *(મુસ્તતરફ, ભાગ-૨, પેજ-૨૩૪)*

## ★ મજનૂન તાક અને ઈમામ અબૂ હનીફા ★

એકવાર મજનૂન તાક તદ્દન નગ્ન દશામાં બાથરૂમ (હમ્મામ)માં ગુસ્લ કરી રહ્યો હતો. હઝરત ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ જયારે હમ્મામમાં દાખલ થયા તો મજનૂન તાકને તદ્દન નગ્ન જોઈને શરમના માર્યા પોતાની આંખો મીંચી ગયા. તો મજનૂન તાકે આપની સાથે મઝાક કરતાં કહ્યું કે, હે અબૂ હનીફા ! તમને ખુદાએ કયારથી આંધળા કરી દીધા છે ?! તો આપે પણ ગમ્મત કરતાં એવો જવાબ આપ્યો કે, જયારથી તારો પડદો ચાક કરી આપ્યો ! *(મુસ્તતરફ, ભાગ-૧, પેજ-૫૯)*

## ★ બે કબ્રસ્તાનો વચ્ચે ★

એક વાઈઝ જે ખૂબ જ રમૂજી સ્વભાવના અને હાજર જવાબ હતા. લોકોએ તેમને ગમ્મત પૂરતો જ એ સવાલ કર્યો કે જો કોઈ નસ્રાની કેવળ **લાઈલાહ ઈલ્લલ્લાહ** પઢે **મુહમ્મદુર્રસૂલુલ્લાહ** ન પઢે અને મૃત્યુ પામે તો





તેને નસ્રાનીઓના કબ્રસ્તાનમાં દફન કરવામાં આવે કે મુસલમાનોના કબ્રસ્તાનમાં ? તો હસમુખા વાઈઝે ગમ્મતમાં એકદમ જવાબ આપ્યો કે તેને બંને કબ્રસ્તાનોની વચ્ચે દફન કરવો જોઈએ જેથી કબ્રમાં પણ તે શખ્સ મુઝબઝબ (ડાલમડોલ) રહે ! ન આ તરફનો ન પેલી તરફનો ! *(મુસ્તતરફ, ભાગ-૨, પેજ-૨૪૬)*

## ★ છત સિજદો ન કરી લે ! ★

એક આલિમ જેઓ ફકીહ હતા તેઓ એક ભાડાના મકાનમાં રહેવા લાગ્યા. તે મકાનની છત ખૂબ જ પૂરાની તથા કમજોર થઈ ગઈ હતી. અને દરેક વખતે વળીઓએથી ચળ ચળ અવાજ આવતો રહેતો હતો. જ્યારે મકાન માલિક ભાડુ લેવા માટે આવ્યો તો ફકીહ સાહબે જણાવ્યું કે તમે પહેલા આ મકાનની છતને ઠીક કરાવો, તેમાંથી સતત ચળ ચળના અવાજો આવ્યા કરે છે. મકાનના માલિકે કહ્યું કે, હઝરત ! આપ તદ્દન ડરો નહીં ! આ મકાનની છત રબ તઆલાની તસ્બીહ પઢતી રહે છે. ફકીહ સાહબે જેઓ ખૂબ જ ઝિંદા દિલ અને રમૂજી સ્વભાવવાળા હતા, તુરત જ બોલી ઉઠયા કે તસ્બીહ પઢે તેમાં તો ખૈર કોઈ વાંધો નથી પણ કયાંક તસ્બીહ પઢતાં પઢતાં તેના પર વજ્દ ચાલુ થઈ જાય અને તે સિજદામાં જતી રહેશે તો શું થશે ?! *(મુસ્તતરફ, ભાગ-૨, પેજ-૨૩૮)*

## ★ હાથ બાંધીને રોઝો રાખ ! ★

એક શખ્સ એક ફકીહ આલિમની પાસે ફત્વો લેવા માટે આવ્યો અને કહ્યું કે મેં રોઝો રાખ્યો હતો પછી રોઝો તોડી નાખ્યો. ફકીહે ફત્વો આપ્યો કે, તમે આ રોઝાની કઝા રાખો. તેણે કહ્યું કે, હઝરત ! મેં કઝાનો રોઝો રાખ્યો, પરંતુ ઘરવાળાંઓની પાસે ગયો તો એક સ્વાદિષ્ટ ભોજન "મામૂનિયા" પકાવેલું રાખ્યું હતું. અનાયાસે મારો હાથ તે ભોજન તરફ વધી ગયો અને મેં ખાઈ લીધું. ફકીહ સાહબે કહ્યું કે બીજા દિવસે કઝા રોઝો રાખી લો ! તેણે કહ્યું કે હુઝૂર ! બીજા દિવસે કઝા રોઝો રાખી જ્યારે ઘરમાં ગયો તો સ્વાદિષ્ટ પ્રકારનો હલ્વો તૈયાર કરીને રાખેલો હતો જેથી

ફરી મારો હાથ તેના પર પહોંચી ગયો ! અને મેં તેમાંથી ખાઈ લીધું. ફકીહ સાહબ પણ થોડા ગમ્મતી સ્વભાવવાળા હતા તેમણે હસતાં હસતાં જવાબ આપ્યો કે, "હવે તમારા બારામાં ફત્વો એ છે કે તમે તમારો હાથ તમારી ડોકમાં બાંધીને રોઝો રાખ્યા કરો ! જેથી તમારો હાથ ખાણાની તરફ વધવા જ ન પામે." *(મુસ્તતરફ, ભાગ-૨, પેજ-૨૩૮)*

## ★ એક દિલચસ્પ ફત્વો ★

એક મશ્કરાએ કોઈ ખુશ મિજાઝ ગમ્મતી મુફતીને એવો પ્રશ્ન કર્યો કે જનાઝાની નમાઝ મોટા ભાગે મેદાનોમાં થતી રહે છે. તો જો નમાઝે જનાઝામાં સહ્વનો સજદો કરતી વખતે કોઈ કાંટો પેશાનીમાં પેસી જાય તો નમાઝની હાલતમાં કઈ રીતે એને કાઢવો જોઈએ ? મુફતી સાહબે તુરત જ જવાબ આપ્યો કે આ મસ્અલામાં મારો ફત્વો એ છે કે એ કાંટાને હાથ વડે કદી પણ ન કાઢે બલ્કે ડાબા પગની ટચલી આંગળી વડે એ રીતે ધીમે રહીને કાઢી લે કે પેશાની જમીનથી ઉઠવા ન પામે, નહીં તો સહ્વનો સિજદો મકરૂહ થઈ જશે. એ અલગ વાત છે કે આ રીતે કાંટો કાઢવામાં કદાચ બીજીવાર વુઝૂની જરૂરત ઉભી થાય !

## ★ મઅન ઈબ્ને ઝાઈદાની ગમ્મત ! ★

અબ્બાસી હુકૂમતનો ઈરાકી ગવર્નર મઅન ઈબ્ને ઝાઈદા જે ફઝ્લો કમાલની સાથોસાથ સખાવતમાં પણ સમયનો હાતિમ હતો, ખૂબ જ ખુશમિજાઝ ગમ્મતી સ્વભાવનો માણસ હતો. તે એકવાર શિકારમાં પોતાના લશ્કર તથા સાથીઓથી વિખૂટો પડીને ઘણે દૂર પહોંચી ગયો અને એક હરણીનો શિકાર કરીને ઉભો હતો એવામાં સામેથી એક વૃધ્ધ ગામડિયો માણસ પોતાના ગધેડા પર સવાર થઈને પસાર થવા લાગ્યો. મઅન ઈબ્ને ઝાઈદાએ આગળ વધીને તે વૃધ્ધનું સ્વાગત કર્યું અને સલામ પછી પૂછયું કે કયાંથી આવી રહ્યા છો અને કયાં જઈ રહ્યા છો ? વૃધ્ધે જવાબ આપ્યો કે હું એવી જમીનેથી આવી રહ્યો છું જે વીસ વરસથી દુકાળનો શિકાર કરી રહી છે. આ વરસે વીસ વરસો પછી કાંઈક વરસાદ થયો તો મેં કાકડીની





ખેતી કરી અને સમયથી પહેલાં ખૂબ જ ઉમદા કાકડીઓ પેદા થઈ છે તેમાંથી ચૂંટી કાઢીને ખૂબ જ સારી સારી કાકડીઓ મઅન ઈબ્ને ઝાઈદાના દરબારમાં તોહફો પેશ કરવાના માટે લઈ જઈ રહ્યો છું. ગરીબ વૃધ્ધને ખબર ન હતી કે તે મઅન ઈબ્ને ઝાઈદા સાથે જ વાત કરી રહ્યો છે. વૃધ્ધે એમ પણ કહ્યું કે મઅન ઈબ્ને ઝાઈદા ઘણો જ સખી તથા ગરીબ પરવર ઈન્સાન છે એટલા માટે તેના દરબારમાં તોહફો લઈને જઈ રહ્યો છું, કદાચ તે મારા પર પણ એહસાન ફર્માવી દે અને પોતાની સખાવત તથા બખ્શિશ વડે મને પણ કાંઈક નવાજી આપે. મઅન ઈબ્ને ઝાઈદાએ વૃધ્ધને પૂછયું કે, અચ્છા ! બતાવો તમને કેટલી રકમ મળવાની આશા છે ? વૃધ્ધે કહ્યું કે એક હજાર દીનાર. મઅન ઈબ્ને ઝાઈદાએ કહ્યું કે જો અમીરે એવું કહી દીધું કે આટલી રકમ તો ખૂબ જ વધારે છે ! તો તમે શું કહેશો ? તો વૃધ્ધે કહ્યું કે તો પછી હું પાંચસો દીનાર પર રાજી થઈ જઈશ ! મઅને કહ્યું કે પાંચસો દીનારને પણ અમીરે ઘણા વધારે કહીને ન આપ્યા તો પછી શું થશે ? વૃધ્ધ બોલ્યો કે તો પછી હું ત્રણસો દીનાર પર જ સંતોષ માની લઈશ ! મઅને કહ્યું કે જો અમીરે એ રકમને પણ વધારે કહીને નામંઝૂર કરી તો તે વખતે તારો વર્તાવ કેવો રહેશે ? વૃધ્ધે કહ્યું કે અરે ભાઈ ! હું પચાસ દીનાર પણ કબૂલ કરી લઈશ ! મઅને કહ્યું કે અમીરે એટલી રકમ પણ આપવાથી ઈન્કાર કર્યો તો પછી તમે શું કહેશો ? વૃધ્ધે કહ્યું કે તો પછી હું ત્રીસ દીનાર જ માંગી લઈશ ! અને એનાથી ઓછામાં કદાપિ રાજી થઈશ નહીં. મઅન કહેવા લાગ્યો કે જો અમીરે એવું કહી દીધું કે આ ત્રીસ દીનાર પણ ખૂબ વધારે છે ! તો પછી તે વખતે તમે શું કરશો ? આ સાંભળતાં જ તે વૃધ્ધ ગુસ્સાનો માર્યો સળગી ઉઠયો અને બોલ્યો કે તો પછી હું મારા ગધેડાનો પગ મઅન ઈબ્ને ઝાઈદાની માંના પેટ પર રાખીને નિરાશ થઈને માર ઘરે ચાલ્યો આવીશ ! બીજુ શું કરીશ ! મઅન ઈબ્ને ઝાઈદા આ વૃધ્ધની કકળાટમય તેજ વાણી સાંભળીને ખૂબ ખૂબ હસ્યો. અને પોતાના તેજ રફતાર ઘોડા પર સવાર થઈને ખૂબ જ ઝડપભેર પોતાના ગવર્નમેન્ટ હાઉસમાં પહોંચી ગયો. અને પોતાના દરવાનોને હુકમ આપ્યો કે એક વૃધ્ધ કાકડીઓ લઈને ગધેડા પર સવાર થઈને આવી રહ્યો છે તેને તુરત જ દરબારમાં મોકલજો. જેથી

જ્યારે તે વૃધ્ધ ગવર્નરના મહેલમાં પ્રવેશ્યો અને જોયું કે ગવર્નર ભપકાદાર લિબાસ પહેરીને ખૂબ જ ઠાઠ માઠની સાથે પોતાના તખ્ત પર બેઠો છે અને ખાદિમો હાથ બાંધીને આસપાસ ઉભેલા છે, વૃધ્ધે મઅન ઈબ્ને ઝાઈદાને તદ્દન ન ઓળખ્યો. તેણે અદબભેર સલામ કરીને કાકડીઓનો તોહફો પેશ કર્યો અને ઉભી રહી ગયો. મઅન ઈબ્ને ઝાઈદાએ પૂછયું કે, કેમ અરબી ભાઈ ! શા માટે આવ્યા છો ? વૃધ્ધે પોતાની જમીનના દુકાળનો કિસ્સો સંભળાવ્યો. મઅને પૂછયું કે તમે અમારા દરબારથી કેટલી રકમ પામવાની ઉમ્મીદ લઈને આવ્યા છો ?

**વૃધ્ધ** : હું તો એ ઉમ્મીદ લઈને આવ્યો છું કે અમીરના સખી દરબારેથી મને એક હજાર દીનાર મળશે.

**મઅન** : નહીં ! નહીં ! આ રકમ તો ઘણી વધારે છે ! આટલી રકમ તો નથી મળી શકતી !

**વૃધ્ધ** : અચ્છા સાહબ ! તો પછી પાંચસો દીનાર જ અપાવી દો !

**મઅન** : નહીં જી ! આ પણ ખૂબ જ વધારે છે !

**વૃધ્ધ** : સારું તો ત્રણસો દીનાર જ અપાવી દો !

**મઅન** : નહીં ! આ રકમ પણ ઘણી જ વધારે છે !

**વૃધ્ધ** : તો એક સો જ દીનારના માટે હુકમ આપી દો !

**મઅન** : આ રકમ પણ વધારે છે ! તમને એટલુ પણ નથી મળી શકતું !

**વૃધ્ધ** : જો તમે સો દીનારને ઘણી જ મોટી રકમ સમજો છો તો મને પચાસ દીનાર જ અર્પણ કરી દો !

**મઅન** : અરે વૃધ્ધ ! આ પણ કાંઈ કમ નથી ! પચાસ દીનાર પણ ઘણી મોટી રકમ છે !

**વૃધ્ધ** : સારું સાહેબ ! તો પછી આપ મને ત્રીસ જ દીનાર આપી દો ! પણ હવે એનાથી ઓછી રકમમાં હું કદાપિ રાજી થઈ શકતો નથી ! વૃધ્ધનો અવાજ ઘણો ઊંચો થઈ ગયો. મઅન ઈબ્ને ઝાઈદા વૃધ્ધના તે ગરમ ગરમ વાકયોને યાદ કરીને હસવા લાગ્યો જે તેણે ગુસ્સે ભરાઈને જંગલમાં કહી દીધાં હતાં. મઅનના હસવાનો અવાજ સાંભળીને વૃધ્ધ ઓળખી ગયો કે





અમીર તે જ શખ્સ છે જેની સાથે જંગલમાં વાતચીત થઈ ચૂકી છે, જેથી વૃધ્ધે કહ્યું કે અમીર ! આપ જલ્દીથી ત્રીસ દીનાર મને અપાવી દો, નહીં ગધેડો બહાર બાંધેલો છે ! અને હું મઅન ઈબ્ને ઝાઈદાના મકાનમાં ઉભેલો છું ! આ સાંભળતાં જ મઅન પોતાની હંસી ન રોકી શકયો અને હસતાં હસતાં તખ્ત પર આડો પડી ગયો ! અને પોતાના વકીલને બોલાવીને હુકમ આપ્યો કે આ વૃધ્ધને પ્રથમ એક હજાર દીનાર આપો, ત્યારબાદ પાંચસો આપો, ત્યાર પછી ત્રણસો આપો, પછી એક સો, પછી પચાસ, પછી ત્રીસ દીનાર આપીને તેને વિદાય કરો. વૃધ્ધ ઈનામો ઈકરામથી માલામાલ થઈને દરબારથી અમીરને સલામ કરીને વિદાય થયો, અને દુઆઓ આપતો આપતો ઘરે ચાલ્યો ગયો. *(મુસ્તતરફ, ભાગ-૨, પેજ-૨૩૮)*

## ★ એક તુફૈલીનો શોખ ★

એક તુફૈલી જે વગર બોલાવ્યે દરેક દા'વતમાં શરીક થઈ જતો હતો. લોકોએ તેને પૂછયું કે કુર્આન શરીફની કઈ સૂરત તને વધારે પસંદ છે ? તેણે કહ્યું કે સૂરએ માઈદા (દસ્તરખ્વાન). પછી કહેવામાં આવ્યું કે કઈ આયત પસંદ છે ? તો તેણે કહ્યું કે, (અર્થ) : "તેમને છોડી મૂકો તેઓ ખાય અને ફાયદો ઉઠાવે." લોકોએ પૂછયું કે, સારું ! એના પછી કઈ આયત પસંદ છે ? તો તેણે કહ્યું કે, (અર્થ) : "લાવો અમારી પાસે અમારા દિવસનું ભોજન." લોકોએ કહ્યું કે એના પછી ? તો કહેવા લાગ્યો કે, (અર્થ) : "દાખલ થઈ જા એ ઘરમાં સલામતી અને બેખૌફીની સાથે." લોકોએ કહ્યું કે, પછી એના બાદ ? તો બોલ્યો, (અર્થ) : "તે લોકો એ ઘરમાંથી કાઢવામાં નહીં આવે." *(મુસ્તતરફ, ભાગ-૨, પેજ-૨૪૭)*

## ★ જૂઠા નબુવ્વતના દાવેદારોના ટુચકા ★

**(૧)** સલફીએ "તૈવરયાત" માં હફસ મદાઈનીથી નકલ કર્યું છે કે બગદાદના ખલીફા મામૂન રશીદના દરબારમાં એક હબ્શીને પકડીને લાવવામાં આવ્યો જેણે નબુવ્વતનો દાવો કર્યો હતો અને કહેતો હતો કે હું મૂસા ઈબ્ને ઈમરાન છું ! ખલીફાએ તેને કહ્યું કે હઝરત મૂસા ઈબ્ને ઈમરાન

ﷺ નો તો એ મો'જિઝો હતો કે તેઓ પોતાનો હાથ પોતાના ગરેવાનમાં નાખીને કાઢતા હતા તો તે હાથ રોશન થઈને ચમકતો હતો. જો તમે મૂસા ઈબ્ને ઈમરાન હોઉ તો મને એ મો'જિઝો દેખાડો ? ખલીફાનો સવાલ સાંભળીને હબ્શીએ કહ્યું કે હે અમીરુલ મો'મિનીન ! હઝરત મૂસા ﷺ ને યદે બયઝા (રોશન હાથ)નો એ મો'જિઝો એટલા માટે અતા થતો હતો કે તેમના જમાનામાં ફિરઔન **અના રબ્બુકુમુલ્ આ'લા** કહીને ખુદાઈનો દા'વો કરતો હતો, આપ મારા જમાનાના બાદશાહ છો, તમે પણ જો ફિરઔનની જેમ ખુદાઈનો દા'વો કરો તો હું પણ એ મો'જિઝો બતાવું ! જ્યાં સુધી તમે **અના રબ્બુકુમુલ આ'લા** કહેશો નહીં ત્યાં સુધી મારો હાથ રોશન થઈને ચમકશે નહીં ! હબ્શીની આ વાત સાંભળીને ખલીફા તથા હાજરજનો હસી પડયા. *(તારીખુલ ખુલફા, પેજ–૨૨૬ વગેરે)*

**(૨)** બગદાદના ખલીફા હારૂન રશીદના જમાનામાં એક શખ્સે નબુવ્વતનો દા'વો કર્યો. જ્યારે તેને પકડીને શાહી દરબારમાં લાવવામાં આવ્યો તો ખલીફાએ પૂછયું કે તમો કોણ છો ? તેણે કહ્યું કે હું "નબી" છું ! ખલીફાએ કહ્યું કે દરેક નબી કોઈ ન કોઈ મો'જિઝો જરૂર દેખાડે છે, તમે જો નબી હોઉ તો મારા આ દાઢી મૂંછ વિનાના નવયુવાન ગુલામોને એકદમ દાઢી મૂંછવાળા બનાવી દો ! નબુવ્વતના દાવેદારે કહ્યું કે હે અમીરુલ મો'મિનીન ! એ મારા માટે હલાલ નથી કે દાઢી મૂંછ વિનાના આ ખૂબસૂરત ચહેરાઓ પર દાઢી મૂંછ ઉઘાડીને તેમને કદરૂપા કરી દઉં ! હા, એ મો'જિઝો જરૂર દેખાડી શકુ છું કે જો તમે કહો તો આ દાઢી મૂંછવાળાઓને એકદમ દાઢી મૂંછ વિનાના કરી દઉં ! નબુવ્વતના દાવેદારનો જવાબ સાંભળીને ખલીફા હારૂન રશીદ હસી પડયો અને હાજર રહેલા પણ ખૂબ હસ્યા. *(મુસ્તતરફ, ભાગ–૨, પેજ–૨૪૬)*

**(૩)** બગદાદના ખલીફા મામૂન રશીદના દરબારમાં એક નબુવ્વતનો દાવેદાર હાજર કરવામાં આવ્યો. તો ખલીફાએ તેને હુકમ આપ્યો કે જો તમે નબી હોઉ તો મો'જિઝો બતાવો ! નબુવ્વતના દાવેદારે કહ્યું કે મારો એ મો'જિઝો છે કે કાંકરીને હું પાણીમાં નાખી દઉં તો પીગળીને પાણી બની જશે. જેથી તેણે પોતાના ખિસ્સામાંથી એક કાંકરી કાઢી અને પાણીમાં નાખી તો તે ઓગળીને





પાણી બની ગઈ. ખલીફાએ કહ્યું કે આ તારી કીમીયાગરી છે, હું તને મારી પાસેથી એક કાંકરી આપુ છું તેને તું પાણીમાં નાખીને બનાવી દે તો હું સમજીશ કે એ તારો મો'જિઝો છે. નબુવ્વતના દાવેદારે કહ્યું કે હે અમીરુલ મો'મિનીન ! આપ ફિરઔનથી મોટા નથી અને હું હઝરત મૂસાથી વધીને નથી ! જ્યારે હઝરત મૂસા ﷺ એ પોતાના અસાને સાપ બનાવીને મો'જિઝો દેખાડયો તો ફિરઔને તો એવું નથી કહ્યું કે, હે મૂસા ! તમારો અસો સાપ બની ગયો એ તમારી હાથ ચાલાકી છે, મારા અસાને સાપ બનાવીને દેખાડો ! ત્યારે જ હું તમારો મો'જિઝો સ્વીકારીશ. નબુવ્વતના દાવેદારની આ વાત પર ખલીફા તથા સર્વ દરબારીઓ હસી પડયા.

**(૪)** ખલીફા મોઅ્તસિમના દરબારમાં પણ એક જૂઠા નબીને રજુ કરવામાં આવ્યો. તો ખલીફાએ તેના નબુવ્વતના દાવાને સાંભળીને ગુસ્સામાં ઉશ્કેરાઈને કહ્યું કે, મૂર્ખ તથા બેવકૂફ છો ! ખલીફાની ધમકી સાંભળીને જૂઠા નબીએ એવો જવાબ આપ્યો કે, હે અમીરુલ મો'મિનીન ! તમે નારાજ ન થાવ, એ તો સિધ્ધ થયેલ ખયાલ તથા મશહૂર કથન છે કે જેવી કૌમ હોય છે એવો જ નબી એ કૌમની તરફ મોકલવામાં આવે છે, તમે તથા તમારી આખી કૌમ મૂર્ખ તથા બેવકૂફ છે એટલા માટે અલ્લાહ તઆલાએ મને મૂર્ખ તથા બેવકૂફને તમારા લોકો તરફ નબી બનાવીને મોકલી આપ્યો છે ! આ સાંભળીને મોઅ્તસિમ ગુસ્સામાં હોવા છતાં ખૂબ જોરથી હસ્યો અને દરબારી લોકો પણ હાસ્ય રોકી ન શકયા.

**(૫)** ખલીફા મામૂન રશીદના દરબારમાં એક નબુવ્વતનો દાવો કરનારને લાવવામાં આવ્યો. ખલીફાએ પૂછયું કે તમે કોણ છો ? તેણે કહ્યું કે હું ઈબ્રાહીમ ખલીલુલ્લાહ છું ! ખલીફાએ કહ્યું કે ઈબ્રાહીમ ખલીલુલ્લાહનો તો એ મો'જિઝો હતો કે તેમને આગમાં નાખવામાં આવ્યા તો આગ ઠંડી થઈને તેમના માટે સલામતીનો સામાન બની ગઈ, અમે તમને પણ આગમાં ફેંકાવી દઈએ છીએ જો તમે આગમાં જીવતા સલામત નીકળી આવ્યા તો હું તમારા પર ઈમાન લાવીશ ! નબુવ્વતના દાવેદારે કહ્યું કે આટલો મોટો મો'જિઝો તો નહીં ! કોઈ નાનો મો'જિઝો માંગો તો હું દેખાડીશ ! ખલીફાએ કહ્યું કે સારું તમે હઝરત મૂસા ﷺ નો મો'જિઝો

બતાવી દો ! કે અસા સાપ બની જાય, અને તમારી અસા મારી દેવાથી દરિયો ફાટી જાય, અને હાથ ગરેવાનમાં નાખી કાઢવાથી હાથ રોશન થઈને ચમકવા લાગે. નબુવ્વતના દાવેદારે કહ્યું કે આ મો'જિઝાઓ એનાથીયે વિશેષ અને અઘરા છે ! ખલીફાએ કહ્યું કે સારું તમે હઝરત ઈસા عليه الصلوة والتسليم નો મો'જિઝો દેખાડો છો ? નબુવ્વતના દાવેદારે કહ્યું કે હઝરત ઈસા عليه الصلوة والتسليم નો કયો મો'જિઝો દેખાડું ?! ખલીફાએ કહ્યું કે મુડદાને જીવતુ કરી આપો ! નબુવ્વતના દાવેદારે કહ્યું કે, બહું સારું ! એ મને મંજૂર છે. તમે કાઝીયુલ કઝા કાઝી યહ્યા ઈબ્ને અકષમને કત્લ કરી આપો તો હું તેમને જીવતા કરીશ ! ખલીફાએ દરબારમાં કાઝી યહ્યાની તરફ જોઈને ફર્માવ્યું કે, કેવું છે કાઝી સાહબ ! શું તમે આ મો'જિઝો જોવા માટે તૈયાર છો ?! કાઝી યહ્યાએ એકદમ જવાબ આપ્યો કે અમીરુલ મો'મિનીન ! હું તો મો'જિઝો જોયા વિના જ તેની (જૂઠી) નબુવ્વત પર ઈમાન લાવી ચૂકયો છું ! જેને શક હોય તે એ મો'જિઝો જુએ ! મારે મો'જિઝો જોવાની જરૂરત નથી ! પછી સૌ હસી પડયા.

**(૬)** એક નબુવ્વતના દાવેદારને મામૂન રશીદના દરબારમાં લાવવામાં આવ્યો હતો તો મામૂને પૂછયું કે તમારી નબુવ્વતની કઈ નિશાની છે ? તો તેણે કહ્યું કે મારી નબુવ્વતની નિશાની એ છે કે હે અમીરુલ મો'મિનીન ! હું તમારા દિલની વાત જાણુ છું ! મામૂન રશીદે ધમકાવીને પૂછયું કે બતાવ ! કઈ વાત મારા દિલમાં છે ? તો નબુવ્વતના દાવેદારે કહ્યું કે તમારા દિલમાં એ જ છે કે હું જૂઠો છું. મામૂને કહ્યું કે બરાબર છે, ખરેખર ! તું મારી નજીક જૂઠો જ છે. પછી મામૂન રશીદે તે કઝ્ઝાબને કેદખાનામાં કેદ કરી દીધો અને થોડાક દિવસો બાદ કેદ ખાનાથી કાઢીને તેને પૂછયું કે શું આ દરમ્યાન તારા પર કોઈ વહી ઉતરી છે ? તેણે કહ્યું કે, જી નહીં ! મામૂન રશીદે કહ્યું કે, એવું શાથી ?! તારા પર વહીનો સિલસિલો કેમ બંધ થઈ ગયો ?! તેણે કહ્યું કે, એટલા માટે કે ફરિશ્તા જેલખાનામાં નથી પ્રવેશતા ! એ જવાબ સાંભળીને મામૂન રશીદ અને દરબારીઓ હસી પડયા.

**(૭)** બગદાદના ખલીફા મુતવક્કિલ બિલ્લાહના દરબારમાં એક ઔરતને ગિરફતાર કરીને લાવવામાં આવી જેણે નબુવ્વતનો દાવો કર્યો હતો.





ખલીફાએ તેને પૂછયું કે શું તમે નબી છો ? ઔરતે કહ્યું કે જી હા ! ખલીફાએ ફર્માવ્યું કે શું હઝરત મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની નબુવ્વત પર તારું ઈમાન છે ? તેણીએ કહ્યું કે, જી હા ! હું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની નબુવ્વત પર ઈમાન ધરાવું છું. ખલીફાએ કહ્યું કે શું તને એ ખબર નથી કે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, **લા નબિય્ય બઅદી** એટલે કે **"મારા બાદ કોઈ નબી નથી."** ઔરતે કહ્યું કે, ઠીક છે ! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ **લા નબિય્ય બઅદી** ફર્માવ્યું કે **"મારા બાદ કોઈ મર્દ નબી નથી"** એના પર મારું ઈમાન છે પણ શું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કયાંક એ પણ ફર્માવ્યું છે કે **લા નબિય્યત બઅ્દી** કે "મારા બાદ કોઈ ઔરત નબી નથી થાય !" આ સાંભળીને ખલીફા તથા હાજરજનો સૌને હસવું આવી ગયું અને ખલીફાએ તે સ્ત્રીને દરબારેથી કાઢી મૂકાવી. *(મુસ્તતરફ, ભાગ-૨, પેજ-૨૪૪)*

## ★ ચાર હર્ફ ★

આ'લા હઝરત મૌલાના શાહ અહમદ રઝા સાહબ બરેલ્વી કુદ્દેસ સિર્રહુલ અઝીઝ પોતાના ઈલ્મી તથા અમલી કમાલો અને શરીઅત તથા તરીકત બંને સમુદ્રોના મજમઉલ બહરૈન (સંગમ) તથા જામેઉલ ફરીકૈન હોવા છતાં ખૂબ જ રમૂજી મિજાઝ અને ખુશમિજાઝ હતા. પોતાનાં લખાણો તથા મજલિસી ચર્ચાઓમાં કદી કદી ગમ્મતી ટુચકા ખાસ કરીને અદબી લતીફા (સાહિત્યિક) ખૂબ જ સફાઈ અને પાકીઝગીની સાથે વર્ણન કરી આપતા હતા.

કોઈ આર્યએ પોતાના મઝહબના વિશે એક કિતાબ લખી અને તેનું નામ "આર્ય ધર્મ પર ચાર" રાખ્યું. અને તેણે તે કિતાબની એક કોપી આ'લા હઝરતની ખિદમતમાં મોકલી આપી. આ'લા હઝરતે તે કિતાબનો અભ્યાસ કરીને ઠેકઠેકાણે હાશિયા પર તેની રદ લખી આપી અને ટાઈટલ પર કિતાબના નામની આગળ એટલી જાડી કલમ વડે અને કાળી સ્યાહી વડે "પર ચાર" પછી "હર્ફ" (અક્ષરો) વધારી દીધું. જેથી કિતાબનું નામ હવે થઈ ગયું **"આર્ય ધર્મ પર ચાર હર્ફ"** ચાર હર્ફ એટલે **"લઅનત"** લામ-અયન-નૂન-તે. *(હયાતે આ'લા હઝરત, પેજ-૫૯)*

## ★ ઈતિહાસના વિષયમાં લતીફો ★

આ'લા હઝરત મુહદ્દિષે બરેલ્વી કિબ્લા કુદ્દેસ સિર્રહુલ અઝીઝ તમામ ઈલ્મો તથા વિદ્યાઓથી સજ્જ હતા. કદાચ જ કોઈ ઈલ્મ તથા ફન એવો હોય જેમાં આપને કમાલની મહારત પ્રાપ્ય ન હોય અને જેમાં આપની કોઈ કિતાબ ન હોય. જેમ કે ફન્ને તારીખ (ઈતિહાસના વિષય)માં પણ એવો કમાલ પ્રાપ્ય હતો કે પૂર્વજ કે પાછલા ઉલમામાં એનું દ્રષ્ટાંત મળવું મુશ્કેલ છે.

આ વિષયમાં પણ કયારેક કયારેક આપની ખુશમિજાઝી તથા રમૂજી સ્વભાવની ઝલક જોવા મળે છે. જેમ કે એક જણે આપની ખિદમતમાં હાજર થઈને અર્ઝ કરી કે એક ભાઈએ ઈમામબાડા બનાવ્યો છે અને તે ચાહે છે કે કોઈ તારીખી (ઐતિહાસિક) નામ હોય તો દરવાજા પર તેને કોતરવી લગાડી દેવામાં આવે. આ'લા હઝરતે તુરત જ ફર્માવ્યું, તેમને કહો કે **બદરે રિફ્ઝ** (હિ.સ. ૧૨૮૬) નામ રાખે. ("બદરે રિફ્ઝ"ના અદદ ૧૨૮૬ થાય છે) એ જવાબને સાંભળીને તેમણે કહ્યું કે ઈમામબાડા ગયા વરસે જ તૈયાર થઈ ચૂકેલ છે. મકસદ એ હતો કે હઝરત કોઈ બીજું નામ જણાવશે જેમાં **"રિફ્ઝ"** શબ્દ ન આવતો હોય. હુઝૂરે તરત જ ફર્માવ્યું કે **"દારે રિફ્ઝ"** (હિ.સ. ૧૨૮૫) નામ રાખે. આ સાંભળીને તે એકદમ ચુપ થઈ ગયો. પછી અર્ઝ કરી કે તેનો પાયો હિ.સ. ૧૨૮૪ માં રાખવામાં આવ્યો હતો, એટલા માટે એની સન મુજબનું નામ હોવું યોગ્ય રહેશે. તો ઈર્શાદ ફર્માવ્યો **દરે રિફ્ઝ** (હિ.સ. ૧૨૮૪) નામ રાખે. *(હયાતે આ'લા હઝરત, પેજ–૧૪૧)*

## ★ અમારા વખતે મજબૂરી હતી ! ★

આ'લા હઝરત મુહદ્દિષે બરેલ્વી કિબ્લા કુદ્દેસ સિર્રહુલ અઝીઝના પૌત્ર હઝરત મૌલાના ઈબ્રાહીમ રઝાખાં ઉર્ફે જીલાનીમિયાં સાહબ કિબ્લા رحمۃ اللہ علیہ ની ખત્નાનો પ્રસંગ ઘણા જ ધુમધામથી મનાવવામાં આવ્યો હતો. સગાં સંબંધીઓ તથા શહેરના રઈસો તથા આમ તથા ખાસ સૌ આ પ્રસંગમાં હાજર હતાં. જે મકાનમાં ખત્ના થવાની હતી ત્યાં જવા સૌને કહેવામાં





આવ્યું. સૌ લોકો રવાના થઈ ગયા તો કોઈએ હુઝૂર આ'લા હઝરતને પણ ત્યાં જવા માટે અર્ઝ કરી. તે વખતે ઘણી સાદગીની સાથે એ ઈર્શાદ ફર્માવ્યો કે, "હું તો આ પ્રસંગે કદી નથી જતો. અમારા વખતે મજબૂરી હતી." *(હયાતે આ'લા હઝરત, પેજ–૪૦)*

**સારાંશ** : જુઓ ! આ'લા હઝરત કિબ્લા કુદ્દેસ સિર્રહૂના લખાણો તથા વાણીની રમૂજી વૃત્તિમાં કેટલી સભ્યતા અને કેટલી પવિત્રતા છે. વળી રમૂજમાં પણ ઈલ્મી તથા અદબી (સાહિત્યિક) લતીફાની ઝલક સોના પર સુહાગાનું કામ કરી રહી છે. એમાં શંકા નથી કે આ'લા હઝરત કિબ્લા કુદ્દેસ સિર્રહુલ અઝીઝની હસ્તી ઈલ્મો મઅરેફતનો એવો સમુદ્ર છે જેની વિશાળતા તથા ગહરાઈઓનો અંદાઝો લગાડવો દરેકના વશની વાત નથી. હકીકત એ છે કે આપને તથા આપના કમાલોને ખુદાવંદે કુદુસના ફઝ્લે અઝીમના સિવાય અન્ય કાંઈ નથી કહી શકાતું. શું સરસ ફર્માવ્યું છે કોઈ અરબી શાયરે કે :–

**(અર્થ)** : "ખુદાવંદે તઆલાની કુદરતના માટે એ કોઈ ઈન્કારને પાત્ર વાત નથી કે તે આખી દુનિયાની ખૂબીઓ કોઈ એક જ માનવીમાં જમા કરી આપે."

સુબ્હાનલ્લાહ ! સાચુ ફર્માવ્યું, હઝરત શહીદીએ કે :–

**ઉસ્કે અલ્તાફ તો હૈં આમ શહીદી સબ પર**
**તુઝસે કયા ઝિદ થી ? અગર તૂ કિસી કાબિલ હોતા**

## ★ કાઝી તથા ફરીક ★

મિસ્રની હુકૂમતની કચેરીઓમાં બે અલગ અલગ હોદ્દાઓ છે. એક કાઝીનો હોદ્દો અને એક ફરીકનો. મિસ્રના એક આલિમ હાફિઝ અબ્દુલ અઝીઝ બિશ્રી ઘણા જ રમૂજી સ્વભાવના અને હાજર જવાબ હતા. સંજોગોવસાત હુકૂમતે તેમને કાઝી બનાવી દીધા, તો શહેરના લોકો તેમને મુબારકબાદ આપવા માટે આવ્યા. મુબારકબાદ આપનારાઓમાં તેમના એક મિત્ર પણ હતા જે ફરીકના હોદ્દા પર હતા અને એ પણ ઘણા જ

ગમ્મતખોર સ્વભાવના હતા. આવતાં જ બોલી પડયા કે, હાફિઝ સાહબ ! કાઝીનો હોદ્દો મુબારક હજો ! પરંતું એ તો બતાવો કે કાઝી બે પ્રકારના હોય છે. એક કાઝી જે આદિલ હોય જન્નતમાં જશે અને એક કાઝી જે જાલિમ હોય તે જહન્નમમાં જશે. તો તમે કયા કાઝી છો ? આ સાંભળીને હાફિઝ અબ્દુલઅઝીઝ બિશરીએ એકદમ જવાબ આપ્યો કે આ હદીષ તો મને સારી પેઠે યાદ નથી, પરંતું કુર્આન મજીદની આ આયત મને ખૂબ સારી રીતે યાદ છે, (અર્થ) : ''એક ફરીક જન્નતમાં હશે અને એક ફરીક દોઝખમાં હશે.'' તો તમે મહેરબાની કરીને જણાવો કે તમે કયા ફરીકમાં છો ?! આ સાંભળીને ફરીક સાહબ એવા ગુંચવાયા કે કોઈ જવાબ ન આપી શકયા, અને આખી મજલિસ હસી હસીને લોથપોથ થઈ ગઈ. *(રિસાલએ કુલ્લુ શૈઈન વહુન્યા–મિસ્ર)*

## ★ બંદૂક અલી ★

હઝરત મૌલાના સૈયદ ખલીલ સાહબ કિબ્લા ચિશ્તી અમરોહી رحمۃ اللہ علیہ જેઓ વિના શંકાએ વર્તમાનકાળમાં પૂર્વજ આલિમોનો નમૂનો છે. ઘણા જ ખુશ મિજાઝ તથા રમૂજી વૃત્તિવાળા આલિમે દીન હતા. અને મુઝ ફકીરને ઘણા જ  માનવાવાળા તથા મુકત હતા. ઘણીવાર ટુચકા સંભળાવ્યા કરતા હતા. એક મજલિસમાં કાફિયાબંદી (પ્રાસ) વિશેની ચર્ચા છેડાઈ ગઈ. તો ઈર્શાદ ફર્માવ્યો કે અમારા યુ.પી.ના એક મૌલાના સાહબ હૈદ્રાબાદ રાજયના કોઈ ગામમાં પહોંચ્યા તો જોયું કે એક જગાએ ઘણા લોકો જમીન પર ખામોશ બેઠેલા છે અને શીરીનીના થાળ વચ્ચે મૂકેલા છે. મૌલાના સાહબ પણ ફર્શ પર બેસી ગયા. ઘણીવાર સુધી રાહ જોઈ પણ સૌ લોકોને ખામોશ જ જોયા અને તેમને આ મજલિસના મકસદની ખબર ન પડી, તો મજબૂર થઈને ખૂદ મૌલાનાએ જ આ ખામોશીના પર્દાને તોડયો અને ફર્માવ્યું કે હઝરાત ! લિલ્લાહ મને એ જણાવો કે તમે લોકો અહીં શા કારણે ભેગા થઈને ખામોશ બેઠા છો ? અને આ શીરીની કેવી અને શાથી રાખવામાં આવી છે ? આ સાંભળીને લોકોએ કહ્યું કે કદાચ તમે પરદેશી જણાવ છો ! તેમણે કહ્યું કે જી હા ! હું યુ.પી. નો વતની છું. તો લોકોએ





બતાવ્યું કે કિબ્લા ! આ બિસ્મિલ્લાહ ખ્વાનીની રસમની મજલિસ છે, એક બાળકનું નામ રાખવાના માટે બિરાદરીના લોકો ભેગા થયા છે, નામ રાખી લીધા પછી આ શીરીની વહેંચવામાં આવશે. મૌલાનાએ ફર્માવ્યું કે અરે ભાઈ ! તો પછી લોકો શા માટે નામ રાખતા નથી ?! કલાકોથી બેસીને શું વિચારી રહ્યા છે ? ચૌધરીએ કહ્યું કે, જનાબ ! આ છોકરાનું નામ રાખવામાં ઘણી મુશ્કેલી જણાઈ રહી છે. મૌલાનાએ કહ્યું કે કેવી મુશ્કેલી ? હાજર જનોએ કહ્યું કે અહીંનો રિવાજ છે કે બાળકનું નામ બાપ તથા દાદાના નામના વજન પર રાખવામાં આવે છે અને એવું નામ પસંદ કરવામાં આવે છે જે બિલકુલ જ નવુ હોય. મૌલાનાએ પૂછયું કે એ બાળકના બાપનું નામ શું છે ? લોકોએ કહ્યું કે માશૂક અલી. મૌલાનાએ કહ્યું કે તો પછી આ બાળકનું નામ ફારૂક અલી રાખી દો ! તો લોકો હસી પડયા કે જનાબ એ તો એના દાદાનું નામ છે ! કોઈ એના સમાન નામ તજવીજ ફર્માવો. હવે મૌલાના પણ પ્રાસ બેસાડવા લાગી ગયા, વારંવાર માશૂક અલી, ફારૂક અલીનું રટણ દિમાગમાં કરતા રહ્યા અને હમવઝન (સમાનતા ધરાવતુ) નામ વિચારતા રહ્યા, પણ તેના હમવઝન કોઈ નામ દિમાગમાં આવતુ જ ન હતું. મૌલાના પણ થોડીવાર ખામોશ રહ્યા. પછી જણાવ્યું કે ભાઈઓ ! એક નામ મારા દિમાગમાં આવ્યું છે તે એકદમ બાપ તથા દાદાના નામથી મળતુ છે, અને નવુ તો એટલુ છે કે હઝરત આદમ علیہ السلام ની ઔલાદમાં કદાચ જ આજ સુધી કોઈએ એ નામ રાખ્યુ હોય ! લોકોએ અતિ આતુરતાપૂર્વક માથુ ઉઠાવી તેમના તરફ જોયું અને સૌ એકી સાથે બોલી પડયા કે જરૂર ! જરૂર ! તે કયુ નામ છે તે જણાવો ! તો મૌલાનાએ કહ્યું કે સાંભળો ! બાપનું નામ ''માશૂક અલી'' અને દાદનું નામ ''ફારૂક અલી'' છે એટલા માટે આ બાળકનું નામ ''બંદૂક અલી'' રાખી દેવામાં આવે, વજન બિલકુલ બરાબર છે અને નામ તદ્દન નવું છે. એ સાંભળી હાજરજનો નારાજ થઈને બોલ્યા કે તમેય શું મઝાક કરો છો ? તમને શરમ નથી આવતી કે તમે મૌલાના થઈને આવી ગંભીર મજલિસમાં મશ્કરાપણુ દેખાડી રહ્યા છો ? મૌલાનાએ પણ ઊંચા અવાજે કહ્યું કે, અરે ! મઝાકની ઐસી કી તૈસી ! શું ''શમશેર અલી'' નામ રાખવામાં નથી આવતું ? શું ''તેગ અલી''

નામ રાખવામાં નથી આવતું ? તો જ્યારે અલીની શમશેર તથા અલીની તેગ તથા તલવાર થઈ શકે છે તો જો અલીની બંદૂક થઈ જાય તો એમાં કયું કુફ્ર થઈ જશે ?! જેવી રીતે અલીની તલ્વાર હોઈ શકે છે એવી રીતે અલીની બંદૂક પણ હોઈ શકે છે. હું આલિમ તથા મુફ્તી છું, હું ફત્વો આપુ છું કે "બંદૂક અલી" નામ રાખવામાં હરગિઝ હરગિઝ ન કોઈ કુફ્ર છે ન શિર્ક છે ન કોઈ બિદઅત ન એ હરામ છે ન મકરૂહે તહરીમી ન મકરૂહે તન્ઝીહી. યકીનન ! આ નામ જાઈઝ તથા મુબાહ છે. મતલબ કે મૌલાનાએ પોતાની આલિમાના તકરીરના પ્રભાવથી સૌને ચુપ કરી દીધા, અને સૌએ એકમતિથી બાળકનું નામ "બંદૂક અલી" રાખી દીધું અને મીઠાઈ વહેંચાઈ ગઈ. પછી મૌલાનાએ કહ્યું કે ભાઈઓ ! એક બીજુ નામ એના વઝન પર મારા દિમાગમાં આવી ગયું છે તેને આપ લોકો નોંધી લો જેથી ભવિષ્યમાં આવો પ્રસંગ બને તો તમારે કામ આવે. લોકોએ ઉત્સાહભેર પૂછયું કે મૌલાના ઈર્શાદ ફર્માવો ! તો મૌલાનાએ ફર્માવ્યું કે "સંદૂક અલી" ! જુઓ ! વઝન તથા પ્રાસ તદ્દન બરાબર છે અને નામ પણ નવું છે. લોકોએ ખુશ થઈને મૌલાનાનો આભાર માન્યો અને સૌ આપની પ્રાસ બેસાડવાની કળાને દાદ આપવા લાગ્યા.

## ★ અસ્હાબે ફીલનો ષાની ★

ઈમામે મન્તિક હઝરત અલ્લામા અબ્દુલહક્ક ખૈરાબાદી ખૂબ જ ઝિંદાદિલ, ખુશ મિજાઝ અને ખૂબ જ બાગો બહાર તબીઅતના માલિક હતા. જે દિવસોમાં આપ નવાબ કલ્બ અલી ખાન વાલીએ રામપૂરનો વઝીફો પામનાર અને ખાસ સાથીઓમાં સામેલ હતા. નવાબ સાહબ મર્હૂમે એ જ દિવસોમાં હજ્જ તથા ઝિયારતનો ઈરાદો કરી દીધો. અને તેમણે પોતાના સાથી દોસ્તો સાથે મશ્વરો કર્યો કે હું અહલે હરમૈન શરીફૈનના માટે એવો કયો તોહફો લઈ જાઉં જે મારા સિવાય કોઈ અન્ય ન લઈ ગયો હોય ? તો સૌ સાથી દોસ્તોએ એવું કહ્યું કે હુઝૂર ! મક્કા મુકર્રમા તથા મદીના મુનવ્વરામાં હાથી નથી જોવા મળતા એટલા માટે હરમૈન શરીફૈનવાળાઓ માટે આ ખૂબ જ દુર્લભ તોહફો ગણાશે. જેથી આપ આપના





હાથીખાનામાંથી એક અતિ ઉમદા સારો હાથી લઈને હરમૈન શરીફૈન તશરીફ લઈ જાવ, અને હરમૈનવાળાઓની ખિદમતમાં તેને તોહફારૂપે રજુ કરો. નવાબ સાહબે ખુશ થઈને સાથીઓનો આ મશ્વરો સ્વીકારી લીધો અને હાથીના માટે શાનદાર અંબાડી વગેરે બનાવવાનો ઓર્ડર પણ આપી દેવામાં આવ્યો. પણ એ મજલિસમાં અલ્લામા અબ્દુલહક્ક ખૈરાબાદી હાજર ન હતા. જ્યારે અલ્લામા તશરીફ લાવ્યો તો નવાબ સાહબ મર્હૂમે પોતાની સ્કીમ અને સાથીઓના મશ્વરાથી તેમને માહિતગાર કર્યા. હઝરત અલ્લામાએ ઘણી જ સાદગીની સાથે એવું ફર્માવ્યું કે, ઠીક જ તો છે ! અબરહા પછી તમે પ્રથમ વ્યક્તિ છો જે હાથી લઈને મક્કા જશો ! એટલા માટે લોકો એને એ સિવાય શું કહેશે કે રામપૂરના નવાબ અસ્હાબે ફીલના ષાની છે ! આ સાંભળતાં જ આખો દરબાર હાસ્યના અવાજોથી ગુંજી ઉઠયો અને નવાબ મર્હૂમ પણ હસવા લાગ્યા. અને હાથી લઈને મક્કા મુકર્રમા જવાની આખી સ્કીમ પડી ભાગી. અને નવાબ સાહબે કહ્યું કે ખુદાની કસમ ! હું કદી પણ અસ્હાબે ફીલનો ષાની બનવા તૈયાર નથી થઈ શકતો !

## ★ ખુદાના ઘરથી ચાય ખત્મ ?! ★

અલીગઢના રઈસોમાં અલ્હાજ નવાબ મુઝમ્મિલુલ્લાહખાન સાહબ મર્હૂમ ઘણા જ આન બાન અને ઘણી નિરાળી શાનવાળા નવાબ હતા. ફકીર લેખક (આઝમી સાહબ) સાથે તેમને ખાસ સંબંધ હતો કેમ કે એઓ મારા મુર્શિદ رحمۃ اللہ علیہ ના પીરભાઈ હતા. અને હઝરત મૌલાના શાહ અબ્દુલ ગફૂરખાં સાહબ કિબ્લા નકશબંદી મુજદ્દિદી શાહજહાંપૂરી رحمۃ اللہ علیہ ના મુરીદ હતા એ નિસ્બતના કારણે ઘણીવાર હું એમના દરબારમાં જતો હતો. નવાબ સાહબ મર્હૂમને ત્યાં મોટા ભાગે ઉલમા તથા હાફિઝો વગેરે દસ્તરખ્વાન પર મૌજૂદ રહ્યા કરતા હતા. કેટલાક લોકોએ જણાવ્યું કે નવાબ સાહબ મર્હૂમના ત્યાં કોઈ મૌલાના સાહબ રહેતા હતા જે ઘણા જ દિલચસ્પ તથા ખુશ દિલ તેમજ ખુશ મિજાઝ હતા અને તેમના રમૂજી સ્વભાવથી નવાબ સાહબ મર્હૂમ પણ લિજ્જત પામ્યા કરતા હતા. આ મૌલાના સાહબ ચાયના ઘણા જ આશિક હતા અને ચાય પીતી વખતે

ખુશ થઈને હમેશાં એવા એવા લતીફા તથા ટુચકા સંભળાવ્યા કરતા હતા કે નવાબ સાહબ તથા સાથીઓ હસી હસીને આડા પડી જતા હતા. જ્યારે નવાબ સાહબ મર્હૂમ હજ્જથી પાછા તશરીફ લાવ્યા તો મક્કા મુકર્રમાથી કાચની પ્યાલીનો એક સેટ પોતાની સાથે લાવ્યા હતા અને મુઝમ્મિલ મંઝિલમાં પ્રથમવાર તે જ પ્યાલીમાં ચાયનો દૌર ચાલ્યો તો મૌલાના સાહબ રિસાઈને દૂર જઈને બેસી ગયા. અને જ્યારે નવાબ સાહબે બોલાવ્યા કે મૌલાના ! ચાય હાજર છે. તો મૌલાના સાહબે કાનો પર હાથ રાખીને કહ્યું કે સરકાર ! હું આ ચાયથી હારી ગયો છું બલ્કે હું તૌબા કરી લઉં છું ! નવાબ સાહબે આશ્ચર્યથી ફર્માવ્યું કે, અરે ! આ શું તમે તો પોતાને ચાયનો આશિકેઝાર ફર્માવ્યા કરતા હતા અને આજે પોતાની મહબૂબાથી આટલા પ્રમાણમાં નારાજ કેમ થઈ રહ્યા છો ?! ખરેખર તમે આજે ચાયથી શા માટે દૂર ભાગી રહ્યા છો ?! કોઈ ખાસ વાત તો નથી ? મૌલાનાએ ફર્માવ્યું કે ખાસ કે આમ વાત કાંઈ નથી, વાત કેવળ એટલી છે કે જ્યારે ચાય શરૂમાં શરૂમાં ચાલી હતી તો માટીની મોટી મોટી રકાબીઓમાં ખૂબ જ વધારેને વધારે પ્રમાણમાં મળતી હતી. પછી ખુદા ગારત કરે જાપાનને કે તેણે ચાયના માટે ચીની માટીના નાના નાના કપ બનાવ્યા તો પછી તે પ્યાલાઓમાં થોડી થોડી મળવા લાગી. પછી સિંગલ કપ બની ગયા તો એથીય ઓછી ચાય મળવા લાગી ! અને આજે જોઈ રહ્યો છું કે કાચની આ પ્યાલીમાં વધુમાં વધુ નવ માશા અથવા એક એક તોલો ચાય મળી રહી છે. તો હું એ જોઈ રહ્યો છું કે ચાય જ્યારથી શરૂ થઈ ત્યારથી સતત પ્રમાણમાં ઘટતી જ ચાલી જઈ રહી છે એટલા માટે મને એવું મેહસૂસ થઈ રહ્યું છે કે હવે આગામી થોડા દિવસોમાં ઘટતાં ઘટતાં એ દિવસ આવશે કે ચાય અત્તરની જેમ રૂના ફાયામાં વહેંચવા લાગશે, અને પછી અમુક દિવસોમાં તદ્દન જ ખત્મ થઈ જશે. અને મજબૂરન્ આપણે લોકોએ તેનાથી તૌબા જ કરી લેવી પડશે, જેથી મેં આજથી જ તૌબાનો ઈરાદો કરી લીધો છે. આ સાંભળીને મેહફિલોવાળા હસી પડયા પણ નવાબ સાહબે ફર્માવ્યું કે જનાબ ! આ પ્યાલીમાં ચાય પીવી બૈતુલ્લાહ શરીફવાળાઓનો તરીકો છે, એટલા માટે આપ એનાથી ઈન્કાર નથી કરી શકતા. એ સાંભળીને





મૌલાનાએ ફર્માવ્યું કે ઓહ ! તો તો હું સમજુ છું ! કે ખુદાના ઘરથી ચાય ખત્મ થઈ રહી છે ! મૌલાનાનું આ વાકય સાંભળીને નવાબ સાહબને પણ હસી આવી ગઈ, અને પછી મૌલાનાએ ઉઠાવીને ચાય પીવાની શરૂ કરી દીધી.

## ★ બાકરામત ઉસ્તાદ ★

અલીગઢ યુનિવર્સિટીના દીનીયાતના પ્રોફેસર હઝરત અલ્લામા મૌલાના સૈયદ સુલૈમાન અશરફ સાહબ બિહારી رحمۃ اللہ علیہ ખૂબ જ જૈયદ આલિમે દીન હતા. ઘણા પ્રભાવાશાળી ખુબસૂરત અને ખૂબ જ ઉમદા પોશાક તથા ઉમદા ખોરાકવાળા બુઝુર્ગ હતા. મારા ઉસ્તાદ હઝરત સદરુશ્શરીઅહ્ મૌલાના હકીમ અલ્હાજ અમજદઅલી સાહબ કિબ્લા (લેખક : બહારે શરીઅત)ના હમ સબક તથા ઉસ્તાદભાઈ હતા. હું એકવાર હઝરત સદરુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہ ની સાથે યુનિવર્સિટીમાં હઝરતની મુલાકાતથી શરફયાબ થઈ ચૂકયો હતો, એટલા માટે પછી ફરી કેટલીયેવાર એકલો પણ કદમબોસીના માટે હાજર થતો રહ્યો, અને બિહમ્દિહી તઆલા મારા પર શફકત પણ ફર્માવતા રહ્યા.

હઝરત અલ્લામા પોતાની અતિ ઈલ્મી મહાનતા છતાં ખુશ અખ્લાક તથા ખુશ મિજાઝ બુઝુર્ગ હતા. એકવાર આપ પોતાના ઉસ્તાદ હઝરત ઉસ્તાઝુલ ઉલમા મૌલાના હિદાયતુલ્લાહખાં સાહબ જોનપૂરી કુદ્દેસ સિર્રૂલ અઝીઝના ઈલ્મી કમાલાત તથા દર્સીયાતની સમજ શકિતમાં તેમની કામિલ મહારતની ચર્ચા ખૂબ જ દીવાનગીપૂર્વક કરી રહ્યા હતા. તે વખતે મજલિસમાં અલીગઢના નવાબો તથા રઈસો પણ શરીક હતા. હજી અલ્લામા પોતાના ઉસ્તાદના ઝિક્રે જમીલથી પરવાર્યા ન હતા એવામાં એકાએક નવાબ સર મુઝમ્મિલખાં સાહબ ભૈકમપૂરના નવાબે પોતાના ઉસ્તાદ મૌલાના લુત્ફુલ્લાહખાં સાહિબ કિબ્લા علیہ الرحمۃ والرضوان ની ચર્ચા શરૂ કરી આપી. હઝરત અલ્લામાને ચાલુ વાતમાં આ દખલ પસંદ ન આવી. જ્યારે નાઝુક સ્વભાવમાં અણગમો હદથી વધી ગયો તો અલ્લામાએ મીઠા કટાક્ષમાં કહ્યું કે, ''જનાબ ! હું તો તમારા ઉસ્તાદને બાકરામત માનું છું'' સર નવાબ મઝમ્મિલુલ્લાહખાં સાહબે ઉસ્તાહભેર ઝટકાથી પૂછયું કે

હઝરત ! એવું શાથી ? હઝરત અલ્લામાએ ઝટ દઈને જણાવ્યું કે, ''એટલા માટે તેમણે તમારી જેવાઓને વધારી દીધા !'' અલ્લામાના આ શબ્દો સાંભળીને તમામ હાજરજનોના હોઠો પર હાસ્ય ફરકી ગયું અને નવાબ સાહબ મુઝમ્મિલુલ્લાહ ખાન સાહબ મર્હૂમ તદ્દન ખામોશ થઈ ગયા ! *(મસ્મૂઅ)*

## ★ મુર્દા ગાયને હલાલ કરનાર ! ★

હઝરત હકીમ ગુલામ રબ્બાની ખાન સાહબ ઈબ્ને અફસરુલ ઈત્તબા મૌલાના હકીમ અબ્દુલ કાદિર સાહબ શાહજહાંપૂરી ઘણા જ શાનદાર રઈસ અને  આઝાદ તબીયતવાળા હોવાની સાથોસાથ ખૂબ જ રમૂજી અને ખુશમિજાઝ હતા. આપ મારા મુર્શિદ عليه الرحمة والرضوان ના હલકા (મજલિસ)માં હાજર થતા રહેતા હતા અને તેમના પુત્ર મોલ્વી હકીમ ડોકટર અબ્દુલ કવીખાન સાહબ (પ્રોફેસર અલીગઢ યુનિવર્સિટી)ને મેં પઢાવ્યા હતા એટલા માટે મારે તેમની સાથે વિના સંકોચે ચર્ચા થતી રહેતી. અને એ હઝરત મારા પર ખાસ કરમ ફર્માવ્યા કરતા હતા. એકવાર હું શાહજહાંપૂર મહોલ્લા વફાઈઝખાં આપના દવાખાનાની અંદર હાજર હતો જ્યાં ઘણા શહેરના રઈસો પણ હાજર હતા, અને એક પીરઝાદા સાહબ પણ મજલિસમાં સામેલ હતા જેઓ ખૂબ જ લતીફા કહેનાર તથા હાસ્યની છોળો છોડાવનારા હતા. તેમણે એકદમ એક મોલ્વી સાહબનો કિસ્સો સંભળાવ્યો ખૂબ હસ્યા તથા હસાવ્યા. હું મજલિસમાં હાજર હતો જેથી તે કિસ્સો કાંઈક મારા પર ફીટ થવા લાગ્યો. હું તો નાનો માણસ હોવાને કારણે ચૂપ રહ્યો પરંતુ મારા તરફથી જવાબના રૂપે હકીમ સાહબ કિબ્લા મર્હૂમે તરત જ આ કિસ્સો સંભળાવ્યો કે સાહબ ! એક પીર સાહબ હતા જેમના કશ્ફો કરામતની ખૂબ ચર્ચા હતી. લોકો દૂર દૂરથી તેમની ઝિયારતના માટે આવતા હતા પણ તે સાહબ તદ્દન જાહિલ હતા. એક દિવસે ખ્યાતિ સાંભળીને એક મૌલાના સાહબ પણ તેમની ખાનકાહમાં પહોંચી ગયા. જેવા મૌલાના સાહબ આવીને બેઠા તેવામાં જ પીર સાહબનો એક નોકર દોડતો દોડતો આવ્યો અને કહ્યું કે મિયાં ! ગાય તો મરી ગઈ ! મિયાં સાહબે કહ્યું કે હવે તો મરી ગઈ ! ખૈર જાવ ! તમે લોકો તેની ખાલ ઉતારો હું હમણાં આવીને તેને





હલાલ કરી દઈશ ! અને ગોશ્ત કસાઈને આપી દઈશ. આ સાંભળીને મૌલાના સાહબ એકદમ ચોંકી ઉઠયા અને બોલી ઉઠયા કે હઝરત ! મૃત્યુ પામેલી ગાયને તમે કેમ કરીને હલાલ કરશો ?! પીર સાહબે ચમકીને ફર્માવ્યું કે જી હા ! એ જ બધી તો ખાસ ખાસ દુઆઓ છે જેના લીધે અમારી ખાનકાહ દૂર દૂર સુધી મશહૂર છે. મૌલાના સાહબે અદબભેર અર્ઝ કર્યું કે હઝરત કરામત મઆબ ! લિલ્લાહ જરા એ દુઆઓ અમને પણ સંભળાવી દો ! પીર સાહબે ફર્માવ્યું કે ખૈર ! તમે ઘણા મોટા મૌલાના છો તો સાંભળી લો ! **અન્  તઝહબૂ  બકરહ્** પઢીને અમે મરી ગયેલી ગાયને હલાલ કરી દઈએ છીએ. અને **અલમ  તર  કૈફ  ફઅલ  રબ્બુક  બિ અસ્હાબિલ્  ફીલ્** પઢીને મરેલો હાથી હલાલ કરી શકીએ છીએ. એ સાંભળીને મૌલાના સાહબ એકદમ કૂદીને મજલિસથી એકદમ નાઠા ! લોકોએ કહ્યું કે, અરે ! અરે ! મૌલાના આ શું ? શા માટે ભાગો છો ? મૌલાનાએ ફર્માવ્યું કે મને એવો ખતરો જણાયો કે કયાંક પીર સાહબ **ખલકલ્ ઈન્સાન  અલ્લમહુલ  બયાન** પઢીને મને પણ હલાલ ન કરી આપે !

હકીમ સાહબ મર્હૂમની જીભે આ કિસ્સો સાંભળીને એકદમ સૌ લોકો હસતા હસતા આડા પડી ગયા અને પીરઝાદા સાહબ ખૂબ જ ફીકા પડી ગયા.

## ★ અલિફ-લામ ચમક દમક ★

જે મહાન (અકાબિર) ઉલમા તથા મશાઈખે અહલે સુન્નત સાથે લેખકે ઝિયારતનો શરફ હાંસલ કર્યો છે એમાં સૌથી વિશેષ ખુશ મિજાઝ તથા રમૂજી અને ઈલ્મી લતીફાઓના માહિર મેં હઝરત અકદસ મુહદ્દિષે આ'ઝમ મૌલાના સૈયદ મુહમ્મદ સાહબ કિબ્લા અશરફી જીલાની કછોછવી رحمۃ اللہ علیہ ને પામ્યા. હઝરત કિબ્લા પોતાની ખાનદાની અઝમત, દેખાવમાં પ્રભાવશાળી અને ઈલ્મી મહાનતાવાળા હોવા છતાં ઘણા જ ખુશમિજાઝ, હાજર જવાબી અને રમૂજી સ્વભાવના બુઝુર્ગ હતા. વાત વાતમાં ઈલ્મી પોઈન્ટ કાઢીને મજલિસમાં હાજર રહેલાઓને હસાવી ખુશ કરી આપવા એ હઝરતે અકદસનું તે અણમોલ અમલી કારનામુ છે જેને હું જીવનભર

ભૂલી નથી શકતો.

એકવાર ઉત્તરવિલા જિલ્લા ગોન્ડાના જલસામાં હઝરત અકદસ અને હઝરત મુફતીએ આગ્રા મૌલાના અબ્દુલહફીઝ સાહબ કિબ્લા હક્કાની علیہ الرحمۃ والرضوان ની સાથે હું પણ હતો. એકદમ જલસાના નિમંત્રક (દાઈ) જનાબ હકીમ ખુર્શીદ હસન સાહબના વિશે મેં એક ભાઈને પૂછયું કે "હકીમ ખુર્શીદ હસન સાહબ" કયાં છે ? તો હઝરત અકદસે તુરત જ મને ટોકયો કે મૌલાના સહીહ નામ લીધા કરો ! તેમનું નામ "ખુર્શીદ હસન" નથી બલ્કે "ખુર્શીદુલ હસન" છે. મેં અર્ઝ કરી કે હુઝૂર ખુર્શીદ પછી હસન પર "અલિફ–લામ" કેવો છે ? તો તરત જ ફર્માવ્યું કે "અલિફ લામ" ખુર્શીદ પછી છે જેથી એ "અલિફ–લામ" ચમદ દમકનો છે. તો મેં હસતાં હસતાં અર્ઝ કરી કે હુઝૂર ! ખુર્શીદ ફારસીનો શબ્દ છે, "અલ્ હસન"ની સાથે તેની જોડણી કેવી રીતે થશે ? તો ઈર્શાદ ફર્માવ્યો કે ખુર્શીદુલ હસનની જોડણી એવી જ છે જેવી રીતે "ગુંજલ અર્શ"ની જોડણી છે. જો ગંજની જોડણી અર્શની પ્રતિ થઈ છે તો પછી ખુર્શીદની જોડણી "અલ્ હસન"ની તરફ કરવામાં તમને કઈ કિયામત જણાય રહી છે ?! હઝરત અકદસ મુહદ્દિષે આ'ઝમની આ એકદમ હાજર જવાબી અને ઈલ્મી લતીફો રચવાની કળાથી હઝરત મુફતીએ આગ્રા અને ફકીર લેખકને હસવું આવી ગયું. પછી અમે બંને રૂમની બહાર નીકળ્યા તો મેં કહ્યું, વલ્લાહ ! કુદરતે હઝરત અકદસને એવું લાજવાબ દિમાગ અતા ફર્માવ્યું છે કે ઉલમામાં તેમનું દ્રષ્ટાંત નથી મળતું. તો હઝરત મુફતીએ આગ્રાએ કહ્યું કે, મિયાં ! એમનું તો શું કહેવું ?! બાદશાહ છે બાદશાહ !

## ★ બુધ્ધુનો તર્જુમો ★

મદ્રસા અન્વારુલ ઉલૂમ, જૈનપૂર જિ. આઝમગઢમાં મારા હમ સબક તથા સાથી મૌલાના સૂફી મુહમ્મદ ખલીલ સાહબ કછોછવી علیہ الرحمۃ والرضوان સદરુલ મુદર્રિસીન હતા. તેમણે પોતાના મદ્રસાના દસ્તારબંદીના જલસામાં મુહદ્દિષે આ'ઝમે હિંદ علیہ الرحمۃ والرضوان અને મને





(લેખકને) નિમંત્ર્યા. સનદો પર મેં મારા કલમ વડે ફારિગ થનારા તલબાનાં નામો વગેરે લખ્યાં. એક તાલિબે ઈલ્મ લગભગ એનું નામ મોલ્વી અબ્દુર્રહમાન હતું અને તેના વાલિદનું નામ "બુધ્ધુ" હતું. મેં સનદ પર એ જ નામ લખી નાખ્યું. આ સનદ જ્યારે હુઝૂરની ખિદમતમાં દસ્તખત માટે રજુ કરવામાં આવી તો હુઝૂરે સૌ તલબા તથા ઉલમાને બોલાવી એકત્ર કર્યા પછી મને ખાદિમને બોલવીને ફર્માવ્યું કે તમને એવું સમજીને સનદ લખવાના માટે આપી હતી કે તમે એકંદરે સારા અક્ષરવાળા પણ છો અને નવયુવાન આલિમોમાં અતિ કાબેલ પણ છો, પણ તમે સનદ લખવામાં એક ઘણી જ મહાન ભૂલ કરી નાખી, તો હવે હું કેવી રીતે તેની તસ્દીક કરી શકું !! આલિમો તથા તલબાની મજલિસમાં હઝરતનું આ ફર્માન સાંભળીને મારા પર સન્નાટો છવાઈ ગયો. અને મેં સનદને ધ્યાનપૂર્વક જોઈને અર્ઝ કરી કે હુઝૂર ! એમાં તો કોઈ ગલતી નથી ! તો હઝરતે ફર્માવ્યું કે, એ બતાવો કે આ સનદ અરબીમાં છે કે ઉર્દૂમાં ? મેં અર્ઝ કરી કે અરબીમાં. તો ઈર્શાદ ફર્માવ્યો કે તમે બધું જ તો અરબીમાં લખ્યું પણ "બુધ્ધુ"નો તમે અરબી તર્જુમો જ નથી લખ્યો ! તમારે એવું લખવું જોઈતુ હતું કે "અલ્ મોલ્વી અબ્દુર્રહમાન બિન યૌમુલ અરબા" તો સનદ બિલકુલ સહીહ થાત. આવું કહીને તરત જ સનદ પર સહી કરી આપી. અને અમે સૌ હાજર રહેવા આ લતીફાને સાંભળીને એટલા પ્રમાણમાં હસ્યો કે કોઈ રીતે હંસી રોકાતી જ ન હતી. જાહિલોને તો આ ગમ્મત વિશે તદ્દન સમજાયું નહીં જેનાથી તેઓ અમારું મોઢું તાકતા રહ્યા. તો હઝરત અકદસે તેમને સંબોધીને જણાવ્યું કે અરબીમાં **બુધ**ના દિવસને યૌમે અરબા (ચોથો દિવસ) કહે છે, જ્યારે બુધ્ધુ મિયાં હજ્જ માટે જશે તો અરબના લોકો તેમને અરબીમાં "હાજી યૌમુલ અરબા" કહીને પોકારશે ! આ સાંભળીને જાહિલ લોકો પણ હસવા લાગ્યા.

## ★ ખજાનચી બુધ્ધુ હતો ! ★

એ જ મદ્રસા અન્વારુલ ઉલૂમ જૈનપૂરમાં એકવાર હઝરત

મુહદ્દિષે આ'ઝમ સાહબ કિબ્લા નૂરલ્લાહુ મરકદહૂ એ સમયે તશરીફ લઈ ગયા જ્યારે ત્યાં કાંઈ ઈખ્તેલાફ થઈ ગયો હતો. ફકીર લેખક પણ હઝરતની સાથે હતો. કેટલાક લોકોએ ખજાનચી વગેરે પર ગોલમાલનો આક્ષેપ લગાડયો હતો. હઝરતે હિસાબની તપાસનો હુકમ આપ્યો જેથી સેક્રેટરી તથા ખજાનચી વગેરએ જે હિસાબ રજુ કર્યો તો ઉચાપતથી તે લોકોનો દામન પાક નીકળ્યો અને આક્ષેપકારોનું જૂઠ તથા આક્ષેપ ગલત પુરવાર થઈ ગયો અને મને એ લોકો પર ઘણો જ ગુસ્સો આવ્યો. ખજાનચી સાહબનું નામ ''બુધ્ધુ'' હતું. હઝરતે મને સંબોધીને ફર્માવ્યું કે મૌલાના ! આ ઈલ્ઝામ લગાડનારા લોકો ઘણા ચાલાક છે. આ લોકો ખજાનચીને ''બુધ્ધુ'' સમજીને ખજાનચીનો હોદ્દો તેની પાસેથી પડાવી પોતે કબજે કરવા ચાહે છે. જો કે આ મદ્રસો ઉચાપતથી અત્યાર સુધી એટલા માટે બચેલો રહ્યો કે તેનો ખજાનચી ''બુધ્ધુ'' હતો ! જો કોઈ ચાલાક ખજાનચી હોત તો અત્યાર સુધીમાં સઘળો ખજાનો ગાયબ થઈ ચૂકયો હોત ! હઝરતની આ વાત સાંભળીને મને હસવું આવી ગયું અને મારો બધો જ ગુસ્સો રફુચક્કર થઈ ગયો.

## ★ મુર્દાને ઝિંદા કરવાની જરૂરત હતી ! ★

એકવાર ગોરખપૂરના જલસામાં ફકીર લેખક હઝરત મુહદ્દિષે આ'ઝમની સાથે ઈજલાસમાં શરીક હતો. શિયાળાની ઋતુ હતી અને સવારે પાંચ વાગ્યાની ગાડીથી અમારે સૌએ બેહરાઈચના જલસામાં જવાનું હતું. હુઝૂર મુહદ્દિષે આ'ઝમ સાહબ કિબ્લા તો એ જ કારણે જલસા પછી તદ્દન સુતા જ નહીં, પરંતું હું તથા હઝરતનો ખાદિમ બંને સૂઈ ગયા. હું હઝરતના કમરામાં જ હતો. હઝરતે મોટા અવાજે મને પોકાર્યો કે ''મૌલાના !'' તો હું તરત ઉઠી ગયો. ઈર્શાદ ફર્માવ્યો કે અમારા ખાદિમને જલ્દી ઉઠાડો કેમ કે રવાનગીનો સમય નજીક છે. હઝરતનો ખાદિમ અને તે ભાઈ જેના જિમ્મે ઘોડાગાડી લાવવાની જવાબદારી હતી તેઓ બંને એક રૂમમાં સૂઈ રહ્યા હતા. મેં કેટલીયે વાર જોરથી બુમો પાડી પણ કોઈ ઉઠતુ જ ન હતું. મેં અર્ઝ કરી કે હુઝૂર ! એ બંને ખૂબ જ ગાફિલ બનીને સૂઈ રહ્યા છે, ઉઠતા જ નથી !





એ સાંભળીને હઝરત ખૂબ જ ઝડપભેર ખૂદ ઉઠયા અને બંનેના સિરહાને ઉભા રહીને ખૂબ જ મોટા અવાજે અને વિશિષ્ટ લહેજામાં ફર્માવ્યું કે **કુમ બિ ઈઝનિલ્લાહ !** હઝરતનો પુર જલાલ અવાજ સાંભળીને એઓ બંનેવ એકદમ ઝડપભેર જાગી જઈને ઉભા થઈ ગયા ! એક ભાઈ ઘોડાગાડી લેવા માટે દોડી ગયા અને ખાદિમે સામાન એકત્ર કરવાનું શરૂ કર્યું. અને હઝરતે મને સંબોધીને ઈર્શાદ ફર્માવ્યો કે, આપ તે લોકોને જગાડી રહ્યા હતા, જ્યારે કે અહીં મુર્દાને જીવંત કરવાની જરૂરત હતી, મારે મોટા ભાગે સફરમાં આ કારનામુ અંજામ આપવું પડે છે !

**સારાંશ** : વિચાર કરો કે આ હળવી ગમ્મતોમાં સહજપણાની સાથો સાથ કેટલી પાકીઝગી છે ? ન એ રમૂજભર્યા વાકયોમાં કોઈ બનાવટ છે ન કોઈના દિલને રંજ પહોંચે તેવી વાતો છે ન કોઈ રિયાકારી છે. આ પ્રકારના સેંકડો લતીફા તથા ટુચકા છે જે હઝરત મુહદ્દિષે આ'ઝમ عليه الرحمة والرضوان ઈર્શાદ ફર્માવ્યા કરતા હતા જેને સાંભળીને શ્રોતાઓમાં હાસ્યની છોળો ઉડતી હતી, પણ હઝરત કિબ્લાના હોટો પર એક હલકુ સ્મિતનું મોજું જ જોવા મળતું.

અફસોસ ! સેંકડો હજારો અફસોસ ! કે આજે દુનિયા એ બાકમાલ મુબારક હસ્તીઓના વજૂદથી ખાલી થઈ ગઈ, અને અમારે એવો દૌર જોવો પડયો કે આજ કાલના ઉલમામાં ન ખુશમિજાઝી છે ન ઝિંદા દિલી છે ન હસમુખાપણુ છે. ચો તરફ બનાવટી તકદ્દુસ, બનાવટી બુઝુર્ગી, ઢોંગી ઝોહદો તકવાના બનાવટી સિક્કાઓનું ચલણ જોવા મળે છે જેને જોઈને અનાયાસે આપોઆપ કોઈ મશ્કરા શાયરનો આ શેઅર જીભ પર આવી જાય છે :–

**ખિલાફે શરઅ મેરા શયખ થૂકતા ભી નહીં**
**મગર અંધેરે ઉજાલેમેં ચૂકતા ભી નહીં**

## ★ હાકિમે પરગના કે હાકિમે પુર ગુનાહ ★

મારા ઉસ્તાદે મોઅઝ્ઝમ તથા આકાએ નેઅમત હઝરત સદરુશ્શરીઅહ્ મૌલાના હકીમ મુહમ્મદ અમજદ અલી સાહબ

નૂરલ્લાહ મરકદહૂ (લેખક : બહારે શરીઅત) ઘણા જ પુર જલાલ તથા બાવકાર, ઈલ્મો અમલવાળા આલિમે દીન હતા. અને પોતાની ઈલ્મી તથા અમલી શાનના લેહાજથી નિઃશંક ! પૂર્વજ ઉલમા તથા બુઝુર્ગોના જાનશીન હતા. પણ પોતાના આ આલિમાના વકાર તથા ફકીહાના અઝમત તથા દબદબા છતાં કદી કદી રમૂજી વાકયો પણ બોલી નાખતા હતા. જે આપોઆપ બોલાયેલ તથા રમૂજ ઉદ્‌ભવે તેવાં હોતાં.

મદ્રસા હાફિઝિયા સઈદિયા દાદૂં જિ. અલીગઢની સ્થાપ્ના દરમ્યાન મુદર્રિસે દોમ જનાબ મોલ્વી મુહમ્મદ અમીનુદ્દીન સાહબ મર્હૂમે એકવાર મદ્રસાના માજી નિરીક્ષકોને હઝરત સદરુશ્શરીઅહ્‌ની ખિદમતમાં રજુ કર્યા. એ નિરીક્ષકોમાં એક નિરીક્ષક કોઈ હાકિમે પરગના સાહબનો પણ હતો, જેમણે પોતાના નિરીક્ષણમાં સઘળુ જોર એ વાત લગાડયુ હતું કે મદ્રસા હાફિઝિયા સઈદીયામાં કમ સે કમ ઈન્ટર સુધી અંગ્રેજી તાલીમ પણ જરૂર થવી જોઈએ. કેવળ અરબી તાલીમ આપીને મુલ્લા બનાવવાથી શો ફાયદો થશે ? વગેરે વગેરે. આ પ્રકારના ઘણા ખુરાફાત તેમના નિરીક્ષણમાં લખેલ હતા. હઝરત رحمۃ اللہ علیہ એ નિરીક્ષણની વિગતોનો અભ્યાસ કરીને સ્મિત કરતાં ઈર્શાદ ફર્માવ્યો કે આ સાહબ "હાકિમે પરગના" હતા કે "હાકિમે પુરગુનાહ"?! હઝરત علیہ الرحمۃ والرضوان નું આ વાકય સાંભળીને સૌ હસી પડયા.

## ★ હાજર જવાબ ગામડિયો ★

કોઈ મુસલમાનોના ખલીફાના શાહી દસ્તરખાન પર એક ગામડિયો ખાવા માટે બેસી ગયો. એક ભૂંજેલુ બકરીનું બચ્ચુ જયારે દસ્તરખાન પર લાવવામાં આવ્યું તો ગામડિયો જે ખૂબ જ ભૂખ્યો હતો તે ખૂબ જ ઝડપથી જલ્દી જલ્દી મોટા મોટા કોળિયે ખાવા લાગ્યો. તેના ખાવાનો ઢંગ જોઈને ખલીફતુલ મુસ્લિમીને ગમ્મત કરતાં કહ્યું કે તમે આ બકરીના બચ્ચાને એ રીતે ખાઈ રહ્યા છો કે જાણે એની માંએ તમને શીંગ મારી હોય ! ગામડિયાએ ખાતાં ખાતાં જવાબ આપ્યો કે અમીરુલ મો'મિનીન !





અને તમે તો એના પર એ પ્રમાણે હેત કરી રહ્યા છો કે જાણે તેની માંએ તમને દૂધ પીવડાવ્યું હોય ! *(ષમરાતુલ અવરાક, ભાગ-ર, પેજ-ર૫૧)*

## ★ હું હાડકુ કોને આપીશ ? ★

એક કંજૂસે ગોશ્ત ભરેલું હાડકુ ખરીદયું અને તેને રાંધીને ખાવા લાગ્યો અને તેના ત્રણેવ પુત્રો સામે બેસીને જોતા રહ્યા પણ કંજૂસે કોઈને જરા પણ ગોશ્ત આપ્યો નહીં. જયારે ચીકણુ તથા સાફ હાડકુ રહી ગયું તો કંજૂસ પોતાના પુત્રોને કહેવા લાગ્યો કે આ હાડકુ હું તેને આપીશ જે એને સૌથી અધિક સારી રીતે ખાવાનો તરીકો મને જણાવી આપે. એ સાંભળીને મોટો છોકરો બોલ્યો કે, અબ્બાજાન ! હું એ હાડકાને એવી રીતે ચાટી ચાટીને અને ચૂંસી ચૂંસીને છોડીશ કે કોઈ કીડીને પણ તેમાંથી કાંઈ ન મળે ! વચેટ છોકરાએ કહ્યું કે અબ્બાજાન ! હું તો એને ચાટી ચાટીને એટલા પ્રમાણમાં સાફ કરી નાખીશ કે જોનાર વરસ બે વરસનું જૂનુ હાડકુ સમજશે. છેવટે સૌથી નાનો પુત્ર બોલ્યો કે અબ્બાજાન ! આ બંને નાલાયક છે, તેમને ખાવાનો ઢંગ જ નથી આવડતો. હું તો પ્રથમ એને ખૂબ ચાટી ચાટીને અને ચૂંસી ચૂંસીને સાફ કરીશ પછી તેને ભાગી વાટીને ભુકો બનાવીને પાણીની સાથે ગળામાં ઉતારી જઈશ. આ સાંભળીને કંજૂસ ખુશીનો માર્યો કૂદી પડયો અને કહ્યું કે, શાબાશ ! ખરેખર તું એ લાયક છે કે આ હાડકુ હું તને આપું ! તું મારો સાચો જાનશીન છે. અલ્લાહ તઆલા તારી મઅરેફત તથા જાણકારીમાં ખૂબ તરક્કી અતા કરે. આમ કહીને હાડકુ તે પુત્રને આપી દીધું. *(ષમરાતુલ અવરાક, ભાગ-ર, પેજ-ર૪૮)*

## ★ એક દિલચસ્પ મુકદ્દમો ★

એક સ્ત્રીને પોતાના પતિની વિરૂધ્ધ કાઝીની કચેરીમાં કેસ (મુકદ્દમો) દાખલ કર્યો કે મારો પતિ દરરોજ રાત્રે પથારી પર પેશાબ કરી દે છે, જેથી તેની પાસેથી મને તલાક અપાવી દેવામાં આવે. કાઝી સાહબે પતિને બયાન આપવાની ફર્માઈશ કરી. તો તેણે કહ્યું કે ઈઝ્ઝત મઆબ ! શું કરું ? હું દરેક રાત્રે એ જ ખ્વાબ જોઉં છું કે સમુદ્રની અંદર ટાપુ પર છું

અને તેમાં ઘણો જ ઊંચો મહેલ બનેલો છે અને મહેલની ઉપર એક ગુંબદ છે. અને એ ગુંબદ પર એક ઊંટ છે અને હું તે ઊંટની પીઠ પર બેઠેલો છું ! અને એકદમ તે ઊંટ સમુદ્રનું પાણી પીવાના માટે પોતાનું માથુ નમાવવા લાગે છે. એ જોઈને મારા પર એવો ડર છવાઈ જાય છે કે ડરના માર્યા મારાથી પેશાબ થઈ જાય છે. પતિની સ્પષ્ટતા સાંભળીને કાઝી સાહબે પત્નીને કહ્યું કે હે અલ્લાહની બંદી ! તું તારા પતિને માઝૂર (મજબૂર) સમજીને માફ કરી આપ ! અને સબ્ર કર ! જ્યારે તેની વાત સાંભળીને મને પેશાબ થઈ ગયો તો એ મન્ઝર જોઈને તેનો પેશાબ કેમ કરીને રોકાઈ શકે *(મુસ્તતરફ, પેજ-ર, ભાગ-ર૪૦)*

## ★ સૌ લોકો સમજી ગયા ?! ★

એક મૌલાના સાહબ હતા જેઓ વાઅઝ બયાન કર્યા કરતા હતા. તેમનું પેટન્ટ વાકય હતું "સો લોકો સમજી ગયા ?!" એક દિવસે વાઅઝના કહેવા માટે એમનું દિલ ચાહતુ ન હતું. પણ અચાનક નમાઝીઓએ અસરની નમાઝ બાદ મસ્જિદમાં એલાન કરી આપ્યું કે સૌ લોકો રોકાઈ જાય મૌલાનાની વાઅઝ થશે. મૌલાના સાહબને એ એલાન ભારે લાગ્યું. પણ એલાન થઈ ચૂકયું હતું જેથી મને કમને વાઅઝના માટે મિમ્બર પર ઉભા થઈ ગયા અને ખુત્બા પછી તેમનું પેટન્ટ વાકય ફર્માવ્યું કે "સૌ લોકો સમજી ગયા હશે ?" તો હાજરજનોએ મોટા અવાજે કહ્યું કે જી હા ! અમે લોકો સમજી ગયા ! તો મૌલાનાએ ફર્માવ્યું કે, સુબ્હાનલ્લાહ ! જ્યારે તમે લોકો આટલા સમજદાર છો કે મારા કહ્યા વગર જ સર્વ કાંઈ સમજી ગયા ! તો પછી તમને સમજાવવાની કોઈ જરૂરત નથી ! વમા અલૈના ઈલ્લલ્ બલાગ કહીને મિમ્બર પરથી ઉતરીને ચાલી નીકળ્યા. મુકતદીઓએ કહ્યું કે અફસોસ ! આપણે લોકોએ મહાન ભૂલ કરી કે મૌલાનાના જવાબમાં આપણે એવું કહ્યું કે જી હા ! સમજી ગયા ! સારું, મગરિબ બાદ વાઅઝ માટે એલાન કરી દો અને જ્યારે મૌલાના સાહબ ફર્માવે કે સૌ લોકો સમજી ગયા ? તો સૌ લોકોએ જોરથી કહેવું કે "જી નહીં ! અમે લોકો





કાંઈ નથી સમજ્યા ! તદ્દન નથી સમજ્યા !" પછી તો મૌલાના સાહબ વાઅઝ કહેવા પર મજબૂર જ થશે. જેથી લોકોએ મગરિબ બાદ એલાન કરી આપ્યું કે મૌલાના સાહબ વાઅઝ ફર્માવશે જેથી તમામ લોકો રોકાઈ જાય. મૌલાના સાહબનું દિલ ચાહતુ ન હતું કે વાઅઝ કરે પણ એલાન થતાં મજબૂર થઈને મિમ્બર પર ઉભા થઈ ગયા અને ખુત્બો પઢીને આદત મુજબ ફર્માવ્યું કે, "કેવું ? સૌ લોકો સમજી ગયા ?" તો સૌ શ્રોતાઓ જોરથી બોલ્યા કે "જી નહીં !" અમે લોકો કાંઈ પણ નથી સમજ્યા." એ સાંભળીને મૌલાના સાહબે ફર્માવ્યું કે **અસ્તગફિરુલ્લાહ ! વલા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ** ! જ્યારે તમે લોકો આટલા નાસમજ છો કે કાંઈ સમજતા નથી તો પછી તમને લોકોને સમજાવવું તદ્દન બેકાર છે ! એવું કહ્યું અને મિમબર પરથી ઉતરીને ચાલ્યા ગયા. શ્રોતાઓને ઘણો અફસોસ થયો કે, નાહક આપણે લોકોએ એવું કહી દીધું કે અમે લોકો કાંઈ સમજ્યા નથી. પછી સૌએ એવું નક્કી કર્યું કે ઈશાના વખતે વાઅઝનું એલાન કરી દેવામાં આવે અને જ્યારે મૌલાના સાહબ પૂછે કે "સૌ લોકો સમજી ગયા ?" તો મિમ્બરની જમણી બાજુવાળા એવું કહે કે જી હા ! અમે લોકો સમજી ગયા ! અને મિમ્બરની ડાબી બાજુવાળા કહે કે અમે લોકો કાંઈ સમજ્યા નથી ! તો તો જરૂરથી મૌલાના સાહબ વાઅઝ ફર્માવશે. જેથી ઈશા બાદ લોકોએ વાઅઝનું એલાન કરી આપ્યું અને મૌલાના સાહબ મિમબર પર તશરીફ લઈ ગયા. અને ખુત્બા બાદ જેવું પૂછયું કે "શું ? સૌ લોકો સમજી ગયા ?" તો અડધા લોકોએ કહ્યું કે જી હા ! અમે લોકો સમજી ગયા ! અને અડધા લોકોએ કહ્યું કે જી નહીં ! અમે કાંઈ પણ નથી સમજ્યા. આ અવાજો સાંભળીને મૌલાના સાહબે ફર્માવ્યું કે **માશાઅલ્લાહ** ! થોડાક લોકો તો સમજદાર છે જેઓ સમજી ગયા, અને કેટલાક નાસમજ છે જેઓ તદ્દન નથી સમજ્યા ! જેથી મારી રાય એ છે કે જે લોકો સમજી ગયા છે તેઓ આ નાસમજોને સમજાવી દે, જેથી મારે સમજાવવાની કોઈ જરૂરત જ નથી ! **વ સલ્લલ્લાહુ અલા ખૈરિ ખલ્કિહી મુહમ્મદિંવ વ આલિહી વ સહ્બિહી વ બારિક વ સલ્લિમ**, એવું ફર્માવ્યું અને મિમ્બરથી ઉતરીને ચાલી નીકળ્યા.

## ★ ખાવામાં સુન્નત તથા ફર્ઝ ★

એક મૌલાના સાહબ દા'વત ખાવાના માટે ગયા તો લોકોએ આગ્રહ કરીને તેમને ખૂબ જ ખવડાવી નાખ્યુ, એટલે સુધે કે હવે તેમના પેટમાં એક માશા (થોડાક ગ્રામ) જેટલી પણ જગા ન રહી. તો કોઈએ અર્ઝ કરી કે, હઝરત ! આપે વાસણોને તો સાફ જ નથી કર્યાં જ્યારે કે વાસણોને સાફ કરવાં સુન્નત છે ! મૌલાના સાહબે કહ્યું કે, બરાબર છે ! વાસણોને સાફ કરવાં સુન્નત છે પણ જાન બચાવવી ફર્ઝ છે ! હવે તમે જ બચાવો કે હું સુન્નત અદા કરું કે ફર્ઝ પર અમલ કરું ? એ સાંભળીને સૌ લોકો હસી પડયા.

## ★ સંક્ષિપ્ત (ટૂંકુ) લખણ ★

મિસ્રના એક આલિમ સાહબને એવી આદત કહતી કે તે હમેશાં ખૂબ જ ટૂંકો પત્ર લખ્યા કરતા હતા અને પોતાના ટૂકા લખાણ પર તેમને ખૂબ નાઝ હતો. જેથી તેમણે કોઈ મૌલાના સાહબના નામે આટલો ટૂંકો પત્ર લખ્યો કે :–

(અર્થ) : **"અમે લોકો ખૈરિયતથી છીએ, તમારી શી સ્થિતિ છે ? વસ્સલામ."**

જવાબમાં મૌલાના સાહબે એ દર્શાવવા કે હું તમારા કરતાં પણ ટૂંકુ લખનારો છું, એવો પત્ર લખ્યો કે, (અર્થ) : **"અમે તમારી જેમ જ છીએ ! વસ્સલામ."**

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ

*(ભાગ–ર, સંપૂર્ણ)*





## ★ નેઅમતેં બાંટતા ★

નેઅમતેં બાંટતા જિસ સમ્ત વો ઝીશાન ગયા
સાથ હી મુન્શીએ રહમત કા કલમ્દાન ગયા
લે ખબર જલ્દ કે ગૈરોં કી તરફ ધ્યાન ગયા
મેરે મૌલા મેરે આકા તેરે કુર્બાન ગયા
આહ વો આંખ કે નાકામે તમન્ના હી રહી
હાય ! વો દિલ જો તેરે દર સે પુર અર્માન ગયા
દિલ હૈ વો દિલ જો તેરી યાદ સે મઅ્મૂર રહા
સર હૈ વો સર જો તેરે કદમોં પે કુર્બાન ગયા
ઉન્હેં જાના ઉન્હેં માના ન રખા ગૈર સે કામ
લિલ્લાહિલ હમ્દ મૈં દુન્યા સે મુસલમાન ગયા
ઔર તુમ પર મેરે આકા કી ઈનાયત ન સહી
નજદિયો કલ્મા પળ્હાને કા ભી એહસાન ગયા
આજ લે ઉનકી પનાહ આજ મદદ માંગ ઉનસે
ફિર ન માનેંગે કિયામત મેં અગર માન ગયા
જાનો દિલ, હોશો ખિરદ સબ તો મદીને પહૂંચે
તુમ નહીં ચલતે 'રઝા' સારા તો સામાન ગયા

## ★ મેરે લબ પે રાત દિન હૈ તેરા નામ ★

મેરે લબ પે રાત દિન હૈ તેરા નામ ગૌષે આ'ઝમ
તેરે ઝિક્ર સે બને હૈં મેરે કામ ગૌષે આ'ઝમ

મેરે રાસ્તે મેં આકર કભી મુશ્કિલેં ન ઠહરી
મેરે કામ આ રહા હૈ તેરા નામ ગૌષે આ'ઝમ

જો નઝર ઉઠા કે દેખું તો હો સામને મદીના
મેરે ઈશ્ક કો અતા કર વો મકામ ગૌષે આ'ઝમ

કરે કયૂં ન આકે કા'બા ભી તવાફ ઉનકે દર કા
કે તમામ ઔલિયા કે હૈં ઈમામ ગૌષે આ'ઝમ

મેરી ખાલી ઝોલી ભર દો મુઝે માલામાલ કર દો
તેરા ફૈઝ તેરી રહમત તો હૈ આમ ગૌષે આ'ઝમ

મેરે દિલ કી યે દુઆ હૈ યાદે નબી મેં ગુઝરે
મેરી સુબ્હ ગૌષે આ'ઝમ, મેરી શામ ગૌષે આ'ઝમ

### ★ મેરે સરકાર મદીને મેં બુલાતે રહેના ★

મેરે સરકાર મદીને મેં બુલાતે રહેના
ગમે દુન્યા ગમે ઉકબા સે બચાતે રહેના
કોઈ મુશ્કિલ નહીં ઐસી જો ન ટાલી તુમને
મેરે દાતા મેરી બિગળી કો બનાતે રહના
આજ ફિરસે મુઝે તય્બહ્ કા બનાયા ઝાઈર
મેરી કિસ્મત કો ઈસ તરહ જગાતે રહના
દરે શાહા પે હૈ હાઝિર યે ગુલામે અજમી
લાજ ઈસીકી મેરે મુખ્તાર બચાતે રહના
કોઈ નેકી નહીં દામન મેં મેરે યા મદની
મુઝ સિયાહકારકો સરકાર નિભાતે રહના
કાશ ! જલ્વા જો દિખા દે મેરે આકા મુઝ કો
મૈં તો કહ દૂંગા યહી જલ્વા દિખાતે રહના
હશ્ર કી પ્યાસ મુઝે જબ કે પરેશાં કર દે
જામ કૌષર કા મુઝે આપ પિલાતે રહના
વહશતે કબ્ર સે ગભરાએ જો "શાકિર" મૌલા
થપકિયાં દે કે ઉસે આપ સુલાતે રહેના

### ★ કા'બા હૈ મેરે દિલમેં ★

કા'બા હૈ મેરે દિલમેં મદીના હૈ નઝરમેં
અબ કૌનસી રોનક કી કમી હૈ મેરે ઘરમેં
ઉસ દર પે દુઆઓં કી ઝરૂરત નહીં હોતી
થોળા સા સલીકા હૈ અગર દીદએ તરમેં
ઉસ શહરસે સૂરજ ભી ગુઝરતા હૈ મોઅદબ
કુછ ઐસા તકદુસ હૈ મદીને કે શહરમેં
ઉસ રાહકે હાજી કા કહા ભી તો રહે યાદ
એહરામ હી કાફી નહીં કા'બા કે શહરમેં
મર જાઉં તો **ઈકબાલ** મુઝે ખુલ્દ કે બદલે
થોળી સી ઝમીં ચાહિયે આકા કે નગરમેં





**રજી નં. : GRWB/056/Bharuch/02**

# મદ્રસા બરકાતે ખ્વાજા

ઠે. ચાર રસ્તા, રઝા મસ્જિદ પાસે, મુ. **આમોદ**, જિ. ભરૂચ પિન : ૩૯૨૧૧૦,
ફોન નં : (૦૨૬૪૧–૨૪૬૧૯૨) અથવા (૦૨૬૪૨–૨૮૨૯૧૧)

## "સુન્ની દા'વતે ઈસ્લામી'' થકી

## ★ દીની તાલીમનો તબિર્યતી કેમ્પ ચાલુ છે ★

- ❊ કુર્આન શરીફ સહી પઢતાં શીખવાડવામાં આવે છે.
- ❊ ઈબાદતોના અરકાન તથા તેને લગતા મસાઈલ શીખવાડવામાં આવે છે.
- ❊ સરકારે દોજહાં صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી પ્યારી સુન્નતો પ્રતિ મહોબ્બત જગાડી તેની તાલીમ આપવામાં આવે છે.
- ❊ દીનના મુખ્લિસ મુબલ્લિગ તૈયાર કરવા દીની ઈલ્મી જ્ઞાન પીરસવામાં આવે છે.

**દીનના હમદર્દ નવ યુવાનોને અપીલ છે કે દુનિયા કમાવાની સાથોસાથ** દીની પ્રચારની પણ ફિક્ર પેદા કરો અને **અઠવાડિયુ–મહીનો** કે એથી વધુ જ્યાં સુધી રહી શકો આમોદમાં ઉમદા કારી–મુબલ્લિગો થકી તાલીમ મેળવો અને દીનના કામમાં લાગી જાવ.

**વિનંતિ : ઉપરાંત આપણા આ મદ્રસામાં ઈમામત, કારી, હાફિઝના રેગ્યુલર વર્ગો પણ ચાલે છે તો આપનાં ઝહીન બાળકોને અહીં દાખલો અપાવો, જ્યાં ખાવા, પીવા, રહેવાની મફ્ત સગવડ છે.**

**તેમજ સખી દાતાઓ દરેક રીતે ભરપૂર સહકાર કરે તેવી નમ્ર અપીલ છે.** એ માટે ઉપરના સરનામે સંપર્ક કરો.

★ ★ ★

અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરાની

# શાનદાર તથા જાનદાર કિતાબો મંગાવો !

## ★ અન્વારુલ્ કુર્આન ★

*(પેજીસ-૧૨૪, હદિયો : ૨૦ રૂા., ટપાલ ખર્ચ : ૫ રૂા.)*

ઈસ્લામી કાનૂનો તથા ઈબાદતો વિરુધ્ધ ઉઠતા અવનવા પ્રશ્નો તથા વાંધાઓના ઈમાન અફરોઝ જવાબ રજુ કરતી (સવાલ જવાબ રૂપે) કિતાબ આજે જ મંગાવો.

**લેખક** : હઝરત અલ્લામા મુફતી અહમદ યારખાં નઈમી અશરફી

## ★ જાઅલ હક્ક ★

*( ભાગ-૪, ગુજરાતીમાં, પેજીસ-૨૪૮, હદિયો : ૨૦, ટપાલ ખર્ચ : ૫ રૂા.)*

કહેવાતા ''અહલે હદીષ''ની રદમાં લાજવાબ કિતાબ આજે જ મંગાવો

**લેખક** : હઝરત અલ્લામા મુફતી અહમદ યારખાં નઈમી અશરફી

## ★ સહાબીઓનો ઈશ્કે રસૂલ ★

*(પેજીસ-૧૮૪, હદિયો : ૨૫, ટપાલ ખર્ચ : ૫ રૂા.)*

રસૂલે પાક صلی اللہ تعالٰی علیہ وسلم ની મહોબ્બત, આપની તા'ઝીમ જ ઈમાનની જાન છે, એ જેનામાંનથી તે મુસલમાન નથી. એને સમજવા માટે રસૂલે પાક صلی اللہ تعالٰی علیہ وسلم ના જાંનિસાર સહાબીઓના જીવન પ્રસંગોનો અભ્યાસ કરો અને ઈમાનને મજબૂત બનાવો. આજે જ આ કિતાબ મંગાવો.

**લેખક** : જનાબ સૂફી મુહમ્મદ અકરમ રઝવી

**[ઉપરની ત્રણ કિતાબના અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી]**

## ★ તોહફાએ નજાત (ભાગ-૮) ★

*[પેજીસ-૪૩૨, કિંમત રૂા. ૫૦/- (ટપાલ ખર્ચ : ૫ રૂા.)]*

ઈલ્મ પિપાંસુઓની પ્યાસ બુઝાવવા તથા નૂરે ઈમાનની રોશની ફેલાવવા, વહાબિયતની ગુમરાહીને દૂર કરવા માટે **''વસીલા''**ના સંબંધી કુર્આન, હદીષ તથા બુઝુર્ગોના કથનોથી ખીચોખીચ ભરેલી લાજવાબ કિતાબ શાયદ ગુજરાતીમાં આવી શ્રેષ્ઠ કિતાબ આ પ્રથમ હશે. તો એને મેળવવાનું ચૂકશો નહીં. આજે જ મંગાવો !

**લેખક** : હઝરત અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહી (વાગરાવાલા)



## ☆ સલ્લલ્લાહુ અલા મુહમ્મદ ☆

સલ્લલ્લાહુ અલા મુહમ્મદ
સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ

ઉજાલા જિસકા હૈ દો જહાં મેં
વો મેરે આકા કી રૌશની હૈ

ઉન્હીં કે કદમોંકી બરકતોંસે
યે ઝિંદગી આજ ઝિંદગી હૈ

શફીએ રોઝે જઝા વહી હૈં
ઉમમકે હાજત રવા વહી હૈં

હમારે મુશ્કિલ કુશા વહી હૈં
નઝર ઉન્હીં પે જમી હુઈ હૈ

વો ખુશ્બુએ ઝુલ્ફે મુસ્તફા હૈ
કે મુશ્ક ભી હેચ જિસકે આગે

મહકતી ગલિયાં યે કહ રહી હૈં
સવારી ઉનકી અભી ગઈ હૈ

હિસાબકા દિન કઠિન તો હોગા
મગર હમેં ઉનકા આસરા હૈ

વો આ હી જાએંગે બખ્શવાને
શફાઅત ઉનકો અતા હુઈ હૈ

યે સબ તુમ્હારા કરમ હૈ આકા
કે બાત અબ તક બની હુઈ હૈ

કોઈ સલીકા હૈ આરઝૂકા
ન બંદગી મેરી બંદગી હૈ

દુરૂદ પઢના સલામ પઢના
હર એક પલ ઉનકા નામ પઢના

જો અરઝ કરના ઉનહીસે કરના
સિખાયા રબને હમેં યહી હૈ

કિસીકા એહસાન કયૂં ઉઠાએં
કિસીકો હાલત કયૂં બતાએં

તુમ હી સે માંગેગે તુમ્હી દોંગે
તુમ્હારે દરસે હી લૌ લગી હૈ

બશીર કહીયે નઝીર કહીયે
ઉન્હેં સિરાજે મુનીર કહીયે

જો સર બસર હૈ કલામે રબ્બી
વો મેરે આકાકી ઝિંદગી હૈ

યે ઝિક્ર વો હૈ કે જિસકા ઝિમ્મા
લિયા હૈ ખૂદ ખાલિકે જહાને

હમ આજ હૈ કલ યહાં ન હોંગે
મગર યે મહેફિલ સજી રહેગી

ઝમાને ભરમેં યે કાઈદા હૈ કે
જિસકા ખાના ઉસીકા ગાના

જો નેઅમતેં જિનકી ખા રહે હૈં
ઉનહી કે હમ ગીત ગા રહે હૈં

નિષાર તેરી ચહલ પહલ પર
હઝાર ઈદે રબીઉલ અવ્વલ

સિવાએ ઈબ્લીસકે જહાંમેં
સભી તો ખુશિયાં મના રહે હૈં

કહાં હૈ દુન્યામેં શહર ઐસા
મદીને જૈસા મદીને જૈસા

હૈ ફખ્રે જન્નત ઝમીંકા ટુકળા
જહાં પે લહદે નબી બની હૈ

બનેગા જાનેકા ફિર બહાના
કહેગા આ કર કોઈ દીવાના

ચલો દીવાનો તુમ્હેં મદીના
મદીનેવાલે બુલા રહે હૈં

વોહી હૈ અહમદ વોહી મુહમ્મદ
વોહી હૈ મહમૂદ વો હૈ હામિદ

હમીદ વો હૈ સઈદ વો હૈ
ઉન્હીંસે **નઝમી**કી લૌ લગી હૈં.